વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૪મું
જુન - ૨૦૧૯
અંક : ૪૯૩

મંગલ મંદિર ● જૂન-૨૦૧૯ ● ૧
(કુલ પાના : ૭૮)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

વેકેશન પુરું થતાં
બાગના લહેરાતાં પુષ્પો
બુકેમાં ગોઠવાઈ ગયા




: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kjssmangalmandir@gmail.com • website : www.kuthijainahd.org


UNMATCHED LOCATION. ULTRA-MODERN AMENITIES. UNBEATABLE PRICE.
3 BHK apartments at Drive-in Road, ₹80 lakhs* onwards.
Book yours now
gala
INSPIRED BY PERFECTION
Actual site image
NO GST
READY TO MOVE IN LIFESTYLE
Site Address: Gala Eternia, Opp. Doordarshan Tower, Drive-in Road, Thaltej, Ahmedabad - 380052.
Email: perfection@galainfra.com | www.galainfra.com
Call: +91 81416 70000 / 95860 70000
gala ETERNIA
HAPPINESS FOREVER
Reg. No. PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/RAA00144/140917 | gujrera.gujarat.gov.in
*Conditions apply | Government levies extra

DEEP Industries Limited

Oil & Gas Exploration Production & Services




- EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
- EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
- NATURAL GAS COMPRESSION SERVICES
- OIL & GAS PROCESSING EQUIPMENT
- WORK OVER AND DRILLING RIGS
- HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
- NATURAL GAS BASED POWER GENERATION
- GAS DEHYDRATION UNIT


● CONTACT DETAILS ●

**Deep Industries Limited**

**Address :** 12A & 14, Abhi Shree Corporate Park,
Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
**Phone # :** +91-2717-298510 **Fax # :** +91-2717-298520
**Website :** www.deepindustries.com **E-mail :** info@deepindustries.com

# વિશ્વની ત્રણ મહાન વિભૂતિઓનું અભિવાદન કરતાં પુસ્તકો





## સરદાર પટેલ

| | | |
|---|---|---|
| સરદાર, સૌના સરદાર | પ્રભાકર ખમાર | 220 |
| વજ્રકુસુમ સરદાર | પ્રસાદ બ્રહ્મભટ્ટ | 100 |
| વિક્રમાદિત્ય સરદાર પટેલ | કવિ ડાહ્યાભાઈ પટેલ | 250 |
| સરદાર પટેલ એક સિંહપુરુષ | રિઝવાન કાદરી | 500 |
| સરદારસાહેબ : મારી નજરે | સ્વામી સચ્ચિદાનંદ | 45 |
| જો સરદારસાહેબ વડાપ્રધાન બન્યા હોત તો ! | સ્વામી સચ્ચિદાનંદ | 15 |
| यदि सरदार साहब प्रधानमंत्री बनते तो ! | स्वामी सच्चिदानंद | 15 |

## સ્વામી વિવેકાનંદ

| | | |
|---|---|---|
| યતિરાજ વિવેકાનંદ | દુષ્યન્ત પંડ્યા | 170 |
| રામકૃષ્ણ પરમહંસ | સં. પ્રસાદ બ્રહ્મભટ્ટ | 130 |
| વેદાંત વિશે વિવેકાનંદ | સં. પ્રસાદ બ્રહ્મભટ્ટ | 80 |
| ભક્તિ વિશે વિવેકાનંદ | સં. પ્રસાદ બ્રહ્મભટ્ટ | 150 |
| શિક્ષણ વિશે વિવેકાનંદ | સં. પ્રસાદ બ્રહ્મભટ્ટ | 120 |
| જ્ઞાનયોગ વિશે વિવેકાનંદ | સં. પ્રસાદ બ્રહ્મભટ્ટ | 200 |
| રાજયોગ વિશે વિવેકાનંદ | સં. પ્રસાદ બ્રહ્મભટ્ટ | 180 |
| વિવેકાનંદ વિચારવૈભવ | સં. પ્રસાદ બ્રહ્મભટ્ટ | 170 |
| વિવેકાનંદ પ્રસંગપરાગ | સં. પ્રસાદ બ્રહ્મભટ્ટ | 90 |
| સ્વામી વિવેકાનંદ | પ્રસાદ બ્રહ્મભટ્ટ | 250 |
| વિવેકાનંદ પત્રપરાગ | સં. પ્રસાદ બ્રહ્મભટ્ટ | 240 |
| વિવેકાનંદ પત્રમર્મર | સં. પ્રસાદ બ્રહ્મભટ્ટ | 325 |
| યુવાનો અને વિવેકાનંદ | નિખિલેશ્વરાનંદ | 100 |
| યુગનાયક વિવેકાનંદ (નાટક) | ડૉ. વિક્રમ પંચાલ, કૈસ જૌનપુરી | 100 |

## મહાત્મા ગાંધી

| | | |
|---|---|---|
| દેવસ્યકાવ્ય | નિર્ઝરી મહેતા | 140 |
| ગાંધીજી : અમદાવાદને આંગણે | ડૉ. માણેક પટેલ 'સેતુ' | 300 |
| સાબરમતી કે સંત (DVD) | ડૉ. માણેક પટેલ 'સેતુ' | 150 |
| ગાંધીજી, ચેપ્લિન અને હું (પુરસ્કૃત) | જયંતિ પટેલ 'રંગલો' | 125 |
| ગાંધીજી અને નવી પેઢી (પુરસ્કૃત) | ફાધર વાલેસ | 80 |
| શહેનશાહ ગાંધી અને બીજી વાતો | જયંતી ડી. શાહ | 80 |
| પુત્ર માનવીનો | મૃણાલિની દેસાઈ | 190 |
| ગાંધીકથા | ઉમાશંકર જોશી | 170 |
| મૅનેજમેન્ટના મસીહા : મહાત્મા ગાંધીજી | ઉષા અરુણ ચતુર્વેદી | 125 |
| ગાંધીજી અને પાંચ સાક્ષરો | ધીરુભાઈ ઠાકર | 100 |
| ગાંધીયુગના કેટલાક નવલિકાકારો | ડૉ. જયંત સી. મહેતા | 65 |
| વિશ્વમાનવ ગાંધીજી | પ્રસાદ બ્રહ્મભટ્ટ | 200 |
| ગાંધી જીવનગાથા ભા. 1 (મહાત્મા) | યશવંત મહેતા | 175 |
| ગાંધી જીવનગાથા ભા. 2 (રાષ્ટ્રપિતા) | યશવંત મહેતા | 175 |
| સંક્ષિપ્ત ગાંધીકથા | યશવંત મહેતા | 25 |
| બાપુજીના જીવનમાંથી | મનુબહેન ગાંધી | 160 |
| ગાંધીજીની ગરિમા(નાટક) | પ્રતાપભાઈ ત્રિવેદી | 80 |
| સરદાર અને બાપુ | ડૉ. મહેશ એમ. ત્રિવેદી | 180 |
| આપણા ગાંધીબાપુ | સંપા. મહેન્દ્ર મેઘાણી | 150 |
| ગાંધી-ગંગા-1, 2 | સંપા. મહેન્દ્ર મેઘાણી | 250 |
| ગાંધીજી સાથે વાચનયાત્રા | સંપા. મહેન્દ્ર મેઘાણી | 35 |
| ગાંધીજીની જીવનયાત્રા : એમના જ શબ્દોમાં | સંપા. મહેન્દ્ર મેઘાણી | 200 |
| ગાંધી એક અસંભવ સંભાવના | સુધીરચંદ્ર, અનુ. પદ્મા ભાવસાર, છાયા ત્રિવેદી | 140 |
| ગાંધીજી સંક્ષિપ્ત પરિચય | ભીખુ પારેખ, અનુ. હસમુખ પંડ્યા | 150 |
| કુલી બૅરિસ્ટર | રાજમોહન ભટનાગર, અનુ. છાયા ત્રિવેદી | 300 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001

ફોન : 079-22144663.

e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હોલની સામે,

100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759

ઈમેલ : gurjarprakashan@gmail.com

છેલ્લા ૪૩ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- પ્રોટિનયુક્ત આહારની જરૂરિયાત ........ ૯
- અગત્યના દિન : રાષ્ટ્રીય અને વિશ્વ ........ ૧૦
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૧૦

**દીપશીખા**

- શક્તિદાયી વિચાર : શ્રદ્ધા અને સામર્થ્ય ........ **સ્વામિ વિવેકાનંદ** .... ૧૧
- હિંમતથી જ સફળતા મળે છે ● સફળતા માટે ભૂલથી દૂર રહો ....... **ડૉ. પૂજા કોટક** .... ૧૨
- અન્યાયનો પ્રતિકાર થવો જોઈએ? ........ **સંગ્રાહક : ડૉ. ગૌરાંગ ગાંધી** .... ૧૨
- પરમાત્માને પ્રાપ્ત કરવા છે ને તો.... ........ **સંગ્રાહક : ડૉ. ગૌરાંગ ગાંધી** .... ૧૩

**YOUTH CLUB**

- Some Golden Rays ........ ૧૪

**લેખ વિભાગ**

**વિચાર મંથન**

- ૫૦નો દાયકો બધી રીતે શ્રેષ્ઠ હતો? ........ **ડૉ. યાસીન દલાલ** .... ૧૫

**અવસર**

- દવા ........ **ડૉ. આઈ. કે. વીજળીવાલા** .... ૧૭

**સંસ્કૃતિ**

- બદલાતી સંસ્કૃતિઓ ........ **મુરજી ગડા** .... ૧૮

**જળ સંરક્ષણ**

- માણસના મૂલ્યાંકનનો એક માપદંડ ........ **ડૉ. મિહિર એમ. વોરા** .... ૨૦

**કારકિર્દી**

- સ્કૂલ, બાળક, ઘડતર અને ફી? ........ **ભીમજી નાકરાણી** .... ૨૩
  **તંત્રીશ્રી : 'સરદાર જ્યોત'**

**સુવાસ**

- આનંદની અનુભૂતિ ........ **સુનિતા એ. શાહ** .... ૨૪

**અભયદાન**

- પ્રાણીઓ પ્રત્યે કૃતજ્ઞતા અને કરુણાધર્મનો યજ્ઞ ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ..... ૨૬

**જીવન રસ**

- તમેતમારું બધું જ ગુમાવી બેસો તો કંઇ વાંધો નથી,
  પણ એમાંથી મળેલી શીખ ક્યારેય ન ગુમાવતા ........ **ભોલાભાઈ ગોલીબાર** ..... ૨૮

**પ્રીતિ**

- રાષ્ટ્રની રક્ષા કાજે યુદ્ધમાં શહીદી વહોરનારને સ્વર્ગીય સુખની પ્રાપ્તિ . **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૨૯

**વાર્તા – માર્ગદર્શિકા**

- અવનીની વેદના ........ **ડૉ. ઊર્મિલા શાહ** .... ૩૧
- ફાધર્સ-ડે ની ગિફ્ટ ........ **બલવીરસિંહ જાડેજા** .... ૩૩

**ધર્મ - સાધના**

- બુધ્ધ પૂર્ણિમા – વૈશાખ સુદ-૧૫ : ભગવાન શ્રી બુદ્ધનો સમ્યક્‌માર્ગ ........ ૩૬

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**સહમંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## આરોગ્ય

● "મારો સ્વજન થોડા સમયથી બહુ જ બોલે છે, ના પાડવા છતાં અટકતો જ નથી" – (૨) ..... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક** .... ૩૭
**ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
● જોરદાર નસકોરાં – ગંભીર બીમારીઓ નોતરી શકે છે .................... **ડૉ. વૈશલ શેઠ,** .... ૩૮
**ચેસ્ટ ફિઝિશન અને ઇન્ટરવેશનલ પલ્મોનોલોજિસ્ટ**

## હાસ્ય દરબાર

● ચૂંટણી નિશાન – દીપડો!................. **ચિત્રસેન શાહ,** નિવૃત્ત કાર્યપાલક ઇજનેર (જી.ઈ.બી.) ..... ૪૦

## ધારાવાહિક નવલકથા

● છોરાંવછોઈ – ૩૧
● જ્યોતિ નાનબાઈ માસીને મળી ● મા-દીકરીનું અધૂરું મિલન ........... **હંસરાજ સાંખલા** .... ૪૧

## સમાચાર

● દેશ-દુનિયા – સમાચાર સંક્ષિપ્તમાં .......................... **સંકલન : દિનેશ આર. મહેતા** .... ૪૪

## વૈવિધ્ય

● અન્ય સંસ્થાઓના સમાચાર ........................................................................ ૪૬
● મેરેજ બ્યુરો ........................................................ **નીતિન એચ. સંઘવી** .... ૪૮
● આપણને કેટલી જગ્યા જોઈશે? ........................................ **જાદવજી કાનજી વોરા** .... ૪૯
● રમતનો રસથાળ : મેઘધનુષ્યના રંગો ...................................... **ભાવના એ. ઝવેરી** .... ૫૦
● જ્ઞાન ગમ્મત ........................................................ **શ્રીમતી કિરણબેન પી. ઠક્કર** .... ૫૧

## એક નજર

● ગુજરાતના વાહનો પર નંબર પ્લેટ અંગે જાણકારી ● ભારતની વસતિ વધારાનો ચાર્ટ ● જોગાનુજોગ ............... ૫૪
● મતદાર યાદીની વિગત ● આપણા શરીરને ઓળખીએ ................................................ ૫૫
● અમદાવાદ ઍરપોર્ટ પર અવર-જવર ........................................................ ૫૬
● અમદાવાદની એક હોસ્પિટલ કે જ્યાં બધી જ સારવાર થાય છે છતાં દર્દીઓ પાસે કોઈ ફી લેવાતી નથી ......... ૫૬
● ૫૦ વર્ષથી સંગ્રહાયેલી એન્ટિક મ્યુઝિકલ આઇટમો .................................................. ૫૭

## મનોરમ્ય

● લઘુ કાવ્યો, કચ્છી હાઈકુ : **અરુણા અરુણ ઠક્કર** ................................................ ૫૮
● માની મમતા : **પ્રભુલાલ સિધ્ધપુરા 'પ્રભુ'** ● કેટલીય યાદ નીકળે : **દિલીપ આચાર્ય 'દિલકશ'** ......... ૫૮
● ગુપ્ત નશો : **'આરસી' શાહ** ● સંગાથ આપણો : **સુનિતા એ. શાહ** ....................... ૫૯
● મિત્રતા : **રોશની ગૌતમ શાહ** ............................................................ ૫૯

## નિયમિત વિભાગો

● બાલુડેં જ્યું ગાલિયું ...................................... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** ..... ૬૦
● *Nano Nine* શબ્દ રમત-૧૫૩ ● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૧૧૦) **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૬૧
● જાણવા જેવું ............................................................ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૬૪
● વલોવતન ................................................ **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ...... ૬૫
● સમાજ દર્પણ .............................................................................. ૬૭
● સંસ્થા સમાચાર .............................................................................. ૬૮
● ઊડતી નજરે .............................................................................. ૭૪

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad.
Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ■ Editor : **Mr. Pratap Dand** ■ **Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# પ્રોટિનયુક્ત આહારની જરૂરિયાત

ફાસ્ટફૂડ, અદ્યતન જીવનશૈલી વગેરેના કારણે પ્રોટિનની ઉણપ હોય તેવા પ્રજાજનોનું પ્રમાણ ભારતમાં સતત વધતું રહ્યું છે. માત્ર અમદાવાદ શહેરની વાત કરીએ તો સરેરાશ ૧૦૦ માંથી ૮૪ વ્યક્તિ પ્રોટિનની ઉણપની સમસ્યા ધરાવે છે. પ્રોટિનની સૌથી વધુ ઉણપ ધરાવતા હોય તેવા શહેરમાં અમદાવાદનું સ્થાન બીજા ક્રમે છે જ્યારે ૯૦ ટકા સાથે લખનઉ સૌથી ઉપરના સ્થાને છે. જ્યારે ચેન્નાઇ ૮૩ ટકા, વિજયવાડા ૭૨ ટકા, મુંબઈ ૭૦ ટકા અને કોલકત્તા ૪૩ ટકા ઉણપ ધરાવે છે. તાજેતરમાં હાથ ધરાયેલા એક સર્વેક્ષણમાં આ ચોંકાવનારું તારણ સામે આવ્યું છે. ભારતના શહેરોમાં સરેરાશ ૭૩ ટકા લોકો પ્રોટિનની ઉણપ ધરાવે છે. નવાઈની વાત એ છે કે, પ્રોટિનની ઉણપ ધરાવતા પ્રજાજનોનું આટલું ઊંચું પ્રમાણ હોવા છતાં, આ સમસ્યાને હજુ સુધી કોઈએ ગંભીરતાથી જોઈ નથી. આ પ્રકારની ઉણપ ખાસ કરીને શહેરી વિસ્તારોમાં વધુ જોવા મળતી હોય છે. દેશના મુખ્ય છ શહેરોમાં સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં શહેર દીઠ ઉપર મુજબ તારણ સામે આવ્યું હતું. હકીકતમાં મોટાભાગના લોકો આ વિષયે ગંભીર નથી. એટલું જ નહીં પરંતુ તે બાબતે જરૂરી જાણકારી પણ તેઓને નથી. કામકાજ કરતી મહિલાઓને મોટા પ્રમાણમાં પ્રોટિનની ઉણપ હોય છે. તેવી રીતે પરિવારની જવાબદારી સંભાળનાર પુરુષવર્ગને પણ પ્રોટિનની ઉણપ વધારે હોય છે. પ્રોટિન વધારવા માટે દરરોજ ડાયેટમાં દાળ, ભાત, રાજમા, ચાવલ, સંભાર તેમજ ફ્રૂટ્સ, દૂધ, કઠોળનું પ્રમાણ વધારવું જરૂરી હોય છે. પ્રોટિનની ઉણપ ધરાવનારને થાક લાગવાનું તથા અશક્તિનું પ્રમાણ વધતું જોવા મળે છે. વધુ પડતું પ્રોટિન પણ લેવું જોઈએ નહીં. શરીરનું જેટલું વજન હોય તેના પ્રતિ કિલોગ્રામે એક ગ્રામ જેટલું પ્રોટિન લેવું જરૂરી બને છે. તેમ છતાં પ્રોટિનની જરૂરિયાત વ્યક્તિ અને તેની જીવનશૈલી, કામગીરી વગેરે પર આધારિત છે. ગર્ભવતી મહિલા - જેને સતત શારીરિક શ્રમ કરવો પડતો હોય તેને પ્રોટિનની વધુ માત્રાની જરૂર રહે છે. તબીબી પરીક્ષણ કરાવીને તથા ડૉક્ટરની સલાહ અનુરૂપ દિવસ દરમિયાન પ્રોટિન લેવાનું નક્કી કરવું જોઈએ. આજના યુવાવર્ગ માટે ઉપરની વાત ખૂબ જ જરૂરી છે. તેમણે ફાસ્ટફૂડ અને અદ્યતન જીવનશૈલી - જે શારીરિક રીતે નુકસાનકારક છે તેનાથી દૂર રહેવા તરફ સતત લક્ષ આપવાનું આવશ્યક છે. આ દિશામાં ધ્યાન આપવામાં આવશે તો પ્રોટિનની ઉણપ રહેશે નહીં અને શરીર સ્વસ્થ રહેશે. પ્રોટિનની ઉણપ દૂર કરવાની સાથે જીવનમાં શારીરિક કસરત મળે તેવી જીવનશૈલી અપનાવવી આજના માહોલમાં જરૂરી છે. આવતીકાલની પ્રેરણા, આદર્શ અને નેતા એટલે આજનો યુવાવર્ગ. ■

**આપની તસવીર સાથે મૌલિક લેખ / કૃતિ આવકારપાત્ર**

***'મંગલ મંદિર'ને અનુરૂપ તથા તેના નીતિ-નિયમોને આધીન મૌલિક લેખ / કૃતિ વગેરે પ્રકાશિત કરવા અર્થે મોકલાવવા તજજ્ઞ લેખકશ્રીઓ તથા સમાજના પરિવારજનોને આહ્વાન આપીએ છીએ. આપશ્રીની કોઈપણ પ્રકારની કૃતિ મોકલાવો ત્યારે તેની સાથે આપની એક તસવીર જરૂર મોકલાવશો.***

## ભારત : અગત્યના રાષ્ટ્રીય દિન

**માસ : જૂન**

૧૮ ગોવા ક્રાંતિ દિન
૨૬ માદક પદાર્થ વિરોધ દિન

**માસ : જુલાઈ**

૦૧ વસંત-રજબ દિન, ડૉક્ટર દિન, SBI સ્થાપના દિન
૦૪ સ્વામી વિવેકાનંદ પુણ્યતિથિ
૧૯ બેંક રાષ્ટ્રીયકરણ દિન
૨૩ લોકમાન્ય ટિળક જન્મદિન
૨૫ પેરેન્ટ્સ ડે
૨૮ વન મહોત્સવ દિન

## વિશ્વ : અગત્યના દિન

**માસ : જૂન**

૦૫ વિશ્વ પર્યાવરણ દિન
૧૨ વિશ્વ બાળમજૂરી વિરોધ દિન
૧૪ વિશ્વ સ્વૈચ્છિક રક્તદાન દિન
૧૬ ફાધર્સ ડે (માસનો ત્રીજો રવિવાર)
૨૧ વિશ્વ યોગ દિન
૨૩ વિશ્વ ઓલિમ્પિક દિન
૨૬ માદક પદાર્થ વિરોધ દિન

**માસ : જુલાઈ**

૦૪ અમેરિકા સ્વાતંત્ર્ય દિન
૦૮ વિશ્વ સિનિયર સિટીઝન્સ ડે
૧૧ વિશ્વ વસ્તી દિન
૨૫ પેરેન્ટ્સ ડે

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● શનિવાર, તા. ૦૧-૦૬-૨૦૧૯ બપોરે ૨.૦૦થી ૫.૦૦ રવિવાર, તા. ૦૨-૦૬-૨૦૧૯ સવારે ૧૦.૦૦થી ૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારજનોના બાળકોને રાહત દરે નોટબુક - ચોપડા વિતરણ. |
| ● રવિવાર, તા. ૨૩-૦૬-૨૦૧૯ સવારે ૭.૩૦થી ૯.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિત્તે "ચાલો, જીવન જીવવાની કળા શીખીએ" કાર્યક્રમ. આ કાર્યક્રમમાં બહેનો પોતાના જીવનસાથી (Spouse) સાથે પણ જોડાઈ શકશે. આ કાર્યક્રમ તદ્દન ફ્રી છે પણ રજિસ્ટ્રેશન Compulsory છે. |
| ● રવિવાર, તા. ૧૪-૦૭-૨૦૧૯ સવારે ૯.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૩૨મી વાર્ષિક સામાન્ય સભા. |
| ● ગુરુવાર, તા. ૧૫-૮-૨૦૧૯ સવારે ૯.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સમાજ પરિવારજનોની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કાર્યક્રમ. |
| ● રવિવાર, તા. ૧૫-૦૯-૨૦૧૯ સવારે ૦૯.૦૦થી ૧૦.૩૦ | ઠાકોરભાઈ દેસાઇ હૉલ લૉ ગાર્ડન, અમદાવાદ. | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો સરસ્વતી સન્માન વિદ્યાર્થી પુરસ્કાર સમિતિ | બાળ વર્ગથી પોસ્ટ ગ્રેજ્યુએશન સુધીના વિદ્યાર્થીઓનું સન્માન તથા વિશિષ્ટ સિધ્ધિઓ પ્રાપ્ત કરનારનું સન્માન |
| ● રવિવાર, તા. ૧૫-૦૯-૨૦૧૯ સવારે ૧૦.૩૦થી શરૂ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સ્નેહ મિલન સમારંભ અને સ્વામિવાત્સલ્ય જમણવાર. |

*નોંધ : ઉપરોક્ત કાર્યક્રમોની વિગતવાર માહિતી સંસ્થા સમાચાર વિભાગમાં જે તે સમિતિના અહેવાલમાં ઉપલબ્ધ છે.*

## શક્તિદાયી વિચાર : શ્રદ્ધા અને સામર્થ્ય

★ નિર્બળતાનો ઉપાય તેનો વિચાર કર્યા કરવો એ નથી પણ શક્તિનો વિચાર કરવો એ છે. મનુષ્યોમાં જે શક્તિ પહેલેથી જ છે તેની કેળવણી આપો.

★ આત્મશ્રદ્ધાનો આદર્શ એ આપણા માટે સર્વોત્તમ સહાયરૂપ છે. જો આત્મશ્રદ્ધાનાં આદર્શનું વધુ વ્યાપક રીતે શિક્ષણ અને આચરણ થયું હોત તો મારી ખાતરી છે કે આપણા અનિષ્ટો અને દુઃખોનો મોટો ભાગ અવશ્ય નષ્ટ થયો હોત.

★ **માનવજાતિના સારાયે ઇતિહાસમાં તમામ મહાન સ્ત્રી પુરુષોના જીવનમાં સૌથી વધુ પ્રવર્તક જો કોઈ શક્તિ હોય તો તે આત્મશ્રદ્ધાની છે.** પોતે મહાન થવા માટે નિર્માયા છે એવી જન્મજાત સભાનતાને કારણે તેઓ મહાન થયા.

★ માણસનું ગમે તેટલું અધઃપતન થાય પરંતુ આખરે એવો સમય અવશ્ય આવશે કે જ્યારે કેવળ નિરાશાની પરિસ્થિતિમાંથી તે ઊંચો જવાનો પ્રયત્ન કરશે અને આત્મશ્રદ્ધા કેળવતાં શીખશે. પરંતુ આ સત્ય આપણે પહેલેથી જાણી લઈએ એ આપણા માટે વધુ સારું છે. આત્મશ્રદ્ધા કેળવવા માટે આવા બધા કટુ અનુભવોમાંથી આપણે શા માટે પસાર થવું જોઈએ?

★ આપણે જોઈ શકીએ છીએ કે માણસ વચ્ચે જે કંઈ ભેદ છે તે આત્મશ્રદ્ધાના હોવા ન હોવાની બાબતમાં છે. **આત્મશ્રદ્ધાથી બધું જ શક્ય બનશે.** મેં મારા પોતાના જીવનમાં આ સત્યનો અનુભવ કર્યો છે અને હજી પણ હું એ અનુભવ કરી રહ્યો છું અને મારી વય વધતી જાય છે તેમ તેમ એ શ્રદ્ધા પણ વધુને વધુ દ્રઢ બનતી જાય છે.

★ શું તમે એ જાણો છો કે તમારા આ દેહની અંદર હજી પણ કેટલી બધી શક્તિ, કેટલી બધી તાકાત છૂપાઇને પડેલી છે? માણસમાં જે કંઈ છે તે બધું કયા વૈજ્ઞાનિકે જાણ્યું છે? મનુષ્યે અહીં પ્રથમ પગ મૂક્યો તેને લાખો વર્ષો વ્યતીત થઈ ગયા છે અને છતાંયે તેની શક્તિઓનો કેવળ અલ્પતમ ભાગ જ અભિવ્યક્ત થયો છે. માટે આપણે દુર્બળ છીએ એવું તમે લેશમાત્ર કહેશો નહીં. સપાટી ઉપરના પતનની પાછળ કેવી મહાન શક્યતાઓ રહેલી છે એ તમે કેવી રીતે જાણો? **તમારી અંદર જે પડેલું છે તેના વિશે તમે ભાગ્યે જ કાંઈ જાણો છો. તમારી અંદર તો અસીમ શક્તિ અને ધન્યતાનો મહાસાગર ઊછળી રહેલો છે.**

★ જો 'જડપદાર્થ' શક્તિમાન છે, તો 'વિચાર' સર્વશક્તિમાન છે. આ વિચારને તમારા જીવનમાં ઊતારો. તમારી સર્વશક્તિમત્તા, તમારી ભવ્યતા અને તમારા મહિમાના વિચારથી તમારી જાતને ભરી દો. ઈશ્વર કરે ને તમારા મસ્તકમાં કોઈ વહેમનો પ્રવેશ ન થાય! ઈશ્વર કરે ને આપણે જન્મથી જ આવી બધી વહેમગ્રસ્ત અસરોથી અને આપણી નિર્બળતા અને અધમતાના જીવનને નિષ્ક્રિય બનાવનારા ખ્યાલોથી ઘેરાઈ ન જઈએ!

★ તમારી જીવાણુકોષની અવસ્થાથી આજની મનુષ્ય અવસ્થા સુધીનું નિરીક્ષણ કરો. આ બધું કોણે કર્યું? — તમારી પોતાની ઈચ્છાશક્તિએ જ. એ સર્વશક્તિમાન છે એ હકીકતનો શું તમે ઇન્કાર કરી શકો ખરા? **જે શક્તિએ તમને આટલું ઉચ્ચ સ્થાન અપાવ્યું તે હજી પણ તમને ઉચ્ચતર સ્થાન અપાવી શકે. તમારે જરૂર છે ચારિત્ર્યની, ઇચ્છાશક્તિને વધુ બળવાન બનાવવાની.**

★ ઉપનિષદોમાંથી બોમ્બની માફક ઊતરી આવતો અને અજ્ઞાનનાં રાશિ ઉપર બોમ્બગોળાની જેમ તૂટી પડતો એવો જો કોઈ શબ્દ તમને જડી આવતો હોય તો તે શબ્દ છે 'अभीः' 'અભય'. અને જગતને જો કોઈ એક ધર્મનું શિક્ષણ આપવું જોઈએ તો એ છે અભયના ધર્મનું શિક્ષણ. શું આ સંસારના કે શું ધર્મના ક્ષેત્રમાં, **એ સાચું છે કે ભય એ જ પાપ અને પતનનું અચૂક કારણ છે.** ભયથી જ દુઃખ જન્મે છે, ભયથી જ મૃત્યુ આવી પડે છે અને ભયથી જ અનિષ્ટ ઊભું થાય છે.

— *સ્વામી વિવેકાનંદ*

## તમામ પરિસ્થિતિમાં શાંત રહેજો

તમે કહેશો કે બીજાઓ સમજ્યા વગર તમારું અપમાન કરે છે; કોઈ પણ જાતના કારણ વગર તમારી લાગણીઓ દુભાવે છે. જો સાચું હોય તોયે તમે ગુસ્સે થશો નહીં. પરિસ્થિતિનો શાંતિથી સામનો કરજો. આથી તમને માલૂમ પડશે કે કપરા સંજોગો પર વિજય પ્રાપ્ત કરવાનું શાંતિ જેટલું શક્તિશાળી બીજું કોઈ સાધન નથી. અપમાનોને ધ્યાનમાં લેશો નહીં. બીજાને ધારવું હોય તે ભલે ધારે, તેમને જે ગમે તે ભલે બોલે; આ દુનિયા અજ્ઞાની લોકોથી સભર છે. તમે શાણા થજો. તમે બધા પ્રત્યે નમ્રતા રાખજો. પ્રત્યેક પરિસ્થિતિમાં વિનમ્ર રહેજો. જ્યારે તમે લઘુતાગ્રંથિ તથા ગુરુતાગ્રંથિના ખ્યાલને તિલાંજલિ આપશો અને પ્રત્યેક વ્યક્તિમાં તેમજ પ્રત્યેક વસ્તુમાં તમે ભગવાનના દર્શન કરવાનું શીખશો ત્યારે જ આ શક્ય બનશે.

*સંકલન : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

## હિંમતથી જ સફળતા મળે છે

અંગ્રેજી શબ્દ 'Dare' પ્રેરણાત્મક છે. તેનો અર્થ હિંમત થાય છે. ઉક્તિ છે : 'હિંમતે મર્દા તો મદદે ખુદા (ઇશ્વર).' જીવન એક રમત હોય તેમ ઘણી વખત લાગે છે. તેથી જેમ રમતના મેદાનના નિયમો અને પાયાના ગુણો જ વિજય અપાવે છે તેમ તેવા જ અભિગમથી જીવનમાં સાફલ્યતા પ્રગટે છે. જિંદગીની આ સચ્ચાઇને પારખવી જ પડે છે.

બચપણથી મનમાં નિષ્ફળતાનો ભય જાણે અજાણે બેસાડી દેવાય છે. મહત્ત્વના નિર્ણયોમાં આપણે સંકોચ રાખીએ છીએ. આ ભય દૂર કરવો જ રહ્યો. **કંઈક નવું કરવાની હિંમતથી જ જીવનની ખરી શરૂઆત થાય છે. નસીબ ઉપર કંઈ છોડી શકાતું નથી.** ધસમસતા પૂર કે ડૂબતી નાવ વખતે જો હિંમતવાન નિર્ણય ન લેવાય તો શું થાય? આવા નિર્ણયો બે પ્રકારના હોય છે : તર્કબદ્ધ અને તત્કાલીન. સમય - સંજોગો મુજબ તે લેવા પડે છે. પરીક્ષાની ઘનિષ્ટ તૈયારી બાદ પણ પ્રશ્નપત્રમાં વિચિત્ર કે સિલેબસ બહારના પ્રશ્નો આવે તો શું આપણે પરીક્ષા પડતી મૂકી દઈએ છીએ? ના, રસ્તો કાઢીએ છીએ. જો નિષ્ક્રિયતા આવે તો પણ અગવડતા પડે છે. **જો હિંમત ન રાખીએ તો અવારનવાર નિષ્ફળતા મળી શકે છે. ધ્યેયને અનુરૂપ હિંમત કેળવવી પડે છે.** ધ્યેય એ સફળતાનો નશો છે. જીવનમાં જો Courage ન હોય તો તે Cage (પિંજરું) બની જાય છે. Courage નો ગુણ વિકાસ પામે તો સફળતાની ટેવ પડી જાય છે. આ માટે ધ્યેય, ગતિ, આત્મવિશ્વાસ, હકારાત્મક ગુણો વગેરેનો વિકાસ રાખવો પડે છે. સફળ વ્યક્તિ વહેમ કે અંધશ્રદ્ધા રાખતી નથી. આવો, આપણે પણ સફળતાથી હિંમતને કેળવીને સદા સફળતાના ઉચ્ચ શિખરો સર કરતા રહીએ.

## સફળતા માટે ભૂલથી દૂર રહો

'માણસ માત્ર ભૂલને પાત્ર' એવી કહેવત છે. ભૂલો કેવા પ્રકારની થાય છે અને તેના ઉપાય અંગેના શાસ્ત્ર 'એરરનોમિક્સ' છે. મેનેજમેન્ટ નિષ્ણાતો માને છે કે ભૂલ વિના પ્રગતિ થતી નથી. સફળ માણસ દરેક ભૂલમાંથી કંઈક શીખીને આગળ વધે છે અને એનું પુનરાવર્તન ન થાય તેની તકેદારી રાખે છે. પણ જો સચોટ સફળતા મેળવવી હોય તો સામાન્ય પ્રકારની ભૂલોથી તો દૂર જ રહેવું જોઈએ.

ભૂલો કેમ થાય છે? ઘણી વખત બેધ્યાનપણાથી સામાન્ય ભૂલો થતી જોવા મળે છે. લોકો કહેતા હોય છે : 'Oversight' થયું કે 'શરતચૂક' થઈ. એક સંશોધન પ્રમાણે ૩૦% લોકો પોતાનો પાસવર્ડ અવારનવાર ભૂલી જાય છે. લોકોના ચહેરા યાદ રહે, પણ નામ ભૂલી જવાય છે. સરખા કે ભળતા ચહેરાથી ઘણી વખત ગરબડ થાય છે. ઘણી વખત ફોન / મોબાઇલ નંબર, મકાનનું નામ, શેરીનો ક્રમ જેવી સામાન્ય વાત ભૂલી જવાય છે. ખરીદી કરતી વખતે ખાસ લેવાની ચીજ જ ભૂલી જવાય છે. તેથી લોકો લિસ્ટ બનાવીને જાય છે. **કેટલીક વખત જે વસ્તુને યાદ રાખવી ઘટે તે જ ખરા સમયે ભૂલી જવાય છે. આ સામાન્ય ભૂલો છે પણ પ્રગતિમાં બાધક છે, જે ટાળવી જોઈએ.**

આપણી મોટાભાગની ભૂલો વધારે પડતા આત્મવિશ્વાસથી થાય છે. દરેક વ્યક્તિએ મર્યાદા થકી આત્મનિયંત્રણ રાખવું જોઈએ. સફળતા માટે દરેક બાબતને યાદ રાખવી, તેની પ્રેક્ટિસ કરવી. જેથી ભૂલો થતી નથી. સફળતા માટે સામાન્ય ભૂલોથી સદા ચેતતા રહેવું પડે છે.

*ડૉ. પૂજા કોટક - રાજકોટ*
*સંકલન : આર. એન. કોટક - રાજકોટ*

## અન્યાયનો પ્રતિકાર થવો જોઈએ?

અત્યાચાર એટલે જે આપણા શારીરિક કે માનસિક વિકાસને અવરોધે. જ્યારે અત્યાચાર થાય, આપણને સહન ન થાય ત્યારે સવાલ થાય કે મારી સાથે આ બધું શું થઈ રહ્યું છે? શા માટે થઈ રહ્યું છે? મારી સાથે જે થઈ રહ્યું છે તે વાજબી છે? એનો જવાબ માણસે પોતે જ મેળવવાનો છે.

દરેક વખતે જેમ જિંદગી ચાલતી હોય તેમ ચાલ્યા કરે, અને માણસે એ સહન કર્યા કરવાનું. શા માટે?

મોટાભાગે એકાદ કોઈ આપણને લાચાર બનાવે, મજબૂર બનાવે, અસહ્ય બનાવે એવું હોતું નથી. પણ આપણે એવા બનીએ છીએ. તેથી અત્યાચાર કરનારને છૂટ મળે છે અને તે માણસ એવી છૂટછાટનો લાભ લેવાનો જ.

ઘણીવાર માનવી સંસ્કાર માટે ગેરસમજણ કરે છે. સંસ્કાર એટલે માત્ર સારી વાતો જ નહીં પણ અયોગ્યતાનો અસ્વીકાર અને થઈ રહેલા અત્યાચાર સામે આક્રમક થવું એ પણ સંસ્કારનો એક ભાગ છે.

સામાન્ય રીતે બને છે તેમ રીટા સાથે પણ બન્યું. પિયરમાં તે લાડથી ઉછરેલી. એના લગ્ન થયા. થોડો સમય તો બધું બરાબર ચાલ્યું. પણ સાસરીયાઓનું પોત પ્રકાશ્યું. રીટા ઉપર એક પછી એક બંધનો મૂકાતા ગયા. 'આ નહીં કરવાનું, આમ જ કરવાનું' વગેરે વગેરે... રીટાના પિતાને કોઈના મારફતે સમાચાર મળ્યા કે તેમની દીકરીને સાસરે ત્રાસ છે.

કારણ પ્રસંગે રીટાને પિયર આવવાનું થયું ત્યારે પિતાએ

પૂછ્યું કે તને સાસરે ત્રાસ છે એમ બહારથી સાંભળ્યું છે તે સાચું છે? રીટા પિતાને બાઝીને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. અને પિતાને તેને પડતા ત્રાસની બધી વાત કહી. પિતાને રીટાની વાત સાંભળી આઘાત લાગ્યો. પિતાએ કહ્યું કે આવું હતું તો અમને જાણ કેમ ન કરી? આટલું બધું તે સહન શા માટે કર્યું? રીટાએ જવાબ આપતા કહ્યું, 'પપ્પા, મારા સંસ્કાર મને રોકતા હતા. તમને બધાને આ વાતની જાણ થાય તો વાતનું વતેસર થાય અને સમાજમાં આપણા પરિવારની બેઆબરૂ થાય.'

રીટાનો જવાબ સાંભળી તેના માતા-પિતા ખૂબ જ વ્યથિત થયા. પિતાએ કહ્યું, 'દીકરી, અત્યાચાર સહન કરવા એવા સંસ્કાર મેં તને ક્યારે આપ્યા હતા? તેં તારી રીતે આ સંસ્કાર કેમ નક્કી કરી લીધા? મારા સંસ્કાર આવા ન હોય. મારા સંસ્કાર તો અત્યાચાર અને અન્યાય સહન ન કરવાનું કહેતા હોય.' રીટાના પિતાએ તેની કિશોરાવસ્થાનો પ્રસંગ યાદ દેવડાવતાં કહ્યું, 'દીકરી, તને યાદ છે, પડોશમાં રહેતા રમાકાકીએ તને ઊલટુંસૂલટું સંભળાવી દીધું હતું, તું રડતી રડતી ઘરે પાછી આવી ત્યારે પણ મેં તને પાછી મોકલી હતી અને કહ્યું હતું કે, 'જા રમાકાકીને કહી આવ, કે ખબરદાર છે, આવી ભાષા બોલ્યા છો તો!'

ઘણા લોકો તો મજબૂરી અને હિંમતના અભાવે અન્યાયનો પ્રતિકાર કરી શકતા નથી અને પછી તેમને રીટાની જેમ સંસ્કારમાં ખપાવે છે. **આપણા સમાજની મજબૂરી છે કે સાસરે મોટાભાગની વહુઓની રીટા જેવી દશા છે** અને આપણે તે માટે કાંઈ કરી શકતા નથી.

આવા જ એક પ્રસંગે એક યુવાને તેના પિતાને નમ્રતાપૂર્વક કહ્યું, 'માફ કરજો પિતાજી, તમે અન્યાયનો પ્રતિકાર કરવાનું કહો છો તેને હું સંસ્કાર નથી ગણતો. **કારણકે શું કહે છે તેના કરતા કોણ કહે છે એ મહત્ત્વનું છે.** જેણે મારા માટે ઘસાતું કહ્યું છે તેને બધા ઓળખે છે અને મને પણ બધા ઓળખે છે. માટે એનો વિરોધ કરીને મારે મારી શક્તિ ખર્ચી નથી નાખવી.'

ક્યારેક આ રીતે આંખ આડા કાન કરવા, Ignore કરવું એ પણ સંસ્કાર છે. **સંસ્કાર પણ બોલવાનું નહીં અને ક્યાં ચૂપ રહેવાનું એ પણ શીખવાડે છે.**

## પરમાત્માને પ્રાપ્ત કરવા છે ને તો...

આપણે એવું વિચારીએ છીએ કે આપણે જે ઇચ્છીએ તે આપણને મળી જાય તો આપણને સંતોષ થાય. પણ વાસ્તવમાં એવું થતું નથી. કારણકે એકાદ આપણને મનગમતું મળ્યું હોય, ત્યારે બીજી અનેક ઇચ્છાઓ જન્મે છે. આપણા સંબંધોમાં પણ આપણે બધા પાસેથી મનગમતી અપેક્ષાઓ રાખીએ છીએ અને આ અપેક્ષાઓ જ આપણા સંતાપનું કારણ બની જાય છે અને આપણી ઇચ્છાઓની માયાજાળ વધતી જાય છે. એના સંદર્ભમાં એક પ્રસંગ વાંચવા જેવો છે.

એક માણસ સૂફી સંત નસીરૂદ્દીન પાસે ગયો અને કહ્યું, 'હું પરમાત્માને શોધવા નીકળ્યો છું. તમે કોઈ માર્ગ દેખાડો.'

નસીરૂદ્દીને કહ્યું, 'હમણાં તો હું કુવા પર પાણી ભરવા જાઉં છું. તું મારી સાથે ચાલ. બની શકે તો કુવા પર પાણી ભરતા ભરતા તને માર્ગ પણ મળી જાય.'

આ સાંભળી પેલા માણસને નવાઈ લાગી. તે વિચારવા લાગ્યો કે પાણી ભરવાની ઘટનાને પરમાત્માનો શું સંબંધ? પરંતુ તેને પરમાત્માને જાણવાની ઘેલછા હતી. તેથી તે નસીરૂદ્દીન સાથે ચાલ્યો.

નસીરૂદ્દીને બે ડોલ હાથમાં રાખી. નસીરૂદ્દીન પાણી ખેંચવા દોરડું હાથમાં લીધું અને કહ્યું કે, 'હું પાણી ભરી ન લઉં ત્યાં સુધી વચમાં મને સવાલ ન કરતા. આ તારા સંયમની પરીક્ષા છે.'

એ બે ડોલમાંથી એક ડોલને નીચે તળિયું જ ન હતું. નસીરૂદ્દીને કુવામાંથી પાણીની ડોલ ભરી અને તે તળિયા વગરની ડોલમાં પાણી નાખ્યું. પણ પાણી બધું નીચે વહી ગયું. નસીરૂદ્દીને બીજી વાર પાણી ખેંચી તે તળિયા વગરની ડોલમાં જ નાખ્યું. પાણી બધું વહી ગયું. આવું ને આવું થોડીવાર ચાલ્યા કર્યું. તળિયા વગરની ડોલમાં પાણી ઠાલવવામાં આવતું અને પાણી બધું વહી જતું. આખરે પેલા માણસની ધીરજનો અંત આવ્યો. તે ભૂલી ગયો કે તેણે નીસરૂદ્દીનને વચન આપ્યું હતું કે તે વચમાં તેને સવાલ નહીં કરે. તેણે કહ્યું, 'તમે આ શું પાગલપણું કરો છો? આ ડોલમાં ક્યારેય પાણી ભરાવાનું જ નથી.'

નસીરૂદ્દીને કહ્યું, 'તારું મન પણ આવી તળિયા વગરની ડોલ જેવું જ છે. કેટલીય વખત તેં મનને ભરવાનો પ્રયત્ન કર્યો હશે પણ કદી તારું મન ભરાયું છે? નહીં ને? તો આ મન દોડાવે તેમ દોડીને પરમાત્મા જે છે, સત્ય છે, તેને તું મેળવવા માંગે છે? પરમાત્માને શોધતા પહેલાં તું વિચાર કર કે પરમાત્મા શું છે? પછી એ પણ તારા મનની જ દોડ છે?

મન તો અનેક વિચારો, કલ્પનાઓ, ઇચ્છાઓ કર્યા કરે છે. માનવી મનનું માનીને તેના વિચારો પ્રમાણે જીવનના રાહ પર ચાલે છે. પરંતુ એની પાછળની દોડમાં માનવીને ન તો શાંતિ મળે છે, ન તો તેને પરમાત્મા સાંપડે છે.

મનની પાછળ દોડ્યા કરનારને આત્માની અનુભૂતિ કદી થઈ શકે ખરી? **પરમાત્મા, પ્રાપ્ત કરવાનો વિષય નથી. તેની તો અનુભૂતિ લેવાની હોય અને તે માટે અપાર ધૈર્યની અને સાધનાની આવશ્યક્તા છે** કે જે તારી પાસે નથી.' નસીરૂદ્દીને કહ્યું.

*સંગ્રાહક : ડૉ. ગૌરાંગ ગાંધી*
*ગાંધી યુરો કેર, અમદાવાદ. ફોન : (૦૭૯) ૨૬૫૮૦૪૩૮*

# YOUTH CLUB

## *SOME GOLDEN RAYS....*

Appreciate those in your life
Who truly love you,
motivate you, encourage you,
inspire you, enhance you and
contribute to you happiness.

★

Greatest value of having good people around us is not what we get from them but the better person we become just because of them. That is the power of Association.

★

Be a reflection of what you'd like to receive.
If you want love, give love.
If you want truth, be truthful.
If you want respect, give respect.
What you give out will return to you.

★

A country is as good as bad, as its citizens make it. No government can take action which only citizens can take – individually or collectively.
So let us start now to make our country great by becoming good citizens.

★

Don't make life too stressful,
always find time to laugh.
It may not add years to your life,
but will surely add more life to you years!

★

Shreedhar uncle came out after casting his vote from the polling booth. He asked the polling agent... did my wife come to cast the vote?

The agent looked at the list and said, yes, she was here sometime back.

Mr. Shreedhar became sad and said, I wish I was here a bit early. I would have met her.

The agent was surprised and asked him, doesn't aunty stay with you any more?

"No, she passed away 15 years ago. But I have seen that she comes to cast her vote whenever there is an election."

## સાચો વિકાસ સમાજના ભાગલા નથી કરતો

આજે માણસ એટલો બધો સંવેદનહીન બની ગયો છે કે તે પાણી ગાળીને પીએ છે અને લોહી ગાળ્યા વગર. બધા જણા પોતાના ધર્મ અને કોમની રીતે પોતાની ઓળખ આપે છે. **પણ હું માણસ છું એમ કોઈ કહેતું નથી.** આજનો માણસ એમ કહે છે કે હું એમ.બી.એ. થઈ ગયો છું એટલે કે મને બધું આવડે છે. પણ તેને પ્રેમનો સેતુ રચતા ક્યાં આવડે છે? ગાંધીજીની 3-H (હાર્ટ, હેન્ડ, હેડ) એટલે કે હૃદય, હાથ અને મસ્તિષ્કની કેળવણી ક્યાં અને કેટલી છે?

પ્રખર અર્થશાસ્ત્રી શ્રી વાય. કે. અલગ જણાવે છે કે આજે વધારે રૂપિયા હોવા એ કંઇ સાચો વિકાસ નથી. આજે તો માણસનું પણ બજારીકરણ થઈ રહ્યું છે. **આજનો મૂડીવાદી બજાર સારો સમાજ બનાવી શકતું નથી એ મોટી મુશ્કેલી છે.** સદ્‌ભાવનાને પોષે એ જ સારો વિકાસ. આજે યુરોપ અને અમેરિકામાં મંદી ચાલે છે. આની અસર તેના અર્થતંત્ર પર થઈ છે. યુરોપનું અર્થતંત્ર ફરી ઊભું થતાં હજી વીસ વર્ષ લાગશે.

યુરોપ અને અમેરિકા બેઠા થાય ત્યાં સુધીના વીસ વર્ષમાં **અગર આપણે યોગ્ય દિશામાં પ્રયત્ન કરીએ તો ભારત વિશ્વની મહાસત્તા જરૂર બની શકે એમ છે. સાચો વિકાસ કોઈ દિવસ સમાજનાં ભાગલા નથી કરતો.** મહાત્મા ગાંધીએ સદ્‌ભાવનાની જયોતિ ફેલાવી હતી તેનું આજે આપણે અનુકરણ કરવું ખૂબ જ જરૂરી છે. આજે જગત પર મીડિયા રાજ કરે છે અને જગતને નચાવે છે. પણ જો એની જગ્યાએ પ્રેમ અને સદ્‌ભાવના હોય તો વિશ્વની તસવીર બદલાઈ જાય.

લોકશાહી દેશોમાં સરકાર બદલાય છે પણ રાજકીય દલાલો એના એ જ રહે છે. આ સ્થિતિમાં જ્યારે મીડિયા અકળ મૌન ધારણ કરે છે ત્યારે સમાજ અને રાષ્ટ્રને સૌથી વધારે નુકસાન થાય છે. **ક્યાંક ખોટું થતું હોય ત્યાં કોઈ કહેનાર નથી અને સાચું કહેનારને કોઈ સાથ આપતું નથી.** આપણે સાથે હોવાના કારણે તારું અને મારું અલગ - અલગ નહીં પણ આપણા બંનેનું સત્ય જ્યારે એક બની જાય છે ત્યારે સદ્‌ભાવના વધુ દ્રઢ બને છે.

**હંમેશાં આપણે સત્યનો આગ્રહ રાખવા સાથે સામેના સત્યનો સ્વીકાર પણ કરવો જોઈએ.** આપણે કોઈને આપણા મનના ચોકઠાની ફ્રેમમાં પૂરીએ ત્યારે સંકુચિત બની જઈએ છીએ. માટે સદ્‌ભાવના સાથે શ્રેષ્ઠ ભાવ હોવો જરૂરી છે.

*દામજી માણેક ગડા - મુલુંડ, મુંબઈ*

*ઓળખ ઊભી કરો, ઓળખાણની જરૂર નહીં પડે.*

વિચાર મંથન



# ૫૦નો દાયકો બધી રીતે શ્રેષ્ઠ હતો?

ડૉ. યાસીન દલાલ

દરેક ક્ષેત્રમાં સારા અને નરસા યુગ આવતા હોય છે. પછી એ રાજકારણ હોય, અર્થકારણ હોય, રમતગમત હોય કે કલા જગત હોય. કલા જગતમાં સિનેમામાં પણ સુવર્ણયુગ આવ્યો અને ગયો. એ સુવર્ણ યુગમાં 'પ્યાસા', 'મધર ઈન્ડિયા', 'મુગલે આઝમ', 'દો આંખે બારહ હાથ', 'દો બીઘા જમીન', 'દેવદાસ' અને 'શ્રી ૪૨૦' જેવી અનેક ફિલ્મો અમર થઈ ગઈ છે. 'નયાદૌર' હમણા બ્લેક એન્ડ વ્હાઇટમાંથી કલર થઈ ગઈ છે. 'મુગલે આઝમ' પણ રંગીન આવૃત્તિ બની અને ખૂબ સફળ રહી.

હમણાં એક ટી.વી. ચેનલ ઉપર ક્લાસિક ફિલ્મોની શ્રેણી શરૂ થઈ છે. એમાં અચાનક રાજકપૂરની 'શ્રી ૪૨૦' જોવા મળી ગઈ. ૫૦થી ૬૦નો ગાળો એ દેશનાં બધા જ ક્ષેત્રોમાં સુવર્ણયુગ હતો. **રાજકારણ પણ મૂલ્યનિષ્ઠ હતું. સાહિત્ય પણ સમાજને અભિમુખ હતું. શિક્ષણ પણ સોંઘું અને ટ્યુશનની બદીથી મુક્ત હતું. ત્યારની ફિલ્મો પણ સિદ્ધાંતનિષ્ઠ અને મૂલ્યનિષ્ઠ હતી** અને સૌથી વધારે ખૂબી એ હતી કે આ ફિલ્મો પોતાના જમાનાથી આગળ હતી. 'શ્રી ૪૨૦' એનો ઉત્તમ નમૂનો છે. ફિલ્મનો નાયક ગામમાંથી સ્નાતક થઇ નોકરીની શોધમાં મુંબઈ આવે છે. ત્યાં એક ભિખારી ભટકાઈ જાય છે. એ એને પૂછે છે, 'શું તમે ભણેલા છો?' નાયક કહે છે કે ગ્રેજ્યુએટમાં ફર્સ્ટ ક્લાસ મેળવ્યો છે. બીજો પ્રશ્ન પૂછાય છે, 'શું તમે ઈમાનદાર છો?' નાયક કહે છે કે સૌથી વધુ હાજરીનું પ્રમાણપત્ર મારી પાસે છે. ત્રીજો પ્રશ્ન પૂછાય છે, 'શું તમે મહેનતું છો?' નાયક કહે, 'હું યુવાન છું અને તંદુરસ્ત છું. ગમે તેટલી મહેનત કરી શકું છું. પેલો ભિખારી કહે છે, તો તમને મુંબઈમાં ક્યાંય નોકરી નહીં મળે. યે બમ્બઇ હૈ મેરે ભાઇ, યહાં પૈસા કમાને કે લીયે ૪૨૦ ભી બનના પડતા હૈ. પછી નાયકને ધક્કો મારતા કહે છે કે ધંધેકા ટાઈમ હૈ. નાયક નિરાશ થઈને જતો રહે છે.

અચાનક નાયકની મુલાકાત નાયિકા એટલે કે નરગીસ સાથે થાય છે. એનો બાપ અપંગ. પરિણામે નાયિકા રસ્તા ઉપર બાળકોને ભણાવીને ગુજરાન ચલાવે છે. બંનેનો પરિચય ગાઢ થાય છે. નાયકને એક લોન્ડ્રીમાં નોકરી મળે છે. એ નાયિકા ઉપર રોફ જમાવવા લોન્ડ્રીમાં ઈસ્ત્રી માટે આવેલો એક સુટ પહેરીને નાયિકાના ઘરે પહોંચે છે. પણ એના બુટ ફાટેલા છે. નાયિકા એ જોઈ જાય છે અને હસે છે. ત્યાં જ નાયકને યાદ આવે છે કે લોન્ડ્રીમાં એક બુશકોટ ગરમ ઈસ્ત્રી નીચે જ રહી ગયો છે. એ ભાગે છે અને લોન્ડ્રીમાં જઇને ખબર પડે છે કે બુશકોટ સળગી ગયો છે અને લોન્ડ્રીમાં આગ લાગી છે. છતાં લોન્ડ્રી માલિક એના પગારમાંથી થોડા પૈસા કાપીને જવા દે છે.

નાયક કપડા પહોંચાડવા એક મહિલાને ઘરે જાય છે. મહિલાની રાહ જોતો એ સોફા પર બેસીને પત્તા રમે છે. મહિલા બહાર આવીને એ જોઈ જાય છે. મહિલા એક ક્લબની સભ્ય હોય છે. એ નાયકને લલચાવીને ક્લબમાં લઈ જાય છે અને નાયક પત્તાની રમતમાં હજારો રૂપિયા જીતાડે છે. ક્લબમાં શહેરના આબરૂદાર અને પૈસાદાર લોકો આવ્યા હોય છે. એમાં એક મોટા બંગલાનો માલિક એને પોતાના જુથમાં લઈ લે છે. ધીમે ધીમે નાયક અને એ માલિક એક પછી એક ગોરખધંધા કરતા જ જાય છે. નાયક અને માલિક બંને સોનાની કંપની સ્થાપીને એના શેર વેચે છે. લોકો શેર ખરીદવા આવે ત્યારે એ ફોન ઉપર અત્યંત બિઝી હોવાનો દેખાવ કરે છે. એક ફોન જાપાનથી આવ્યો છે અને એક ફોન અમેરિકાથી આવ્યો હોવાનું નાટક કરે છે. લોકો ભોળવાઇ જાય છે અને કરોડોના શેર ચપોચપ વેચાઇ જાય છે. એ પછી આ કંપની લોકોને ૫૦૦/- રૂ.માં મકાન આપવાની જાહેરાત કરે છે અને નાયકની મંજૂરી વગર પેલો માલિક અખબારોમાં એનો પ્રચાર કરે છે. નાયક એની સામે વાંધો લે છે ત્યારે માલિક બ્લેકમેઇલ કરે છે અને કહે છે કે આપણે બનાવટી શેર વેચ્યા છે એ બધામાં તારી સહી છે એટલે તું એમ સહેલાઇથી છટકી નહીં શકે. નાયક એક પછી એક કૌભાંડોમાં સંડોવાતો જાય છે. નાયિકા ગુસ્સે થાય છે અને એની સાથેનો સંબંધ તોડી નાખે છે. નાયક પણ અંદરથી ઈમાનદાર હોવાને કારણે તીવ્ર મનોમંથન અનુભવે છે. આમ વાર્તા ક્લાઈમેક્સ તરફ ધસી જાય છે. પેલી બાઈ એની સાથે કરોડો રૂપિયા લઇ અને વિદેશ જવાનું કાવત્રુ કરે છે. પેલો માલિક બધા પૈસા પોતે હડપ

કરવાનો પ્રયત્ન કરે છે. જે લોકોએ પૈસા ભર્યા હોય છે એ લોકોનું ટોળુ પણ ધસી આવે છે. અંતે પોલીસ આવી જાય છે અને બધા ખલનાયકોને પકડીને જેલ ભેગા કરે છે. નાયક અને નાયિકા પ્રામાણિકતાના પંથ ઉપર ફરી એકવાર જતાં રહે છે.

આ વાર્તામાં જે સામાજિક દૂષણો દર્શાવાયા છે તે દેશમાં ચારેબાજુ જોવા મળે છે. દા.ત. જયપુરમાં ગોલ્ડ કંપની નામની એક બનાવટી કંપની ઝડપાઈ જે લાલચ આપતી હતી કે છ હજાર રૂપિયા ભરો અને ત્રણ મહિના પછી ત્રણ લાખનું સોનું લઈ જાવ. **લાખો લોકો આ લાલચમાં આવી ગયા અને કંપનીના ચાર ભાગીદાર ત્રણસો કરોડ રૂપિયા લઈને રાતોરાત વિદેશ જતા રહ્યા.** હવે એમનો પત્તો લગાવવામાં ઈન્ટર પોલની મદદ લેવાની વાત થઈ. આ કૌભાંડનો ભોગ બનેલી મહિલાઓ ટી.વી. કેમેરાની સામે ચોધાર આંસુએ રડતી હતી. આ રેકેટ 'શ્રી ૪૨૦'માં દર્શાવાયેલા રેકેટ જેવું જ છે. **એ જ રીતે ફિલ્મમાં બનાવટી શેર કૌભાંડ બતાવાયું છે. એવા કૌભાંડો દેશમાં દરરોજ થતા રહે છે.** હર્ષદ મહેતા રેકેટ એનું ઉદાહરણ છે. એણે કરોડોના બનાવટી શેર છાપ્યા અને એની રકમ ચાવી ગયો. આ પછી સરકારે નિયમો સુધારીને ડીમેટ ખાતાનો નિયમ શરૂ કર્યો. આ મુજબ શેર ખરીદવા કે વેચવા માટે ડીમેટ ખાતું ખોલવું ફરજિયાત છે. એવું જ બીજું મોટું નામ કેતન પારેખનું છે. આ મહાશય ઉપર પણ કરોડો રૂપિયા ચાવી ગયા હોવાનો આરોપ છે. હર્ષદ મહેતા સામે અદાલતમાં કેસ થયા છે. દરમ્યાન એમનું અવસાન થયું હોવાથી એમની મિલકતો વેચીને પૈસા વસુલવાની કામગીરી ચાલે છે. એ જ રીતે ગુજરાતમાં સહકારી બેંકનું કૌભાંડ પણ જાણીતું છે. અનેક જાણીતી સહકારી બેંકો ફડચામાં ગઈ છે. હજારો ખાતેદારોના ફિક્સ ડિપોઝીટના નાણા ડૂબી ગયા છે. હવે એ સહકારી બેંકો ઉપર આવકવેરો લદાયો છે એટલે એમણે હડતાલ પાડી છે. દુનિયાની સૌથી પહેલી સહકારી બેંક ૧૮૭૨માં ઈંગ્લેન્ડમાં શરૂ થઈ હતી. ભારતમાં વડોદરાના વિઠ્ઠલ કપ્થેકર ૧૮૮૯માં આના પ્રણેતા હતા. અત્યારે દેશમાં કુલ ૨૧૦૯ સહકારી બેંકો છે. ૭૯ ટકા સહકારી બેંકો ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્રમાં આવેલી છે. શરૂઆતમાં સહકારી બેંકો સારી ચાલતી હતી, પણ રાજકારણીઓની દખલને કારણે કૌભાંડો શરૂ થઈ ગયા અને એ શરૂ કરનારા લોકો બેંકો મારફત કાળું નાણું ધોળું કરવા લાગ્યા.

ફિલ્મમાં છેલ્લે સસ્તા દરે મકાન આપવાની વાત આવે છે. અત્યારે દેશમાં ચારેબાજુ કહેવાતી હાઉસિંગ સોસાયટીઓનો રાફડો ફાટ્યો છે. એમાં દેશનો ગરીબ અને મધ્યમ વર્ગ ઘરના ઘરની લાલચમાં ફસાઈ જાય છે. કેટલીક સોસાયટીઓ તો કાગળ ઉપર જ રહી જાય છે. **મોટા શહેરોમાં આવી સંખ્યાબંધ બોગસ સોસાયટી ઊભી કરીને એના પ્રણેતા કરોડો રૂપિયા લઇને વિદેશ ભેગા થઈ જાય છે. મુંબઇનું આદર્શ સોસાયટી કૌભાંડ એનો છેલ્લામાં છેલ્લો નમૂનો છે.** એમાં મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન પોતાના સગાઓના નામે પાંચ ફ્લેટ ચાવી ગયા અને લશ્કરના ઉચ્ચ અધિકારીઓ પણ ખોટી આવક દર્શાવીને કરોડોના ફ્લેટ મફતના ભાવે પડાવી ગયા. કરુણતા તો એ છે કે આ બધા ફ્લેટ કારગીલમાં શહીદ થયેલા જવાનોની વિધવાઓ માટે હતા. પણ આ કૌભાંડીઓએ એટલી પણ લાજશરમ ન રાખી. આપણા દરેક મોટા શહેરોમાં સુધરાઇ, કોર્પોરેશન અથવા સરકાર દ્વારા સસ્તા મકાનો અથવા ફ્લેટની યોજનાઓ ચાલે છે, પણ એનો છડેચોક ભંગ કરીને રાજકારણીઓ એ મકાન અથવા ફ્લેટ લઈ જાય છે. પરિણામે ગરીબ અને નિમ્ન મધ્યમ વર્ગનું કલ્યાણ બાજુએ રહી જાય છે. બીજી બાજુ જમીન મકાનના કૌભાંડકારો સિન્ડીકેટ રચીને જમીન મકાનના ભાવ આસમાને પહોંચાડે છે.

'શ્રી ૪૨૦' ફિલ્મમાં જુગાર ક્લબ બતાવવામાં આવી છે. આવી જુગાર ક્લબોને ગુજરાત સરકાર દ્વારા માન્યતા આપવામાં આવી છે. ક્લબના સભ્યો ન હોય એવા સામાન્ય માણસ જુગાર રમતા પકડાય તો જેલભેગો થાય **પણ ક્લબમાં મોટા માલેતુજારો અને રાજકારણીઓ છડેચોક રમે તો વાંધો નહીં.** ઉપરાંત આવા જુગારમાં જીત માટે કાવાદાવા થાય છે અને વ્યક્તિઓ લડાવાય છે અને જુગારના પૈસાથી માલેતુજારો અમનચમન કરે છે.

ઋષિકેશ હોય કે રાજકપૂર હોય કે ગુરુદત્ત હોય, એ બધા પોતાના જમાનાથી આગળ હતા. **આ બધા ખરા અર્થમાં દૃષ્ટા હતા.** 'સત્યકામ'નો નાયક એક સરકારી કર્મચારી છે અને લાંચ રુશવતનો ઉગ્ર વિરોધી છે. પરિણામે એની વારંવાર બદલીઓ થાય છે. અંતે એને કેન્સર લાગુ પડે છે. પ્રતીકાત્મક રીતે ઋષિકેશ કહે છે કે ભ્રષ્ટાચાર એ કેન્સર જેવો મહાવ્યાધિ છે જે એક વખત દેશને ભરખી જશે. **અત્યારે એ વાત સાચી પડી છે. દેશની પ્રજા ભ્રષ્ટાચાર અને મોંઘવારીથી ગળે આવી ગઈ છે.**

રાજકપૂરની 'જાગતે રહો' પણ એક મહાન ફિલ્મ હતી. ગામડાનો એક ગરીબ ખેડૂત શહેરમાં આવી ચડે છે અને પીવાના પાણી માટે લત્તે લત્તે ભટકે છે. એવામાં એક હાઉસિંગ સોસાયટીમાં ઘૂસી જાય છે. એક ફ્લેટમાંથી બીજા ફ્લેટમાં

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૭ ઉપર)**

અવસર

# દવા

ડૉ. આઈ.કે. વીજળીવાલા

એક શ્રીમંત માણસને ઘરે જમણવાર ચાલી રહ્યો હતો. ખાસ મોટો પ્રસંગ નહોતો. નજીકના સંબંધીઓ અને મિત્રોને જ બોલાવ્યા હતા. હશે ચાલીસ-પચાસ જણ. યજમાન બધાને આગ્રહ કરી કરીને પીરસતા હતા અને મહેમાનો પણ જોઈએ કે ન જોઈએ, પોતાની થાળીઓ છલોછલ ભર્યે જતા હતા.

એ જ વખતે યજમાન બહેનનું ધ્યાન ગયું કે એક બાળકને એની માતા ધીમા અવાજે ધમકાવતી હતી. યજમાન બહેને ત્યાં જઈને કારણ પૂછ્યું. તો પેલી માતા કહે, 'જુઓને બહેન! આ ખાતો જ નથી. રોજ આવું જ કરે છે. હું તો આને જમાડવાથી તંગ આવી ગઈ છું. હવે તમે જ કહો, ધમકાવું નહીં તો શું કરું?'

'અરે! એમાં એને ધમકાવવાની જરાય જરૂર નથી!' પેલા યજમાન બહેન બોલ્યા. પછી સામેની પંગતમાં બેઠેલા એક ભાઈ સામે હાથ કરીને કહ્યું, 'આ અમારા મિત્ર ડૉક્ટર મહેતા છે ને, એ એવી સરસ દવા આપે છે કે તમારો બાબો તરત જ જમતો થઈ જશે. મારો દીકરો પણ પહેલા આવું જ કરતો હતો. ડૉ. મહેતા સાહેબની દવા પછી હવે એ બરાબર જમી લે છે. તમે પણ એમને બતાવોને?'

પેલી સ્ત્રીએ ડૉક્ટર મહેતાની સામે જોઈને કહ્યું, 'આવી જગ્યાએ તમને પૂછવા બદલ માફ કરજો, ડૉક્ટરસાહેબ! પણ શું હું તમારા ક્લિનિક પર મારા બાબાને બતાવવા માટે લાવી શકું ખરી? એને બિલકુલ ભૂખ જ નથી લાગતી!'

'ચોક્કસ લાવી શકો બહેન! હું જમી લીધા પછી તમને મારું કાર્ડ આપીશ. એમાં લખેલ નંબર પર ફોન કરીને તમે જરૂર આવી શકશો.' ડૉક્ટરે કહ્યું.

હવે બરાબર એ જ વખતે દસેક વરસની એક કામવાળી છોકરી, જે બધાના ગ્લાસમાં પાણી ભરતી હતી, એ આ વાત ધ્યાનથી સાંભળતી હતી.

ડૉક્ટર જમીને હાથ ધોવા પેન્ટ્રીમાં ગયા ત્યારે જગ ભરવા માટે પેલી છોકરી પણ ત્યાં પહોંચી. ડૉક્ટરને એકલા જોઈ એણે પૂછ્યું : 'ડૉક્ટરસાહેબ! હું તમારી સાથે વાત કરી શકું ખરી? તમને એક સવાલ પૂછી શકું?'

'બોલને બેટા! તું શું કામ વાત ન કરી શકે? એક શું બે સવાલ પૂછ!' એકદમ લાગણીપૂર્વક ડૉક્ટરે જવાબ આપ્યો.

'ડૉક્ટરસાહેબ! મારે એક નાનો ભાઈ છે. હું, મારી મા અને મારો ભાઈ એમ અમે ત્રણ જ જણ ઘરમાં રહીએ છીએ. મારા બાપુ ગુજરી ગયા છે. મા બીમાર છે. હું કામ કરું છું એમાંથી અમારું પૂરું નથી થતું. એટલે હું એમ પૂછવા માગું છું કે શું **ભૂખ લાગે જ નહીં એવી કોઈ દવા આવે છે ખરી? એવી દવા હોય તો અમારે એ લેવી છે!'**

ડૉક્ટર સ્તબ્ધ બનીને ઊભા રહી ગયા.

*કિલ્લોલ હૉસ્પિટલ,*
*ડૉક્ટર હાઉસ,*
*કાળા નાળા, ભાવનગર-૩૬૪ ૦૦૧.*

## ૫૦નો દાયકો બધી રીતે શ્રેષ્ઠ હતો?

**(અનુસંધાન : પાના નં.-૧૬ ઉપરથી ચાલુ)**


જઈને એ જે દૃશ્યો જુએ છે એ ચોંકાવનારા છે. એક ફ્લેટમાં દેશી દારૂની ભઠ્ઠી ચાલે છે, તો બીજા ફ્લેટમાં બનાવટી નોટો છપાય છે. ત્રીજા ફ્લેટમાં નકલી ઘી અને બીજી નકલી વસ્તુઓ બને છે. એક વધુ ફ્લેટમાં એનો માલિક ઘરમાં અમનચમન માટે ગણિકાને લઈ આવે છે તો બીજા ફ્લેટમાં એક નકલી સાધુ પોતાના ભક્તોને રેસમાં કયા ઘોડા ઉપર પૈસા લગાડવા એનું માર્ગદર્શન આપે છે. અંતે ભોળા નાયકને જ ચોર સમજીને બધા એના ઉપર તૂટી પડે છે. પણ એ દરમ્યાન નાયક પોતાનું મોઢું ખોલે છે અને કહે છે કે હું ચોર નથી. આ ફ્લેટમાં રહેનારા બાકીના બધા ચોર છે. કોઈ બનાવટી નોટો છાપે છે તો કોઈ ખાદ્યપદાર્થોમાં ભેળસેળ કરે છે તો કોઈ ઝેરી દારૂ બનાવે છે. **તમે ઇચ્છતા હો તો હું પણ એ જ માર્ગે જઈને પૈસા કમાઇશ. તમે એવું ઇચ્છો છો?** ત્યાં જ પોલીસ આવીને ચોરોને પકડી જાય છે.

ગુરુદત્તની 'પ્યાસા'માં પણ આવો જ કંઈક સંદેશો છે. એનો નાયક સ્વાર્થી દુનિયાને જોઈને એને લાત મારીને પોકારે છે કે 'દુનિયા અગર મીલ ભી જાયે તો ક્યા હૈ?'

*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

સંસ્કૃતિ

# બદલાતી સંસ્કૃતિઓ



મુરજી ગડા

આપણે જ્યારે પ્રાચીન ભારતીય સંસ્કૃતિની વાત કરીએ છીએ ત્યારે આપણા મનમાં એક આદર્શ સમાજ વ્યવસ્થાનો ખ્યાલ હોય છે. આપણે જે સાંભળતા અને વાંચતા આવ્યા છીએ, એને સ્વાભાવિકપણે સ્વીકારી લીધું છે. વાસ્તવમાં એ અર્ધસત્ય છે.

આપણી પ્રાચીન સંસ્કૃતિ ખરેખર કેવી હતી એ કહેવું લગભગ અશક્ય છે. ગણ્યાગાંઠ્યા મહાકાવ્યો કે ગ્રંથો પરથી એનો સાચો ખ્યાલ ન આવે. એમાં થોડી અતિશયોક્તિ અને ઘણી બધી કવિ કલ્પના, (વિશફુલ થિંકિંગ) પણ હોઇ શકે છે. સદીઓ પછી પણ એ અકબંધ જળવાઇ રહી છે એમ માનવું ભોળપણ છે.

**આપણને વર્તમાનમાં જે નજર સામે દેખાય છે તે આપણી સદીઓની સંસ્કૃતિનો નિચોડ છે,** આપણો સાંસ્કૃતિક વારસો છે. એટલે એ જ આપણી સાચી સંસ્કૃતિ ગણાય. આપણી કુટુંબભાવના, વડીલો પ્રત્યેના માનમર્યાદા, પડોશીઓ સાથેનો સંબંધ, સહિષ્ણુતા વગેરે આપણી સંસ્કૃતિનું જમા પાસું છે. સાથેસાથે દંભ, ભ્રષ્ટાચાર, દેખાદેખી, બહાનાંબાજી, **અંધશ્રદ્ધા,** જાતિભેદ, વર્ણભેદ, અસ્પૃશ્યતા, પરિવર્તનનો વિરોધ, જાહેર જગ્યાઓની ગંદકી વગેરે બધું જ આપણી સંસ્કૃતિનું ઉધાર પાસું છે. આમાથી ઘણું પહેલેથી ચાલ્યું આવે છે.

ભારતીય સંસ્કૃતિ ઘણી જૂની છે. પાંચ પ્રાચીન સંસ્કૃતિઓમાંની તે એક છે. આ બધી સંસ્કૃતિઓનો ત્યારે પણ એકબીજા સાથે સંપર્ક હતો અને પરસ્પર વિચારોની આપલે થતી હતી. જો એમાં ઊંડા ઉતરીએ તો પ્રાચીન સંસ્કૃતિઓ વચ્ચે ઘણી સમાનતા દેખાઇ આવે છે. સાથે સાથે બધી સંસ્કૃતિઓમાં પોતાની સ્થળ આધારિત વિશિષ્ટતા પણ હતી.

સંસ્કૃતિઓ આદિકાળથી અસ્તિત્વમાં છે, અને સમયાંતરે બદલાતી રહી છે. એમને બદલે છે ધર્મ, માનવીય સ્થળાંતર, રાજકારણ, ઈતિહાસ, ઔદ્યોગિકીકરણ, વૈશ્વિકીકરણ, શહેરીકરણ વગેરે.

ધર્મ અને સંસ્કૃતિ બે ભિન્ન બાબતો છે. **ધર્મ એ મનુષ્ય જીવનનું ખૂબ અગત્યનું અંગ હોવા છતાં સંસ્કૃતિનો જ એક ભાગ છે. સંસ્કૃતિ તો આપણી દરેક પ્રવૃત્તિ, વિચારો, માન્યતાઓ વગેરે બધાનો સરવાળો છે.** એને જીવન વ્યવસ્થા કે સમાજ-વ્યવસ્થા પણ કહી શકાય. એ આપણા વહેવાર, તહેવાર, રીતરિવાજ, રહેણીકરણી, સાહિત્ય, સંગીત, કળા, ફિલ્મ વગેરે દ્વારા છતી થાય છે.

સંસ્કૃતિ અને ધર્મ અલગ હોવા છતાં એકબીજાના પૂરક છે. આજના સ્વરૂપમાં જે જુદા જુદા ધર્મો અસ્તિત્વમાં છે તે પ્રાચીન સમયમાં મોજૂદ નહોતા. સ્થાનિક સંસ્કૃતિની તત્કાલીન જરૂરિયાત તેમજ તેમાં રહેલા કેટલાક અતિરેકના પર્યાયરૂપે જુદા જુદા ધર્મોનો ઉદય થયો અને તે પ્રમાણે ધર્મોના સિદ્ધાંત રચાયા. ધર્મના ફેલાવા સાથે એમાં રહેલ વિચારભેદને કારણે સંસ્કૃતિઓ વચ્ચેનું અંતર વધવા લાગ્યું. સંસ્કૃતિઓ એકબીજાની પૂરક બનવાને બદલે સ્પર્ધક બની ગઇ.

સમાજશાસ્ત્ર એ બધીજ શાળાઓમાં ભણાવવામાં આવતો વિષય છે. વ્યવસાયમાં એનું મહત્ત્વ ન હોતાં મોટા ભાગના વિદ્યાર્થીઓ દ્વારા એ અવગણાય છે. છતાંયે એ ફરજિયાત ભણાવાય છે કારણકે એ આપણા જીવન સાથે વણાયેલ છે.

સમાજશાસ્ત્રનો એક ભાગ છે ઈતિહાસ. ઈતિહાસ એ રાજાઓના નામો અને લડાઈની તારીખો ઉપરાંત ઘણું વધારે છે. ઐતિહાસિક ઘટનાઓ પાછળના કારણો અને તેમની અસર ઈતિહાસનું હાર્દ હોય છે. દરેક મહત્ત્વની ઘટના અને વહેણ (ટ્રેન્ડ) એની અસર અચૂક મૂકતા જાય છે.

સંસ્કૃતિ, ધર્મ અને ઐતિહાસિક ઘટનાઓ ગાઢપણે સંકળાઇને એકબીજાને ઘડે છે. ધાર્મિક ભેદભાવોએ યુદ્ધો સર્જ્યા છે. યુદ્ધોએ રાજકીય નક્શા બદલી સંસ્કૃતિને મઠારી છે. એમાંથી નવા ધર્મોનો ઉદય થયો છે અથવા તો પ્રસ્થાપિત અને પ્રચલિત ધર્મમાં ફાંટા પડ્યા છે. આ ચક્ર ચાલતું રહે છે.

સંસ્કૃતિઓને સ્પષ્ટપણે બદલાવતી છેલ્લી સદીની થોડીક ઘટનાઓ અને વહેણ છે : યુરોપિયન સંસ્થાનવાદનો અંત, લોકશાહીનો તેમજ શિક્ષણનો ફેલાવો, સામ્યવાદનો ઉદય અને પીછેહઠ, બે વિશ્વયુદ્ધો, ઔદ્યોગિકીકરણ, વૈશ્વિકીકરણ, શહેરીકરણ વગેરે.

ભારતના સંદર્ભમાં જોઇએ તો ઇતિહાસમાં પ્રથમવાર ભારત એક દેશ તરીકે ઉદ્ભવ્યો છે. એ પહેલાં ભારત ઉપખંડ સેંકડો નાનાં રજવાડાંઓમાં વહેંચાયેલ હતો. પડોશી રાજ્યો સાથેના ઘર્ષણ સામાન્ય ઘટના હતી. એની અસર આજે પણ **આપણી સંસ્કૃતિ પર અને રાજકારણમાં દેખાય છે. આપણી વફાદારી પોતાના સમાજ, જ્ઞાતિ, ધર્મ કે પ્રાંત પ્રત્યે વધુ છે અને રાષ્ટ્ર પ્રત્યે ઓછી છે.** મોગલ શાસન તેમજ અંગ્રેજી શાસનની અસર પણ આપણી સંસ્કૃતિમાં વણાઇ ગઇ છે. તે છતાંયે પરિવર્તનના સ્વીકારને બદલે વિરોધની વૃત્તિ અકબંધ છે.

આશરે ચારસો વર્ષ પૂર્વે યુરોપમાં વૈજ્ઞાનિક વિચારસરણી સાથે આવેલી **ઔદ્યોગિક ક્રાંતિ**એ ત્યાંની સંસ્કૃતિ મહદ્અંશે બદલી નાંખી. **આપણી સામાજિક તેમજ અન્ય સમસ્યાઓ માટે પશ્ચિમી સંસ્કૃતિને દોષ દેવાનું આપણને ફાવી ગયું છે.** આપણે એમનાથી જુદા છીએ એમ કહેવા કરતાં એમની પાછળ છીએ એમ કહેવું વધુ ઉચિત છે. આપણે જેને પશ્ચિમી સંસ્કૃતિ કહીએ છીએ તે હવે પશ્ચિમના દેશો પૂરતી જ મર્યાદિત નથી રહી. જ્યાં પણ વૈજ્ઞાનિક વિચારસરણી અને ઔદ્યોગિકીકરણ પહોંચ્યા છે ત્યાંની મૂળ સંસ્કૃતિ પર એની અસર અચૂક થઇ છે. અહીં સારા-નરસાની સરખામણી નથી. દુનિયાની બધી જ સંસ્કૃતિઓનો પ્રવાહ કઇ બાજુએ વહી રહ્યો છે એની ચર્ચા છે.

**સાંસ્કૃતિક રીતે ભારતના મોટા શહેરોમાંનો અમુક વર્ગ એકવીસમી સદીમાં જીવે છે, ગામડાના લોકો ઓગણીસમી સદીમાં જીવે છે અને આદિવાસીઓ કદાચ સત્તરમી સદીમાં જીવે છે.** દુનિયાના બધાજ વિકાસશીલ દેશોમાં વત્તે ઓછે અંશે આવીજ વ્યવસ્થા દેખાય છે. **માહિતી પ્રસારણમાં જે જબરદસ્ત ક્રાંતિ આવી છે એના લીધે કાળક્રમે આ ભેદ ઓછો થશે.** પરંપરાગત માન્યતાઓની પકડ ઢીલી પડશે અને દુનિયાની બધી જ સંસ્કૃતિઓ ફરી પાછી એકબીજાની વધુ નજીક આવે એવી શક્યતા દેખાય છે.

ભારતીય, પશ્ચિમી કે બીજી કોઇ સંસ્કૃતિને બદલે, લોકો કઇ સદીમાં જીવે છે, એ શબ્દપ્રયોગ વધુ યોગ્ય લાગે છે. દરેક દેશમાં બધી જ વિચારધારાઓ અનુસરતા લોકો હવે મળે છે. પશ્ચિમનો અમુક વર્ગ આપણી પાસેથી યોગ અને ધ્યાન શીખે છે તો આપણે પૂર્વ એશિયાના દેશો પાસેથી કરાટે શીખીએ છીએ. દુનિયા આખી પશ્ચિમ પાસેથી વૈજ્ઞાનિક વિચારસરણી શીખે છે. દુનિયાના બધાજ મોટા શહેરોમાં બધા દેશોની ખાવાની વસ્તુઓ મળે છે. ફક્ત વ્યાપાર ક્ષેત્રે નહીં પણ સાંસ્કૃતિક સ્તરે પણ વૈશ્વિકીકરણ થઇ રહ્યું છે. **એનો આંધળો વિરોધ કરવાને બદલે એમાંથી સારાં તત્ત્વોને અપનાવવું આપણા હિતમાં છે.**

**વર્તમાન સમાજ વ્યવસ્થા ચાલુ રહે એમાં એક ચોક્કસ વર્ગનું હિત સમાયેલું હોય છે. તેઓ પરિવર્તનનો વિરોધ કરે એ સ્વાભાવિક છે.** એના માટે તેઓ ''મહાન સંસ્કૃતિ, શ્રેષ્ઠ પરંપરા'' વગેરે દલીલોનો ઉપયોગ કરે છે. આજ સુધી તેઓ સફળ થતા આવ્યા છે પણ હવે એમનો સમય પૂરો થયો છે. સમાજ અને દેશ ધીરે ધીરે જાગી રહ્યો છે. આંધળા વિરોધનો વિરોધ કરવો જરૂરી બન્યું છે. આવનારો સમય પોતે એનો ઉત્તર આપશે.

સમાજશાસ્ત્રનો બીજો ભાગ છે ભૂગોળ. ભૌગોલિક રીતે છૂટા પડેલા પ્રદેશો પર સંસ્કૃતિના ફેરફારની અસર મોડી પડતી હતી. હવે એ ભેદ પણ ભૂંસાઇ રહ્યો છે.

ભૂગોળે બીજો એક મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. એમાં સમાયેલી બાબતો નક્કર હકીકત હોવાથી એણે ઘણી પરંપરાગત ગેરસમજો દૂર કરી છે. કમનસીબે કેટલીક રૂઢિગત ગેરસમજો હજી પણ આપણી વચ્ચે પ્રચલિત છે તેમજ તેમનો ફેલાવો કરવામાં આવે છે.

જે બાબતો નિઃશંક રીતે સાબિત કરી દુનિયાએ સ્વીકારેલ છે અને બધી જ શાળા કૉલેજમાં ભણાવવામાં આવે છે **છતાં જેની વિરુદ્ધ પ્રચાર કરવામાં આવે છે એ ધાર્મિક જડતાની પરાકાષ્ઠા છે.** આવા અપપ્રચારના કેટલાક નમુના છે : ''પૃથ્વી ગોળ નહીં પણ સપાટ છે, પાણી પર તરે છે, ગુરુત્વાકર્ષણનું અસ્તિત્વ નથી, ચંદ્ર પર માનવી ગયો નથી અને જઇ શકે નહીં, ભૂતકાળમાં લોકોનું આયુષ્ય લાખો-કરોડો વરસનું હતું'' વગેરે વગેરે.

**બધાજ ધર્મોના મૂળભૂત સિદ્ધાંતોમાં સત્યનું આગવું સ્થાન છે.** સત્યપાલન એટલે સાચું બોલવા અને આચરવા ઉપરાંત સત્યનો સ્વીકાર પણ છે. જે બાબતો નિઃશંકપણે પુરવાર થયેલી છે એની સાથે પરંપરાને નામે અવિરત લડવા કરતાં સ્વીકારી લેવામાં વધારે ધાર્મિકતા છે. ભૂતકાળમાં કોઇએ કંઇ કહ્યું હોય એટલા માટે એને વળગી રહેવામાં **અંધશ્રદ્ધા સિવાય બીજું કંઇ નથી.**


આવી બાબતો વિશે આપણે જે પણ માનીએ એનાથી આપણા રોજિંદા જીવનમાં કંઇ ફરક પડતો નથી. છતાંયે એ આપણી વિચારસરણીનો પડઘો જરૂર પાડે છે. ખોટી હઠ રાખવાથી બદલાતી દુનિયા સાથેનું તાદાત્મ્ય અઘરું બને છે સત્યપાલનથી દૂર રાખે છે. **એકવીસમી સદીમાં જીવવું હોય, પ્રગતિ કરવી હોય તો પંદરમી સદીની માન્યતાઓને છોડવી પડશે.**

*૧, શ્યામવાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭. મો. ૯૭૨૬૭ ૯૯૦૦૯*
*E-mail : mggada@gmail.com*

*ત્રાજવું વજન માપી શકે છે, ગુણવત્તા નહીં.*

જળ સંરક્ષણ

# માણસના મૂલ્યાંકનનો એક માપદંડ...



ડૉ. મિહિર એમ. વોરા

પાણીની જાળવણી માટે ભેખ લઈને કામ કરતા જળ સંરક્ષણના પુરસ્કર્તા એવા જાણીતા પર્યાવરણ કર્મશીલ અનુપમ મિશ્રએ સરસ વાત કહી છે. ધ્યાનથી વાંચજો. તેઓ કહે છે કે – "પૃથ્વી પર પાણી આવ્યું એ પછી જ જીવન શરૂ થયું. તેથી એ વાત સમજવામાં સાવ સાદી છે કે જો પાણી જ નહીં હોય તો જીવન આપોઆપ ચાલ્યું જશે અને પૃથ્વી જીવ વગરનો ગ્રહ બની રહેશે. દિલ્હીમાં એક સમયે ૮૦૦ તળાવ હતા. આજે ગણીને પાંચ પણ નથી. **લોકો માને છે કે પાણીની કોઈ કિંમત નથી, જમીનની કિંમત છે. તેથી આપણે એ તળાવો બૂરીને દુકાનો અને મકાનો ઊભા કરી દીધા.** દિલ્હીમાં વરસાદ તો આજે પણ એટલો જ પડે છે, જેટલો અગાઉ પડતો હતો. પણ હવે એ પાણી સંગ્રહાતું નથી, વહ્યું જાય છે. એને પરિણામે પૂર આવે છે. અગાઉ જળ સંગ્રહના અનેક સ્રોત હતા. તળાવ, વાવ, તલાવડી, કૂવા વગેરે. હવે એના પર એન્ક્રોચમેન્ટ થઈ ગયું છે. તેથી પૂર આવે છે." અનુપમ મિશ્ર હવે જે વાત કહે છે એ વધારે ધ્યાનપૂર્વક વાંચજો. પાણીનું વિષચક્ર કઈ રીતે સર્જાયું એ સમજાવતા તેઓ કહે છે કે, "અંગ્રેજો દેશમાં આવ્યા એ અગાઉ રાજાશાહી હતી. ત્યારે દેશમાં પાણીની પરિસ્થિતિ સારી હતી. એક સાદું દૃષ્ટાંત આપું. અંગ્રેજો આવ્યા એ અગાઉ માત્ર મૈસુર રાજ્યમાં ચાલીસ હજાર તળાવ હતા. **રાજ્ય પ્રશાસન અને સમાજ બંને મળીને એ જળસ્રોતોની જાળવણી કરતા હતા.** એમાં રાજા પોતાના તરફથી પૈસા આપતા હતા. જ્યારે અંગ્રેજોનું શાસન આવ્યું ત્યારે તેમણે પ્રજાને કહ્યું કે અમે શા માટે પૈસા આપીએ? આ તળાવ તો તમારા છે. અમે એની રખેવાળી માટે પૈસા નથી આપવાના. અધૂરામાં પૂરું, અંગ્રેજોએ એના પર વેરો નાખ્યો. અંગ્રેજોએ ઠેરવ્યું કે લોકો એમાંથી સિંચાઈ લે છે, તો લોકોએ એનો ટેક્ષ ચૂકવવો પડશે. આમ, અંગ્રેજોએ રખેવાળી માટે પૈસા તો ન આપ્યા, પણ સામેથી પૈસા લોકો પાસે માંગ્યા અને ટેક્ષ વસુલવા માંડ્યા. એટલે આપોઆપ એ તળાવ, વાવ વગેરેની માલિકી અંગ્રેજોની થઈ ગઈ. પછી લોકોનું પણ એ જગ્યાઓ પરથી મમત્વ ઘટવા માંડ્યું. લોકોએ તળાવ, વાવ, કૂવા વગેરેની રખેવાળી બંધ કરી દીધી. એ અવાવરૂ થઈ ગયા. અગાઉ લોકો પોતે પાણીનો સંગ્રહ કરતા હતા અને એની વ્યવસ્થામાં નિમિત્ત બનતા હતા. એ ધીમે ધીમે સરકાર પર નિર્ભર થવા માંડ્યા. અંગ્રેજોએ તમામ રાજ્યોમાં આવી સ્થિતિ નિર્માણ કરી હતી. જેના નબળા પરિણામો આજે આપણે સમગ્ર દેશમાં અત્યારે જોઈ રહ્યા છીએ. અત્યારે વસ્તી ભયંકર વધી ગઈ છે અને પાણીના અગાઉના સ્રોત નામશેષ થઈ ગયા છે. તેથી ઉપાય શું કાઢવો એ આપણને સુઝતું નથી." આજથી દસ - પંદર વર્ષ પછી બની શકે કે તમારી આખી સોસાયટી વાઈ-ફાઈ ધરાવતી હશે, તમારા મોબાઈલમાં ફોર-જી નું નેટવર્ક આવી ગયું હશે. ઘરમાં દરેક વ્યક્તિના સેલફોનમાં ઈન્ટરનેટનું હાઈસ્પીડ કનેક્શન હશે. કેટલાક શહેરો ચકચકિત સ્માર્ટ સિટી બની ગયા હશે. ટૂંકમાં બધું એકદમ હાઈટેક બની ગયું હશે અને લાઈફ થ્રી-જી ફોર-જી ની સ્પીડે દોડતી હશે. આવું કદાચ હોઈ શકે. આવા સુવિધાસંપન્ન દિવસો દૂર નથી એવું કોઈ માને તો એ બિલકુલ ખોટું નથી. એવું થઈ શકે છે **પણ આ બધી હાઈટેક સુવિધાની વચ્ચે ઘરમાં પાણીનાં સાંસા હશે. રેશનિંગમાંથી ખરીદેલું ઘાસલેટ ઘરના લોકો માપી માપીને વાપરે એમ કદાચ પાણી પણ રેશનિંગથી વાપરવું પડશે.** પીવાના પાણીના તો વાંધા પડવા જ માંડ્યા છે, પછી નહાવાનું પાણી પણ ખરીદવું પડશે. આ દિવસો પણ દૂર નથી અને એવું માનવા માટે તો પૂરતા કારણો આપણી સામે છે જ. આપણે **પાણીની જરૂરિયાત તો સમજીએ છીએ પણ એને આદર આપતા નથી. એનું મૂલ્ય સમજતાં આપણને નથી આવડ્યું.** તેથી પાણી આપણને અને આપણી આગામી પેઢીને રાતા પાણીએ રડાવવાનું છે એટલું નક્કી.

પાણી આવે ત્યારે જાનૈયાઓ લગ્નની જાન છોડીને ઘેર દોડ્યા હોય એવા તો અનેક પ્રસંગો સૌરાષ્ટ્રમાં જોવા મળે છે. મહારાષ્ટ્રના ગામડામાં તો ટેન્કર આવે ત્યારે ડાઘુઓ જનાજો છોડીને ગયા હોય એવા દાખલા છે. **પાણીની સમસ્યા પર થયેલા વિવિધ અભ્યાસ એવું દર્શાવે છે કે ભારત જળ દેવાળિયો દેશ થવાના આરે છે.** જો આજે આપણે પાણીના વપરાશમાં વિવેક નહીં કેળવીએ તો આવતીકાલે પાણીના નામનું નહાઈ નાખવું પડશે.

આ તો થઈ ભવિષ્યના ઓવરઓલ દૃશ્યની ઝાંખી. પણ

અત્યારે અમુક રાજ્યો અને વિસ્તારોમાં આવું ચિત્ર જોવા તો મળી જ રહ્યું છે. દેશમાં કેટલાક રાજ્યોમાં વર્ષોથી પાણીનું ચિત્ર આંખે પાણી લાવી દે એવું જ છે. ગુજરાતમાં કચ્છ - કાઠિયાવાડ જુઓ કે મહારાષ્ટ્રમાં વિદર્ભ જુઓ, ત્યાં ઉનાળા તો આકરા પાણીએ જ હોય છે. સારો વરસાદ થયો હોય એ વર્ષોમાં પણ ત્યાં ઉનાળામાં તો લોકોને ત્રણ - ચાર દિવસે એક વખત જ પાણી મળે છે.

"ભારત ખેતીપ્રધાન દેશ છે અને ખેડૂત જગતનો તાત છે" — આ વાક્ય હવે ગૌરવપ્રદ નહીં હાસ્યાસ્પદ લાગે છે. **જળસંગ્રહ, જળ સંરક્ષણ, જળ વ્યવસ્થાપન જેવા મુદ્દે અત્યાર સુધીની તમામ સરકારો નિષ્ફળ ગઈ છે.** તેથી એની લાંબી ચર્ચા કરવાનો કોઈ અર્થ નથી. ગુજરાતમાં કેટલીય નોન ગવર્નમેન્ટલ ઓર્ગેનાઈઝેશન્સ (એન.જી.ઓ.)એ પાણીના નામે પોતાની આર્થિક પાળ બાંધી લીધી અને કામના નામે માત્ર કાગળિયા કર્યા. કેટલીક એન.જી.ઓ.એ સારી કામગીરી કરી હશે એની ના નહીં, પણ પ્રોજેક્ટના સુંવાળા ચિત્રો ઊભા કરીને પૈસા બનાવનારી એન.જી.ઓ.ની સંખ્યા નાનીસૂની નથી. હવે આવે છે પ્રજાનો વારો. એટલે કે આપણા સૌનો વારો. પાણીના ઉપયોગના મામલે આપણે કેટલા વિવેકપૂર્ણ અને સંવેદનશીલ રહ્યા છીએ? આનો જવાબ આપણને ખબર છે અને શરમથી માથું ઝૂકી જાય છે. **માણસના મૂલ્યાંકનનો એક માપદંડ એ પણ હોવો જોઈએ કે તે પાણીનો વપરાશ કેવી રીતે કરે છે અને રોજનું કેટલું પાણી વાપરે છે?** એક માણસની જરૂરિયાત કરતાં વધુ પાણી તે વાપરતો, એટલે કે વેડફતો હોય તો એ વ્યક્તિ અવિવેકી છે. કોઈ વ્યક્તિ શાવર એટલે કે ફુવારામાં નાહાતી હોય કે ટબમાં નાહાતી હોય તો એ પાણીનો ક્રિમિનલ વેસ્ટેજ કરે છે. નાહાવા માટે એક ડોલ કરતા વધારે પાણીનો વપરાશ કરનારી વ્યક્તિ પણ એ જ કેટેગરીમાં આવે છે. **ઘરમાં નળ કે પાઇપ લીકેજ હોય**, ને પાણી ટપક ટપક થતું હોય છતાં દિવસો સુધી એનું સમારકામ નહીં કરાવનારી વ્યક્તિ અભણ જ કહેવાય. **શેવિંગ કરતી વખતે** જે માણસ નળ સતત વહેવા દેતો હોય એ મૂર્ખાઓનો સૂત્રધાર છે. અલ્યા, તું એક પાત્રમાં પાણી લઈને દાઢી કર.

**નળ નીચે છૂટ પાણી વહાવીને વાસણો ધોવાની** કેટલીક ગૃહિણીઓને ટેવ હોય છે. એને બદલે કોઈ મોટા પાત્રમાં પાણી ભરીને ધોવા જોઈએ. પાણીનો કઈ રીતે વપરાશ કરવો એ બાળકોને વાલીઓએ ઘરમાં દાખલા બેસાડીને શીખવવું જોઈએ. **તેમજ સ્કૂલની એજ્યુકેશન સિસ્ટમમાં પણ એ શીખવવું જોઈએ.** મુંબઈ સુધરાઈએ પાંચેક વર્ષ અગાઉ પાણી માટેની એક ઝુંબેશ શરૂ કરી હતી. જેમાં સચીન તેંદુલકરે ભાગ લીધો હતો. સચીનની એક ઍડ એવી હતી કે જેમાં તે લોકોને આહ્વાન આપતો હતો કે હું રોજ માત્ર એક બાલદી પાણીથી જ નાહાઉં છું. નાહવા માટે એક બાલદી પાણી પર્યાપ્ત છે. તમે પણ એટલું જ પાણી વાપરો. પાણી આપણને સારી રીતે યાદ દેવડાવી રહ્યું છે અને પાઠ ભણાવી રહ્યું છે કે તેનું મૂલ્ય શું છે. આપણે જમીનની કિંમત ભલે કરીએ પણ પાણીનું મૂલ્ય સમજીએ એ જરૂરી છે. **કાલે પાણી ખતમ થઇ જવાનું છે એમ સમજીને વાપરો.** મહાવીર સ્વામી કહી ગયા છે કે **"પાણીને ઘી ની જેમ વાપરો."** જો આજે આપણે ઘીની જેમ નહીં વાપરીએ તો આવતીકાલે ઘીના ભાવે જ ખરીદવું પડશે. રહેણાંક સોસાયટીમાં એવી પણ એક શરૂઆત કરવા જેવી છે કે દર મહિને કે દોઢ મહિને **એક પ્લમ્બરને બોલાવવામાં આવે** અને તે સોસાયટીના જેટલા પણ ઘરમાં પાણી લીકેજ થતું હોય એનું સમારકામ કરી આપે. આવું કરવાથી પ્લમ્બર સસ્તો પણ પડશે અને વહી જતું પાણી બચશે. સોસાયટીની વાર્ષિક બેઠકમાં આવા ઠરાવ કરવા જોઈએ અને એના માટે અલગ ભંડોળ રાખવું જોઈએ, કાં મેઈન્ટેનન્સ ખર્ચમાં એનો સમાવેશ કરવો જોઈએ. આને લીધે સરવાળે સોસાયટી ફાયદામાં જ રહેશે.

વિચિત્રતા એ છે કે પાણીના અછતના દિવસોમાં આપણે દુઃખી થઈ જઈએ છીએ અને પૂરતું પાણી હોય એ દિવસોમાં એનો બેફામ ઉપયોગ કરીએ છીએ એવી આપણી પ્રકૃતિ છે. આપણા પૂર્વજો હોંશિયાર અને વિવેકી હતા. જુનવાણી મકાનોમાં આજે પણ તમને ક્યાંક ક્યાંક **વરસાદી પાણીના સંગ્રહ માટેના ટાંકા જોવા મળશે,** જેમાં ચોમાસાનું સંગ્રહાયેલું પાણી ઉનાળાના કાળઝાળ દિવસોમાં કામ લાગતું હતું. આજે મકાનો તો ભપકાદાર અને સુવિધાસંપન્ન બને છે પણ પેલા પાણીના સંગ્રહના ટાંકા નથી બનતા. છ - સાત માળની બિલ્ડિંગોના ભોંયતળિયે પણ એવા ટાંકા બનાવી શકાય છે. સોસાયટીમાં ક્લબહાઉસ કરતાં જળસંગ્રહના ટાંકા બનાવવાની તાતી જરૂર છે.

આપણો દેશ જળ દેવાળિયો થઇ જવાનો છે એવો રિપોર્ટ વર્લ્ડ બેંકે નવ વર્ષ અગાઉ આપ્યો હતો. જેમાં કહેવાયું હતું કે પાણીના મામલે ભારતનું ભાવિ ધૂંધળું નહીં પણ આંધળું એટલે કાળું બલ્લક છે. **આગામી પંદર વર્ષમાં જ ભારતની પાણીની જરૂરિયાત તેના જળસ્રોતોમાં રહેલા પાણીની ઉપલબ્ધતા કરતા વધી જશે.** જો ભારતના લોકો પાણીનો વિવેકપૂર્વકનો ઉપયોગ કરતા નહીં શીખે તો દેશ બે દાયકામાં દુકાળિયો થઈ જશે. અત્યારે ખેતીમાં સિંચાઇ તેમજ લોકોની રોજિંદી જરૂરિયાતનો મુખ્ય સ્રોત ગ્રાઉન્ડ વોટર એટલે કે ભૂગર્ભ જળ છે. બોર, ડંકી, ટ્યુબવેલ વગેરે દ્વારા જમીનમાંથી પાણી ખેંચી લેવામાં આવે છે. જેને લીધે ભૂગર્ભનો જળ જથ્થો ભયજનક રીતે ઓછો થઈ ગયો છે. લોકો ભૂગર્ભમાં એ સ્તરેથી પાણી ઉલેચી

રહ્યા છે, જેમાં ફ્લોરાઇડ અને અન્ય દૂષિત ક્ષારનું ભરપૂર પ્રમાણ છે, જે પીવાલાયક નથી. ભૂગર્ભ જળ એ નિર્ભર રહી શકાય એવો મૂળભૂત સ્રોત નથી. ખેદજનક વાત એ છે કે **પર્યાવરણના ભોગે આર્થિક રીતે સમૃદ્ધ શહેરોને મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે.** શહેરોમાં જંગી પાયે ઉત્પાદિત થતો કચરો નદીઓમાં ઠાલવવામાં આવે છે. જેને લીધે દેશની ૯૦ ટકા નદીઓ પ્રદૂષિત થઈ ગઈ છે. ભારતની હાલત બદતર થઈ રહી છે. બહુ ઝડપથી પગલાં લેવાની જરૂર છે. ભારતના વિવિધ ડૅમ વ્યક્તિદીઠ ૨૦૦ ક્યુબિક મીટર પાણીનો સંગ્રહ કરી શકે છે જ્યારે કે ચીન, દક્ષિણ આફ્રિકા અને મેક્સિકો જેવા દેશ ૧૦૦૦ ક્યુબિક મીટર પાણીનો સંગ્રહ કરી શકે છે. તેથી પાણીના સંગ્રહના ક્ષેત્રમાં પણ ભારતે ઝટ માળખાકિય વ્યવસ્થા ઊભી કરવાની જરૂર છે. — આ વર્લ્ડ બેંકે કાઢેલું સરવૈયું છે. નવ વર્ષ પહેલાનો આ રિપોર્ટ આજે અરીસો બનીને આપણને મોં દેખાડી રહ્યો છે. આમાંના ઘણા અનુમાનો સાચા પડી રહ્યા છે. **આજે મોટાભાગની સોસાયટીઓ સુધરાઇના પાણી પર નહીં પણ બોરથી ખેંચેલા ભૂગર્ભ જળ પર નભે છે.** ક્ષારવાળું એ જળ પીવાલાયક તો હોતું નથી. તેથી પીવા માટે વોટરના બાટલા મંગાવવા પડે છે. જેને લીધે પીવાના પાણીનો મસમોટો કારોબાર ઊભો થયો છે. ઉપરાંત ટેન્કર દ્વારા ઘરવપરાશ માટે પાણી મંગાવવાની પ્રથા તો વર્ષોથી ચલણમાં છે. જેને લીધે ટેન્કર વોટરનો પણ એક ઉદ્યોગ વિકસ્યો છે. વધી રહેલી વસતી અને એના કરતાંય બમણી ઝડપે થઇ રહેલા શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણને લીધે પાણીની ખપત વધી છે. સામે પક્ષે પાણીના સ્રોત મર્યાદિત છે અને એ એટલી જ ઝડપે ખલાસ થઈ રહ્યા છે. **એક સાદો સવાલ મનમાં એ ઊઠે કે જો પાણીના જ ફાંફાં હોય તો માત્ર માળખાકિય સુવિધા અને ડિજિટલ ડેવલપમેન્ટને કઈ રીતે પ્રગતિ કહી શકાય?**

ખ્યાતનામ ફિલ્મમેકર શેખર કપૂર વર્ષોથી 'પાની' નામની ફિલ્મ બનાવી રહ્યો છે જે હજી પૂરી જ નથી થઈ. પાણીની સમસ્યાના ઉકેલ માટેની યોજનાઓ પણ શેખર કપૂરની એ ફિલ્મ જેવી જ છે. જે અમલમાં તો આવી છે પણ એના કોઈ સાર્થક આઉટપુટ આપણન હજી મળ્યા નથી. વડોદરા જિલ્લાના દેવાળીયા, જેતપુર તેમજ કાઠિયાવાડના દેઢાણ સહિત કેટલાય એવા ગામો ગુજરાતમાં છે જ્યાં કોઈ દીકરી પરણાવતું નથી. કેટલાય ગામોમાં પાણીને વાંકે પરણી ન શકતા યુવકો છે. તેમના ગામમાં પાણી નથી એટલે તેમની કુંડળીમાં લગ્નયોગ નથી. દેશના અનેક રાજ્યોમાં આવી પરિસ્થિતિ છે. **હાલની સ્થિતિ એવી છે કે દેશના પચાસ ટકા ગામોમાં પીવાનું પાણી મળતું નથી.** ગાંધીજી કહી ગયા હતા કે, “ખરું ભારત ગામડામાં વસે છે.” ખરું ભારત એ જ છે કે જ્યાં પીવાનું પાણીય મળતું નથી. કાઠિયાવાડની મહેમાનગતિ માટે તો દૂહો પ્રચલિત છે કે “અમારા કાઠિયાવાડમાં કોક'દિ તું ભૂલો પડ્ય મારા ભગવાન... તને સ્વર્ગ રે ભૂલાવી દઉં મારા શામળા...” કાઠિયાવાડીઓ મહેમાનને ખરેખર જીવની જેમ સાચવે છે. પણ એપ્રિલ-મે મહિનામાં જો શામળિયો ભૂલો પડી જાય તો તેણે પણ પાણીની તો હાલાકી ભોગવવી જ પડે. દિલ્હીના વસંતવિહાર જેવા ભવ્ય ઈલાકામાં કરોડોનું મકાન ધરાવતા લોકો હવે એ વિસ્તાર ખાલી એટલા માટે કરવા માંગે છે કે ત્યાં પાણીના ભયંકર ધાંધીયા છે. મહારાષ્ટ્રનું નાંદેડ હોય કે કચ્છનો અંતરિયાળ ઈલાકો, જ્યાં પાણી માત્ર ટેન્કર દ્વારા પહોંચે છે. એવા વિસ્તારોમાં જ્યારે ટેન્કર આવે છે ત્યારે લોકો એવી રીતે તૂટી પડે છે જાણે જંગલી પ્રાણીઓનું ટોળું કોઈ શિકાર પર તૂટી પડતું હોય! આ વાક્ય થોડું અતિશયોક્તિ ભરેલું લાગતું હોય, તેમણે ક્યારેક એ દૃશ્યો જોઇ લેવા. **મહારાષ્ટ્ર જેવા વિકસિત રાજ્યમાં પાંચ હજાર કરતાં વધુ ગામો એવા છે જ્યાં ટેન્કરથી પાણી પહોંચે છે.**

એક તરફ પાણી નથી તો બીજી તરફ આપણી પાસે જે પાણી હતું એનો નખ્ખોદ વળી ગયો છે. આપણી દરેક નદીને આપણે વંદન કરીએ છીએ. નદીને આપણે માતા કહીએ છીએ. હકીકત એ છે કે ધર્મભાવનાથી ઉપર ઊઠીને વાસ્તવિક રીતે જોઈએ તો નદીને આપણે ગટર જ બનાવી દીધી છે. **ગામ અને શહેરનો કચરો નાળામાં ઠલવાય છે અને નાળું નદીમાં ઠલવાય છે.** જે નદી પીવાલાયક પાણી પૂરું પાડતી હતી, એ હવે ઝેરી બની ગઈ છે. દેશની મોટાભાગની નદીઓના આ હાલ છે. યમુના નદીના શુદ્ધિકરણની ઝુંબેશ ચલાવતા મનોજ મિશ્ર કહે છે કે “૧૪૦૦ કિલોમીટરમાં ફેલાયેલી યમુના નદી ૮૦૦ કિ.મી.માં તો મરી પરવારી છે. પાણીપતથી ઇટાવાનો ૬૦૦ કિ.મી.નો પટ્ટો તો અધિકૃત રીતે ડેડ જાહેર થઈ ચૂક્યો છે. જેમાં દિલ્હી, આગ્રા, મથુરા, વૃંદાવન એટલે કે આખેઆખી વ્રજભૂમિ સામેલ છે. કૃષ્ણની એ ભૂમિના દર્શન કરવા દેશભરમાંથી લાખો શ્રદ્ધાળુ ત્યાં આવે છે. નદીમાં સ્નાન અને આચમન કરે છે. પરંતુ ત્યાં દિલ્હીનો સડેલો કચરો હોય છે.” શહેરમાં ડામર રોડ તો છે જ એ સિવાય હવે નાની નાની ગલીઓમાં અને શેરીઓમાં પણ આરસીસી અને પેવરબ્લોક ભરીને જમીનને પેક કરી દેવામાં આવી છે. એટલે સુધી કે કોઈ વડલાનું ઘટાદાર વૃક્ષ હોય તો એના થડનેય એનાથી પેક કરી દેવામાં આવે છે. એને લીધે પણ ભૂગર્ભ જળ ખૂટવા માંડ્યું છે. આપણું અર્બન પ્લાનિંગ એટલે કે શહેરરચના એવી છે કે પાણીને જીવનથી દૂર કરી રહ્યા છીએ. આપણે જમીનની જ કિંમત કરીએ છીએ, પણ પાણીનું મૂલ્ય સમજતા નથી.

*(સંદર્ભ સાહિત્ય : છપ્પન વખારી, તેજસ વૈદ્ય)*

કારકિર્દી

# સ્કૂલ, બાળક, ઘડતર અને ફી?



ભીમજી નાકરાણી
તંત્રીશ્રી : 'સરદાર જ્યોત'

થોડા સમય અગાઉ અમદાવાદની એક શાળાએ ૧૩% જેટલો ફી વધારો એકદમ જ કરી દીધો. વાલીઓ ધન્યવાદને પાત્ર છે કે તેમણે સતત લડત આપી અને ફી વધારો પરત ખેંચાયો! પણ ક્યાં સુધી? જિલ્લા શિક્ષણ અધિકારીઓ અને રાજ્ય સરકારનું શિક્ષણ ખાતું મહેરબાન રહેશે ત્યાં સુધી.

હમણાં હમણાં જ મારા ઘરમાં મારી પૌત્રીના શિક્ષણ બાબત (કેળવણી નહીં) મારા આધુનિક પુત્રવધૂ અને દીકરો તેમના મિત્રગ્રુપમાં કોણ ક્યાં ભણે છે તેની ચર્ચા કરે છે. આ બધા માને છે કે ૨॥ વર્ષે 'બેબી સીટર', યુરો કિડ્સ એટલે કે નર્સરી પહેલાં જ તેને બે-એક કલાક માટે પણ ક્યાંક મોકલવી. પછી નર્સરી, પછી જુનિ. કે.જી., સિનિયર કે.જી., પછી પ્રાથમિક શિક્ષણ. પણ માધ્યમ અંગ્રેજી જ જોઈએ અને સી.બી.એસ.સી. જ જોઈએ અને પણ મોંઘામાં મોંઘી સ્કૂલ! નહિતર એના મિત્રોમાં વટ કેવી રીતે પડે?

બીજી બાજુ ધોરણ ૧૧-૧૨ સાયન્સ માટે સંબંધીના દીકરાઓને મોકલવા છે. આર્થિક સ્થિતિ સામાન્ય છે અને આવી ધોરણ-૧૧, ૧૨ સાયન્સની સેલ્ફ ફાઈનાન્સ શાળાઓનો રાફડો ફાટ્યો છે. ધોરણ-૧૨ માટે બે વર્ષના રૂા. ૨ લાખથી માંડી રૂા. ૩ લાખ ૩૦ હજાર સુધી ફી હોસ્ટેલ સાથે લેવામાં આવે છે. હવે આમાંયે શાળાની પસંદગી કરવાની છે. બાળકને ખાસ ખ્યાલ નથી, વાલી ફીની ચિંતામાં છે. દેખાદેખીનો સવાલ છે. તે ફલાણાનો દીકરો - ફલાણી સ્કૂલમાં છે અને પછી પ્રારંભ થાય છે ફી ના ચક્કર. દેવું કરીનેય બાળકને ભણાવવાનો છે. શાળાઓમાં પાછું ટકાનું ધોરણ તો ખૂબ ઊંચું જોઈએ. આ સમાજમાં ૩૫% લોકો એવા છે, બાળમંદિરથી માંડી કૉલેજ સુધી આવી તગડી ફી ભરીને બાળકોને ભણાવી શકે છે. બાકીના ૬૦થી ૬૫% પ્રજાના બાળકોના શિક્ષણની ચિંતા કોણ કરશે? **સરકાર અને સમાજના આગેવાનો તો એક જ છે. બંનેને ખાનગીકરણમાં રસ છે.** શાળાની પસંદગી તો હવે બાળક જન્મે તે સાથે જ ચિંતાનો વિષય છે અને તગડી ફી ઉઘરાવી ખાનગી શાળામાં આર.ટી.ઈ. મુજબ ૨૫% સંખ્યા લેવાતી નથી અને લાભાર્થી મા-બાપને આ બાબતે કંઈ રસ નથી. સ્કૂલ માટે નવી પેઢી શા માટે હાઈફાઈ કરે છે તે સમજ બહાર છે. સૌથી મોટી વાત માત્ર દેખાદેખી અને સોસાયટી છે. **સ્કૂલમાં બાળક માત્ર અક્ષરજ્ઞાન લે છે, કેળવણી, કોઠાસૂઝ અને જ્ઞાન લેતો નથી.** સ્કૂલ બાળકના જીવન ઘડતરમાં માત્ર ૩૦% ભાગ ભજવે છે. બાકીના ૭૦% માટે તો બાળક અને વાલીએ મહેનત કરવાની છે. દિલ્હી પબ્લિક સ્કૂલ, બિરલા સ્કૂલ કે પછી કે.જી., પ્રાથમિકમાં વાર્ષિક રૂા. ૩ લાખ સુધીની ફી ઉઘરાવતી અનેક સ્કૂલોમાં બાળકનું ઘડતર આકાર પામતું નથી. માત્ર શિક્ષણ મેળવી ઉપલા ધોરણમાં જાય છે. નવી પેઢીના ગાંડપણને કેવી રીતે રોકવું તે અઘરું છે. બાળકના જીવન ઘડતર, શિક્ષણ, ઉછેર, માધ્યમ બાબતે નવયુવાન મા-બાપ પાસે ન તો જ્ઞાન છે કે ન તો તેની પાસે કોઈ વાંચન છે. **૯૦% બીજા ઉપર, મિત્રો ઉપર, સગા સંબંધીઓ ઉપર આધાર રાખીને બાળક માટે સ્કૂલની પસંદગી થાય છે.** એટલી હદ સુધી કે પોતાની આર્થિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના નવી પેઢીના મા-બાપ (મમ્મી-પપ્પા, ડેડી) ખાસ કરીને બહેનો - મમ્મીઓ પોતાના બાળક માટે વટ ખાતર તગડી ફીના ધોરણે ચાલતી સ્કૂલો (શિક્ષણની ફેક્ટરીઓ)માં પોતાના બાળકના બાળપણનો બલિ ચડાવી દે છે. જેમાં કોઈ ડહાપણ નથી. જેટલી તગડી ફી અને બાહ્ય સુવિધા વધુ, હાઈફાઈ સ્ટાફ વધુ, તે શાળાની ડિમાન્ડ વધુ. ડોનેશન પણ વધુ. **કોલેજ કરતા પણ પ્રાથમિક કે સ્કૂલનું શિક્ષણ મોંઘું છે. સાયન્સ માટે તો ગરીબ મા-બાપ પોતાના દીકરાને ભણવા ક્યાં મોકલે, તે મોટો પ્રશ્ન છે.** દરેક સ્થળે ટ્યુશન ક્લાસ પણ એટલા જ છે. તેની ફી પણ મોંઘી છે. કે.જી. થી કૉલેજ સુધી ટ્યુશન ફરજિયાત છે. આ આખી શિક્ષણ પદ્ધતિ ફી, ટ્યુશન પ્રથા, ખાનગીકરણ ઉપર ખૂબ જ ચર્ચાઓ, સેમિનાર થાય છે. શિક્ષણ વિશે ચર્ચા કરે છે પણ 'વાંઝણી' ચર્ચાઓનું પરિણામ મળતું નથી. સરકાર કે સિસ્ટમ પાસે જઈ તે બધા કોઈ ફેરફાર કરાવી શકતા નથી. સામયિકોમાં પણ ચર્ચાઓ થયા કરે છે. પરિણામ શૂન્ય છે. અત્યારે તમામ મોટા ઉદ્યોગ જૂથો પાસે પોતાના આધુનિક શિક્ષણ સંકુલો છે. એટલે આ કહેવાતા શિક્ષણવિદ્દોની પીપુડી સાંભળે કોણ? હવે આ આખી સિસ્ટમને સુધારવા માટે સામાન્ય

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૮ ઉપર)

સુવાસ

# આનંદની અનુભૂતિ



સુનિતા એ. શાહ

સુરભિએ બધી રસોઇ તૈયાર કરી, પછી ઘડિયાળ સામે નજર કરી તો સવારના દસ વાગી ગયા હતા. એ વિચારમાં પડી કે રોજ તો કમળા કામ કરવા માટે નવ વાગે આવી જાય છે, તો આજે હજી કેમ આવી નથી? સુરભિને યાદ આવ્યું કે તેના પતિ મનોજનો પણ ઑફિસ જવાનો ટાઈમ થઈ ગયો હતો. એણે ખૂબ જ ચીવટથી અને પ્રેમથી મનોજનું ટિફિન ભર્યું! એની ભાવતી વાનગી જ બનાવી હતી. એણે ફરી એકવાર ટિફિનમાં નજર નાખી લીધી કે કંઈ મૂકવાનું રહી તો નથી ગયું ને?

એટલીવારમાં મનોજ તૈયાર થઈને બેડરૂમમાંથી બહાર આવ્યો. એટલે સુરભિએ એને ટિફિન આપ્યું અને કંઈ લેવાનું ભૂલી તો નથી ગયોને? એમ કહી બધી વસ્તુ બરાબર લઈ લીધી છે એની ખાત્રી કરાવી. મનોજ એની સામે પ્રેમભરી નજર નાખીને ઓફિસ જવા નીકળી ગયો.

હવે સુરભિ ચિંતામાં પડી ગઈ કે કમળા હજી કેમ આવી નહીં? અને પછી જાતે જ ઘરનું કામ કરવા લાગી ગઈ. એને થયું જલ્દીથી ઘરનું કામ પતાવી દઉં, ત્યાં સુધીમાં તો રાહુલનો શાળાથી આવવાનો સમય થઈ જશે. રાહુલ એનો ખૂબ જ લાડકો, એકનો એક દીકરો હતો. ઘરનું કામ હજી પતાવ્યું ત્યાં તો રાહુલ દરરોજની જેમ ‘ભૂખ લાગી... ભૂખ લાગી...’ની બૂમો મારતો દોડતો ઘરમાં આવ્યો. સુરભિએ કહ્યું, ‘હા બેટા, તું કપડા બદલી, હાથ મોઢું ધોઈ ફ્રેશ થઈને આવ, ત્યાં સુધી હું થાળી પીરસી દઉં છું.’ પછી મા-દીકરો બંને સાથે જમવા બેઠા. જમીને રાહુલ એના રૂમમાં જતો રહ્યો પરંતુ સુરભિને કમળાની ચિંતા થવા લાગી હતી. એણે આ પહેલા કોઈ દિવસ આવી રીતે કહ્યા વગર રજા પાડી ન હતી. એ થોડીવાર આરામ કરવા પલંગમાં આડી પડી, ત્યાં તો ઘરનો ડોરબેલ વાગ્યો. એણે જઈને બારણું ખોલ્યું તો સામે કમળા ઊભી હતી. એના મોઢા પર ચિંતાના ભાવ સ્પષ્ટ દેખાતા હતા. સુરભિ જાણતી હતી કે કમળાનો પતિ એને છોડીને જતો રહ્યો છે. કમળા માટે જે કંઈ પણ છે, તે તેનો દીકરો બાલુ જ છે. સુરભિએ કમળાને ઘરમાં બોલાવી અને બેસાડી. પછી શાંતિથી, શું તકલીફ છે એ જણાવવા કહ્યું. ત્યારે કમળાએ કહ્યું કે એનો દીકરો ખૂબ જ માંદો છે. બે-ત્રણ દિવસથી થોડો તાવ હતો પરંતુ કાલ રાતથી તાવ ખૂબ જ વધી ગયો છે અને ઉતરતો જ નથી. અત્યારે પડોશી બેનને બેસાડીને તમારી પાસે એટલે જ આવી છું કે તમે જ મને કોઈ સારા ડૉક્ટર બતાવો, તો એની પાસે મારા દીકરાનો ઇલાજ કરાવું. સુરભિએ કહ્યું કે, ‘તું ચિંતા ના કર. હું કાંઈક કરું છું.’ એણે એમના ફેમિલી ડૉક્ટર રાજેશ મહેતાને ફોન લગાવ્યો અને તેમને બધી વિગત જણાવી અને પછી ફોન મૂકીને કમળાને કહ્યું, ‘તું બાલુને લઇને અત્યારે જ ત્યાં ડૉક્ટર પાસે જતી રહે. હું રાહુલને ઘરમાં એકલો મૂકીને આવી શકું તેમ નથી. નહિંતર ચોક્કસ તારી સાથે આવત. અને પૈસાની ચિંતા ના કરતી. એ હું પછી ડૉક્ટર સાહેબ સાથે સમજી લઈશ.’

કમળા દોડતી એના ઘેર ગઈ. બીજા દિવસે સવારે નવ વાગે તો કમળા સુરભિના ઘેર હાજર હતી. એના ચહેરા પર રાહત જણાતી હતી. એ એના દીકરા બાલુને સાથે લઇને કામ પર આવી હતી. એણે આવીને સુરભિના પગ પકડી લીધા અને કહ્યું, ‘બહેન, તમારો બહુ મોટો ઉપકાર છે મારા પર. મારા બાલુને સમયસર દવા મળી ગઇ અને એને અત્યારે ખૂબ સારું છે. તાવ પણ ઉતરી ગયો છે. તમારા દવાના પૈસા હું તમારું કામ કરીને વાળી આપીશ.’ સુરભિએ કહ્યું, ‘એની કોઈ જરૂર નથી. તારો દીકરો સારો થઈ ગયો એટલે મને મારા પૈસા પાછા મળી ગયા એમ સમજી લે...’

સુરભિએ જોયું કે બાલુની ઉંમર લગભગ રાહુલની ઉંમર જેટલી જ હતી. કમળાને પૂછતાં એને ખબર પડી કે તે શાળાએ જતો હતો અને ભણવામાં પણ તેજ હતો. પરંતુ કમળા પાસે એટલી આવક નહોતી કે એ સારી શાળામાં બાલુને ભણાવી શકે.

કમળા તો કામ પૂરું કરીને બાલુને લઇને ચાલી ગઈ પરંતુ એ પછી આખો દિવસ સુરભિના મનમાં રહી રહીને એક વિચાર ઘૂમરાયા કરતો હતો. રાત્રે મનોજ આવ્યો ત્યારે એણે મનોજ સમક્ષ વાત મૂકી. તેણે મનોજને કહ્યું કે, ‘આપણે કમળાના દીકરા બાલુના ભણવાનો ખર્ચ ઉઠાવીએ તો કેવું? તે ભણવામાં ખૂબ હોંશિયાર છે. આગળ જતાં તેનું ભવિષ્ય સુધરી જશે.’ તેનો પતિ મનોજ પણ તેના જેવો સમજુ અને દયાવાન હતો. એણે તરત જ સુરભિનો પ્રસ્તાવ સ્વીકારી લીધો અને બીજા દિવસથી બાલુના શિક્ષણની જવાબદારી તેમણે લઈ લીધી.

કમળાના માથેથી તો જાણે એક મોટો બોજ ઉતરી ગયો. બાલુ ભણવામાં ખૂબ હોંશિયાર હતો. તેથી તે મન લગાવીને ભણવા લાગ્યો.

હવે તે શાળાએથી છૂટીને સીધો સુરભિના ઘેર જ કમળા કામ કરતી હોય ત્યાં આવી જતો અને એનું શાળાનું ઘરકામ એકબાજુ બેસીને કર્યા કરતો. જ્યારે તેને કોઇ વિષયમાં મુશ્કેલી લાગે, ગણિતના દાખલા ન આવડતા હોય તો સુરભિ તેને મદદ કરતી. કમળાનું કામ પૂરું થઈ જાય એટલે તે કમળા સાથે એના ઘેર જતો રહેતો. સુરભિને પણ બાલુને ભણાવવામાં ખૂબ આનંદ આવતો હતો.

પછી તો તે ઘરમાં કંઇક સારું ફરસાણ કે મિષ્ટાન્ન બનાવ્યા હોય તો બાલુને ખાવા આપતી. રાહુલના કપડા, જે બહુ જૂના ના હોય, પણ રાહુલ ના પહેરતો હોય તો બાલુને પહેરવા આપી દેતી. હવે બાલુ ખૂબ બદલાઈ ગયો હતો. એ સ્વચ્છ અને સુઘડ રહેવા લાગ્યો હતો. તેના રંગ રૂપ નીખરી આવ્યા હતા.

રાહુલ આ બધું જોતો હતો. એના મનમાં બાળ સહજ ઈર્ષ્યા આવી જતી હતી. એને એમ લાગતું હતું કે મારી મમ્મી મારા કરતા બાલુ ઉપર વધારે ધ્યાન આપે છે, એને વધારે પ્રેમ કરે છે. આમ વિચારીને તે ઉદાસ રહેવા લાગ્યો હતો. એક બે વાર સુરભિએ પૂછ્યું પણ હતું કે, **'રાહુલ, શું થયું છે? કોઈ તકલીફ હોય તો મને કહે બેટા...' પરંતુ રાહુલે 'કંઈ વાત નથી' એમ કહીને વાત ટાળી દીધી હતી. રાહુલના પિતા મનોજના ધ્યાનમાં પણ આ વાત આવી હતી.**

એક દિવસ રવિવારની સવારે સુરભિ જ્યારે શાકભાજી ખરીદવા બજાર ગઈ હતી ત્યારે મનોજે દીકરા રાહુલને પોતાની પાસે બેસાડીને પ્રેમથી માથા ઉપર હાથ ફેરવીને પૂછ્યું, 'બેટા, શું વાત છે? કેમ આટલો ઉદાસ રહે છે? જે વાત હોય એ મને કહે બેટા...' આટલું સાંભળતા જ રાહુલ રડવા લાગ્યો અને રડતા રડતા પોતાના મનની વાત પિતાને કહી. 'હવે મમ્મી મારા કરતા બાલુને વધારે પ્રેમ કરે છે.' એની વાત સાંભળી મનોજ હસી પડ્યો અને રાહુલને સમજાવતા કહ્યું કે, 'તારા મમ્મી-પપ્પા તારાથી વધારે પ્રેમ બીજા કોઈને કરી જ ના શકે બેટા... તું તો અમને બહુ જ વહાલો છે અને તારી મમ્મી તો તને સૌથી વધારે પ્રેમ કરે છે. તું તો એનો રાજાબેટો છે... માટે આ વિચાર મનમાંથી કાઢી નાખ.' મનોજે રાહુલને કહી તો દીધું પરંતુ એ વિશે સુરભિ સાથે વાત કરવાનું નક્કી કર્યું.

જ્યારે રાત્રે બંને જણા જમીને હીંચકા પર બેઠા અને રાહુલ સૂઈ ગયો હતો ત્યારે મનોજે સુરભિને સવારે રાહુલ સાથે થયેલી વાત કરી. આ સાંભળી સુરભિ પણ વિચારમાં પડી ગઈ. તેણે કોઈ દિવસ આવું કંઈ તો વિચાર્યું જ ન હતું કે રાહુલના મનમાં આવો વિચાર પણ આવી શકે! તેણે વિચાર કરીને એક નિર્ણય લીધો અને બીજા દિવસથી એનો અમલ કરવાનું પણ નક્કી કર્યું.

બીજા દિવસે જ્યારે બાલુ શાળાએથી સુરભિના ઘેર આવ્યો ત્યારે રાહુલ પણ શાળાએથી આવી ચૂક્યો હતો. આજે સુરભિએ જમવાની સાથે રસ અને ઢોકળા બનાવ્યા હતા. જ્યારે બાલુ આવ્યો ત્યારે સુરભિએ રાહુલને બૂમ મારીને એના રૂમમાંથી બોલાવ્યો. રાહુલ દોડતો દોડતો આવ્યો એટલે સુરભિએ રાહુલને કહ્યું, 'કીચનમાં મેં એક થાળી પીરસીને મૂકી છે તે લઇ આવ તો બેટા...' રાહુલ થાળી લઈ આવ્યો. એટલે સુરભિએ કહ્યું કે આ જમવાનું તું જ તારા હાથે બાલુને આપ અને એ જમે ત્યાં સુધી તેની સાથે બેસ. રાહુલને નવાઈ તો લાગી પણ એણે એની મમ્મીએ કહ્યું તેમ કર્યું. તે બાલુની પાસે બેઠો. બાલુને ખૂબ ભૂખ લાગી હતી અને એનું ભાવતું ભોજન હતું. એટલે એ ખુશ થઇને જમી રહ્યો હતો. રાહુલ સામે જોતો જોતો હસતો હતો અને જમતો પણ હતો... જ્યારે એનું પેટ ભરાઈ ગયું અને જમવાનું પૂરું થયું ત્યારે તેણે રાહુલનો ખૂબ આભાર માનતા કહ્યું, 'રાહુલ, આજે તો મને જમવાનો ખૂબ જ આનંદ આવ્યો. રાહુલ, તેં મને આટલું સરસ જમવાનું આપ્યું. તું બહુ જ સારો છોકરો છે.' એમ કહી તે રાહુલને ભેટી પડ્યો. રાહુલને પણ ખુશી થઈ કે કોઈએ એના વખાણ કર્યા હતા. સુરભિ આ બધું ચૂપચાપ જોતી હતી. થોડા દિવસ પછી સુરભિએ બાલુ આવ્યો ત્યારે રાહુલને બોલાવ્યો. આ વખતે તે બાલુ માટે નવા કંપાસ બોક્ષ લાવી હતી. તેણે રાહુલને તે કંપાસ બોક્ષ બાલુને આપવા જણાવ્યું. રાહુલે જેવો કંપાસ બોક્ષ બાલુના હાથમાં મૂક્યો, બાલુની આંખમાં ચમક આવી ગઈ. બાલુની આંખની ચમક જોઈ રાહુલ પણ રાજી થઈ ગયો. બાલુના ગયા પછી સુરભિએ રાહુલને પણ નવો કંપાસ બોક્ષ આપ્યો, જે બાલુના કંપાસ બોક્ષ કરતા વધારે મોટો અને સારો હતો. રાહુલની ખુશીનો કોઈ પાર ના રહ્યો. વળી પાછા થોડા દિવસ પછી સુરભિ રાહુલ અને બાલુ માટે નવા કપડા લઈ આવી. તેણે રાહુલને તેના નવા કપડા આપ્યા અને બીજી જોડી બાલુ માટે છે એમ જણાવ્યું. આજે તો રાહુલ જ બાલુની વાટ જોઈ રહ્યો હતો. ક્યારે બાલુ આવે અને ક્યારે તેને નવા કપડા આપું... જેવો બાલુ આવ્યો કે રાહુલે દોડતા જઇને બાલુના હાથમાં નવા કપડાની જોડ મૂકી દીધી. બાલુ ખુશીથી નાચી ઊઠ્યો. એ જોઈ રાહુલ પણ ખુશીથી નાચવા લાગ્યો. બંને જણા હસી હસીને નાચી રહ્યા હતા.

**હવે રાહુલ ધીમે ધીમે સમજવા લાગ્યો હતો કે કોઇને કંઇક આપવાનો આનંદ જ અલગ હોય છે.** કોઈને કાંઈ આપવામાં પોતે કાંઈ મેળવ્યા કરતા પણ વધારે ખુશી મળે છે. એને હવે બાલુની ઈર્ષ્યા થતી ન હતી. હવે તે પણ તેની મમ્મી સાથે બાલુની મદદ કરતો.

**સુરભિએ ખૂબ જ હોંશિયારીપૂર્વક પોતાના દીકરા રાહુલને ઇર્ષ્યા કરતા બચાવ્યો** તેમજ જીવનભર માટે એ પાઠ પણ શીખવાડ્યો કે જે વસ્તુની જરૂર હોય તે આપવાથી તે વ્યક્તિને જેટલો આનંદ થાય, એનાથી વધારે આનંદ આપનારને પોતાને થાય છે.

*૭, દર્શન એપાર્ટમેન્ટ, કૈલાસ સોસાયટી,*
*મહાલક્ષ્મી પાંચ રસ્તા, પાલડી, અમદાવાદ-૭.*
*મો. ૯૮૨૫૧ ૫૧૫૧૩*

અભયદાન



ભરત'કુમાર' પ્રા. ઠાકર

### એન્કરવાલા અહિંસાધામ (પ્રાગપર) ખાતે મોરારીબાપુની રામકથા

# પ્રાણીઓ પ્રત્યે કૃતજ્ઞતા અને કરુણાધર્મનો યજ્ઞ

કચ્છ જિલ્લામાં છેલ્લે ૨૦૧૫-૧૬ના સંધિકાળે વાગડ પ્રદેશમાં મોડપર (તા. ભચાઉ) મધ્યે યોજાયેલી રામકથાના બરાબર સાડા ત્રણ વર્ષ બાદ હવે કચ્છના કંઠી પ્રદેશમાં પ્રાગપર (તા. મુંદ્રા) મુકામે લોકશ્રદ્ધેય સંત મોરારીબાપુના વ્યાસાસને નવાહ્ન રામ પારાયણનો ૮મી જૂન, ૨૦૧૯ (શનિવાર)થી આરંભ થઈ રહ્યો છે, જે આગામી ૧૬-૦૬ (રવિવારે) વિરામ પામશે.

આ સાથે પ્રાગપરની વર્તમાન રામકથા બાપુના જીવનની ૮૨૯મી, કચ્છ જિલ્લાની ૩૦મી, મધ્ય કચ્છ વિભાગની ૧૪મી, કંઠી પ્રદેશની ૫મી અને મુંદ્રા તાલુકાની ૩જી પારાયણ બની રહે છે. આ અગાઉ પ્રાગપર પાસે આવેલા ઝરપરા ગામે બાપુની કથા (૧૯૯૧) યોજાઈ ચૂકી છે. તે રીતે મુંદ્રા તાલુકામાં અને કંઠી પ્રદેશમાં બરાબર ૨૮ વર્ષ પછી બાપુ દ્વારા માનસ મહિમાગાન થઇ રહ્યું છે.

- **જીવદયાની નમૂનેદાર સંસ્થા :**

આમ, સ્થાનિકે લગભગ ત્રણ દાયકાના લાંબા ગાળા પછી આવતો કથાપ્રસંગ અને બાપુના બહોળા શ્રોતાવર્ગને ધ્યાનમાં રાખી કથાનું આયોજન મુંદ્રા - માંડવી માર્ગ પર કારાઘોઘા - ભુજપુર વચ્ચે આવેલા 'એન્કરવાલા નંદી સરોવર' ખાતે થયું છે, જે પ્રાગપરથી ૯, મુંદ્રાથી ૧૫, ભુજથી ૪૫ અને ગાંધીધામથી ૬૫ કિ.મી.ના અંતરે આવેલું છે.

તાલુકા મથક મુંદ્રાથી ૮ કિ.મી. સ્થિત પ્રાગપર ચોકડી પાસે કચ્છમાં જીવદયા ક્ષેત્રની કદાચ સૌથી મોટી અને આધુનિક સંસ્થા 'એન્કરવાલા અહિંસાધામ' આવેલ છે. તેનું સંચાલન કરતા ભગવાન મહાવીર પશુરક્ષા કેન્દ્રના ઉપક્રમે આ કથા યોજાઈ રહી છે. **કથાના શુભારંઘ સાથે બીમાર પશુઓની સારવાર અર્થે નવનિર્મિત 'સઘન ચિકિત્સા કેન્દ્ર' (આઈ.સી.યુ.)નું પણ લોકાર્પણ થઈ રહ્યું છે.**

**અત્યારે અહિંસાધામમાં પાંચ હજારથી વધુ પશુઓ આશ્રય મેળવી રહ્યા છે.** દર મહિને એકસો ઉપરાંત ઘાયલ કે અપંગ પશુઓ સારવાર માટે આવે છે, જેના માટે અહીં આવાસ, ઘાસભંડાર અને શસ્ત્રક્રિયા માટે બે આઈ.સી.યુ. છે. દર વર્ષે સવાસો પશુ તબીબો ઇન્ટર્નશિપ માટે આવે છે. અહિંસાધામ ઉપરાંત નજીકમાં ૨૦૦ એકરમાં અભયારણ્ય અને ૩૫ એકરમાં નંદી સરોવરનું નિર્માણ કરાયું છે.

- **'અહિંસા પરમો ધર્મ' :**

સ્થાનિક અને બૃહદ્ કચ્છ અને ગુજરાતવાસી મહાજનો પોતાનાં વતન માટે ભારે મમત્વની લાગણી ધરાવે છે. આજે પણ મુંબઈ સ્થિત કચ્છી સમુદાયો અને બહુધા કચ્છી જૈન સમાજોએ પોતાનાં વદનનાં ગામોમાં વિવિધ સમાજોપયોગી સંસ્થાઓ ઊભી કરી છે, વિકસાવી છે અને નિભાવી પણ છે. તેમાં ધર્મસ્થાનકો, અતિથિગૃહો, ભોજનાલયો, શાળાઓ, પુસ્તકાલયો, દવાખાના, બસ સ્ટેન્ડો, પ્રવેશદ્વારો, પરબો, પંચાયત ઘરો, વારિગૃહો, સીવણવર્ગો વગેરે ગણાવી શકાય.

તેમાં એક શિરમોર સમી પ્રવૃત્તિ એટલે પાંજરાપોળોનું સંચાલન...! કચ્છમાં આજે મોટા ભાગની પાંજરાપોળો - ગૌશાળાઓ પછવાડે સ્થાનિક અને સમસ્ત મુંબઈ મહાજનોનું ઉમદા યોગદાન રહેલું છે. માનવીની પાંજરાપોળ પ્રવૃત્તિના પાયામાં 'જીવદયા' રહેલી છે. 'કરુણા ધર્મ'ને જીવનમાં ઉતારવા અને 'અભયદાન'નું પ્રત્યક્ષ પ્રગટીકરણ કરવા માટે આપણા પૂર્વજોએ કંડારેલી કેડી અમૂલ્ય છે. **અહિંસા અને અનુકંપા આપણી સંસ્કૃતિનાં પ્રેરણાસ્રોત છે.** પાંજરાપોળો એટલે અહિંસક સંસ્કૃતિનું કેન્દ્રબિંદુ!

હિંદુ ધર્મનો મૂળ સિદ્ધાંત પણ **'અહિંસા પરમો ધર્મ'** (અહિંસાપાલન એ જ પરમ કર્તવ્ય) રહ્યો છે. તો, મૂળે જ ક્ષમાપના અને અહિંસાના સિદ્ધાંતો પર મહાવીર સ્વામીએ પ્રવર્તાવેલા જૈન ધર્મે પણ વિશ્વને **'નમામિ સર્વ જીવણામ્, ખમામિ સર્વે જીવણામ્'** કહીને જીવદયા અને ક્ષમાનો વારસો આપ્યો છે. કરુણાના અવતાર એવા તથાગત બુદ્ધે પણ બૌદ્ધ ધર્મરૂપે પ્રાણીમાત્ર પ્રત્યે કરુણા અને દયાનો બોધ આપ્યો છે. આમ, તમામ ધર્મોમાં જીવદયાને ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

'અહિંસા વિના સત્યની ઉપાસના અધૂરી છે' એવું માનનારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ પણ સત્ય અને અહિંસાના સાધનથી જ સ્વાતંત્ર્ય પ્રાપ્તિનું ધ્યેય સિધ્ધ કર્યું હતું. 'રામચરિત માનસ'ના કર્તા સંત શિરોમણિ તુલસીદાસે પણ કહ્યું છે કે....

*દયા ધર્મ કા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન;*
*તુલસી દયા ન છોડીએ, જબ લગ ઘટ મેં પ્રાણ.*

● **ગુણજ્ઞ માનવીનું કૃતજ્ઞ કાર્ય :**

આપણો દેશ અનાદિકાળથી જ ખેતીપ્રધાન મુલક રહ્યો છે અને કૃષિ આધારિત સમાજનો મુખ્ય આધાર પશુધન જ હોય છે. ભારતની આર્ય સંસ્કૃતિમાં પ્રાણીઓ પ્રત્યે કૃતજ્ઞતા અને કરુણા ધર્મની ભાવનાનું સિંચન પ્રબળ રીતે થયેલું છે. એટલે જ **જે પશુઓ આપણને જિંદગીભર કામ આવ્યા તેમની વૃદ્ધ, બીમાર કે અપંગ અવસ્થામાં આપણે કૃતઘ્ન (ગુણચોર) થઈને છોડી દેતા નથી.**

આવા પાંગળા (અશક્ત) કે ત્યક્ત ઢોરોની સંભાળ રાખવાની કાયમી વ્યવસ્થા રૂપે કાળક્રમે દાતાઓના સહયોગથી ઢોરવાડાઓ અને પાકા મકાનો પણ ઊભા કરવામાં આવ્યા, જે પાંગળાપોળ કે પાંજરાપોળ તરીકે ઓળખાયા. આ અબોલ જીવો જીવતા તો ઠીક, મૃત્યુ બાદ પણ માનવજાતને ઉપયોગી બને છે. **આવા જીવોની સેવા માત્ર દુષ્કાળ નહિ, સામાન્ય સમયમાં પણ કરવી જોઈએ.**

જો કે આજે વધતા હિંસાચારને કારણે જીવદયાની ભાવના ભયમાં મૂકાતી જાય છે. લૂલાલંગડા - બીમાર પશુઓની કોઈ પણ ભોગે સાચવણી થાય તો જ હિંસા અટકી શકે. મૂંગાં પશુઓ પોકાર કરે છે : ઘાસ ખાઈને અમે દૂધ આપીએ છીએ. અમારું દૂધ પીને, હે માનવીઓ, અમને કસાઈ દ્વારે ન મોકલશો. અન્યથા...

*તુલસી હાય ગરીબ કી, કભી ન ખાલી જાય;*
*મુએ ઢોર કે ચામ સે, લોહા ભસ્મ હો જાય.*

તુલસીદાસની આ ચોપાઈનો ભાવાર્થ એ છે કે પશુહત્યા માટે વપરાતું સાધન જે ધાતુનું બનેલું હોય છે એ લોખંડને, પશુચર્મથી બનેલી ધમણ (અગ્નિની મદદથી) નાશ કરી નાખે છે.

● **માનવતાના કાર્યનો સાદ :**

આર્થિક વિટંબણાઓ વચ્ચે પણ અસ્તિત્વ ટકાવી રહેલી પાંજરાપોળો ઉપર પશુઓનું ભારણ વધતું જ જાય છે. કેમકે કચ્છ - સૌરાષ્ટ્ર જેવા પ્રદેશોમાં મોટેભાગે અછતની પરિસ્થિતિ રહેતી હોવાથી માલધારીઓ, ખેડૂતો, પશુપાલકો પોતાનાં ઢોરો પાળી શકવા અસમર્થ બનતાં પાંજરાપોળે મોકલી દેતા હોય છે.

આવા કપરા કાળમાં અપંગ અને અસહાય જીવો માટે એકમાત્ર આશ્રયસ્થળ 'પાંજરાપોળ' છે. મોટા નિભાવખર્ચ સામે પોતાનું ભંડોળ કે આવક ન હોવાથી બહુધા પાંજરાપોળો નાણાંની ખેંચ અનુભવતી હોય છે. ઢોર લેવાનું બંધ કરે તો બેસહારા જાનવરો કસાઈવાડે પહોંચી જાય. આવી પરિસ્થિતિમાં પણ પાંજરાપોળો પોતાનું કર્તવ્ય બજાવ્યે જાય છે.

સરકારી સહાય કે ફેડરેશનોનો સહયોગ, અલબત્ત પ્રશંસનીય, પણ પૂરતો તો ન જ પડે તે દેખીતું છે. સંચાલક સંસ્થાઓ અને ગામનાં મહાજનો યથાશક્તિ આર્થિક બોજ ઉપાડી લેતા હોય છે, ત્યારે સમાજના સુખી સંપન્ન અને સખીદિલ વર્ગો પણ જીવદયાના આ યજ્ઞમાં આહૂતિ આપે - સમિધ પૂરું પાડે તો અબોલ જીવોને અભયદાન બક્ષી શકવાના કાર્યમાં નિમિત્ત રૂપ બની શકે.

અંતમાં, ફરી ગોસ્વામી તુલસીદાસ મહારાજની ચોપાઈથી વિરામ મૂકીએ. સુજ્ઞેષુ કિમ બહુના....

*તુલસી ઈસ સંસાર મેં, પંચરત્ન હૈ સાર;*
*હરિભજન ઔર સંતમિલન, દયા, દાન, ઉપકાર.*

*'શિવમ્', ૪૦/બી, વૃંદાવન નગર-૧,*
*ખડિયા તળાવ સામે, વૈશાલી સિનેમા રોડ,*
*અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯,*
*મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## મોરારીબાપુની કથાઓ

### કચ્છમાં ક્યારે? ક્યાં?

| | | |
|---|---|---|
| ૧. | ૧૯૭૩ | અંજાર |
| ૨. | ૧૯૭૬ | ખેડોઈ |
| ૩. | ૧૯૭૮ | માંડવી |
| ૪. | ૧૯૮૨ | માધાપર |
| ૫. | ૧૯૮૩ | ગાંધીધામ |
| ૬. | ૧૯૮૩ | વિગોડી |
| ૭. | ૧૯૮૪ | ભુજ |
| ૮. | ૧૯૮૫ | મુંદ્રા |
| ૯. | ૧૯૮૬ | માંડવી |
| ૧૦. | ૧૯૮૯ | નારાયણ સરોવર |
| ૧૧. | ૧૯૯૦ | ભચાઉ |
| ૧૨. | ૧૯૯૧ | ઝરપરા |
| ૧૩. | ૧૯૯૩ | ખીરસરા (રોહા) |
| ૧૪. | ૧૯૯૪ | ધ્રંગ |
| ૧૫. | ૧૯૯૫ | નારાણપર (રાવરી) |
| ૧૬. | ૧૯૯૬ | ગાંધીધામ |
| ૧૭. | ૧૯૯૭ | સરલી |
| ૧૮. | ૧૯૯૯ | ભુજ |
| ૧૯. | ૨૦૦૦ | રાપર |
| ૨૦. | ૨૦૦૧ | અંજાર |
| ૨૧. | ૨૦૦૩ | જંગી |
| ૨૨. | ૨૦૦૪ | કેરા |
| ૨૩. | ૨૦૦૫ | કોટેશ્વર |
| ૨૪. | ૨૦૦૬ | માતાના મઢ |
| ૨૫. | ૨૦૦૭ | હાજી પીર |
| ૨૬. | ૨૦૦૮ | નલિયા |
| ૨૭. | ૨૦૧૩ | આદિપુર |
| ૨૮. | ૨૦૧૫ | કાઢવાંઢ |
| ૨૯. | ૨૦૧૫ | મોડપર |
| ૩૦. | ૨૦૧૯ | પ્રાગપર |

*સમાજની સાથે તસવીરમાં નહીં પણ સમાજની તકલીફમાં સાથે દેખાય તે સાચા સમાજ સેવક... બાકી આગેવાન તો બધાને થવું જ છે.*

જીવનરસ

## તમે તમારું બધું જ ગુમાવી બેસો તો કંઈ વાંધો નથી, પણ એમાંથી મળેલી શીખ ક્યારેય ન ગુમાવતા.



ભોલાભાઈ ગોલીબાર

ઍરપોર્ટ પર મમ્મી-પપ્પા સાથે ઊભેલા એક છોકરાએ એના પિતાને પૂછ્યું, ‘પપ્પા, ભગવાન કઈ સાઈઝના છે?’ પિતાએ આકાશ તરફ જોયું અને એક ઊડતું વિમાન બતાવી દીકરાને પૂછ્યું, ‘પેલા વિમાનની સાઈઝ શું છે?’ દીકરાએ કહ્યું, ‘બહુ જ નાની. અને જોવામાં પણ તકલીફ પડે છે.’ પછી પિતાએ ઍરપોર્ટના રનવે પર ઊભેલા વિમાનને બતાવી દીકરાને પૂછ્યું, ‘સામે ઊભેલા વિમાનની સાઈઝ શું છે?’ દીકરાએ કહ્યું, ‘હા પપ્પા, બહુ મોટી સાઈઝ છે.’ પછી પપ્પાએ દીકરાને કહ્યું, ‘ભગવાનનું પણ કંઈક આવું જ છે. **ભગવાનની સાઇઝ તમારી અને ભગવાન વચ્ચે કેટલું અંતર છે એના પર નિર્ભર છે. તમે ભગવાનથી જેટલા નજીક હશો એટલી તમારી લાઇફ મસ્ત હશે.’**

★

એક નાનકડી પણ સરસ વાર્તા વાંચવા મળી. એક કાકા રોજ અખબારની દુકાને જઈ અખબાર લેતા અને અખબારના પાના ફેરવતા. ક્યારેક અખબાર ખરીદી પણ લેતા. એક દિવસ દુકાનદારે પૂછ્યું, ‘કાકા, તમે રોજ અખબારમાં શું શોધો છો?’ કાકાએ કહ્યું, ‘મારો ફોટો.’

દુકાનદારે કહ્યું, ‘તમે તમારો ફોટો છાપવા આપ્યો છે?’

કાકાએ કહ્યું, ‘ના. પણ કદાચ મારા બાળકોએ છપાવવા આપ્યો હોય, “ખોવાયેલ વ્યક્તિ”ની કૉલમમાં!’

★

બે સિંહની દોસ્તીમાં પ્રોબ્લેમ થાય છે. બંને એકબીજા સાથે દસ વરસ સુધી વાત નથી કરતા. એક દિવસ પહેલો સિંહ એની પત્ની અને બાળકો સાથે જતો હોય છે તો એને પચ્ચીસ-ત્રીસ કૂતરા ઘેરી લે છે. આ જોઈ દૂર ઊભેલો બીજો સિંહ આવે છે અને બધા કૂતરાને ભગાડી મૂકે છે. પહેલા સિંહના દીકરાએ સિંહને પૂછ્યું, ‘પપ્પા, તમે વાત નથી કરતા છતાં એમણે આપણને કેમ બચાવ્યા?’

**પહેલા સિંહે કહ્યું, ‘દીકરા નારાજગી ગમે તેટલી હોય, પણ દોસ્તી એટલી કમજોર ન હોવી જોઈએ** કે કૂતરા ફાયદો ઉપાડી જાય.’

★

પરેડમાં ‘પીછે મૂડ’ બોલતા જ પહેલો માણસ છેલ્લે અને છેલ્લો માણસ પહેલા નંબર પર આવી જાય છે. **જીવનમાં ક્યારેય પહેલા હોવાનું અભિમાન કે પાછળ રહી જવાનો અફસોસ ન કરતા.** શું ખબર ભગવાન ક્યારે ઑર્ડર કરી દે, ‘પીછે મૂડ.’

*ગોલીબાર પબ્લિકેશન્સ, કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ, એશિયન પેઇન્ટ્સ ગોડાઉનની બાજુમાં, બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫. ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

## સ્કૂલ, બાળક, ઘડતર અને ફી

**(અનુસંધાન : પાના નં.-૨૩ ઉપરથી ચાલુ)**

પ્રજાએ જ જાગૃત થવું પડે. દરેક મા-બાપે પોતાનો આગ્રહ છોડવો પડે, શાળાઓની પસંદગીની સાથે દરેક સ્કૂલોમાં વાલીમંડળ સ્થાપી, રાજ્ય કક્ષાએ પણ આવું એક વાલીમંડળ બને જે સરકાર, સિસ્ટમ, સંચાલકો અને શાળા સાથે સંયોજન કરી કોમન ફી, અભ્યાસક્રમ, ટ્યુશન પ્રથા જેવી બાબતે ‘હલ્લાબોલ’ નીતિ ઘડી જરૂર પડ્યે સંચાલકો કે સરકારને બાનમાં લેવા સુધીની કાર્યવાહી કરી શકે તે પ્રકારે નિષ્પક્ષ લોકોને આ વાલીમંડળમાં સમાવવા પડે. જેથી મજબૂતાઈભરી રજૂઆત કરી શકે. બાકી હવે જો પ્રજા, વાલીઓ, શિક્ષણવિદો, જાગૃત નહીં થાય તો આગામી સમયમાં સામાન્ય વર્ગ, ગ્રામીણ પ્રજા અને દલિત સમાજ કે આર્થિક પછાત લોકોના દીકરા - દીકરીઓ માટે ભણતર એ સ્વપ્ન બની જશે. સરકાર આર.ટી.ઈ. જેવા ગમે તેવા કાયદા બનાવે, આ સંચાલકો તેનાયે બાપ છે. તેમની પાસે બધા જ રસ્તા અને વગ છે. કોઈ કાયદો તેમને નુકસાન કરી શકે તેમ નથી. **અંગ્રેજી માધ્યમ અને મોંઘીદાટ શાળાનો આગ્રહ છોડવો તે પ્રજાના ફાળે આવે છે.** આપણે કેટલાક મોહ છોડીએ તો અતિરેકના આતંકથી બચી શકીએ.

*ઇ-૧૦૩, સહજાનંદ રેસિડેન્સી, હેલ્મેટ સર્કલ પાસે, મેમનગર, અમદાવાદ. મો. ૯૭૨૩૩ ૩૬૪૮૨*

પ્રીતિ

# રાષ્ટ્રની રક્ષા કાજે યુદ્ધમાં શહીદી વહોરનારને સ્વર્ગીય સુખની પ્રાપ્તિ



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

માનવી માને છે કે લાંબું જીવન જીવવાની કોઈ ગેરંટી આપી દે તો બહુ જ આનંદથી જીવાય. જ્ઞાનીઓ કહે છે, આગલી ક્ષણે જ મોત છે એવી ખાતરી થઈ જાય તો આનંદથી જીવી શકાય. આપણે સૌ અજ્ઞાતમાંથી આવ્યા અને અજ્ઞાતમાં ખોવાઈ જવાના.'' મૃત્યુ આપણી ખૂબ જ નજીક રહે છે. વાસ્તવમાં પ્રત્યેક સંબંધી કે સ્વજનનું મૃત્યુ આપણાં જ મૃત્યુની ખબર લઈને આવે છે.

આ જગતમાં અનેક પ્રકારના રોગ દ્વારા જીવ મૃત્યુને આધીન થાય છે. ખૂન કે અકસ્માતમાં અનેક જીવો મૃત્યુ પામે છે. કેટલાક તો આત્મહત્યા કરીને મૃત્યુને નોતરે છે. પરંતુ **સમગ્ર રાષ્ટ્રની રક્ષા કાજે દેશની તસુએ તસુ જમીનને બચાવવા માટે, દેશબાંધવો માટે યુદ્ધમાં અનેક સૈનિકો પોતાના પ્રાણની આહૂતિ આપે છે, શહીદી વહોરી લે છે તેઓ વાસ્તવમાં તો મૃત્યુ પર વિજય દાખવે છે.** આવા રાષ્ટ્રવીરોનું મૃત્યુ, કંઈ જ બગાડી શકતું નથી. તેઓ તો પરમપદને અચૂક પામે છે. યુદ્ધના મોરચે દુશ્મનો સામે લડતાં લડતાં મરવું તેવું મૃત્યુ ભાગ્યશાળીને પ્રાપ્ત થાય છે તેવું વિધાન પરમાત્માએ સ્વયં કર્યું છે.

*યદૃચ્છયા ચોપપન્નં સ્વર્ગદ્વારમપાવૃત્તમ ।*
*સુખિનઃ ક્ષત્રિયાઃ પાર્થ લભન્તે યુદ્ધમીદશમ્ ॥*

*(ગીતા ૨/૩૨)*

હે પાર્થ! અનાયાસે પ્રાપ્ત થયેલું સ્વર્ગના ઉઘાડા દ્વાર જેવું આવું યુદ્ધ ભાગ્યશાળી ક્ષત્રિયોને જ પ્રાપ્ત થાય છે.

યુદ્ધમાં જાતનું બલિદાન દેનાર કે વીરગતિ પામનાર યોદ્ધો અચૂક સ્વર્ગારોહણ કરે છે. આવા શહીદી વહોરનારના જીવને ક્યારે પણ નિમ્ન ગતિમાં જવાનું થતું જ નથી.

*હતોવા પ્રાપ્સ્યસિ સ્વર્ગ જિત્વા વા ભોક્ષ્યસે મહીમ્ ।*
*તસ્માદુત્તિષ્ઠ કૌન્તેય યુધ્ધાય કૃત નિશ્ચયઃ ॥*

જો તું યુધ્ધમાં હણાઈશ તો સ્વર્ગને પામીશ અને જીતીશ તો પૃથ્વીને ભોગવીશ. માટે હે કૌન્તેય! યુધ્ધ કરવા માટે નિશ્ચય કરીને ઊભો થા.

*(ગીતા અ. ૨/૩૫)*

આમ, યુધ્ધમાં મૃત્યુ પામનાર સૈનિકગણની સ્વર્ગ પ્રાપ્તિ નિશ્ચિત છે. પરમાત્માની આ દિવ્ય વાણી છે અને સૈનિકો માટે, દેશવીરો માટે આ એક અજોડ ઉપબોધ છે.

ગ્રીસનો મહાન યોદ્ધો ઈપેમિનોનડાસ ઈ.સ.પૂ. ૩૬૨માં મેન્ટીનિયાની લડાઈમાં આગલી હરોળમાં લડ્યો અને એક બરછીથી વિંધાયો. બચવાની કોઈ જ આશા ન રહી. જ્યારે તેણે જોયું કે લડાઈ જીતાઈ છે ત્યારે તે મરતી વખતે બોલ્યો, 'હવે હું ખુશીથી મરીશ.' ૧૭૫૯ની સાલમાં જેમ્સબુલ્ફ નામના અંગ્રેજ સેનાપતિએ અમેરિકાના ફ્રેન્ચો જોડે લડી ''અબ્રાહ્મની ટેકરી''વાળી લડાઈમાં વિજય મેળવ્યો. એક ગોળીથી તે સખત ઘવાયો. પરંતુ મૃત્યુ વેળાએ તેણે લડાઈનું પરિણામ પૂછ્યું, ત્યારે તેને જણાવાયું કે અંગ્રેજો જીત્યા છે અને ક્વિબેક સર કરવામાં આવ્યું છે. તે સાંભળી તે બોલ્યો, 'ઈશ્વરનો આભાર. હવે હું સુખેથી મરીશ.'

**કર્મવીરો માટે સુખેથી મૃત્યુ પામવાનો સાચો રસ્તો તે પોતાની ફરજનું પાલન છે.** આધ્યાત્મિક જીવન વ્યતીત ન કર્યું હોય તો પણ જેણે પોતાની દુન્યવી ફરજ પોતાની જિંદગીને ભોગે બજાવી હોય તેવી વ્યક્તિને મૃત્યુ સમયે ખૂબ સંતોષ અને શાંતિ જણાય છે. **જેનું જીવન શુદ્ધ છે અને હૈયું સાફ છે તેને મૃત્યુ પજવી શકતું નથી. દુઃખોને જ્યારે રડતાં રડતાં ભોગવીએ છીએ ત્યારે એ હોય છે તેના કરતાં બમણું લાગે છે.** કિન્તુ જ્યારે એને હસતાં હસતાં ભોગવીએ છીએ ત્યારે એ હોય છે એના કરતાં અડધું લાગે છે. કુંતીએ પરમાત્માને પ્રાર્થના કરેલી ''વિપદઃ નઃ શાશ્વતઃ'' હે ભગવંત! વિપત્તિઓ તો મારા પર કાયમ માટે તૂટી જ પડજો કારણકે વિપત્તિના સમયમાં જ હું તારી પાસે રહી શકું છું.

- **સુંદર મોત એ સુંદર જીવનની ગવાહી છે :**

જીવન પ્રત્યે જે બેદરકાર છે તે જીવનના ચરમ સમયે મોત પ્રત્યે પણ બેદરકાર છે. **જીવન સુધારવાથી મૃત્યુ સુધરી જશે. એક વિચારકે લખ્યું છે કે, ''એ કેવી રીતે મર્યો તે તમે મને કહો તો એ કેવી રીતે જીવ્યો તે હું તમને કહી શકીશ.''** આમ સારી રીતે મરવા માટે સારી

રીતે જીવન જીવવાની આવશ્યક્તા છે. અંત સમયને જેટલો નજીક માનવા જઈએ એટલું આપણું જીવન સુંદર બનતું જાય છે. પ્રત્યેક જન્મમાં આત્માને મળેલી કોઈ એકમાત્ર ચીજ હોય તો એ શરીર છે. આમ સદાનું સાથી શરીર નાની મોટી તકલીફોમાં સપડાય છે ત્યારે મન ખળભળી ઊઠે છે. જ્ઞાનીઓ તો જણાવે છે કે, શરીરમાં અનેક રોગ હોય તો પણ જીવન જીવવા જેવું છે કારણકે આ જીવન માત્ર શ્વાસોચ્છ્વાસનું માળખું જ નથી, અનેક અપ્રગટ સત્યોને ખોલનાર, ઉઘાડની શક્યતાવાળું આ જીવન છે. જીવને અનેક સદ્ગુણોની બક્ષીસ આપે તેવું આ મનુષ્ય જીવન છે અને **આ જીવનમાં જ મૃત્યુને ત્રાસરૂપ નહીં મંગળમય બનાવી શકાય.** મૃત્યુને અભિશાપરૂપ નહીં, આશીર્વાદરૂપ બનાવી શકાય. પ્રચંડ પુણ્યોના ઉદયને કારણે જ આ મનુષ્ય શરીરની પ્રાપ્તિ થવા પામી છે. ત્યારે આપણા જીવનનું મૂલ્ય અનેકગણું વધી જાય છે. **મોત તો કાયરોને વળગે છે, બહાદુરોને ભેટે છે.** આપણે તો નાશવંતને છોડીને શાશ્વતને પામવાનું છે. ક્ષણ ભંગુરની ઉપેક્ષા કરી અનંતને પ્રાપ્ત કરવામાં મનુષ્ય જીવનનું સાફલ્ય છે.

- **મોતનો ઇલાજ :**

મૃત્યુ પામેલાને જીવતર આપી શકે એ અર્થમાં ઇલાજ શબ્દને પ્રયોજ્યો નથી. પરંતુ મૃત્યુ સમયે જીવાત્માને પડતી તકલીફો, તેના જીવને થતી ગભરામણ, અશાંતિ, બેચેની, મજબૂરી વગેરે પરિસ્થિતિ પર અંકુશ લાવવા અને ઉન્નત ગતિએ પહોંચવા માટે, પરમ પદને પામવા માટે આપણા સૌ પાસે અપાર શક્તિ છે. સત્ કૃત્યો કરનારાઓ, શૂરવીરો, શ્રદ્ધાળુ જીવો, દાનવીરો, સત્યને આચરનારાઓ, જ્ઞાનીજનો વગેરે પાસે મૃત્યુ પણ લાચાર બની જાય છે.

સૂફીઓમાં એક નીતિસૂત્ર છે કે મોત આવ્યા પહેલાં મરી લો — યાને દુનિયાનો, દોલતનો, સગા સ્નેહીઓનો ત્યાગ કરો. **આ શરીર પણ તમારું નથી એમ માનો.** અલ્લાહ સિવાય દરેકનો પ્રેમ તરછોડો અને અલ્લાહની જ લગની લાગી હોય તેમ તેને માટે જ જીવો. બાકીનું તો સઘળું ફના થવાનું જ છે તેમ સમજી લો. આવી સ્થિતિમાં જીવનારને મૃત્યુનો ડર હોય શાથી? આ બાબત મોતનો ઇલાજ કહી શકાય.

જાણીતા શાયર અને ફિલસૂફ ડૉ. સર મુહમ્મદ ઇકબાલ પોતાની આખરી બીમારી સમયે તેમને મળવા આવેલા એક મિત્ર આગળ બોલ્યા :

*"નિશાને મર્દે મોમિન બા તૂ ગુયમ;*
*ચુ મર્ગ આયદ તબસ્સુમ બર લબે ઊસ્ત:"*

અર્થાત્ એક સાચા ઇમાનદાર શખ્સની નિશાની શી હોય છે તે હું તમને કહું : જ્યારે તેનું મોત આવે છે ત્યારે તેના હોઠ ઉપર હાસ્ય ફરકે છે. એ હાસ્ય વિના કારણે ફરકતું નથી પણ તે સાફ અંતઃકરણ અને નિર્મળ જીવનનું પ્રતિબિંબ છે. ખુદાનો અહીં બંદો હસતે મોંએ દુનિયાને છેલ્લી સલામ કરે છે, કેમકે અહીં તેણે કોઈનું જાણીબુઝીને બૂરું કર્યું નથી અને બીજા જહાનમાં તેને સજા થાય એવી પણ તેની વર્તણૂક નથી. એટલે મૃત્યુ સમયે તેને શાંતિ હોય તે સ્વાભાવિક જ છે.

મૃત્યુ પર વિજય મેળવવા કે મોતને મારવા માટે મનુષ્યે જીવનમાં સદ્ગુણો ખીલવવા જોઈએ. બાઈબલના "નવા કરાર" મુજબ પાપના પરિણામ રૂપે જ મોત ઉત્પન્ન થયું છે. **તેથી પુણ્યશાળી જીવન વ્યતીત કરવાથી મોતનો ડંખ મટાડી શકાય.** જ્યારે જરથ્રોસ્તી ધર્મ પ્રમાણે અંગ્રેમૈન્યુ અર્થાત્ પાપના મૂર્તસ્વરૂપ તરફથી મોતની ઉત્પત્તિ થવા પામી છે. ત્યારે અગ્રમૈન્યુ તરફ પીઠ ફેરવી, પુણ્યના સ્વરૂપથી પ્રેરાઇ પવિત્ર જીવન ગાળી અહુરમઝ્દની પ્રીતિ પામી શકીએ.

*"સહજાનંદ", ૬/એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## નારી તું નારાયણી

સાસુએ નવી વહુને ઘરની વ્યવસ્થા સમજાવતા કહ્યું કે :

જો હું આ ઘરની **ગૃહમંત્રી** છું, પરંતુ સાથે સાથે **નાણાં ખાતું** પણ સંભાળું છું.

તારા સસરા ઘરના **વિદેશમંત્રી** છે.

મારો દીકરો એટલે કે તારો પતિ **શ્રમ અને રોજગાર** મંત્રી છે.

મારી દીકરી એટલે કે તારી નણંદ **યોજના** મંત્રી છે.

હવે તુ જ કહે કે તને કયો વિભાગ લેવો ગમશે?

વહુએ હસતા હસતા જવાબ આપ્યો : 'હું તો **વિપક્ષ** માં બેસીસ અને તમારી સરકાર ચાલવા નહીં દઉં.'

## સ્ત્રીઓની સૌથી મોટી સમસ્યા

વહુ બને ત્યારે સાસુ સારી ના મળે, સાસુ બને ત્યારે વહુ સારી ના મળે...

ભાભી બને તો નણંદ સારી ના મળે અને નણંદ બને તો ભાભી સારી ના મળે...

દેરાણી બને તો જેઠાણી સારી ના મળે અને જેઠાણી બને તો દેરાણી સારી ના મળે...

***બધા સારા મળે તો... છેલ્લે એક કામવાળી બાઈ સારી ના મળે...***

*પ્રેષક : ગુલાબચંદ ડી. સાવલા - અમદાવાદ*
*મો. ૯૧૩૭૬૯૩૦૬૯*

વાર્તા

# અવનીની વેદના



ડૉ. ઊર્મિલા શાહ

હજી તો અવનીની માને ગુજરી ગયે પૂરા ચોવીસ કલાક પણ થયા નથી ત્યાં તો તેના પતિ પંકજની ચડભડ ચાલુ થઈ ગઈ. સ્મશાનેથી સૌ ડાઘુ આવી ગયા. નાહીધોઇને સૌ બેઠા હતા ત્યાં તો અંદરની રૂમમાં જરા બોલાચાલી સંભળાઈ... દિનકરભાઈની એકની એક દીકરી અવની અને તેના પતિ પંકજને કંઇક માથાકૂટ ચાલતી હતી. પત્નીના અવસાનનો આઘાત તો હજી સહેજેય ઓછો થયો ન હતો ત્યાં વળી પાછું શું ચાલ્યું? દિનકરભાઈને ધ્રાસકો પડ્યો.

અવની રડતાં રડતાં કરગરી રહી હતી, "તમને આવો વિચાર જ કેમ આવે છે?"

"ના આવે તો બીજું શું થાય? તારા એ પ્રિન્સિપાલને તો હું જોઉં છું મને થઈ જાય છે કે એમને શું કરી નાખું? તારી માને ફૂલ ચડાવવાની ને પગે લાગવાની એમને શું જરૂર હતી! એની માને તો કદીય પગે નહીં લાગ્યો હોય અને અહીં બધા ધતિંગ કરવા બેઠો હતો. લબાડ નહીં તો. તું તારી માના પગ પાસે બેઠી હતી ને ત્યાં ફૂલ ચડાવી પગે લાગવાના બહાને તારા માથાને તેણે એનું માથું અડાડ્યું. હલકટ છે હલકટ. દંભી નહીં તો... ને તું ય સાવ બુધ્ધુ જેવી છે. કશી સમજ પડે તો ને! ક્યાંથી પડે? આમ ને આમ આખુંય ગામ તને ભોળવી જાય ને તોય તને કશી ગતાગમ પડે એવી નથી. ક્યારે સમજ આવશે તારામાં? આ તો અહીં મેં સગી આંખે જોયું ત્યારે ખબર પડી, તો સ્કૂલમાં તો કોણ જાણે શું ય થતું હશે? હવે મને ખબર પડી કે આટલું બધું તું સ્કૂલ સ્કૂલ કેમ કરે છે? ને બાકી હતું તે એમને ખભે માથું નાખી રડવા માંડી. કેમ? તારે કોઈ બીજાં સગાંવહાલાં નહોતા? અમે બધા મરી ગયા હતા? એની ઉપર બહુ હેત શું વરસી જતું હતું! તો ત્યાં જ જઇને રહેને! શું કામ મારા જેવાને ત્યાં પડી રહી છે! ખબરદાર... જો હવે મારું નામ દીધું છે તો. આજથી મારે ને તારે કોઈ સંબંધ નથી સમજી?" ને એમ કહેતા પંકજ રૂમની બહાર નીકળી ગયો. ધૂંધવાતો ધૂંધવાતો મોં ફુંગરાવીને બાજુની રૂમમાં બધા બેઠા હતા તેમની વચ્ચે આવીને બેઠો... સૌ કોઈને ખ્યાલ આવી ગયો કે કંઇક અણઘટતું બન્યું છે, પણ આવા પતિ-પત્નીના નાજુક સંબંધમાં કોણ, શું કહી શકે?

અવની પણ કોને કહે? શું કહે? એક તો છેલ્લા છએક મહિનાથી માની એકધારી માંદગી, એનાં મા-બાપની એ એકની એક જ દીકરી, ભાઈભાંડુ કોઈ જ નહીં. અને એટલે મા-બાપને સંભાળવાની જવાબદારી તો તેની જ. બીજું કોઈ સંતાન ન હોય એટલે માંદગીમાં મા-બાપને અપેક્ષા પણ અવની પાસે જ હોય ને!

...ને તેમાં વળી એને નાના બે સંતાન. પીન્ટુ પાંચ વર્ષનો ને પીન્કી માત્ર ત્રણ વર્ષની. બંને અણસમજણા. આખાય ઘરનું કામકાજ, બે બાળકોને સંભાળવા, એમાં ઓછું હોય તેમ સ્કૂલમાં નોકરી. ક્યારેક તો અવનીને થઈ જતું, 'આના કરતાં હું ભણી ન હોત તો સારું થાત.' એ ભણી હતી એટલે પંકજને પણ તેની પાસે અપેક્ષા હતી. 'તેય ઘણું કમાઈ લાવશે.' લગ્ન થયા ત્યારે તો પંકજ નોકરીય કરતો હતો. પણ સ્વભાવે સાવ મનમોજીલો. મન ફાવે ત્યારે ઊઠે, મન ફાવે ત્યારે નહાય, ને તૈયાર થાય. ઑફિસે ક્યારેય ટાઈમસર ગયા છે ખરા? મને રોજ થતું હતું કે આમ ને આમ એક દિવસ નોકરી જશે અને એટલે હું એમનું કામ, બીજું બધું કામ પડતું મેલીને પહેલું કરતી. એમની થાળી ટાઈમસર તૈયાર જ હોય. ભલેને છોકરાં રડતાં હોય ને છતાંય મારા સમ છે જો એક્કેય દિવસ ઑફિસે ટાઈમસર ગયા હોય તો! ને આખરે એક દિવસ બન્યું પણ એવું જ. નોકરીમાંથી તેને છૂટા કરવામાં આવ્યા.

મારે માથે તો જાણે આભ તૂટી પડ્યું. મને ખૂબ આઘાત લાગ્યો. આ કાળઝાળ મોંઘવારી. ઘરમાં ઘરડાં બા ને બાપુજી. બે બે નાના બાળકો. હું ગૃહસ્થી કેમ ચલાવીશ? કશું જ સમજાતું ન હતું. મારી મૂંઝવણ અને અકળામણનો કોઈ પાર ન હતો પણ પંકજના તો પેટનું પાણીય હાલતું ન હતું. મેં પપ્પાને પેટછૂટી વાત કરી. પપ્પા તો સ્કૂલમાં આચાર્ય હતા એટલે શિક્ષણક્ષેત્રમાં ઓળખાણો સારી. નસીબસંજોગે મેં ય બી.એડ. કરેલું હતું એટલે મને પપ્પાની ભલામણથી નોકરી મળી ગઈ. સ્કૂલ સામાન્ય કક્ષાની હતી. ઘરથી દૂર હતી. પણ થયું ચાલશે. બે બે બાળકો, ઘરનું બધું કામકાજ, બાની તબિયત તો ક્યાં સારી રહેતી હતી! તેમની પાસેય ક્યાંથી આશા રખાય! પણ છતાંય મારી પાસે કોઇ વિકલ્પ જ ન હતો. મને થયું... એક

વાર શરૂ તો કરી દઉં... આવક તો ચાલુ થઈ જાય. નહીં તો ઘર કેવી રીતે ચલાવીશ? એમ કરતાં ક્યાંક પંકજને નોકરી મળી જશે ને નહીં પહોંચાય તો નોકરી મૂકી દઈશ. પણ અત્યારે તો નિભાવી લઉં. ને એમ વિચારીને મેં એ ચેલેન્જ સ્વીકારી.

સવારના પાંચ વાગ્યામાં ઊઠી જતી. છોકરાંના ઊઠતાં પહેલાં રસોઈપાણી કરી પરવારી જતી. ને પછી છોકરાંઓની પળોજણમાં ક્યાં દસ વાગી જતા તે ય સમજાતું નહીં. સ્કૂલે પહોંચવા બસનો ટાઈમ તો સાચવવો જ પડે ને? એટલે ક્યારેક જમવાનો ટાઈમ રહે તો જમતી ને નહીં તો સીધું સાંજે... એકટાણાનું વ્રત. શું થાય? ઈશ્વર પણ મારી કસોટી કરી રહ્યો હતો ને! પણ પંકજને નોકરી મળશે એ એક જ આશાએ આ બધો ભાર વેંઢાર્યે જતી હતી.

હારીથાકીને કોઈક વાર પંકજને કહેતી, “ક્યાંક તપાસ તો કરો. આમ નોકરી વિના જીવન શે જીવાશે? ને એ ગુસ્સે થઇ જતા. જા શોધી આવ તું નોકરી. એમ રસ્તામાં પડી છે નોકરી?”

ને મનેય મનમાં અકળામણ થતી. એમનામાં ઉત્સાહ જ ન હતો, ખંત જ ન હતો, motivation જ ન હોય તો શું? નોકરી કંઈ સામેથી આવીને ન મળે. પણ પાંચ ઠેકાણે તપાસેય કરવી પડે, ધક્કાય ખાવા પડે. ઓળખાણ પિછાણનો ય ઉપયોગ કરવો પડે. આ બધી મને ચિંતા હતી પણ પંકજ તો જાણે નિરંજન નિરાકારની જેમ જ વર્તતા હતા. દિવસે દિવસે એ તો નિશ્ચિંત જ થતા જતા હતા. કારણ મને પગાર પણ સારો મળતો હતો ને! ને ગમે તેમ ખેંચીને ય હું એમાં નિભાવી લેતી. ક્યારેક મૂંઝાતી, અકળાતી... પણ કહેવાનો કે બોલવાનો કશો જ અર્થ પણ સરે તેમ ન હોય ત્યાં કહીને ય શું કરવાનું? હૃદયમાં અસહ્ય વેદના સાથે અને પાર વિનાના શારીરિક શ્રમ સાથે હું એક પછી એક દિવસ ટૂંકા કરી રહી હતી. મને ય સમજાતું હતું કે આ પરિસ્થિતિમાં મારી નોકરી મારા માટે કેટલી મહામૂલી છે! અને એટલે એ હું નિષ્ઠાપૂર્વક કરતી. પણ પંકજને તો એ પણ ક્યાં ખમાતું હતું! એનું ય એમણે તો ઊંધું જ અર્થઘટન કરવા માંડ્યું હતું ને!


એકવાર તો મારીય ધીરજનો અંત આવી ગયો. સવારથી ઊઠીને એકધાર્યું ગધ્ધાવૈતરું કરતી હું... કેટલુંક ખમી શકું? ને મારાથી પંકજને કહેવાઇ ગયું... “જરા જાતે પાણી લઇ લો ને!” ને એમનો અહમ્ ભભૂકી ઊઠ્યો. પુરુષપ્રધાન સમાજમાં ઊછર્યા છે ને! એ આ કેમ સાંખી શકે? ને એમણે મને લપડાક ચોડી દીધી. ને ત્યાં જ બાનું રસોડામાં પ્રવેશવું. ઘડીભર તો એ ય સમસમી ગયાં. પણ પંકજ તો એમના પેટનો દીકરો હતો ને! ને હું તો વહુ, પારકીજણી. ને મને બાએ ઉપરથી ઠપકો આપ્યો, “એને તું કેમ સાચવી લેતી નથી? તું જાણે તો છે કે એનો સ્વભાવ ગરમ છે.” ને મને જાણે પડ્યા પર કોઇ પાટું મારતું હોય તેવું થયું. વગર વાંકે લપડાક મારી મારું હડહડતું અપમાન કર્યું હતું. તેનું તો કશું નહીં ને ઉપરથી જાણે બધા માટે હું જ જવાબદાર! મારા હૃદયમાં પડેલા ઘા પર જાણે મીઠું ભભરાવાતું ન હોય! ક્યારેક તો મને જ મારું મન પૂછતું : તું કોને માટે જીવે છે? શાને માટે જીવે છે? પણ નજર આગળ પીન્ટુ અને પીંકી આવતાં ને હું પાછી શાંત પડી જતી. મનને સ્વસ્થ કરી દેતી ને ભગવાનને આંખો મીંચી કહેતી... **“તારેય મારી કસોટી કરવી હોય એટલી કરી લે. કસોટી તો સોનાની જ થાય છે, કથીરની નહીં ભગવાન! જોઉં છું હવે કોણ જીતે છે...”** ને એ વંટોળમાં જાણે હજી ઓછું હોય તેમ મારી માનું મૃત્યુ... પતિનો પ્રેમ તો પામવાનું મારું સદ્ભાગ્ય જ ન હતું. ઈશ્વરે મને એમાંથી બાકાત રાખી છે. મારે માટે પ્રેમ પામવા માટે ફક્ત એક જ પાત્ર હતું... ને તે મારી વહાલસોયી મા! તેનેય પ્રભુએ છીનવી લીધી! હે ભગવાન... તેં શું ધાર્યું છે? મેં તારો એવો તે શું ગુનો કર્યો છે કે તું મને કસોટીની એરણ પર આમ ટીપી રહ્યો છે! અને હું લગભગ ભાંગી પડી હતી. મારામાં હવે જીવન જીવવાની હામ જ ન હતી. ધીરજ જ ન હતી. પણ પપ્પાનું પછી કોણ! ને એ વિચારે હું હિંમત રાખીને બેઠી હતી. હજી તો મારી એ માના અવસાનને પૂરા ચોવીસ કલાક માંડ થયા ન હતા ત્યાં ફરી પંકજે ભર્યા ઘર વચ્ચે આ ધમાલ કરી. મને થયું, હમણાં જ આત્મહત્યા કરું... જીવતાં જ મૃત્યુ જેવું જીવીને શું કામ છે? તેના કરતાં મોત શું ખોટું? પણ ત્યાં તો મારા પીન્ટુ, પીંકી અને પપ્પા મારી નજર આગળ આવ્યા. મેં મારા ડૂસકાં પ્રયત્નપૂર્વક અંદર ને અંદર સમાવી દીધાં. ઊભી થઇ મેં મોં ધોયું, આંખો લૂછી ને બહારના રૂમમાં આવીને બેઠી. દુનિયાની લાજે... પપ્પાની નજર મારી સામે જ મંડાયેલી હતી. એમની આંખોમાં ભારોભાર દુઃખ હતું. પણ કોણ કોને સાંત્વન આપે!

*૨૫, પાર્શ્વ બંગલોઝ, કર્ણાવતી ક્લબ સામે,*
*સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (૦૭૯) ૨૬૭૬૦૦૦૩, ૨૬૭૬૯૭૦૦*

## એકવાર વાંચો... મજા આવશે...

*પ્રેમ એ પોસ્ટકાર્ડ છે*
*જીવન એ વિઝિટિંગ કાર્ડ છે*
*પત્ની મેમરી કાર્ડ છે*
*પતિ એ.ટી.એમ. કાર્ડ છે*
*ગર્લફ્રેન્ડ ડેબિટ કાર્ડ છે*
*માત-પિતા પેન કાર્ડ છે*
*સંતાન આઈ કાર્ડ છે*
*પરંતુ દોસ્ત તો આધાર કાર્ડ છે જે બધે કામ લાગે...*

વાર્તા



# ફાધર્સ ડે ની ગિફ્ટ

બલવીરસિંહ જાડેજા

'દાદા, બગીચામાં જતા પહેલાં હાફુસ કેરી કાપી આપું છું તે ખાઈને જાઓને! કાવ્યા દીદી લાવ્યા છે તે બધી પાકી ગઈ છે. પછી બગડી જશે દાદા!'

રસોઇવાળા મુક્તાબેનની સાથે આવેલી તેમની દીકરી મનીષાએ ગુણવંતરાયને આગ્રહ કર્યો.

'બધી પાકી ગઈ છે?'

'હા દાદા, લગભગ બધી જ પાકી ગઈ છે.'

'એમ કર, દસ-બાર કેરીની છાલ ઉતારી, ટુકડા કરી મને એક મોટા ઢાંકણવાળા બાઉલમાં ભરી આપ. અને સાથે થોડા પેપર નેપકીન, પેપર ડિશ કે બાઉલ અને પ્લાસ્ટિકના કાંટા પણ મૂકજે. આજે સાંજે બગીચામાં બાંકડે બેસતા બધા મિત્રોને પણ કેરી ખવડાવીશ. અને હા, તું અને મુક્તાબેન પણ બાકીની બધી કેરીમાંથી જોઈએ તેટલી ઘરે લઈ જજો, સમજી?'

'ભલે દાદા.'

મનીષા અને મુક્તાબેને હાફુસ કેરીના ટુકડા કરી, બધી સામગ્રી સાથે ગુણવંતરાયને પ્લાસ્ટિકની કેરીબેગમાં ભરી આપ્યા. બગીચામાં સાંજે સાથે બેસતા સમવયસ્ક બધા મિત્રોને, વતનની હાફુસ કેરી ખવડાવવાના ઉત્સાહમાં ગુણવંતરાય નીકળી પડ્યા.

રસ્તામાં વતન, ખારા અબ્રામાના બચપણના મિત્રો સાથે વિતાવેલા દિવસો અને ધીંગામસ્તીભર્યા પ્રસંગોની યાદ સાથે સૌની યાદ આવી ગઈ. બધા જ કેરીની વાડીઓવાળા ખેડૂતોના સંતાનો. પોતે ગુણવંત મગન દેસાઇ, મનુ નગીન મિસ્ત્રી, રમણઇચ્છા, ભાસ્કરનાનુ, ગીરિશ મોરાર વશી, કેકી પરવેઝ પારસી બાવો અને પેલો દોલત ધૂની.

જૂની યાદો વાગોળતા ચહેરા પર હાસ્ય આવી ગયું.

'અરે!... ગુણવંતભાઈ કેમ આજે મોડા? અને મરકાતા મરકાતા આવો છો, કાંઈ ખાસ છે કે શું?'

નટવરભાઈ પટેલે નજીક આવતા જ પૂછી લીધું.

'અને આ શું હાથમાં પકડીને આટલું બધું લેતા આવ્યા છો બંધુ?' વિજયસિંહ બાપુએ હાથમાં રહેલી વજનદાર થેલી કે કેરીબેગ જોઈને સવાલ કર્યો.

'ચાલો ચાલો બધા લોનમાં... આજે બાંકડે બેસવાનું નથી.'

'કેમ... કેમ...?'

'અરે, ચાલો તો ખરા. આજે મારા તરફથી કેરી પાર્ટી.' કહીને સૌને બોલાવી બગીચાની લોનમાં પહોંચી ગયા.

'વાત જાણે એમ છે કે, ગઇકાલે રવિવારે ફાધર્સ ડે હતો એ તો તમે જાણો છો. એટલે દીકરી કાવ્યા અને જમાઇ કનકકુમાર મને ભાવતી, મારી પ્રિય વલસાડી હાફુસની મોટી પેટી લઈ આવ્યા. હવે હું એકલો કેટલી કેરી ખાવાનો? થયું, ચાલોને બધા મિત્રોને પણ ખવડાવું. એટલે તમારા બધા માટે, રસોઇવાળા મુક્તાબેન અને એમની દીકરી પાસે ટુકડા કરાવીને લેતો આવ્યો. ચાલો ચાલો, બધા ગોળાકાર બેસી જાઓ એટલે શરૂ કરીએ.'

'ગુણવંતભાઇ, તમારી એકની એક દીકરીનું નામ તો શ્રીલેખા હતું અને મને યાદ છે ત્યાં સુધી ત્રણ-ચાર વરસ પહેલાં જ... અને આ કાવ્યા અને કનકકુમાર...?' મનહર મોદીએ વાત અધૂરી મૂકી પ્રશ્ન કર્યો.

'હા, શ્રીલેખા તો ભગવાનના ઘરે જતી રહી.... કાવ્યાને મારી દીકરી બનાવતી ગઈ. મને ફાધર્સ ડે ની ગિફ્ટ આપતી ગઈ. એ વાત પછી... પહેલાં હાફુસ કેરીને સૌ ન્યાય આપો.'

પાંચ સાત કે આઠ દસ, દરરોજ બગીચાના બાંકડે બેસતા રિટાયર્ડ મિત્રોમાંથી, તે દિવસે હાજર રહેલા મિત્રો ગુણવંતભાઈના વતન વલસાડ જિલ્લાની હાફુસ કેરીની મીઠાશ માણતા રહ્યા.

'અરે હજી બધા વધુ લઈને ખાવ. હજી તો કેટલી બધી વધી છે. આ પાછી નથી લઈ જવાની. છેલ્લે જતા પહેલાં બધી પૂરી કરવાની છે સમજ્યા!'

મનહર મોદી જેવા ચીકણા મિત્રને શ્રીલેખાની જગ્યાએ કાવ્યા અને એ પણ એ જ જમાઇ કનકકુમારની સાથે અને ફાધર્સ ડે ની ગિફ્ટની વાત જાણ્યા વિના જાણે કેરીની મીઠાશ અધૂરી લાગતી હતી. એટલે એણે જ વાતનું અનુસંધાન જાણવા

પૂછ્યું, 'શું કહેતા હતા ગુણવંતરાય તમે દીકરી વિશે?'

'વાત એમ છે કે ગઈકાલે જ ફાધર્સ ડે ગયો. દર વરસે ફાધર્સ ડે ના દિવસે, મને મારી ભાવતી, પ્રિય એવી હાફુસ મારા વતન અબ્રામાથી ખાસ મંગાવીને દીકરી શ્રીલેખા, તે હતી ત્યારે અને પછી આ દીકરી કાવ્યા લઈને દર વરસે મને મળવા જરૂર આવે છે. શ્રીલેખા તો ચાર વરસ પહેલાં ભગવાન પાસે પહોંચી ગઈ પણ મને ફાધર્સ ડે ની અણમોલ અને અદ્ભુત ગિફ્ટ આપતી ગઈ. કાવ્યાના રૂપમાં, પોતાની જગ્યાએ મને, તેનાથી પણ સવાઈ દીકરી. મારા દોહિત્ર નચિકેતાને માતા અને જમાઈ કનકકુમારને પોતાની જગ્યાએ પત્ની તરીકે સ્થાપી, અમારું આયખુ સુધારતી ગઈ.' આટલું બોલતાં બોલતાં ગુણવંતરાય દેસાઈ લાગણીવશ બની થોડા ઢીલા પડી ગયા.

'અરે... અરે.. ગુણવંતભાઈ, આમ ઢીલા થવાય? તમે તો અમારા મજબૂત લીડર કે ગાઈડ કે જીવનના પથદર્શક છો. તમે ઢીલા પડો તો કેમ ચાલે? સંતાન આપણા પહેલાં જતા રહે તેનું દુઃખ તો હોય જ પણ તમે કહ્યું કે, દીકરી શ્રીલેખા ફાધર્સ ડે ની અણમોલ ભેટ કાવ્યાના રૂપે આપતી ગઈ તેની વાત કરો, ચાલો.' ઉંમરમાં સૌથી વયસ્ક હસમુખ માસ્તરે વાતને સંભાળી લીધી.

'વાત જાણે એમ છે કે શ્રીલેખાના લગ્ન કર્યા ત્યારે જમાઈ કનકકુમાર 'અતુલ'માં કેમિકલ એન્જિનિયર હતા. પછી મારા ઘરવાળા સ્વર્ગે સિધાવ્યા બાદ દીકરી શ્રીલેખાના કહેવાથી, યોગાનુયોગ આઈ.પી.સી.એલ. વડોદરામાં મેનેજરની જગ્યાની જાહેરાત આવતાં, નિમણૂંક મળી. અહીં હું અમદાવાદ એકલો અને વલસાડ કરતાં વડોદરા નજીક એટલે ગમે ત્યારે બે ત્રણ કલાકમાં વારંવાર આવીને મારી સારસંભાળ લઈ શકાય એવી શ્રીલેખાની ગણતરી હતી. એટલે વારંવાર દીકરી જમાઈ રજાના દિવસે કે વાર તહેવારે મને મળવા અને એકલવાયું ન લાગે તે માટે આવતા જતા. પછી તો આપણે ત્યાં પણ વિદેશના રિવાજ મુજબ બધા ડે ની ઉજવણી થવા લાગી એટલે ફાધર્સ ડે વખતે દીકરી-જમાઈ આવતા અને પૂછતા કે 'પપ્પા, તમને ફાધર્સ ડે ની શું ગિફ્ટ ગમશે? અમે કાંઈક ભેટ લાવીએ અને તમને પસંદ ન પડે તો? એટલે પૂછીએ છીએ. તમારી મનપસંદ હાફુસ કેરી તો અમે દર વરસે લાવીશું જ, તે પણ આપણા વતન અબ્રામાંથી ખાસ મંગાવીને. પણ તમને ઉપયોગી રોજબરોજમાં કામ આવે તેવી ભેટ અમારે તમને આપવી છે. અમને સમજ નથી પડતી કે તમને શું આપવું જોઈએ.'

'બસ એની કાયમી ઇચ્છા હતી કે ફાધર્સ ડે નિમિત્તે, મને કાંઈક, કાયમી યાદગીરી રૂપે આપવું. પણ - પણ ઈશ્વરને કાંઈક જુદુ જ મંજૂર હશે.' આટલું બોલી ફરીવાર પ્રોફેસર લાગણીભીના બની ગયા. પછી સાથે લાવેલી પાણીની બોટલમાંથી પાણી પીને સ્વસ્થ થયા અને વાત આગળ વધારી.

"વડોદરાના શ્રીલેખાના એપાર્ટમેન્ટમાં, તેમની સામે જ એક પટેલ કુટુંબ રહેતું હતું. કાંતિભાઈ અને શ્રધ્ધાબેન અને તેમના બે દીકરાઓ. તેમની સાથે શ્રધ્ધાબેનની શ્રીલેખાની ઉંમરની જ નાની બહેન કાવ્યા રહેતી હતી. શ્રધ્ધાબેનના કુટુંબમાં માતા-પિતા કે ભાઈ નહીં હોવાથી કાવ્યા, બહેન-બનેવી સાથે જ રહીને મોટી થઈ હતી અને વડોદરામાં ફાઈન આર્ટસ ફેકલ્ટીમાં જ સંગીત વિશારદ થઈને ત્યાંજ સર્વિસમાં જોડાઈ હતી. શ્રીલેખા અને કાવ્યા સરખી ઉંમરના, ગીત-સંગીતના શોખીનો અને જાણકારી તેમજ સરખા વિચારોને લઈને બંને ટૂંક સમયમાં આત્મિય બની ગયેલા. બંનેને એકબીજાની કંપની વિના ચાલતું નહીં. કાવ્યા અહીં પણ શ્રીલેખા સાથે આવતી રહેતી. પછી થવાકાળ, કાવ્યાના બહેન-બનેવી બંને દીકરાઓ સાથે વેકેશનમાં ઉત્તરાંચલમાં ફરવા ગયા અને વાહન ફાટવાની ઘટનામાં અકાળે મૃત્યુ પામ્યા. વેકેશનમાં કામગીરીને કારણે કાવ્યા તેમની સાથે જઈ શકી નહોતી. કાવ્યા ઉપર તો આભ જ તૂટી પડ્યું. શ્રીલેખાએ સાથે જઈને, બહેન-બનેવી અને પુત્રોના અગ્નિસંસ્કાર કરાવ્યા અને કાવ્યાને, આવી પડેલી આફતમાંથી માંડ માંડ બહાર લઈ આવી અને સંભાળી લીધી. બંને સખીઓ આ પ્રસંગ પછી વધુને વધુ નજીક આવી અને કાવ્યા માટે શ્રીલેખા જ, જે ગણો તે બની રહી. ભૂતકાળમાં કાવ્યા સાથે ભણતા યુવાન પ્રત્યે કાવ્યાને પ્રેમની લાગણી થયેલી. પણ લગ્ન પહેલા જ મરાઠીભાષી યુવકે, કાવ્યા પાસે અયોગ્ય માંગણીઓ મૂકેલી. જેનાથી કાવ્યાના દિલને ખૂબ જ ચોટ પહોંચેલી. ત્યારે પણ શ્રીલેખાએ તેને સાંત્વના આપી સંભાળી લીધેલી. તે પછી કાવ્યાએ લગ્ન નહીં કરવાનો જ નિર્ણય કરેલો. કાવ્યા, શ્રીલેખા અને કનકકુમારના કુટુંબના સભ્ય જેવી જ બની ગયેલી. ત્યારબાદ મારા દોહિત્ર નચિકેતાનો જન્મ થયો. પરંતુ હજી તે એક વરસનો થાય તે પહેલા જ શ્રીલાખેના ગર્ભાશયના કેન્સરનું નિદાન થયું. ગર્ભાશય કાઢી નાખ્યા છતાં કેન્સર શરીરના બીજા અંગોમાં પણ ફેલાયું હશે અને કિમોથેરાપીની સારવાર છતાં શ્રીલેખા બચી શકી નહીં. તેને પોતાનો જવાનો અંદાજ આવી ગયો હતો. અમે બધા ખૂબ જ ચિંતામાં હતા. કાવ્યા, શ્રીલેખાની સાથે દિવાલની જેમ ઊભી રહી. સારવાર, હિંમત અને તન-મન-ધનથી સેવા કરતી રહી. એ પહેલાં બંને સખીઓએ, એક બીજાને સમજીને અંગત નિર્ણય કર્યો કે, કદાચ શ્રીલેખા આ દુનિયા ત્યજી દે તો પણ કાવ્યાએ નચિકેતા અને કનકકુમારને સંભાળવાના જ નહીં પણ એથી પણ વિશેષ, મને, શ્રીલેખાની ગેરહાજરીમાં સવાઈ શ્રીલેખા બની શ્રીલેખાની ખોટ મારા જીવનમાં ભરપાઈ કરી દેવાની અને દીકરી બની, મારી જિંદગીના અંત સુધી પ્રેમ,

હૂંફ અને સારસંભાળ રાખવાની! કાવ્યાએ મરણ પથારીએ પડેલી શ્રીલેખાને વચન, આશ્વાસન સાથે ધરપત આપી કે, "તને કાંઈ નહીં થાય. તને પહેલા જેવી હરતી-ફરતી તંદુરસ્ત કરવા હું બધું જ કરી છૂટીશ. અને ન કરે નારાયણ અને તું વિદાય થાય તો પણ હું સવાઈ શ્રીલેખા બની, દીકરા નચિકેત, પતિ કનકકુમાર અને પિતા ગુણવંતરાયને શ્રીલેખા રૂપે સતત સંભાળી લઈશ."

"જો કે આ વાતની જાણ મને નહોતી. હું જ્યારે શ્રીલેખા બીમાર હતી ત્યારે સતત તેની પાસે હતો અને કાવ્યા જે આત્મિયતાથી શ્રીલેખાની સારસંભાળ અને કાળજી રાખતી તેમજ નચિકેતા અને કનકકુમારને સાચવતી, એ મેં જોયેલું. પછી દવાના કારણે અને કાવ્યાની સારસંભાળ ગણો કે સતત શ્રીલેખાને ઉત્સાહ અને આનંદમાં રાખવાના પ્રયત્ને, ફરી શ્રીલેખાની તબિયતમાં સુધારો થયો. અમને સૌને આશા જન્મી કે હવે શ્રીલેખા ધીમે ધીમે સાજી થઈ જશે. એટલે હું અહીં પાછો આવ્યો અને સતત અહીંથી ફોનથી સૌના સંપર્કમાં રહેતો હતો. તમને સૌને યાદ હશે કે વચ્ચે ઘણા સમય સુધી હું અહીં બગીચામાં નહોતો આવી શક્યો, ત્યારે નટવરભાઈ પટેલને ફોનથી જણાવેલ કે હું વડોદરા છું."

ત્યારબાદ એક દિવસ અચાનક કનકકુમારનો ફોન આવ્યો કે, "પપ્પા, જલ્દી આવી જાઓ. શ્રીલેખાની તબિયત સારી નથી. તમને સતત યાદ કરે છે." હું તાત્કાલિક શ્રીલેખા પાસે પહોંચ્યો. ત્યારે... ત્યારે... બોલીને ગુણવંતરાય ફરીથી લાગણીવશ થઈ ગયા અને આંખમાં આંસુ વહી ગયા. થોડીવાર સૌ શાંત થયા પછી જાતે જ સ્વસ્થ થયા અને બોલ્યા, "જાણે મને મળવા જ શ્રીલેખાએ પોતાનો શ્વાસ ટકાવી રાખ્યો હતો. મને જોતા જ ખૂબ જ આનંદવિભોર થઈ ગઈ. પણ અશક્ત એટલી બધી હતી કે બોલી શકતી નહોતી. અમને સૌને પાસે બોલાવી, હાથ જોડીને વિદાય માંગી. પછી ઓશિકા નીચે, લખી રાખેલો પત્ર મને આપ્યો. જે તેણીએ વચ્ચે સાજી થઈ હતી ત્યારે લખી રાખેલો હતો."

*"મારા વહાલા પપ્પા,*

*તમારા જેવા માતા-પિતા, કનક જેવા પતિ, નચિકેતા જેવા પુત્રની સાથે સાથે કાવ્યા જેવી સગી બહેનથી વિશેષ સખી, જે મારું જ બીજું રૂપ છે, એવા સૌને, મને આપવા બદલ, હું પરમકૃપાળુ પરમાત્માને આભાર સાથે સત્ સત્ વંદન કરું છું. આપણે માનીએ કે ન માનીએ પણ કાવ્યા અને મારો સંબંધ જન્મો જનમનો, કૃષ્ણ-સુદામા, રામ-લક્ષ્મણ કે હનુમાનજી માટે રામ જેવો જરૂર હશે. ભગવાને મને મારી મમ્મી પાસે બોલાવી લેવા મને સંદેશ મોકલ્યો છે. મારી ઈચ્છા તમને ફાધર્સ ડે ની ભેટ આપવાની, જીવતે જીવ અધૂરી નથી રહી ગઈ પરંતુ* ***હુ કાવ્યાને, તમને દીકરી તરીકે ભેટ આપતી જાઉં છું.*** *કાવ્યાને તમે શ્રીલેખા તરીકે, તમારી દીકરી તરીકે સ્વિકારી મને સંતોષ અને મારા આત્માને શાંતિ પહોંચાડશો એવી ખાત્રી છે. કાવ્યા તમને મારી ખોટ સાલવા નહીં દે અને તમે શ્રીલેખાને ભૂલીને, કાવ્યા જ તમારા ઘેર જન્મી છે તેવું અહેસાસ કરશો એવી ખાત્રી છે. કાવ્યાને તમે શ્રીલેખા સમજી, કનક અને નચિકેતાને હૃદયથી આનંદ સાથે સોંપજો કે ફરીવાર કન્યાદાન કરી મારી ઈચ્છા પૂરી કરો એવી વિનંતી છે.*

*બસ, એ જ તમારી વહાલી દીકરી, કાવ્યાના રૂપમાં જીવંત શ્રીલેખા."*

હું પત્ર માંડ-માંડ વાંચી શક્યો અને ભાંગી પડ્યો. કાવ્યાએ મને સંભાળી લીધો. મેં કનકકુમારનો હાથ પકડી અને કાવ્યાના હાથમાં મૂક્યો. ત્યારે જ બીજા રૂમમાં સૂઈ રહેલા નચિકેતાનો રડવાનો અવાજ આવતા જ કાવ્યા તુરંત એને લઈ આવી. **મારી બંને બાજુએ મને વિંટળાઈને ઊભેલા કનકકુમાર અને નચિકેતાને તેડીને ઉભેલી કાવ્યાને જોઈને, શ્રીલેખાએ આંખમાં આંસુ અને ચહેરા પર સ્મિત સાથે આંખો મિંચી દીધી.** જાણે એની છેલ્લી ઈચ્છા પૂરી થઈ અને અમારી સૌની વિદાય લીધી." ફરી ગુણવંતરાય ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા.

"અરે બંધુ...! આ વિજયસિંહ બાપુના મિત્ર થઈને ઢીલા થવાય? હેં! અમને સૌ મિત્રોને પણ દીકરી શ્રીલેખા અને દીકરી કાવ્યા માટે, તમારા જેટલો જ ગર્વ છે. કાવ્યા તમારી જ નહીં, અમારી સૌની પણ એટલી જ વહાલી અને બહાદુર, જેનો જોટો જડવો મુશ્કેલ, એવી લાખોમાં નહીં, કરોડોમાં એક એવી દીકરી છે. જેણે તમારા જેવા અમારા અનન્ય મિત્રનું જીવન હરિયાળું બનાવી, ચારે તરફ પમરાટ ફેલાવી દીધો. બસ, હવે જ્યારે દીકરી-જમાઈ આવે ત્યારે અમને સૌને તેમની મુલાકાત જરૂર કરાવજો. જેથી અમે પણ સૌ અમારી લાગણી દર્શાવી શકીએ. બરાબરને મિત્રો!" કહીને વિજયસિંહે સૌને વાતાવરણમાં ભેળવીને હળવા કરી દીધા અને ઉમેર્યું, "ચાલો બધા ઊભા થાય અને બાકી રહેલી કેરી ખાઈને સૌ કાવ્યા અને શ્રીલેખાના જીવનની મીઠાશ, ગુણવંતરાય સાથે માણીએ."

સૌએ ઊભા થઈને તાળીઓથી ગુણવંતરાયને બિરદાવ્યા અને ભેટી પડ્યા.

*૧૨, ઘરઆંગણ એપાર્ટમેન્ટ, ચાઈલ્ડ કેર હોસ્પિટલ પાછળ,*
*પ્રોફેસર કોલોની સામે, વિજય ચાર રસ્તા પાસે,*
*નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

*જે તમારી સાથે થવું ન જોઈએ, એ તમે બીજા સાથે ના કરો.*

ધર્મ સાધના

## બુધ્ધ પૂર્ણિમા : વૈશાખ સુદ-૧૫

# ભગવાન શ્રી બુધ્ધનો સમ્યક્ માર્ગ

ભગવાન બુધ્ધ અવતારી પુરુષ જરૂર હતા પણ આ સ્થાન તેમણે જન્મથી નહીં, પણ કઠોર સાધના પછી પ્રાપ્ત કરેલું બિરુદ હતું. સંસાર ત્યાગ અને વનમાંની ઉગ્ર તપશ્ચર્યા બાદ તેમણે ચાર આર્ય સત્યોનો આવિષ્કાર કર્યો. જે બૌદ્ધ ધર્મના પાયાના સિદ્ધાંત કહેવાયા.

આ ચાર આર્ય સત્યમાંનું પ્રથમ મહત્ત્વનું સત્ય છે : **સંસારમાં દુઃખ છે.** બુધ્ધે આ વિશે જણાવતાં કહ્યું, 'સંસારમાંનું દુઃખ એ નિર્વિવાદ સત્ય છે અને જેના નિવારણનો માર્ગ માનવ સત્ય ધર્મ છે. દુઃખનું જ્ઞાન જ ધર્મનો વિચાર કરવા પ્રેરે છે.'

માનવીએ પોતાના જીવનમાં કયા દુઃખોનો સામનો કરવો પડે છે? જો જન્મ દુઃખદાયક હોત, તો મરણ પણ દુઃખદાયક છે. માનવ જીવ મૃત્યુ સમયે બે પ્રકારના દુઃખથી પીડાય છે : શારીરિક અને માનસિક. માનવ જીવનમાં જો સહુથી વધુ દુઃખદાયી, આઘાતજનક ઘટના હોય તો તે સ્વજનનું મૃત્યુ છે. અને તે છતાંય સૌથી વધુ નિશ્ચિત અને અકળ બાબત હોય તો મૃત્યુ છે. માનવીને જીવન મળ્યું છે તો એની સાથે શોકનાં પણ અનેક પ્રસંગ આવે છે. અપ્રિય, અણગમતી વસ્તુ - વિષયો કે વ્યક્તિ સાથે માણસનો સંબંધ દુઃખમય બને છે. તો બીજી તરફ ઈચ્છિત વસ્તુ, વિષય કે વ્યક્તિની પ્રાપ્તિ ન થાય તે પણ દુઃખ છે.

બૌદ્ધ ધર્મમાંના આર્ય સત્યોમાં પાંચ પ્રકારના દુઃખો વિશે જણાવવામાં આવ્યું છે. **જેવા કે જન્મદુઃખ, મરણ દુઃખ, જીવન દુઃખ, અપ્રિયનો સંયોગ અને ઇચ્છનીયનો વિયોગનું દુઃખ.** ભગવાન બુધ્ધ આ પાંચેયને ભગવાને બુધ્ધે ઉપાદન સ્કંધ તરીકે ઓળખાવ્યા છે. (વર્તમાનમાં પાછો એક વધારે દુઃખનો પ્રકાર ઉમેરાયો છે. પોતાના ખોટા વાણી-વ્યવહાર કે વર્તનથી સર્જાતું દુઃખ!)

બૌધ્ધ ધર્મનું **દ્વિતીય ચરણ સત્ય છે.** દુઃખ સમુદય, જેમાં દુઃખોના કારણોની ચર્ચા કરવામાં આવી છે. ભગવાન બુધ્ધ જણાવે છે કે **આપણા દુઃખો માટે ઇશ્વર બિલકુલ જવાબદાર હોતો નથી.** તો વળી માણસ જન્મથી દુઃખનો સ્વભાવ લઈને આવતો નથી. **દુઃખ એ તો દરેક વસ્તુની જેમ કાર્ય કારણના નિયમથી ઉત્પન્ન થાય છે. દુઃખ પડવાનું મુખ્ય કારણ માનવીની તૃષ્ણા છે.** તૃષ્ણા ન હોય તો દુઃખ ન હોય. તૃષ્ણા એટલે ઈચ્છાની અતૃપ્તિ.

**તૃષ્ણાના ત્રણ પ્રકાર છે :** કામતૃષ્ણા, ભવતૃષ્ણા અને વિભવતૃષ્ણા. જગતમાં જેટલી લડાઇ કે સંઘર્ષ છે, તે આ તૃષ્ણાઓને કારણે ઊભા થતા હોય છે. કોઈને થોડાથી સંતોષ નથી. **પોતાની જરૂરિયાત પૂર્ણ થઇ જાય તો માણસ ધરાતો નથી.** તે વધારે ને વધારે મેળવવા મથતો જ રહે છે.

**ત્રીજું આર્ય સત્ય છે,** દુઃખનિરોધ. એટલે કે દુઃખનું કાર્ય કારણ સમજીને તેને દૂર કરવું. તૃષ્ણાનો નાશ કરીને જ દુઃખને દૂર કરી શકાય છે. તૃષ્ણાને તૃપ્ત કરવાથી દુઃખનો નાશ થતો નથી. ઉલટાનું માનવ વાસના વધારે ભડકે છે.

**ચોથું આર્યસત્ય છે દુઃખ નિરોધ ગામિની પ્રતિપત અર્તાત્ દુઃખના નાશનો ઉપાય.** શરીરમાં ઘૂસી ગયેલા કાંટાને લીધે વેદના થાય છે. પણ પીડાને દૂર કરવા કાંટાને દૂર કરવો પડે છે. તો આ દુઃખ નિરોધનો જડમુળથી ઉકેલ કરવો તે ચોથું આર્ય સત્ય ગણાયું છે.

**ભગવાન બુધ્ધે દુઃખના નિરોધ માટે સમ્યક્ નો માર્ગ સૂચવ્યો છે, જે અષ્ટાંગિક માર્ગ કહેવાયો છે.** જેના પ્રમાણે તેના આઠ પ્રકારો ગણાવ્યા છે : સમ્યક્ દૃષ્ટિ, સમ્યક્ સંકલ્પ, સમ્યક્ વાચા, સમ્યક્ કર્માંત, સમ્યક્ આજીવ, સમ્યક્ વ્યાયામ, સમ્યક્ સ્મૃતિ અને સમ્યક્ સમાધિ. બુધ્ધ માનવજીવન પર આવતા દુઃખોના ઉપાય માટે આ સમ્યક્ નો માર્ગ દર્શાવ્યો છે. જે તેમની ધર્મ સાધનાના અંતિમ સોપાનો છે. ■

---

## ચૂંટણી નિશાન — દીપડો!

**(અનુસંધાન : પાના નં.-૪૦ ઉપરથી ચાલુ)**

તે ઉપરાંત બ્લડ ડોનેશન કેમ્પની જાહેરાતમાં પણ આમ લખી શકાય —

'તમે અમને બ્લડ આપો અમે તમને ગાંધીજીનો બ્લડ રિપોર્ટ આપશું!' (જેવી રીતે નેતાજી સુભાષચંદ્ર બોઝે કહેલું કે તમે મને લોહી આપો, હું તમને આઝાદી અપાવીશ!)


રાજકીય પક્ષો પણ મતદારોને આવી લાલચ આપી શકે — 'તમે અમને વોટ આપો, અમે તમને ગાંધીજીના બ્લડ રિપોર્ટ આપીશું!'

બોલો, આમાં આચારસંહિતા લાગુ પડે?!

*પ્લોટ ૩૧૪/એ, વ્હાઇટ હાઉસ, સેક્ટર-૨૦,*
*રાજશ્રી સિનેમા સામે, ગાંધીનગર-૩૮૨ ૦૨૦.*
*ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨*

આરોગ્ય

# "મારો સ્વજન થોડા સમયથી બહુ જ બોલે છે, ના પાડવા છતાં અટકતો જ નથી" – (૨)



ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)



ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

૩૦મી માર્ચનો દિવસ વિશ્વમાં બાઇપોલર ડિસઓર્ડર (Bipolar Disorder) તરીકે મનાવાય છે. આ દિવસે જનહિતના કાર્યક્રમોમાં બાઈપોલર ડિસઓર્ડર વિશે જનજાગૃતિના કાર્યક્રમોને પ્રાધાન્ય અપાય છે. બાઈપોલર ડિસઓર્ડરની બીમારી વિશેના લક્ષણો, નિદાન, સારવાર તથા આ બીમારી કેવી રીતે અટકાવી શકાય – તે વિશેની માહિતી જનતા માટે અપાય એ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

- **બાઇપોલર ડિસઓર્ડર :**

એક જ દર્દીમાં જુદા જુદા સમયે બે પ્રકારની બીમારી હોય (ઉન્માદ (mania) તથા ડિપ્રેશનની બીમારી) ત્યારે આ બીમારીનું નિદાન થાય છે.

- **ઉન્માદ મેનિયા :**

૧૦૦ વર્ષ પહેલાં પ્રો. કેલપિને ઉન્માદ (મેનિયા)ની બીમારીના લક્ષણોનું સવિસ્તાર વર્ણન કર્યું હતું. જેમાં વધારે પડતો આત્મવિશ્વાસ, વધારે પડતું બોલવાનું, ઊંઘ ઓછી થઈ જવી, વધારે પડતી સ્ફુર્તિ તથા ઉર્જા મહત્ત્વના લક્ષણો હતા. ૧૦૦ વર્ષ બાદ આજે પણ ઉન્માદ બીમારીના આ જ મુખ્ય લક્ષણો છે.

- **ઉન્માદ બીમારીના લક્ષણો :**

**(૧) વધારે પડતો આત્મવિશ્વાસ :** (અ) વ્યક્તિનો આત્મવિશ્વાસ ખૂબ જ વધી જાય છે. (બ) એને કોઈપણ કામ અશક્ય લાગતું નથી. આગળ પાછળનો કે પરિણામનો વિચાર કર્યા વગર વધારે પડતું જોખમ લેવા વ્યક્તિ તરત જ તૈયાર થઈ જાય છે અને એ જોખમ લે છે. (ક) એને એમ લાગે છે કે એની ઓળખાણ મોટી મોટી જાણકાર વ્યક્તિઓ (ફિલ્મ જગતની વ્યક્તિઓ, રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ વગેરે) જોડે છે. ફોન પર ગમે ત્યારે વાતો કરી શકે છે.

**(૨) વધારે બોલવાનું :** (અ) વ્યક્તિ પોતાના સ્વભાવ કરતા વધુ બોલે છે. લગભગ પોતે જ બોલ્યા કરે છે, બીજાને બોલવા આપતો જ નથી. (બ) સામેની વ્યક્તિને તાજેતરમાં મળ્યા હોય છતાં જાણે વર્ષોથી એકબીજાને ઓળખે છે એ રીતે વાતો કરે છે. (ક) અજાણ વ્યક્તિને ઘણી વખત અંગત, ન કહેવાની વાતો કહી દે છે. આને લીધે કુટુંબીજનો મૂંઝવણમાં મૂકાઈ જાય છે.

**(૩) ઊંઘ ઓછી થઈ જવી :** ઊંઘ ખૂબ જ ઓછી થઈ જાય છે. રાત્રે મોડા સૂઈ (બાર-એક વાગે) સવારમાં વહેલા ઊઠી (ચાર કે પાંચ વાગે) જાય છે. છતાં પણ થાક લાગતો નથી. (બ) ઘણી વખત કુટુંબના બીજા લોકોને પણ ઉઠાડી દઈ કામ કરવા દબાણ કરે છે.

**(૪) બહાર ફરવાનું વધી જવું :** વ્યક્તિનું બહાર ફરવાનું વધી જાય છે. સગાવહાલા, મિત્રોને ઘરે જવાનું વધી જાય છે. દૂરદૂરના સગા કે જેમને ત્યાં જવા આવવાનો વ્યવહાર ખૂબ જ ઓછો હોય એમને ત્યાં વ્યક્તિ કારણ વગર વારંવાર જાય છે.

**(૫) સ્ફુર્તિ :** વ્યક્તિમાં ઊર્જા (શક્તિ) વધી જાય છે. આખો દિવસ કામ કર્યા બાદ તથા ઊંઘ ઓછી મળ્યા છતાં થાક લાગતો નથી. અશક્તિ લાગતી નથી. શરીરમાં હંમેશાં સ્ફુર્તિ તથા તાજગી રહે છે.

**(૬) પૈસા ખર્ચવાનું - ખરીદી કરવાનું :** વધારે પડતી ખરીદી કરવાનું સતત મન થયા કરે છે. જરૂરત હોય એનાથી અનેકગણી વધારે એ વસ્તુ લઇ આવે છે. દા.ત. ઘરમાં કોઈ વસ્તુની જરૂરત અડધો કિલોની હોય તો એ વસ્તુ ચારથી પાંચ કિલો લઇ આવે છે. કપડા, રમકડા જેવી વસ્તુ પણ જરૂરતથી વધારે લઇ આવે છે. અમારા એક દર્દીને બે શર્ટની જરૂરત હતી તો એ ૧૦ શર્ટ લઇ આવ્યો. એ પણ એકદમ કલરવાળા, ભપકાદાર, એના સ્વભાવ પ્રમાણે એણે જિંદગીમાં આવા કલરફુલ શર્ટ પહેર્યા જ ન હતા.


પૈસા ખર્ચવાનુ પણ વધી જાય છે. ગજવામાં જેટલા પૈસા હોય એ બધા જ સાંજ સુધી ખર્ચી નાખે છે. પોતાની પાસે પૈસા ન હોય તો પણ ટેક્ષીમાં ફરે છે. ઘરવાળાને પછી ટેક્ષીનું બીલ ચૂકવવું પડે છે.

**(૭) નવા નવા કામની શરૂઆત :** નવા નવા કામ કરવાની ઉત્સુકતા વ્યક્તિમાં વધે છે. પોતાની ત્રેવડ હોય કે ન હોય છતાં પણ નવા કામ તે વ્યક્તિ લે છે. ઘણી વખત હજી એક

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૯ ઉપર)

સ્વાસ્થ્ય

# જોરદાર નસકોરાં ગંભીર બીમારીઓ નોતરી શકે છે....



**ડૉ. વૈશલ શેઠ**
ચેસ્ટ ફિઝિશન અને પલ્મોનોલોજિસ્ટ

*નસકોરાં હોય તો સ્લીપ એપ્નિયા હોઈ શકે છે. જેને કારણે સામાન્ય તકલીફોથી લઈને ગંભીર બીમારીઓ સર્જાય. સંશોધન દ્વારા એવું જાણવામાં આવ્યું છે કે હાર્ટ ફેલ્યોરના ૫૦ ટકા જેટલા દર્દીઓમાં સ્લીપ એપ્નિયા જોવા મળે છે. એ જ પ્રમાણે દર ૧૦ પક્ષાઘાતના દર્દીઓમાંથી ૧ દર્દીને સ્લીપ એપ્નિયાની બીમારી હોય છે. શું છે આ સ્લીપ એપ્નિયા? પ્રસ્તુત છે સ્લીપ એપ્નિયાની વિસ્તૃત જાણકારી અને નસકોરા સાથે આ લેખમાં જણાવેલ કોઈ પણ લક્ષણો હોય તો સ્લીપ સ્ટડિઝ દ્વારા તપાસ કરાવવી જરૂરી છે.*

## ● સ્લીપ એપ્નિયા એટલે શું?

સ્લીપ એપ્નિયા એક ઊંઘની બીમારી છે. જેમાં થોડા સમય માટે ઊંઘમાં શ્વાસ બંધ થઈ જાય છે. શ્વાસ બંધ થવાની પ્રક્રિયા થોડી મિનિટ માટે થાય છે. આ બીમારીનું નિદાન સ્લીપ સ્ટડી (Polysomnography) નામની તપાસથી કરવામાં આવે છે.

આ બીમારી મગજની તકલીફથી થાય અથવા તો શ્વાસનળી અને શ્વાસના રસ્તામાં આવતા અવરોધના કારણે થાય. અમુક કેસમાં બંને કારણથી સ્લીપ એપ્નિયા થાય છે.

સ્લીપ એપ્નિયાના દર્દીને ભાગ્યે જ ખબર હોય છે કે તેને કોઈ બીમારી છે કારણકે તે જ્યારે જાગી જાય ત્યારે તેને કોઈ તકલીફ થતી જ નથી. જો દર્દીના સગા વહાલાઓને સ્લીપ એપ્નિયા વિશે ખબર હોય અને તેઓ દર્દીને સૂતા જુએ તો તેમને સ્લીપ એપ્નિયાની શંકા આવી શકે. ત્યારબાદ સ્લીપ સ્ટડિઝની તપાસ કરાવી નિદાનની ખાતરી કરી શકાય છે.

## ● નસકોરા :

ઊંઘ દરમિયાન શ્વાસનો રસ્તો સાંકડો થાય અને હવાને પસાર થવા અવરોધ થાય તો નસકોરા બોલે છે. આમાં ઓક્સિજનની માત્રા ઓછી થાય છે અને કાર્બન ડાયોક્સાઇડની માત્રા વધી જાય છે.

કાર્બન ડાયોક્સાઇડની માત્રા અમુક સ્તરથી વધી જતાં દર્દી જાગી જાય છે. આ પ્રક્રિયા દર્દીની જાણ બહાર થાય છે. આખી રાતની ઊંઘમાં આવું વારંવાર થતું હોય છે. આ શ્વાસ રૂંધાવાની પ્રક્રિયા જો વધારે વખત થાય તો દર્દીને સારી ઊંઘ મળતી નથી. આવી વ્યક્તિઓ દિવસ દરમિયાન થાકેલી રહે છે તેમજ કામ કરતા કરતા પણ ઊંઘી જાય છે. આ સમગ્ર પ્રક્રિયાને સ્લીપ એપ્નિયા કહે છે.

### સ્લીપ એપ્નિયાના લક્ષણો

★ ઊંઘમાં નસકોરા બોલવા.
★ ઊંઘમાં શ્વાસ બંધ થઈ જવો.
★ રાત્રે ઊંઘમાં ગભરામણ તથા પરસેવો થવો તેમજ ઊંઘમાંથી વારંવાર જાગી જવું.
★ દિવસ દરમિયાન થાકેલા રહેવું.
★ દિવસ દરમિયાન વધારે પડતી ઊંઘ આવવી તેમજ કામ કરતા કરતા ઊંઘના ઝોકા આવવા.
★ વાહન ચલાવતા ઝોકા આવવા.
★ યાદશક્તિ અને ધ્યાન શક્તિ ઘટવી.
★ સ્વભાવ ચીડિયો થવો અને ડિપ્રેશન આવવું.
★ હાઈ બ્લડપ્રેશર, હૃદયરોગ, લકવો થાય.
★ જાતીય શક્તિ ઓછી થવી.

## ● કોને સ્લીપ એપ્નિયા હોઇ શકે છે?

૩૦ વર્ષથી ઉપરના ૩૦ ટકા લોકોને નસકોરા બોલતા હોય છે. તેમાંથી ૩થી ૫ ટકા લોકોને સ્લીપ એપ્નિયા હોય છે. સ્ત્રીઓ કરતાં પુરુષોને વધારે હોય છે. સામાન્ય રીતે વધારે વજનવાળી તેમજ ટૂંકી ગરદનવાળી તેમજ ગળાના વધારે ઘેરાવવાળી વ્યક્તિઓને આ રોગ હોય છે. બાળકોમાં મોટા ટોન્સિલ તથા જડબા અને મોઢાની અસાધારણ રચનાને કારણે આ રોગ થઈ શકે છે.

હૃદયરોગ, ફેફસાના રોગો, દમ તેમજ થાઇરોઇડના રોગો સામે આ રોગ વધારે જોવા મળે છે. દારૂનું સેવન તેમજ ઊંઘની ગોળીઓ આ રોગોને વધુ વકરાવે છે.

● **સ્લીપ એપ્નિયાથી થતું નુકસાન :**

જો સ્લીપ એપ્નિયાની બીમારી હોય અને તેની સારવાર કરવામાં ન આવે તો તેના કારણે હાઈ બ્લડપ્રેશર, એન્જાઇના, હાર્ટ એટેક, હૃદયના ધબકારાની અનિયમિતતા, રાત્રિ દરમિયાન અચાનક હૃદય બંધ પડવું, લકવો, કિડની ફેઇલ્યોર તેમજ મૃત્યુ પણ થઇ શકે છે.

● **નિદાન :**

સ્લીપ એપ્નિયાનું નિદાન કરવા માટે સ્લીપ સ્ટડિ નામની તપાસ કરાવવી પડે છે. આ તપાસ આખી રાત ચાલે છે. આ તપાસ દરમિયાન એક પણ સોય લગાવવામાં આવતી નથી. આથી કોઈપણ જાતનો દુઃખાવો થતો નથી.

આખી રાત શરીરમાં થતા ફેરફારો કોમ્પ્યુટરમાં નોંધવામાં આવે છે. કેટલી વાર શ્વાસ બંધ થાય છે, હૃદયના ધબકારા કેટલા અનિયમિત થાય છે વગેરે જેવી રાતભર કોમ્પ્યુટરમાં ભેગી થયેલી માહિતીનો પલ્મોનોલોજિસ્ટ દ્વારા અભ્યાસ કરવામાં આવે છે. દર્દીની ઊંઘ દરમિયાનની હિલચાલ પણ રેકોર્ડ કરવામાં આવે છે. તેના નિષ્કર્ષ પરથી ઉપચારની સલાહ અપાય છે.

● **મેદસ્વીપણું અને સ્લીપ એપ્નિયા :**

આ બે બીમારીઓ એકબીજાને પૂરક સાબિત થઈ છે. સ્લીપ એપ્નિયા મેદસ્વી લોકોમાં વધુ પ્રમાણમાં જોવા મળે છે અને આ લોકોમાં સ્લીપ એપ્નિયાની સારવાર ના કરવામાં આવે તો મેદસ્વીપણું વધતું જાય છે. પણ સ્લીપ એપ્નિયાની સારવાર કરવાથી ચોક્કસપણે વજન ઘટે છે.

● **સારવાર :**

જો દર્દીને સ્લીપ એપ્નિયા હોય તો વજન ઉતારવું, પડખે સૂઈ જવું, દારૂનું સેવન ન કરવું તેમજ ઊંઘની ગોળીઓ ન લેવી વગેરે જેવી પ્રાથમિક સારવાર કરી શકાય છે. પરંતુ આનાથી ફક્ત ૧૦થી ૨૦ ટકા લોકોને જ ફાયદો થાય છે. જે લોકોને વધારે તકલીફ હોય તેમને -- મશીન સૂતી વખતે વાપરવું પડે છે. આ મશીન અમુક નક્કી કરેલા દબાણથી હવા ફેંકે છે. જેથી શ્વસનમાર્ગ ખુલ્લો રહે છે અને શ્વાસ રૂંધાતો નથી. આથી દર્દીને સારી ઊંઘ મળે છે. તેમજ જ્યારે જાગે ત્યારે તાજગી મહેસુસ કરે છે. દિવસ દરમિયાન આવતા ઝોકા દૂર થાય છે અને જીવનની ગુણવત્તા સુધરે છે. આ મશીન નિયમિત વાપરવાથી હાઈ બ્લડપ્રેશર, એન્જાઇના, હૃદયરોગ તેમજ લકવા જેવા રોગની ટકાવારી ઘટી જાય છે. આ મશીનની કોઈ આડઅસર નથી પણ તે કાયમ માટે વાપરવું પડે છે. આનાથી મોટાભાગના દર્દીઓને ફાયદો થતો હોય છે. પણ જો દર્દીઓને શ્વસનમાર્ગમાં ગંભીર અવરોધ હોય તો તેવા દર્દીઓની વાઢકાપ કરીને તેમના શ્વસનતંત્રનો માર્ગ મોટો કરવામાં આવે છે. જેને યુવ્યુલોપેલેટીફેરીન્ગોપ્લાસ્ટિ કહેવામાં આવે છે.

આ પ્રકારની બીમારી તેમજ તેની સારવાર અમેરિકા, ઈંગ્લેન્ડ, ઇટાલી, જર્મની, ઑસ્ટ્રેલિયા તેમજ ન્યુઝિલેન્ડ જેવા દેશોમાં ખૂબ જ પ્રચલિત છે. ભારતમાં પણ સ્થુળતાનું પ્રમાણ વધવાની સાથે આ બીમારીનું પ્રમાણ ઘણું વધી રહ્યું છે.

અગર આપને નસકોરા બોલતા હોય તો આપને સ્લીપ એપ્નિયા હોઈ શકે છે.

*લન્ગ્સ કેર ક્લિનિક, ૨૦૪, પ્રથમ મંગલ કોમ્પ્લેક્સ,*
*વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ.*
*મો. ૯૯૨૫૯ ૬૫૧૩૩*

*પ્રભુ, સારી વાક્છટા નહીં આપે તો ચાલશે,*
*પણ ખરાબ બોલતા પહેલા ડરતા શીખવાડજે.*

## 'મારો સ્વજન થોડા સમયથી બહુ જ બોલે છે...' – (૨)

**(અનુસંધાન : પાના નં.-૩૭ ઉપરથી ચાલુ)**

કામ પૂર્ણ ન થયું હોય ત્યાં બીજું નવું કામ લે છે અને પહેલું કામ અધૂરું રહી જાય છે. ત્રીજું કામ શરૂ કરે છે, બીજું કામ અધૂરું રહી જાય છે.

**(૮) ચીડિયાપણું :** નાની નાની નજીવી બાબતોમાં વ્યક્તિ ચીડાઈ જાય છે, ગુસ્સે થઇ જાય છે. જો વ્યક્તિને ટોકવામાં આવે કે કોઈ કામ માટે રોકવામાં આવે તો વ્યક્તિ ચીડાઈ જાય છે, ગુસ્સે થઇ જાય છે. વ્યક્તિ પોતાનું ધાર્યું જ કરે છે. સમજાવવા છતાં જે મનમાં હોય તેજ કરે છે. પછી ભલે નુકસાન થાય.

વ્યક્તિને પોતાને લાગતું નથી કે એ પોતે બધી બાબતોમાં અતિરેક કરે છે. એને લાગે છે કે જે એ કરે છે બધું જ નોર્મલ છે, એ બીમાર નથી.

● **નિદાન :**

વ્યક્તિ પોતાના સ્વભાવ કે વ્યક્તિત્વ કરતાં

(અ) વધારે બોલતો હોય,

(બ) વધારે પડતો આત્મવિશ્વાસ હોય

(ક) ઊંઘ ઓછી થઈ હોય

(ડ) સ્ફુર્તિ વધારે રહેતી હોય

તો ઉન્માદની બીમારી થઈ હોય. માટે મનોચિકિત્સકનો અભિપ્રાય લેવો જરૂરી છે.

*(ક્રમશઃ)*

હાસ્ય દરબાર

# ચૂંટણી નિશાન – દીપડો!



ચિત્રસેન શાહ
નિવૃત્ત કાર્યપાલક ઇજનેર (જીઈબી)

છેલ્લા બે-ત્રણ મહિનાઓથી એક પછી એક એમ ત્રણ ત્રણ દીપડાઓએ ગાંધીનગર તેમજ આસપાસના ઈલાકામાં ભય ફેલાવી આખે આખા વન વિભાગને દોડતું કરી દીધું છે - ચિત્તાની ઝડપે! આ દીપડાઓએ સમગ્ર ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટને 'વાઈલ્ડ લાઈફ'નો અનુભવ કરાવી દીધો છે!

જેમ ગાંધીનગરમાં સાપ પકડવાવાળાઓ તેમની સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે ઑનરરી સેવા આપે છે અને તમારા ઘરમાં કે આસપાસ ક્યાંય સાપ દેખાય અને તેમને ફોન કરો કે તરત હાજર થઈ જાય છે તેવી જ રીતે હવે દીપડાની બાબતમાં પણ બની શકે! તમારા ઘરમાં કે આજુબાજુ ક્યાંય દીપડો દેખાય અને તમે દીપડા પકડવાવાળાને ફોન કરો કે તરત એ લોકો પાંજરાં લઈને હાજર થઈ જાય! આ થઈ એક હળવી વાત!

હવે મૂળ વાત પર પાછા આવીએ તો –

પૂરા મહિનાના રાત દિવસના ઉજાગરા પછી આખરે તો બે દીપડાને જબ્બે કરવામાં તંત્રને સફળતા મળી અને માંડ એ લોકોની આંખ મિંચાણી ત્યાં ન્યુઝ પેપરના સમાચાર દ્વારા દહેગામ બાજુથી એક ત્રીજા દીપડાની ત્રાડ સંભળાઈ!

જ્યારે ચારેબાજુ દીપડો - દીપડો થઈ રહ્યું હતું તેવામાં જ લોકસભાની ચૂંટણી જાહેર થઈ! ત્યારે ગાંધીનગર મત વિસ્તારની ચૂંટણીના એક સંભવિત અપક્ષ ઉમેદવારના મગજમાં દીપડાની તગતગતી આંખો જેવો જ એક ઝબકારો થયો! તેણે ચૂંટણીના નિશાન તરીકે 'દીપડો' રાખવાનું મનોમન નક્કી કરી લીધું! તેમાં ઓછી મહેનતે સારો પ્રચાર થઈ શકે તેમ હતો કારણકે મતદારોનાં મગજ દીપડાથી ભરાયેલાં હતા! અને **વહેતી ગંગામાં કોણ હાથ ન ધુએ?!**

પરંતુ ખરેખર તો મતદારોએ હવે ચિત્તા જેવા ચપળ અને ખંધા થવાની જરૂર છે! અત્યાર સુધી મતદારોની આંખ મતદાન વખતે જ મીંચાઈ જતી હતી અને ઊંઘમાં ને ઊંઘમાં એવા ઉમેદવારોને મત આપી આવતા કે જેઓ લોકસભામાં પહોંચીને પાંચ વર્ષની ઊંઘ ખેંચી કાઢતા! **મતદારો જો મતદાન વખતે મગજ અને આંખ ખુલ્લી રાખીને મતદાન કરે તો ત્યારબાદ પાંચ વર્ષ નિરાંતે સૂઈ શકે કારણકે ચૂંટાયેલા ઉમેદવાર જાગતા બેઠા હોય!**

બધા જ રાજકીય પક્ષોએ એવા ઉમેદવારો ઉભા રાખવા જોઈએ કે જેઓ ચૂંટાય તો સંસદને ગજવી શકે – અન્યાયની સામે દીપડાની માફક ત્રાડ પાડી શકે! આવું થશે તો જ ગુજરાતને અન્યાય કરનારા અન્યાય કરતાં પહેલાં દસ વાર વિચાર કરશે! નહીં તો ગુજરાતનો ઉપયોગ 'મારણ' તરીકે થતો રહેશે!

આ માટે બધા જ પક્ષોએ પોતાના ઉમેદવારોને 'પબ્લિક સ્પીકિંગ' અને ગ્રુપ ડિસ્કશનના કોર્સ કરાવવા જોઈએ!

'ત્રાડ'ની ટ્રેનિંગ માટે દીપડો શ્રેષ્ઠ 'ટીચર' બની શકે અને દીપડાની આપણે ત્યાં ક્યાં ખોટ છે?!

હવે એક બીજી વાત.

અમેરિકાના એક સંગ્રાહક પાસે પડેલી ગાંધીજીની અમૂલ્ય વસ્તુઓની અમેરિકામાં લિલામી કરવાની જાહેરાત થઈ ત્યારે હો-હા તો ઘણી થઈ પરંતુ કોઈ રાજકીય પક્ષે એવી તૈયારી બતાવી નહીં કે 'ચાલો આપણે લિલામીમાં ભાગ લઈને અમૂલ્ય ચીજો ભારત ભેગી કરીએ!' સવાલ ફક્ત કરોડોનો જ હતો જ્યારે બધા જ રાજકીય પક્ષ અબજો રૂપિયાનો ધુમાડો તો વાતે વાતે કરી નાખતા હોય છે!

ઑક્શન કરવા ધારેલી વસ્તુઓમાં એક ગાંધીજીનો બ્લડ રિપોર્ટ પણ હતો! તેમની હત્યાના ફક્ત ૯ દિવસ પહેલાં - તારીખ ૨૧મી જાન્યુઆરી ૧૯૪૮ના દિવસે લેવાયેલો રિપોર્ટ હતો. એ રિપોર્ટ કદાચ તેમની જિંદગીનો છેલ્લો રિપોર્ટ પણ હોઈ શકે! ગાંધીજીની બીજી વસ્તુઓની ઝેરોક્સ તો નીકળી ન શકે પરંતુ બ્લડ રિપોર્ટની ઝેરોક્સ તો નીકળી શકે ને!

લાખોની સંખ્યામાં એ રિપોર્ટ પ્રિન્ટ કરાવી તેને કોપી દીઠ સો રૂપિયામાં વેચીને પણ કરોડો રૂપિયા પાછળથી ભેગા થઈ શકત! ગાંધીજીના બ્લડ રિપોર્ટની સામે ગાંધીજીના જ ચિત્રવાળી રિઝર્વ બેંકની કરન્સી નોટોનો ઢગલો થઈ જાત! (ગાંધીજીના બ્લડ રિપોર્ટની ઝેરોક્સના બદલામાં સાચી કરન્સી નોટો! નોટોની ઝેરોક્સ ન ચાલે!)

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૬ ઉપર)

ધારાવાહિક નવલકથા

# છોરાંવછોઇ – (૩૧)

હંસરાજ સાંખલા

## જ્યોતિ નાનબાઈ માસીને મળી

ટ્રીન ટ્રીન ટ્રીન ફોનની રિંગ વાગી.

નાનબાઈએ ફોન ઉપાડ્યો. "હેલ્લો! હું નાનબાઈ બોલું, તમે કોણ?"

"હેલ્લો જયશ્રીકૃષ્ણ માસી, હું જ્યોતિ બોલું રી."

નાનબાઈ આટલાં વર્ષો પછીયે જ્યોતિનો અવાજ અને લયકો ઓળખી ગઈ.

"જયશ્રીકૃષ્ણ! કેમ હે બેટા? તું મજામાં હો ને?"

"હા માસી, હું તાં મજામાં હૌં. તમે બધા મજામાં હો?"

"હોવે. અમે તો મજામાં હૈયે. તું ક્યાંથી બોલોરી?"

"અમે ગોવા રૈયેર્યાં, માસી, મારી તમને મલ્યાં'તાં તે ઇ ક્યાં' રે ર્યાં? મને મારી માને મલવું હે જલદીથી." જ્યોતિ બોલી.

"કઈ મા? કુલ્ટા માને? તને શું કામ મલવું પડે કુલ્ટા માને? તને તાં એને મા કહેતાંય શરમ આવતીતીને?" નાનબાઈએ મોકો જોઈને હથોડી મારી.

"માસી, મને માફ કરો. હું તમારી ને મારી માની ગુનેગાર હૌં. તે'દી હું નેનકડી - નાદાન હતી. લીલાકાકી ને ગામની બીજી બાઈમણુંની વાતુંમાં આવી મારી માને જેમ તેમ બોલી'તી. પણ માસી હું મા બન્યા પછી મને હવે હમજાયર્યું કે મા એટલે શું? અને મા હારું છોરાં એટલે શું?"

નાનબાઈ કંઈ ન બોલી એટલે જ્યોતિએ આગળ કહ્યું. "માસી, મહેરબાની કરીને મને માફ કરી દ્યો. મને મારી માને મલવું હે. એની પણ માફી માંગવી હે. મને તમારી અને મારી મા હાથે ઘણી બધી વાતું કરવ્યું હૈ. પ્લીઝ, માસી પ્લીઝ?!" જ્યોતિએ વિનંતી કરી.

"બેટા, એને મલવાનું હવે કેમ બને?"

"માસી! મને કોક કેતું'તું તમારા કને ઇ આવે જાયર્યાં ને તમારી પાહે (= આજુબાજુ) ક્યાંક રેર્યાં. માસી થોડી મેરબાની કરો. જિંદગીભર તમારો આભાર નીં ભૂલું. મેં હાચી વાત જાણી તૈયેંથી મને ઊંઘ નથી આવતી. માસી રાતની ઝબકીને જાગી જાઉંરી. જાણે મારી મા મને બૌં હંભારે રી. ઇ અમારાં મોં જોવા તડપેરી. એકવાર અમારો મોં મેળાપ કરાવી ઘો. ફરી કદીયે તમને ધર્મસંકટમાં નીં નાખું."

નાનબાઈ વિચારવા લાગી. જ્યોતિને હવે શું કહેવું. ત્યાં જ્યોતિએ કહ્યું, "માસી, ગઈ સાલ આપડા ગામની ઉજવણી ટાણે તમે જ મને કેધું'તું, તારી માને તારા ભેગી છેલ્લે છેલ્લે થોડી વાતું કરવ્યુંતું પણ તે તેં દી ભૂરાટી થૈ કાંય ન હાંભળ્યું એનું એને બઉ દુઃખ રૈ ગ્યું."

"તો માસી, આજ હું તમને હામેથી હાથ જોડુંરી. તમે ગમે તેમ કરીને અમારો મા-દીકરીનો મેળાપ કરાવી દ્યો. તમને ધરમ થશે." રોતાં અવાજે જ્યોતિએ કહ્યું.

"તો એમ કર બેટા, મને ફોન કરીને ગમે તે શનિવારે હાંજે આવી જા. રવિવારે તારા માસા અને બધાં હાલશું ને મળવાનું ગોઠવશું." આ પ્રમાણે ફોનથી ગોઠવણી કરી ફોન મૂકી દીધો.

**હવે નાનબાઈને રતન અને તેની દીકરી જ્યોતિની મુલાકાત કઈ રીતે ગોઠવવી એ વિચારોએ મગજ ચકરાવે ચડ્યું. જૂની યાદો ઉપર જામેલા વિસ્મૃતિના પોપડા પણ ખસી ગયા.**

નાનબાઈએ લાંબો નિસાસો નાખ્યો. એની આંખમાં આંસુ આવી ગયા.

★

એક શનિવારની સાંજે જ્યોતિ તેના પતિ ચિરાગ સાથે નાનબાઈને ત્યાં આવ્યાં. બધાને મળી ખૂબ આનંદ થયો. નાનબાઇને જમાઇ ચિરાગ પણ ઠરેલ અને સમજદાર લાગ્યા.

રાત્રે માસી-ભાણેજે, એ જમાનાની, ગામડાંની તેના પરિવારની અને તેની રતનમાની ખૂબ વાતો કરી. નાનબાઈ માસી તે દિવસે જ્યોતિને જે વાતો ન'તી કરી શકી, તે વાતો ને વિગત નાનબાઈએ જ્યોતિને આજે કહી.

રતનમાના જીવનના ટર્નિંગ પોઇન્ટ એવા એ કલંકિત બનાવની ભીતરની વાસ્તવિક્તા સમજાવી સંજોગો બતાવ્યા. તે વખતે બનેલા બનાવનો ઘટનાક્રમ કોઈ પણ જાતની મર્યાદા રાખ્યા વગર સાચેસાચો જ્યોતિને કહી સંભળાવ્યો.

તેનાં કારણો, પરિબળો અને આવેલા પરિણામ વિશે,

તેના પ્રત્યેની લાગણીથી બળતા જીવે બધું કહ્યું. બીજી પણ ઘણી બધી વાતો કરી.

દરમિયાન વાતોમાં આવતા એવા ઘણા ટોપિક ઉપર બંને માસી-ભાણેજ આંખમાં આવતાં આંસુ લૂછતી રહી.

હકીકત જાણ્યા પછી જ્યોતિને છેલ્લી મુલાકાત વખતનો બનાવ અને પોતાના વર્તન બદલ તેને પસ્તાવો અને શરમ થઇ. જ્યોતિને પોતાની ભૂલ સમજાઇ. તે દિવસે પોતે રતનમાને દોષિત ગણી થપ્પડ મારવા જતી હતી તૈયેં માસીએ એનો હાથ પકડી પોતાને બે લપણ મારીને તારી મા કુલ્ટા નૈ ઇ એક સતી હે સતી કહ્યું'તું તેની વાસ્તવિક પૃષ્ઠભૂમિ આજે તેણે જાણી.

રતનમાથી વિદાય વખતના બનાવ માટે જ્યોતિને અંતઃકરણથી પસ્તાવો થયો. એ વર્ષો પહેલાંના બનાવ માટે જ્યોતિએ નાનબાઈ માસીની ફરી ફરી માફી માંગી.

'બેટા, મારી માફી માંગવાની જરૂર નથી. પણ તને તારી ભૂલ હમજાઈ એટલે બસ.'

જ્યોતિનું મન તો તેની મા પાસે પહોંચી ગયું હતું. તેને થયું કાલે ત્યાં જઇ, માને મળી એની હૃદયપૂર્વક માફી માંગવી હે. પોતે તાં હુખી હે, પણ કદાચ મારી મા દુઃખી હશે તો ગમે તે ભોગે એને મદદરૂપ થઈશ. ઇ કે'તી'તીને જ્યોતિ મારી દીકરી નીં પણ દીકરો હે. હું દીકરો સાબિત થઈ બતાવીશ.

પરંતુ માસી પાસેથી માહિતી જાણી જ્યોતિને ખૂબ આનંદ અને સંતોષ થયો. તારી મા બહુ હોખી હેં. પણ એના અંતરમાં તમને મળવાની ભૂખ અને અતૃપ્ત ઝંખનાની આગ હજીયે એવી ને એવી જ એના હૈયામાં ભડકે બળેરી. જે એને આજ પણ રાત દી દઝાડેરી. ને તારી મા એને લીધે રીબાય રી. **એને મનમાં એમ હે કે જીવતે જીવ એકવાર મારાં છોરાંના મોં જોવા જડશે તો જ હું નિરાંતે મરી હકીશ. નૈતો હું નિરાંતે મરીયે નૈ હકું ને 'અવગતે' જઈશ.** આ વાત માસી પાસેથી સાંભળી જ્યોતિ વિહ્વળ બની ગઈ. એની આંખમાં આંસુ આવી ગયાં. એ રોઈ પડી.

નાનબાઈએ એને હૈયાધારણ આપી. 'કાલે મળશું, બધું ભરાભર થઇ જશે.' જ્યોતિને થયું, 'ચાલો મોડું તો મોડું પણ મને હમજાયું તો ખરું, હું માને મળીશ અને જેમ બને તેમ જલ્દી મારી માની માફી માંગીશ અને તેના અંતરની ઇચ્છા પૂરી કરી મારા પાપનું પ્રાયશ્ચિત કરીશ.' વિચારતા વિચારતા તેની આંખ મળી ગઈ.

## મા-દીકરીનું અધૂરું મિલન

સવારે છ વાગે મનસુખભાઈ સાથે નાનબાઈ, જ્યોતિ અને ચિરાગ રતનના ગામ જવા નીકળ્યા. ત્રણ કલાક જેવો રસ્તો હતો.

જ્યોતિ આજે ગઈકાલ કરતાં થોડી નર્વસ દેખાતી હતી. આજે તેણે રસ્તામાં એની મા વિશે નાનબાઈને કશું પૂછ્યું નહીં ને એવી વાત પણ ન કાઢી. જ્યોતિને મૌન જોઈ નાનબાઈએ કહ્યું, "બેટા, આજે તું કંઈ બોલતી નથી. તો તને ઠીક તાં હે ને?"

"હોવે માસી, મને કાંઈ નથી થ્યું પણ કોણ જાણે કેમ મને આજે મજા નથી આવતી. મને થાયર્યું, મારી મા આપડી છેલ્લી મુલાકાત યાદ કરીને મારાથી નારાજ હશે તો?"

અરે બેટા, જોજે તા ખરી તમને જોઈને કેવી ગાંડી-ઘેલી થઈ જાય રી? મેં એને ફોનમાં કઈ દીધું હે હવારે જ્યોતિ - જમાઇ ને અમે તમને મલવા આવીયેર્યા. તો ઇ પહેલાંતાં હાચું નોતી માનતી. પણ મેં કીધું હાચાહાચ આવનારા હૈયે. તારા હમ. તૈયેં તાં ઇ માની ને પછી રાજીપામાં રોઈ પડી. પછીતાં મેં બધું કઈ દીધું કે જ્યોતિએ હાચી વાત જાણી તૈયે એને બૌ પસ્તાવો થ્યો. તૈયેં તાં ઇ માફી માંગવા આવેરી. મેં કીધું જ્યોતિ કે'તી'તી મારી મા મારાથી નારાજ હશે તોય મને મારી સતી માનાં દર્શન કરવા હે. એટલું કીધું તો ઇ ફરી રોઈ પડી. એના પછી ઇ ઝાઝી વાતે ન કરી હકી. મને કે બાઇ તેંતા મને મારું જીવતેજીવ સરગ દઈ દીધું. એનો બદલો હું કેમ વાળીશ? બાઈ, આ વખતે તાં જલાબાપાએ મારી અરદાસ જલદી હાંભળી.' આ સાંભળીને જ્યોતિની આંખમાં આંસુ આવી ગયા. આવી નવી જૂની વાતો કરતાં એ નવ વાગે રતનનાં ગામ પહોંચ્યા.

તેના ઘરનું સરનામું મનસુખભાઈ પાસે હતું. તે પૂછતાં-પૂછતાં એક સોસાયટી આગળ પહોંચ્યા. એ સોસાયટીમાં કોઈ ઘેર કંઈક અજુગતું બન્યું હશે એવાં ચિહ્નો દેખાયાં. ભાઈઓ ગળામાં ગમચાં નાખી આડા-અવળા થતા'તા ને નવા આવતા જતા હતા.

મનસુખભાઈએ ગાડી ત્યાં જ ઊભી રાખી. બધા નીચે ઊતર્યા. મનસુખભાઈએ રામ રામ કરી પૂછપરછ કરી. જવાબ સાંભળી એણે લાંબો નિસાસો નાખ્યો. તેણે ઇશારો કરી નાનબાઈને એકબાજુ બોલાવી. વાત કરી તો નાનબાઈની આંખમાં આંસુ આવી ગયા.

એ માંડ માંડ આંસુ રોકી શકી. જ્યોતિ ન દેખે તેમ આંસુ લૂછી, જ્યોતિને લઇ પેલા ભાઈએ બતાવેલ ઘર બાજુ ચાલ્યા. તેણે જ્યોતિને કંઈ જણાવ્યું નહીં. ઘરની નજીક પહોંચતા નાનબાઈને જ્યોતિકા દેખાઇ. તે પણ નાનબાઈને ઓળખી ગઈ. નાનબાઈને મલી તેને ભેટી પડી અને "માસી મારી મા...!" આટલું બોલી એ રડી પડી. એના ગળે ડૂમો ભરાયો.

એ આગળ ન બોલી શકી.

આવનાર જ્યોતિને આ બધું ન સમજાયું.

નાનબાઈએ જ્યોતિ તરફ ઈશારો કરતાં કહ્યું, “તારી બહેન જ્યોતિ!”

આવનાર જ્યોતિને (નવી) બહેન જ્યોતિકા ભેટીને “બહેન, મા...” આટલું કહેતાં જ એ રોઈ પડી. આવનાર જ્યોતિને સમજતા વાર ન લાગી. સામે જોયું તો શણગારેલ અર્થી ઉપર તેની માને સૂતેલી જોઈ. એનાથી ન રહેવાયું. તે દોડીને અર્થી ઉપર સુવડાવેલા એની મૃત માના દેહને ભેટીને રડી પડી. છંછોડી છંછોડીને એને જગાડવા મંડી. આક્રંદ કરતી કહેવા લાગી : “મા, એકવાર આંખ ખોલ. જો તો કોણ આવ્યું હે? હું તારી જ્યોતિ, મા હું તારી લાડકી જ્યોતિ. તને મલવા આવી હૌં. બોલ મા, એકવાર બોલ. હું તને મળવા આવત’તી ને તું એકાએક મને મલ્યા વગર રવાના થઇ ગઇ. તું માસીને કે’તી’તી ને તને એકવાર જ્યોતિને, તારી દીકરીને મલવું હે. હું હામેથી મલવા આવતી’તી ને તેં ઉતાવળ કરી. થોડીકતાં વાટ જોવી’તી.’

**‘મા, મારી ભૂલ થૈ. હું મોડી પડી. તું વાટ જોતી’તી પણ હું અભાગણી મોડી પડી. તને મળવું’તું પણ ન મળી હકી. મને માફ કર. તું હાચાહાચ સતી હો.** માસીએ રાતે જ બધી વાત કરી. મને એકવાર હોંકારો દે. મા મને એકવાર હોંકારો દે. મને માફ કર. હું તને નો’તો ઓળખી હકી. **ભૂલો બીજાની હતી ને બોલ્યાચાલ્યા વગર સજા તું ભોગવતી રહી. હે ભગવાન, મને જન્મોજન્મ આ જ મા દેજો.’**

જ્યોતિ કાલાવાલા અને આક્રંદ કરતી રડતી રહી.

નાનબાઈ પણ રતનના પગ પકડી રડી રહી હતી.

રતનની બીજી બાજુ જ્યોતિકા પણ આક્રંદ કરતી હતી.

રતનની અંતિમ ક્રિયામાં આવેલ તમામ સ્ત્રી-પુરુષો આ અપરિચિત વ્યક્તિઓનાં આક્રંદને જિજ્ઞાસાથી જોઈ ગુસપુસ કરી, આ લાગણીસભર દૃશ્ય જોઇ સૌની આંખો ભીની થઈ ગઈ.

બધાના કહેવાથી એ બંને દીકરીઓએ માને કાંધ આપ્યું.

સૌ સ્મશાને ગયા અને દીકરીના હાથે જ રતનમાના રતન જેવા દેહને અગ્નિદાહ આપ્યો. ભડભડ થતી એની જ્વાળા કહેતી હતી, **“કોઈ માંને છોરાં વછોઇ ન કરજો. જનેતા માથી છોરાંને જુદાં કરવા ઇ દુનિયાનું મોટામાં મોટું પાપ હે. માના દિલ ઉપર મોટામાં મોટો અત્યાચાર હે.”**

અને છોરાંવછોઇ રતનનો દેહ એનાં બાળકોનાં મોંમેળાપની અતૃપ્ત ઝંખના સાથે પંચ મહાભૂતમાં વિલીન થઈ ગયો.


***(સમાપ્ત)***

## “જ્ઞાન ગમ્મત”ના જવાબો

**(A) જમ્બલ વર્ડ્સ**

(1) ACCOMPANY (2) ADJECTIVE
(3) ADMIRABLE (4) ADMISSION
(5) ADVANTAGE (6) ADVENTURE
(7) ADVERTISE (8) AEROPLANE
(9) AFFECTION (10) AFFIDAVIT
(11) AFTERNOON (12) AGREEMENT
(13) ALLOTMENT

**(B) શબ્દ સાથિયા**



**(C)** **(1) Fork, (2) Pusher, (3) Dog, (4) Vinegar, (5) Cheese, (6) Garden, (7) Cart, (8) Braces, (9) Bolt, (10) Shovel, (11) Polish, (12) Tidy, (13) Tucker, (14) Drum, (15) Queen, (16) Day, (17) Spice, (18) Sound, (19) White, (20) Low.**

**(D) (૧) ગરજવાન, (૨) ન્યાયમંદિર**

## “મેઘધનુષ્યના રંગો” ગેમના જવાબ

(૧) ગોલ્ડન ટેમ્પલ, (૨) બ્લેક ફોરેસ્ટ, (૩) કાલા પાની, (૪) બ્લેક બોર્ડ, (૫) કાલીમા, (૬) ગ્રીન કાર્ડ, (૭) યલો ફીવર, (૮) રાતો સમુદ્ર, (૯) પીળા રૂમાલની ગાંઠ, (૧૦) બ્રાઉન સુગર, (૧૧) મફતલાલ, (૧૨) સફેદ રણ, (૧૩) સુવર્ણ, (૧૪) બ્લેક બેલ્ટ, (૧૫) મેરી ગોલ્ડ, (૧૬) રેડ લેબલ, (૧૭) શ્યામ સુંદર, (૧૮) વ્હાઈટ હાઉસ, (૧૯) લાલ બહાદુર શાસ્ત્રી, (૨૦) કોફી, (૨૧) લાલ બાદશાહ, (૨૨) ગ્રેહામ બેલ, (૨૩) ઓરેન્જ - નારંગી, (૨૪) કેસરી નંદન, (૨૫) બ્લેક - કાલિયા, (૨૬) કાળો ડુંગર, (૨૭) બ્લ્યુ બર્ડ, (૨૮) ચેરી રેડ, (૨૯) બ્રાઉન પેપર, (૩૦) યલો પેજિસ, (૩૧) રેડ ક્રોસ, (૩૨) પરપલ, (૩૩) બ્લ્યુ ફિલ્મ, (૩૪) બ્રાઉન બ્રેડ, (૩૫) ગ્રીન પાર્ક, (૩૬) પીળો કલર, (૩૭) પીંક સિટી, (૩૮) સફેદ કબૂતર, (૩૯) લાલ કિલ્લો, (૪૦) કાળા.

સમાચાર

# દેશ – દુનિયા સમાચાર – સંક્ષિપ્તમાં

સંકલન : દિનેશ આર. મહેતા

## પૂર્વ અને પશ્ચિમ કચ્છ – બે જિલ્લાનું સૂચન

વડાપ્રધાન તથા ગુજરાતના મુખ્યમંત્રી સમક્ષ ગાંધીધામની અગ્રણી વ્યાપારી સંસ્થા ગાંધીધામ ચેમ્બર ઑફ કોમર્સે કચ્છ જિલ્લાનું પૂર્વ અને પશ્ચિમ કચ્છ એમ બે જિલ્લામાં વિભાજન કરવા તાજેતરમાં લેખિત રજૂઆત કરી છે. ચેમ્બરના માનદ્ મંત્રીની એક અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે આ જિલ્લાનું પૂર્વ અને પશ્ચિમ કચ્છ એમ બે ભાગમાં વિભાગીકરણ થાય તો સરકારી વહીવટ વધુ સુચારુ ચાલે અને તેના ફળ અદના માનવી સુધી પહોંચી શકે.

## અબડાસા અને લખપતમાં ૨૦૨૨ સુધી સિંચાઇના પાણી પહોંચાડવા ખાતરી

ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તાજેતરમાં જ્યારે દુષ્કાળગ્રસ્ત લખપતની મુલાકાતે આવ્યા હતા ત્યારે અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ અબડાસા વિસ્તારનો પ્રાણપ્રશ્ન પાણીનો રજૂ કર્યો ત્યારે મુખ્યમંત્રીએ ખાતરી આપી હતી કે ૨૦૨૨ સુધીમાં સિંચાઈનાં પાણી અબડાસા અને લખપતમાં પહોંચાડી દેવામાં આવશે.

## ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ : કચ્છનું ૭૬.૪૫ ટકા પરિણામ

કારકિર્દીના માર્ગે મહત્ત્વના વળાંક સમાન બારમા ધોરણના વિજ્ઞાન પ્રવાહની ગુજરાત રાજ્યના માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ પરીક્ષાનું પરિણામ તા. ૦૯-૦૫-૨૦૧૯ના રોજ જાહેર થયું હતું. કચ્છના ૧૩૪૬ માંથી ૧૦૨૯ છાત્રો સફળ થતા ૭૬.૪૫ ટકા પરિણામ આવ્યું હતું. ગત વર્ષની તુલનાએ પરિણામ ૦.૩૦ ટકા વધ્યું છે. પરંતુ વીતેલા વર્ષોથી પહેલાના પાંચ વર્ષના પરિણામનો આંક વટાવી શક્યું નથી.

## પોસ્ટ ઓફિસ દ્વારા માત્ર ૨૦ રૂપિયામાં બચત ખાતું

સુરક્ષિત ભવિષ્ય માટે રોકાણ મહત્ત્વની બાબત છે. દેશની પોસ્ટ ઓફિસમાં હવે માત્ર ૨૦ રૂપિયામાં ખાતું ખોલાવી શકાય છે. આ બચત ખાતામાં ઓછામાં ઓછી બેલેન્સ ૫૦ રૂપિયા રાખવાની હોય છે. એ જ રીતે, ચેકની સુવિધાવાળા બચત ખાતા ૫૦૦ રૂપિયામાં ખોલાવી શકાય છે. એટલું જ નહીં, આવા ખાતા પર ચાર ટકા વ્યાજ પણ મળે છે. તે ઉપરાંત, આ ખાતામાં એકથી બીજી પોસ્ટ ઓફિસમાં રકમ ટ્રાન્સફર કરી શકાય છે.

## વાયુસેનાને મળી 'અપાચે' હેલિકોપ્ટરની શક્તિ

અમેરિકાના ઓરિઝોના - મીસા ખાતે આવેલા બોઇંગ ઉત્પાદન ક્ષેત્રમાં ભારતીય હવાઈદળને પહેલા અપાચે ગાર્જિયન એટેક હેલિકોપ્ટર એએચ-૬૪ (ઇ)(૧)ની વિધિવત સોંપણી તાજેતરમાં કરી દેવામાં આવી હતી. અમેરિકામાં યોજાયેલા સમારોહમાં આ પહેલા અપાચેને એરમાર્શલ એ.એસ. બુયેલાએ ભારતીય હવાઈ દળનું પ્રતિનિધિત્વ કરતાં પહેલાં અપાચેને સ્વીકાર્યું હતું. ૨૦૧૫માં અમેરિકા સાથે થયેલા રૂા. ૧૩,૯૫૨ કરોડના કરાર મુજબ ભારતીય એરફોર્સ માર્ચ-૨૦૨૦ સુધીમાં ૨૨ અપાચે હેલિકોપ્ટર સામેલ કરશે.

## એસ.બી.આઈ. દ્વારા ૩૬૨૨ કરોડ રૂપિયાના ચૂંટણી બોન્ડનું વેચાણ

ચૂંટણીની મોસમમાં પક્ષને દાન આપવા માટે લોકોએ ચૂંટણી બોન્ડની ભરપૂર ખરીદી કરી હતી. ચાલુ વર્ષે માર્ચ અને એપ્રિલ મહિનામાં એસ.બી.આઈ.એ ૩૬૨૨ કરોડ રૂપિયાના ચૂંટણી બોન્ડ વેચ્યા હતા. એક આર.ટી.આઈ. મારફતે આ જાણકારી સામે આવી છે. ચૂંટણી પંચે ૧૦ માર્ચના રોજ સામાન્ય ચૂંટણીની જાહેરાત કરી હતી અને ૧૧ એપ્રિલથી મતદાન શરૂ થયું હતું. જો કે આ ચૂંટણી બોન્ડ મારફતે કઈ પાર્ટીને કેટલું દાન મળ્યું છે તેની જાણકારી માત્ર દાન દાતા અને તેને મેળવનારાઓ પાસે જ રહેશે. ગયા વર્ષે ચૂંટણી બોન્ડ સ્કીમની શરૂઆત કરવામાં આવી હતી. જેના મારફતે રાજકીય પક્ષો અસીમિત દાન લઈ શકે છે અને તેનો રેકોર્ડ પણ રાખવાની જરૂર હોતી નથી.

## જૈન શાસનનો ૨૫૭૫મો સ્થાપના દિવસ આસ્થા અને ઉલ્લાસપૂર્વક ઉજવાયો

વૈશાખ સુદ-૧૧ના રોજ જૈન શાસનનો ૨૫૭૫મો સ્થાપના દિવસ આસ્થા - ઉલ્લાસપૂર્વક સમગ્ર ભારતભરમાં ઉજવવામાં આવ્યો હતો. ૨૫૭૪ વર્ષ અગાઉ ભગવાન મહાવીર સ્વામીએ

જૈન શાસનની સ્થાપના કરી હતી. જેમાં ચતુર્વિધ સંઘની સ્થાપના કે જેમાં શ્રાવક - શ્રાવિકા - સાધુ - સાધ્વીજીનો સમાવેશ થાય છે. વૈશાખ સુદ-૧૧ના જ દિવસે ગૌતમ સ્વામી આદિ ૧૧ ગણધરોની સાથે ૪૪૦૦ મુમુક્ષુઓએ પ્રભુના હાથે દીક્ષા ગ્રહણ કરી હતી. આ ભવ્ય અને પવિત્ર દિવસની દરેક સ્થળે વિવિધ જૈન સંઘોમાં ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

## પતિ કોમામાં હોય તો પત્ની તેની સંપત્તિઓ વેચી શકે

મુંબઈની વડી અદાલતે એક ધ્યાન ખેંચનારા ચુકાદામાં છ વર્ષથી કોમામાં પડેલા એક તબીબની પત્નીને વાલી નિયુક્ત કરીને પતિની કેટલીક સંપત્તિઓ વેચવાની તાજેતરમાં છૂટ આપી હતી. મહિલાએ તબીબી તેમજ બાળકોના અભ્યાસના ખર્ચના કારણો આપીને કરેલી અપીલ સ્વીકારતાં હાઈકોર્ટે કોમામાં રહેલી વ્યક્તિની પત્નીને પતિની સંપત્તિ વેચવાની મંજૂરી આપી હતી.

## ઇ.વી.એમ. અંગે અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

લોકસભા ચૂંટણીની મતગણનામાં ૫૦ ટકા ઇ.વી.એમ.ની વીવીપેટ મશીનથી મેળવણી કરવાની ૨૧ વિપક્ષની અરજી તાજેતરમાં સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. ૨૧ પક્ષો દ્વારા સંયુક્ત રૂપે કરવામાં આવેલી આ અરજીમાં જણાવ્યું હતું કે પહેલાની સરખામણીમાં વધુ વીવીપેટની ગણતરીની જોગવાઈનો આદેશ આપ્યો છે તે સંતોષકારક નથી. તેને બદલીને દરેક બેઠકના ૫૦ ટકા વીવીપેટની મેળવણી કરવાની વ્યવસ્થા કરવામાં આવે. સુપ્રીમ કોર્ટે આ દલીલને વધુ મહત્ત્વ આપ્યું નહીં અને અરજી ફગાવી દેવામાં આવી હતી.

## નૌશાદ - નરગિસનો સુરીલો સમન્વય

તા. ૦૫-૦૫-૨૦૦૬ના દિને સિને સંગીત વ્યોમનો એક સમયનો ઝળહળતો સિતારો વિલાઈ ગયો. સંગીતકાર નૌશાદનું નિધન તે દિવસે થયું હતું. જ્યારે તા. ૦૩-૦૫-૧૯૮૧ના દિને અભિનેત્રી નરગિસની ચિરવિદાય થઈ હતી. સંગીતકાર નૌશાદ અને અભિનેત્રી નરગિસ સંબંધિત સુરિલા સહયોગના નિમિત્ત હતા સિને સર્જક મહેબૂબ ખાન. ''મધર ઈન્ડિયા''માં સંગીતકાર નૌશાદ અને અભિનેત્રી નરગિસનો પહેલવહેલો સહયોગ સંગીતકાર અને અભિનેત્રીના સમન્વયનાં સ્વરૂપે સધાયો હતો. ***''નગરી નગરી દ્વારે દ્વારે ઢૂંઢૂં રે સાંવરિયા, પિયા, પિયા, રટતે હો ગઈ રે બાવરિયા...''*** એ ગીત થકી સહિયારી સુરીલી યાત્રાનો પ્રારંભ થયો હતો. એ પશ્ચાત ''અંદાઝ'' ફિલ્મ આવી હતી. એ ફિલ્મના ગીતોનું ગુંજન.... ***''કોઈ મેરે દિલમેં ખુશી બનકે આયા, અંધેરા થા ઘર મેં રોશની બનકે આયા...'' ''ઉઠાયે જા ઉનકે સિતમ ઔર જિયે જા યૂંહી મુસ્કુરાયે જા, આંસુ પિયે જા...''*** વગેરે સદાબહાર સુરીલા ગીતો આજે પણ ગાવા ગમે તેવા છે. ત્યાર પછીની ફિલ્મો હતી... ''દિદાર'', ''મેલા'', ''બાબુલ'' વગેરે.

## પાંચ વર્ષમાં ડેબિટ કાર્ડની સંખ્યા બમણી

છેલ્લા પાંચ વર્ષમાં ડેબિટ કાર્ડની સંખ્યા બમણી થઈ ગઈ છે. ફેબ્રુઆરી ૨૦૧૯ સુધી દેશમાં ૯૪ કરોડ ડેબિટ કાર્ડ નોંધાયા છે. ઓગસ્ટ ૨૦૧૪માં જનધન યોજનાની શરૂઆત કરવામાં આવી ત્યારે આની સંખ્યા ૪૨ કરોડ હતી. એ.ટી.એમ.ની સંખ્યા માત્ર ૨૦ ટકાના વધારા સાથે ૧.૭૦ લાખથી વધીને ૨.૦૨ લાખ થઈ છે. સરક્યુલેશનમાં રોકડ વધીને ૨૧.૩૬ લાખ કરોડ સુધી પહોંચી ગઈ છે.

## સરહદ પર એર ડિફેન્સ યુનિટ તૈનાત

ભારતીય સેનાએ એક મોટા નિર્ણય હેઠળ હવે પોતાના તમામ એર ડિફેન્સ યુનિટને બોર્ડરની નજીક લઈ જવાનું નક્કી કર્યું છે. બાલાકોટ એર સ્ટ્રાઈક પછી પાકિસ્તાનના કેટલાક વિમાન ભારતીય સરહદમાં ઘૂસી આવ્યા હતા. આ ઘટનાને ધ્યાનમાં રાખીને જ આ નિર્ણય લેવામાં આવ્યો છે. ભવિષ્યમાં અગર બાલાકોટ જેવી સ્થિતિ ઉત્પન્ન થશે તો આ ડિફેન્સ યુનિટનો ઉપયોગ કરવામાં આવશે. આ પ્રકારના નિર્ણયો સેનામાં એક મોટી બેઠકને અંતે લેવામાં આવ્યા હતા.

## આઈ.સી.સી.ની રેફરી પેનલમાં સ્થાન મેળવનાર પ્રથમ મહિલા

આઈ.સી.સી.એ ભારતની જી.એસ. લક્ષ્મીને મેચ રેફરીની ઈન્ટરનેશનલ પેનલમાં સ્થાન આપ્યું છે. તેણી આ પેનલમાં સ્થાન મેળવનાર પહેલી મહિલા રેફરી છે. હવે જી.એસ. લક્ષ્મી પુરુષોના ઈન્ટરનેશનલ ક્રિકેટ મેચમાં રેફરીની ભૂમિકામાં ટૂંક સમયમાં જોવા મળશે. આંધ્ર પ્રદેશની ૫૧ વર્ષીય જી.એસ. લક્ષ્મીએ ૨૦૦૮માં પહેલીવાર ઘરેલુ મહિલા ક્રિકેટમાં રેફરીની જવાબદારી સંભાળી હતી.

## જગવિખ્યાત એગ્રોકેમિકલ કંપની મોન્સાન્ટોને રૂા. ૧૪૫ અબજનો દંડ

અમેરિકાની કેલિફોર્નિયા રાજ્યની કોર્ટે તાજેતરમાં જગવિખ્યાત એગ્રોકેમિકલ કંપની મોન્સાન્ટોને ૨.૦૫૫ અબજ ડોલર (અંદાજે ૧૪૫ અબજ રૂપિયા)નો દંડ ફટકાર્યો હતો. કંપનીએ એક ગ્લીફોસેટ નામનું રસાયણ વિકસાવ્યું છે. આ રસાયણનું કામ નિંદામણનો નાશ કરવાનું છે. આ રસાયણ કંપની રાઉન્ડઅપ બ્રાન્ડ નેમથી માર્કેટમાં વેચે છે. પરંતુ ગ્લિસોફેટમાં કેન્સર સર્જે એવા હાનિકારક દ્રવ્યો હોવાની માહિતી કંપનીએ છૂપાવી હતી. આ માહિતી ગુપ્ત રાખવા બદલ કંપનીને અમેરિકામાં સૌથી મોટો દંડ થયો છે. કેલિફોર્નિયામાં રહેતા વૃધ્ધ યુગલ આલ્વા અને આલ્બર્ટા પિલિયડે કંપની વિરુધ્ધ આ કેસ દાખલ કર્યો હતો. તેઓ એક દાયકાથી આ નિંદામણ નાશક દવા વાપરતા હતા. તેના કારણે જ તેમને કેન્સર થયું હોવાનું જણાવ્યું હતું. આ દંપતિના શરીરમાં દવાના સંપર્કમાં આવ્યા પછી લોહીનું કેન્સર જોવા મળ્યું હતું. કંપનીએ વૈજ્ઞાનિક સંશોધનો ખોટા જાહેર કરવા માટે અબજો રૂપિયાનો ખર્ચ કર્યો હતો પરંતુ કેન્સરકારક તત્ત્વો હટાવવા પ્રયાસ કર્યો ન હતો.

# અન્ય સંસ્થાઓના સમાચાર

## 'ચક્રમ-ચંદન' મેગેઝિનના શિલ્પી અને ૫૧ ગૌરવવંતા ગુજરાતીઓમાં સ્થાન પામનાર યુનુસ ગોલીબારને વિશિષ્ટ સન્માનથી બિરદાવાયા

### *૧૭૩ નવલકથાઓ લખી. હોરર નવલકથાઓની નોંધ લિમ્કા બુક ઑફ રેકોર્ડઝમાં લેવાઈ*



ગુજરાતી મેગેઝિનની જ્યારે પણ ચર્ચા થાય ત્યારે વર્ષોથી એક નામ કાયમ અગ્રક્રમે હોય છે અને એ નામ છે : "ચક્રમ." જે આજે 'ચક્રમ-ચંદન'ના નામે મેગેઝિનના ક્ષેત્રમાં અડિખમ ઊભું રહ્યું છે. આ મેગેઝિનની શરૂઆત નૂરમોહમ્મદ જુસબ ગોલીબારે (એન.જે. ગોલીબારે) કરી હતી. જેની બાગડોર આજે તેમના પુત્ર યુનુસ એન. ગોલીબારના હાથમાં છે. વાત કરીએ યુનુસ ગોલીબારની તો જેમ 'ચક્રમ' કહેતા જ એક મેગેઝિન એવી ઓળખ સામે આવે છે, એવી જ રીતે યુનુસ ગોલીબાર બોલતાં જ એક ઓળખ સામે આવે છે અને એ છે **'એટમ અંકલ.'** જેમણે ગુજરાતી મેગેઝિનને ઘણું જ આપ્યું છે એવા યુનુસ ગોલીબારને તાજેતરમાં અમદાવાદ ખાતે હાલાઈ મેમન મોટી જમાત દ્વારા આયોજિત ઓલ ઇન્ડિયા મેમણ જમાત ફેડરેશનના એમ.જી.એમ. અને કન્વેન્શનમાં તેમની વિશિષ્ટ સિદ્ધિઓ તેમજ દેશ અને દુનિયામાં સમાજનું નામ ગુંજતું કરવા બદલ વિશિષ્ટ ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગુજરાતમાં રહી મેગેઝિન ક્ષેત્રે અદ્‌ભુત અને અદ્વિતીય કામગીરી કરનાર યુનુસ ગોલીબાર અનેક વિષયો પર જબરદસ્ત પક્કડ ધરાવે છે. ગુજરાતી, અંગ્રેજી, ફારસી, સંસ્કૃત, હિંદી, અરબી, ઉર્દુ સહિતની અનેક ભાષાઓ પર સરળ પ્રભુત્વ ધરાવતા યુનુસભાઈને તેમની લેખન કામગીરી બદલ અનેક ઍવોર્ડ અને સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા છે. **ગુજરાતભરમાંથી સાહિત્ય અને પત્રકારત્વ ક્ષેત્રે જે ૫૧ શ્રેષ્ઠ ગુજરાતીઓની પસંદગી કરવામાં આવી છે તેમાં યુનુસ ગોલીબાર સ્થાન પામ્યા છે.** જે મેમન, મુસ્લિમ સમાજ તથા સમગ્ર સાહિત્ય જગત માટે ગૌરવની વાત છે.

આ અગાઉ મુંબઈના ભાભા ઑડિટોરિયમમાં ૨૬ માર્ચ, ૨૦૦૫ના રોજ વર્લ્ડ મેમન ઓર્ગેનાઇઝેશન તરફથી કેન્દ્રિય પ્રધાન ઇ. અહેમદના હસ્તે આઉટ સ્ટેન્ડિંગ એચિવમેન્ટ ઍવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

યુનુસભાઈએ અત્યાર સુધી ૧૭૩ નવલકથાઓ લખી છે કે જેમાં જુદા જુદા વિષયોને વણી લેવાયા છે. તેમાંય હોરર નવલકથાઓ લખવા બદલ તેમની નોંધ "લિમ્કા બુક ઑફ રેકોર્ડસ"માં પણ લેવાઇ છે. તેવા યુનુસ ગોલીબારનો ૫૧ ગૌરવવંતા ગુજરાતીઓમાં સમાવેશ થતા તેમનું ઓલ ઇન્ડિયા મેમણ જમાત ફેડરેશનના પ્રમુખ ઇકબાલભાઈ ઓફિસરના હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

**યુનુસ ગોલીબારે જાહેરાત વિના મેગેઝિન કેવી રીતે ચલાવી શકાય?** તે ઊંડી સુઝબુઝથી સાબિત કરી બતાવ્યું છે. તાજેતરમાં અમદાવાદ ખાતે ઓલ ઇન્ડિયા મેમણ જમાત ફેડરેશનના કાર્યક્રમમાં યુનુસભાઇને તેમની વિશિષ્ટ સિદ્ધિઓ બદલ ઍવોર્ડથી સન્માનિત કરાતા સમગ્ર મેમણ જમાત અને તેમના ચાહકવર્ગના લોકોએ ગર્વની લાગણી અનુભવી હતી. વળી યુનુસભાઈની 'ચક્રમ-ચંદન' સાથેની સફળતાની જે યાત્રા છે તે ઘણું શીખવી જાય છે. **આજે જ્યાં ચોપાનિયું ચલાવવામાં પણ ચાર દિવસમાં નાકે દમ આવી જાય છે ત્યારે તેમણે છેલ્લા ૭૩ વર્ષથી જાહેરાત વિના મેગેઝિન ચલાવી સતત સફળતા હાંસલ કરી અનેક માટે પ્રેરણારૂપ બન્યા છે.**

## અંજાર ખાતે કાવ્ય નિર્ઝરીની બેઠક યોજાઇ

તાજેતરમાં અંજાર ખાતે કાવ્યનિર્ઝરીની બેઠક વડીલ સભ્ય સરસ્વતીબેન સોલંકીના નિવાસ સ્થાને યોજાઈ હતી. અધ્યક્ષા પુષ્પાબેન સાથે રમીલાબેન મહેતા, અરુણા ઠક્કર, સુધાબેન ઝવેરી વગેરે સભ્યો જોડાયા હતા. જેમાં ભુજ, અંજાર અને માંડવીના સંસ્મરણો યાદ કર્યા હતા. સભ્યોએ ભાવવિભોર બની યાદોની ગાંઠડી ખોલીને બચપણને યાદ કરી લીધું હતું. ત્યારબાદ કાવ્ય પઠનનો દોર ચાલુ થયો હતો.

'લાગણી કેરા ત્રાજવે તોળાયું મન', 'નેક દિલ થઈ જાય

રમત'ની રજૂઆત ચેતના જોષીએ, જયારે રમીલાબેન 'પાળિયાના શહીદની વિધવાની વાત', 'બાઈ રે હું તો કિયારે મલકમાં આવી' રજૂ કર્યા હતા. સિનિયર સિટીઝનની મજાની વાત પુષ્પાબેને 'આપણે તો રોજરોજ રવિવારની રજા'માં રજૂ કરી. યજમાન સરસ્વતીબેને 'ઠોકર'ની રજૂઆત ગઝલના બંધારણમાં કરી હતી. સુધાબેન અને દીનાબેને 'કહે બારી મને ખોલો, તમને આભ દેખાડું' અને 'જિંદગીના રોમ-રોમમાંથી પ્રગટેલી વેદના' રજૂ કરી હતી. ભુજ નગર અધ્યક્ષા લતાબેન સોલંકીએ 'આ આંસુઓની ખુમારી તો જુઓ' અને હિંદી કવયિત્રી અનિતા વર્માએ 'લે માન લિયા અપના, અબ તકરાર ન કર'ની સુંદર રજૂઆત કરી હતી. આદિપુરના જોગેશ્વરીબેને પણ શ્રીકૃષ્ણને કેન્દ્રમાં રાખી રચાયેલી અછાંદસ કૃતિ રજૂ કરી હતી. અરુણા ઠક્કરે 'તારું-મારું છૂટે તો સારું, આત્મા મારો ઉઠે તો સારું'ની જ્યારે અન્ય બેઠકમાં રૂપલ મહેતાએ હાસ્યવ્યંગની રચના 'ખુશીનું પહેરણ' અને રિયા પવાણીએ પણ 'મન'ને કેન્દ્રમાં રાખી રચાયેલી રચના રજૂ કરી હતી. કમલાબેન ઠક્કરે 'મરીઝ'ની રચનાનું પઠન કર્યું હતું.

આ રીતે વિવિધ વક્તાઓએ પોતાની કાવ્ય રચના સાથે જૂના સંસ્મરણો વાગોળ્યા હતા.ો

## ભુજમાં વાર્તા વિહાર સાહિત્ય સભાનો વાર્ષિકોત્સવ ઉજવાયો

### નવી પેઢી કચ્છના વાર્તાકારો માટે જાગૃત બને...

ભુજમાં છઠ્ઠીબારી મહિલા મંડળના શિશુ વાટિકા ખાતે વાર્તાવિહાર સાહિત્ય સભાનો છઠ્ઠો વાર્ષિકોત્સવ ડૉ. જયંત ખત્રીના સર્જનના વિવિધ પાસાને ઉજાગર કરતા નિષ્ણાતોના પ્રવચન સાથે તાજેતરમાં ઉજવાયો હતો.

પ્રારંભમાં સંસ્થાના પ્રમુખ રમીલાબેન મહેતાએ સંસ્થાની છ વર્ષના સફરની વાત સાથે મહેમાનોનું સ્વાગત કર્યું હતું. ઍડવોકેટ શંકરભાઈ સચદે અને મંચસ્થ મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. મહેમાનોનું વરિષ્ઠ પત્રકાર કીર્તિભાઈ ખત્રી, ડૉ. રાજેશ બસિયા, અતિથિ વિશેષ છઠ્ઠીબારી મહિલા મંડળના પ્રમુખ પુષ્પાબેન વૈદ્ય, નગર અધ્યક્ષા લતાબેન સોલંકી અને પ્રો. ચૈતાલી ઠક્કરનું રમીલાબેન મહેતા વગેરેએ સ્વાગત કર્યું હતું. સ્વ. કનુભાઈ જોષી આયોજિત 'ડૉ. જયંત ખત્રીના સર્જનમાં નારી પાત્રો' વિષયક નિબંધના વિજેતા પૂજન જાની, ગીતા એસ. શાહ અને અન્ય સ્પર્ધકોનું સન્માન રમેશ રોશિયા, ડૉ. મિહિર વોરા અને ખોજા શબાનાના હસ્તે રોકડ પુરસ્કાર અને મોમેન્ટો આપી કરવામાં આવ્યું હતું.

પ્રવચનના દોરમાં શ્રી સચદેએ ડૉ. ખત્રીનું સર્જન તે સમયના ગાંધીવાદી સર્જકો કરતાં અલગ તરી આવ્યું અને વંચિતો અને શોષિત વર્ગની વાત કરીને તેમના દુઃખ-દર્દને તેમણે વાચા આપી. ડૉ. રાજેશભાઈએ જણાવ્યું કે તેમની કલમમાંથી વિદેશી સર્જકો એન્ટન ચેખોવ ઓ'હેન્રી કે મોંપાસાના સર્જનની હરોળમાં બેસે એવી નવલિકા ઉતરી આવી.

કીર્તિભાઈએ એ બધા કરતાં જુદી વાત કહી કે, 'સર્જન થયું, લખાયું પણ એ જગ્યા, સ્થળ, વાતાવરણને નિહાળવા અમે કિરીટ દૂધાત સાથે ફર્યા. 'હીરો ખૂંટ' લખાઇ એ માંડવીનો શાકમાર્કેટ પાછળનો ચોક, દરિયા કિનારો, મોરજરની કોતર વચ્ચે ત્યારે વહેતી હશે એ ભોયડ નદી, સૂકા મૂલકને જોયા ત્યારે અભિભૂત થઇ જવાયું. વાર્તાના આબેહૂબ વર્ણનને નજરે જોવાનો લહાવો મળ્યો. નવી પેઢી કચ્છના વાર્તાકારો માટે જાગરુક બની સેમિનારો, વાર્તાલાપોમાં સક્રિય બને એવી આશા વ્યક્ત કરી હતી. ભાનુબેન, મુક્તાબેન, કલ્પનાબેન, હરેન ખત્રી ઉપરાંત ઝવેરીલાલ સોનેજી વગેરે સાહિત્યપ્રેમી હાજર રહ્યા હતા.

## શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ

★ સંસ્થા દ્વારા તા. ૧-૪-૨૦૧૮થી તા. ૩૧-૩-૨૦૧૯ દરમિયાન નીચે દર્શાવ્યા મુજબ અમદાવાદ શહેરના તેમજ ખેડા જિલ્લાના જુદાજુદા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી ગેરકાયદેસર કતલખાને લઇ જતા કુલ ૭૫૬ અબોલ જીવોને બચાવી પાંજરાપોળમાં આશ્રય અપાવેલ છે. એપ્રિલ-૨૦૧૮ : ૪૮, મે-૨૦૧૮ : ૧૬, જૂન-૨૦૧૮ : ૧૦૯, જુલાઈ-૨૦૧૮ : ૫૯, ઓગસ્ટ-૨૦૧૮ : ૨૦૪, સપ્ટેમ્બર-૨૦૧૮ : ૨૦, ઑક્ટોબર-૨૦૧૮ : ૬૫, નવેમ્બર-૨૦૧૮ : ૩૬, ડિસેમ્બર-૨૦૧૮ : ૪૧, જાન્યુઆરી-૨૦૧૯ : ૪૨, ફેબ્રુઆરી-૨૦૧૯ : ૪૮, માર્ચ-૨૦૧૯ : ૬૮

★ સંસ્થા દ્વારા એપ્રિલ-૨૦૧૮થી માર્ચ-૨૦૧૯ સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ કુલ ૧૪૫ જરૂરિયાતમંદ દર્દીઓની સેવા કરવામાં આવેલ. એપ્રિલ-૨૦૧૮ : ૧૬, મે-૨૦૧૮ : ૧૨, જૂન-૨૦૧૮ : ૧૪, જુલાઈ-૨૦૧૮ : ૯, ઓગસ્ટ-૨૦૧૮ : ૧૧, સપ્ટેમ્બર-૨૦૧૮ : ૯, ઑક્ટોબર-૨૦૧૮ : ૧૪, નવેમ્બર-૨૦૧૮ : ૪, ડિસેમ્બર-૨૦૧૮ : ૧૦, જાન્યુઆરી-૨૦૧૯ : ૧૫, ફેબ્રુઆરી-૨૦૧૯ : ૧૨, માર્ચ-૨૦૧૯ : ૧૯

★ સંસ્થાએ છેલ્લા બે માસમાં અમદાવાદ શહેર તેમજ ખેડા જિલ્લાના જુદા જુદા પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાંથી ગેરકાયદેસર કતલખાને જતા કુલ ૧૬૯ અબોલ જીવોને બચાવી અભયદાન અપાવેલ છે, એમ ઉપરોક્ત સંસ્થાની યાદીમાં જણાવાયું છે.

# મેરેજ બ્યુરો

મેરેજ બ્યુરો - લગ્ન બ્યુરો હમણાં છેલ્લા પાંચ-સાત વર્ષથી વધારે સક્રિય થઈ રહ્યા છે. અગાઉ બે પાંચ વડીલોને વાત કરીએ તો યુવક - યુવતીઓનું ગોઠવાઈ જતું અને યુવક ૨૧ અને યુવતી ૧૮ વર્ષની થાય એટલે તેના માટે યોગ્ય પાત્ર શોધવાનું કામ શરૂ થઈ જતું.

હાલમાં તો ૨૪-૨૫ વર્ષ સુધી તો ભણવાનું પૂર્ણ થતું નથી. ઉચ્ચ અભ્યાસ પછી તેની કારકિર્દી પર નજર અને કારકિર્દી જોતા જોતા ઉંમર ક્યાંય પસાર થઈ જાય છે, તેની ખબર જ પડતી નથી. પછી મનપસંદ પાત્ર શોધવાનું કામ શરૂ થાય. **જેટલું વધારે ભણતર એટલી અપેક્ષાઓ ઊંચી અને એટલા જ અરમાનો ઊંચા. પસંદગી પણ ઊંચી પરંતુ મનની વાસ્તવિક્તા કેટલી ઉંચી નીવડશે એનો ખ્યાલ મોડેથી જ આવે.**

શિક્ષણ વધ્યું, એનો વ્યાપ વધ્યો એટલે યુવક - યુવતીઓ ગામડાઓ છોડી શહેરોમાં ઉચ્ચ અભ્યાસ માટે આવવા લાગ્યા અને એના કારણે એમના રીતરિવાજ, પહેરવેશ વગેરેમાં બદલાવ આવ્યો.

અગાઉ તો ગામમાં કે સમાજમાં મા-બાપ કે વડીલોની શાખના કારણે બંને બાજુના સંબંધો તુરત જ થઈ જતા અને સૌ કોઈને એકબીજા પ્રત્યે આદર અને સન્માનના ભાવની લાગણી થતી હતી. આજે મહિલાઓ પણ ખૂબ આગળ નીકળી છે એ પ્રશંસનીય છે. **પરંતુ શિક્ષણની સાથે જે વ્યવહારિક, સાંસારીક જ્ઞાન કે સંસ્કાર મળવા જોઈએ, તેનો અભાવ દેખાવા લાગ્યો** અને એના કારણે જ મા-બાપ કે વડીલો યુવક-યુવતીને એટલે કે પોતાના સંતાનોને સારું નરસું સમજાવતા ખચકાટ અનુભવે છે. કદાચ વધારે દબાણ કરશું તો સંતાન ભાગીને અન્ય કોઈ સાથે સંબંધો બાંધી બેસશે અથવા તો અવિચારી પગલું ભરી બેસશે એવો ડર દરેક મા-બાપને રહે છે. એનું મુખ્ય કારણ જરૂરી સંસ્કારનો અભાવ! શિક્ષણ વધવાની સાથે સમજ વધે એવું હોતું નથી. યુવાવસ્થા એ એક એવી અવસ્થા છે કે અનુભવ અને સાચી સમજણ વગરના નિર્ણયો માટે પસ્તાવું પડતું હોય છે. ત્યારે કદાચ મોડું પણ થઈ ગયું હોય છે. અગર વડીલોના આશિષ અને માર્ગદર્શન હેઠળ નિર્ણય લેવાયો હોય તો ઉભય પક્ષે ફાયદો થાય છે. જ્યારે યુવાવર્ગ તે પ્રમાણે વર્તે નહીં તો સમાજના મોભીઓ પણ કોઈ જવાબદારી ઉઠાવવા તૈયાર થતા નથી અને છેવટે પસંદગીના પાત્ર માટે આશરો લેવો પડે છે મેરેજ બ્યુરોનો.

આજે કેટલાક સમાજ તથા સંસ્થાઓ આવા મેરેજ બ્યુરો ચલાવીને યુવક યુવતીઓ પાસેથી સારી એવી રકમ જમા મેળવે છે. એમાં પણ કોઈ ગેરંટી હોતી જ નથી કારણકે બંને પક્ષે પરસ્પર અજાણ્યા સંબંધો હોય છે. આમ છતાં કલાક બે કલાકના ઈન્ટરવ્યૂમાં આખી જિંદગી માટે યોગ્ય પસંદગી કરવા મજબૂર બને છે.

તમે ધ્યાનથી જોશો તો ખ્યાલ આવશે કે મેરેજ બ્યુરોમાં ૧૮થી ૨૧ વર્ષના યુવતીઓ કે યુવકો હશે જ નહીં. અગાઉ સમાજમાં વહેલા લગ્ન કરવાના ઘણા બધા કારણો હતા. જેમકે વહેલા લગ્ન થાય તો સંતાન વહેલા થાય અને જ્યારે વૃધ્ધાવસ્થાએ પહોંચે તે પહેલા તેના સંતાનોના પણ સંબંધો થઈ ગયા હોય. આજકાલ કહેવામાં આવે છે કે યુવતીઓની અછત છે. ના, ખરેખર એવું નથી. **યુવક કરતા યુવતીના લગ્ન સંબંધોના માપદંડો બદલાયા છે. એટલે જ મોટી ઉંમર સુધી યુવતીઓ પોતાની પસંદગી કરી શકતી જ નથી.** યુવતીઓની માંગણી અને અપેક્ષા વધુ પડતી હોય છે. તે સંજોગોમાં મા-બાપો પણ પોતાની પુત્રીઓને સમજાવી શકતા નથી. બીજી તરફ, યુવતીઓ પણ પોતાની જીદ છોડવા તૈયાર થતી નથી. નહિંતર પસંદગીનું પાત્ર મેળવવાનું એટલું કપરું નથી. આધુનિક ટેકનોલોજીના કારણે પસંદગી વિશાળ રીતે થઈ શકે છે. આ કારણે મેરેજ બ્યુરો ચારે તરફ ફુલ્યા ફાલ્યા છે.

જેમ વડીલો વૃધ્ધ થાય અને એને કોઈ સાચવનાર કે સમજનાર ન હોય ત્યારે તેમના માટે છેવટનું સ્થાન વૃધ્ધાશ્રમ ગણી શકાય. એવું જ કંઈક લગ્નબ્યુરોનું લાગે છે. લગ્નોત્સુક યુવક-યુવતીઓને મા-બાપ કે વડીલો સમજાવી શકતા નથી. તેથી પરાણે એમને લગ્ન બ્યુરોના સહારે જવું પડે છે. **હકીકતમાં પોતાના સમાજમાં સારી સંખ્યામાં યુવક-યુવતીઓ હોય છે, તેમાંથી યોગ્ય પાત્રની પસંદગી કરી શકાય છે.** એ સંજોગોમાં મેરેજ બ્યુરોના માધ્યમથી અન્ય સમાજમાં જવાની જરૂર રહેતી નથી.

અંતમાં, લગ્નોત્સુક પાત્રને જો સારા સંસ્કારનો વારસો નહીં મળ્યો હોય તો ગમે તેવું પાત્ર પસંદ કરશે. તે સ્થિતિમાં એની સાથે રહેવું અને પોતાના પરિવાર સાથેનો સંબંધ ટકાવી રાખવો મુશ્કેલ બનશે. અગર યોગ્ય સમયે કાંઈક જતું કરવાની ભાવના હશે તો તમારા સંસાર સાગરની નૈયા ક્યાંય પહોંચી જશે અને સુખ-શાંતિથી પોતાનું જીવન પસાર કરી શકશે.


***નીતિન એચ. સંઘવી - ગાંધીનગર***

*ધર્મની હંમેશાં વધુ અસર સ્ત્રીઓને થાય છે. એનું કારણ એમનું કોમળ હૃદય છે. આ કોમળ હૃદયને કારણે મહિલાઓમાં કરૂણાની ભાવના પણ વધુ જન્મે છે. આ કારણે જ, કહેવાતા ધર્મગુરૂઓ અને ઢોંગી બાવાઓના વ્યાખ્યાનો, પ્રવચનોની સૌથી વધુ અસર સ્ત્રીઓ ઉપર થાય છે. સ્ત્રીઓની આ નબળાઈને કારણે જ આ લોકો વધુ ફાવે છે.*

***પ્રેષક : ગુલાબચંદ ડી. સાવલા - અમદાવાદ***

વૈવિધ્ય

# આપણને કેટલી જગ્યા જોઈશે?



જાદવજી કાનજી વોરા

વિશ્વવિખ્યાત ધંધાકીય સામાયિક ફોર્બસ મેગેઝિનના જણાવ્યા મુજબ દુનિયાના પાંચમા નંબરના ધનાઢ્ય રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ શ્રી મૂકેશ અંબાણીનું હાલનું નિવાસ સ્થાન એટલે કે મુંબઈ, અલ્ટામાઉન્ટ રોડ પરનું "એન્ટિલિઆ બિલ્ડિંગ" **એ દુનિયાનું સૌથી મોટું (૪ લાખ ચોરસ ફૂટ) અને સૌથી મોંઘું ઘર છે.** સાડા પાંચસો ફૂટની ઊંચાઈ ધરાવતા રૂા. ૪૦૦૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા આ ૨૭ માળના મકાનમાં શ્રી મૂકેશભાઈ, પત્ની નીતાબેન, તેમના ત્રણ બાળકો તથા માતાજી કોકિલાબેન – એમ છ જણાનું કુટુંબ રહે છે. તેમની સરભરા માટે ૬૦૦ કર્મચારીઓનો કાફલો પણ ત્યાં તૈયાર રાખવામાં આવ્યો છે. ૨૧મી સદીના તાજમહેલ જેવી અજાયબી સમાન આ મકાનમાં ૧૬૮ વૈભવશાળી વિદેશી ગાડીઓ રાખવા માટે નીચેના ૬ માળા આરક્ષિત રાખવામાં આવ્યા છે. મકાનના આઠમા માળે મનોરંજન માટે ૫૦ જણા માણી શકે એવું મિનિ થિયેટર બનાવવામાં આવ્યું છે. તેની ઉપર ત્રણ સુંદર બગીચાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. જ્યારે સ્વાસ્થ્યની જાળવણી માટે એ પછીના બે માળાઓ યોગા સ્ટુડિયો, હેલ્થ સ્પા, વ્યાયામશાળા તથા તરણહોજ જેવી આધુનિક સુવિધાઓથી સજ્જ છે. એથી ઉપરના બે માળાઓ અંબાણી કુટુંબના મોંઘેરા મહેમાનોને આવકારવા માટે થનગની રહ્યા છે. હવે પછીના ભવ્ય ૪ માળામાં દંતકથા સમાન વિશ્વસમ્રાટ શ્રી મૂકેશભાઈ અંબાણીના ૬ જણાનું કુટુંબ વસવાટ કરે છે. ટોચ પરના માળાઓ આ કુટુંબ તથા મકાનની સારસંભાળ તથા આવનજાવન માટે હેલિકોપ્ટરના ઉડાન માટે હેલિપેડ માટેના છે. કેટલાક માળાઓ ધંધાકીય મીટિંગો તથા સામાજિક મેળાવડાઓ માટે પણ રાખવામાં આવ્યા છે. **રહેઠાણના ઘરોમાં દુનિયાનું સૌથી મોટું ઘર આપણામાંના જ એક – ફક્ત ભારતીય જ નહીં, પરંતુ એક ગુજરાતી ભાઈ ધરાવે છે.** તેથી આપણું મસ્તક ગૌરવથી ઊંચું થાય એ સ્વાભાવિક જ છે!

મારા જીવનમાં બનેલો આનાથી તદ્દન ભિન્ન એવો એક પ્રસંગ સદાયને માટે મારી સ્મૃતિમાં અંકિત થઈ ગયો છે. જેની ભવ્યતા સમક્ષ આપણું મસ્તક આદરપૂર્વક નમી જાય!

દસેક વરસ અગાઉ હું તથા મારી પત્ની પાલિતાણા ગયા હતા. મારા એક મિત્રના પિતાજીએ મોટી ઉંમરે દીક્ષા લીધી હતી. મારો તેમની સાથે અગાઉથી જ સારો પરિચય હતો. તે ભાવનગર બિરાજતા હોવાના સમાચાર મળતાં અમે ભાવનગર તેમના દર્શન કરવા ગયા. એક અત્યંત નાનકડી ઓરડીમાં આશરે ૬ ફૂટ લાંબી અને અઢી ફૂટ પહોળી સાદી પાટ ઉપર તે પોતાનું વાંચન કરી રહ્યા હતા. બે હાથ જોડી વંદના - નમસ્કાર કરી, શાતા પૂછીને અમે તેમની સામે બેઠા. એ વખતે તેમની વય આશરે ૭૦ની હોવા છતાં ધર્મ પ્રત્યેની શ્રધ્ધા તથા તપ, ત્યાગનું તેજ જાણે કે લલાટ ઉપર ઝગમગાટ કરી રહ્યું હતું. કંદમૂળ ત્યાગ, ધાર્મિક વાંચન, માળા, સામાયિક, પ્રતિક્રમણ તથા શ્રાવકોએ પાળવાના ૧૨ વ્રતો વિશે પૃચ્છા કરી ધર્મ પાલનમાં આગળ વધવાના તેમણે શુભાશિષ આપ્યા. મેં પણ સાધુ જીવનમાં આવતા પરિષહો, લાંબા વિહારો, ઉગ્ર તપશ્ચર્યા વગેરેની અનુમોદના કર્યા બાદ સ્વાસ્થ્યની સુખાકારીની સદ્ભાવના ભાવી. અગાઉથી જ પારિવારિક સંબંધો હોવાથી સ્વાભાવિકપણે મેં તેમને તેમના પુત્રએ સાધેલી પ્રગતિનું વર્ણન કરતા કહ્યું, "તેણે સમાજમાં ખૂબ સારી નામના પ્રાપ્ત કરી છે. પૂરા બે માળની વિશાળ ઓફિસ બનાવી છે. રહેઠાણ માટે વિસ્તારની સૌથી મોંઘી બિલ્ડિંગમાં અડધો માળ ધરાવે છે. જબરદસ્ત રાચરચીલું વિકસાવ્યું છે તથા મોટી રકમનું મૂડી રોકાણ પણ અન્ય ઘણી બધી જગ્યાઓએ કર્યું છે." મહારાજ સાહેબ રાજી થશે એવી અપેક્ષાએ મેં તેમના પુત્રએ કરેલી પ્રગતિનો અહેવાલ સંભળાવ્યો. મારું બોલવાનું પૂરું થયાનું જોઈ માર્મિક હાસ્ય વેરતા વેરતા તેમણે ધીમે રહીને બોલવાનું શરૂ કર્યું, "એમ, તારા મિત્રએ ઘણી પ્રગતિ કરી છે? મોટી ઓફિસ રાખી છે? મોટું ઘર બનાવ્યું છે? ઘણી બધી જગ્યાઓએ રોકાણ કર્યું છે? તારો તો તે બહુ સારો મિત્ર છે ને? મુંબઈ જાય ત્યારે તારા મિત્રને માત્ર એટલું કહેજે...." એમ કહી પોતે જે પાટ ઉપર બિરાજતા હતા તે બતાવતા ધીમેથી કહ્યું, **"આખરે તો... આટલી જ જગ્યા જોઈશે ને?"** હવે મારી પાસે કંઈ જ બોલવાનું બાકી ન હતું! હું ભૌતિક પ્રગતિનું વર્ણન કરી રહ્યો હતો ત્યારે આ મહાન સંત કોઈ અનેરા તત્ત્વજ્ઞાન તરફ નિર્દેશ કરી રહ્યા હતા. ફક્ત થોડા જ શબ્દોમાં જીવનનું આખરી સત્ય તેમણે સમજાવી દીધું હતું. હું શાંત થઈ ગયો હતો.

એક તરફ અખૂટ સંપત્તિના સ્વામી શ્રી મૂકેશભાઈની રિધ્ધિ સિધ્ધિ તથા બીજી બાજુ ત્યાગમૂર્તિ અકિંચન પૂજ્ય સાધુ ભગવંતની અપરિગ્રહના મહાવ્રત પ્રત્યેની શ્રધ્ધા! મિત્રો, એક જ પ્રશ્ન...."આપણને કેટલી જગ્યા જોઈશે? વિચારીશું?"

*૨૦૪, બીપીએસ પ્લાઝા, દેવીદયાલ રોડ,*
*બી.ઈ.એસ.ટી. ડિપોની પાછળ,*
*મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.*
*ફોન : (૦૨૨) ૨૫૬૦૫૬૪૦, ૨૫૬૭૧૦૪૬ મો. ૯૮૬૯૨ ૦૦૦૪૬*

વૈવિધ્ય

# રમતનો રસથાળ.... મેઘધનુષ્યના રંગો



ભાવના એ. ઝવેરી

*"મારી સૃષ્ટિઓની નાનકડી સીમાઓની પાર મને,*
*જાણે ખેંચતી આ શબ્દોની સંતાકૂકડી પાર કને."*

મેઘધનુષના સાત રંગો સમી આ રંગબેરંગી ગેમ છે. જેમ આપણું જીવન નવરંગથી ભરેલું છે તેવી જ રીતે તમારે પણ આ ગેમના ક્લુના જવાબ રંગના નામથી આપવાના છે. રંગના નામ ગુજરાતી અથવા અંગ્રેજીમાં આવશે.

*દા.ત.*એક મીઠાઇનું નામ : લીલો હલવો.

૧. પંજાબનું ધાર્મિક સ્થળ.
૨. કેકની એક ફલેવરનું નામ.
૩. ગુનેગારને મળતી સજા.
૪. સ્કૂલના ક્લાસરૂમમાં હોય.
૫. માતાજીનું નામ.
૬. અમેરિકામાં રાઈટ મેળવવા જરૂરી તે.
૭. એક જાતનો તાવ.
૮. સમુદ્રનું નામ.
૯. હરકિશન મહેતાની નવલકથા.
૧૦. નશીલો પદાર્થ.
૧૧. શુટિંગ - શર્ટિંગ કંપનીનું નામ.
૧૨. કચ્છનું જોવાલાયક રણ. કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા.
૧૩. ભગવાન મહાવીર સ્વામીનો વર્ણ.
૧૪. કરાટેના નિષ્ણાતને શું મળે?
૧૫. બિસ્કિટની એક કંપની.
૧૬. મારી ફેવરિટ ચા.
૧૭. કૃષ્ણ ભગવાનનું નામ.
૧૮. અમેરિકાના પ્રેસિડેન્ટનું રહેઠાણ.
૧૯. ભારતના પ્રથમ વડાપ્રધાનનું નામ.
૨૦. એક પીણાનું નામ.
૨૧. ફિલ્મનું નામ.
૨૨. ટેલિફોનના શોધકનું નામ.
૨૩. એક ફળનું નામ.
૨૪. લોકમાન્ય તિલકનું અખબાર.
૨૫. અમિતાભ બચ્ચનની એક ફિલ્મ.
૨૬. કચ્છનો એક ડુંગર.
૨૭. જેલી - કસ્ટર્ડ પાવડર બનાવતી કંપની.
૨૮. શુ પોલિશ.
૨૯. પેપરની એક જાત.
૩૦. ટેલિફોન ડિરેક્ટરીમાં ખાસ ઉપયોગી.
૩૧. હેલ્થ કેર — સંસ્થા.
૩૨. ઓનલાઇન કોસ્મેટિક સ્ટોર.
૩૩. એડલ્ટ મુવિ.
૩૪. સેનવિજનો સાથીદાર.
૩૫. એક ક્રિકેટ સ્ટેડિયમનું નામ.
૩૬. પંચ પરમેષ્ઠિમાં આચાર્યનો કલર.
૩૭. જયપુરનું બીજું નામ.
૩૮. શાંતિનું એક પ્રતીક.
૩૯. દિલ્હીનું એક જોવાલાયક સ્થળ.
૪૦. કાગડા બધે કેવા હોય?

(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.)

---

મમ્મી : ટપુ બેટા, તું ભણવામાં આટલો હોંશિયાર છે તો ટ્યુશનની શું જરૂર છે?

ટપુ : તું પણ ઘરકામમાં હોંશિયાર છે તો પણ કામવાળી રાખી છે ને?!

★

એક ગામડાના કાકાએ વિમાનમાં ચા મંગાવી. ઍરહોસ્ટેસ ટેબલ પર દૂધ, ગરમ પાણી, ચા-ભૂકી, ખાંડ, ટ્રે, ચમચ વગેરે મૂકી ગઈ.

કાકાએ મુશ્કેલીથી ચા બનાવીને પીધી.

ઍરહોસ્ટેસે પૂછ્યું : કંઈ નાસ્તો કરશો?

કાકાએ કહ્યું, ભજિયા ખાવા હતા પણ આ ટેબલ પર તું તેલનો ડબ્બો, કડાઈ, પ્રાયમસ, લોટનું ખીરું, ઝારો વગેરે બધું ક્યાં મૂકીશ?? જવા દે....

વૈવિધ્ય

# જ્ઞાન ગમ્મત



સંકલન : કિરણબેન પી. ઠક્કર

## (A) જમ્બલ વર્ડ્ઝ

*દોસ્તો, વિભાગ "A"માં કોઈ એક અંગ્રેજી શબ્દના અક્ષરો જમ્બલ કરીને આપવામાં આવેલ છે. આ અક્ષરોને યોગ્ય રીતે ગોઠવતા જે શબ્દ બને છે તે કોની સાથે સંકળાયેલ છે તે અંગેનો નિર્દેશ 'B" વિભાગમાં આપેલ છે. દોસ્તો, હવે 'B" વિભાગના નિર્દેશનું અનુસરણ કરીને A વિભાગના જમ્બલ થયેલા અક્ષરોને યોગ્ય રીતે ગોઠવી સાચો જવાબ શોધી "C" વિભાગમાં આપેલ બોક્સમાં લખો. ક્રમાંક-૧ માં એક ઉદાહરણ આપેલું છે.*

| | A (જમ્બલ કરેલા અંગ્રેજી અક્ષરો) | B (કોની સાથે સંકળાયેલ છે?) | C (જવાબ લખો...) |
|---|---|---|---|
| (01) | Y C M A N C P O A | સંગાથ સાથે... | ACCOMPANY |
| (02) | I D E T A E J V C | વિશેષણ સાથે... | |
| (03) | I B D E A M A L R | પ્રશંસા સાથે... | |
| (04) | D I A I N S M S O | પ્રવેશ સાથે... | |
| (05) | E A N G T D A V A | ફાયદા સાથે... | |
| (06) | U D E R A N V T E | સાહસ સાથે... | |
| (07) | D S R A E I E T V | જાહેરાત સાથે... | |
| (08) | E R L E O N A A P | વિમાન સાથે... | |
| (09) | O F T A N F C I E | સ્નેહ સાથે... | |
| (10) | F D T A I A F V I | સોગંદનામું સાથે... | |
| (11) | O T N N A R F O E | બપોર સાથે... | |
| (12) | T E M R N A E G E | કરાર સાથે... | |
| (13) | M A E O N L T L T | વહેંચણી સાથે... | |

## (B) શબ્દ સાથિયા

*મિત્રો, ચાવીઓની મદદથી શબ્દ શોધીને સાથિયાની ડિઝાઈનમાં ભરો. તો થઈ જાવ શરૂ....*

### A

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | ૪ મ | | |
| | | ફ | | |
| ૨ | | ત | | ૩ |
| | | લા | | |
| ૫ | | લ | | |

(૧) વિવેક, મર્યાદા
(૨) નોકરીમાંથી કાઢી મૂકેલું.
(૩) જીત, વિજય
(૪) ઈચ્છા, ખુશી
(૫) પવન, હવા

### B

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | ૪ મો | | |
| | | હ | | |
| ૨ | | ન | | ૩ |
| | | થા | | |
| ૫ | | ળ | | |

(૧) મહત્તા, ગર્વ
(૨) બોલીને ફરી જવું તે
(૩) પ્રૌઢતા, મોટાઈ
(૪) મુલત્વી રાખવું
(૫) બેડી, જંજીર

### C

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | ૪ ઘ | | |
| | | ર | | |
| ૨ | | વ | | ૩ |
| | | ખ | | |
| ૫ | | રી | | |

(૧) રોકડું
(૨) વિષ્ણુના દસ અવતાર
(૩) રીત અને રિવાજ
(૪) મોટી વયનું, પ્રૌઢ
(૫) સેવા, સારવાર

### D

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | ૪ મુ | | |
| | | ખ્ય | | |
| ૨ | | પ્ર | | ૩ |
| | | ધા | | |
| ૫ | | ન | | |

(૧) નઠારું, ધિક્કારવા યોગ્ય
(૨) ડાયાબિટીસ
(૩) પુષ્ટિમાર્ગીય મંદિર
(૪) પડાવ, ઉતારો
(૫) પવિત્ર, પાક

### (C) 'A' કોલમના અંગ્રેજી શબ્દોને અનુરૂપ 'B' કોલમમાંથી યોગ્ય શબ્દ શોધી કાઢો.

| | {A} | | {B} |
|---|---|---|---|
| 1. | Knife | – | Dog |
| 2. | Spoon | – | Vinegar |
| 3. | Cat | – | Cheese |
| 4. | Oil | – | Cart |
| 5. | Chalk | – | Bolt |
| 6. | House | – | Braces |
| 7. | Horse | – | Pusher |
| 8. | Belt | – | Garden |
| 9. | Nut | – | Shovel |
| 10. | Pick | – | Fork |
| 11. | Spit | – | Sound |
| 12. | Neat | – | Drum |
| 13. | Bib | – | Day |
| 14. | Fife | – | Tidy |
| 15. | King | – | Spice |
| 16. | Night | – | Low |
| 17. | Sugar | – | White |
| 18. | Safe | – | Queen |
| 19. | Black | – | Tucker |
| 20. | High | – | Polish |

### E

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | ૪ ત | | |
| | | જા | | |
| ૨ | | ગ | | ૩ |
| | | ર | | |
| ૫ | | મી | | |

(૧) સુસ્ત, મંદ
(૨) મધુરજની
(૩) બિલકુલ, છેક
(૪) પાણી પીવાની ઈચ્છા
(૫) ઉષ્ણતા, તાપ





## શોધંશોધ

**મિત્રો, નીચે આપેલ અક્ષર કોષ્ટકમાં કેટલાક અંગ્રેજી શબ્દોના નામ આડી, ઊભી કે ત્રાંસી પંક્તિમાં છુપાયેલા છે. આ તમામ શબ્દોને શોધી કાઢો...**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| G | R | A | T | U | I | T | Y | M | L | A | Y | N | E | S | X |
| E | F | D | T | O | I | D | I | O | I | R | I | S | G | G | O |
| M | G | O | D | A | O | B | O | E | I | S | T | A | A | M | D |
| U | R | I | R | R | I | P | L | A | E | E | R | M | S | B | A |
| S | N | S | G | E | L | E | F | O | E | N | B | H | S | W | R |
| E | H | E | W | R | H | N | G | M | W | L | I | A | A | Q | A |
| R | N | A | I | I | I | E | G | A | E | N | A | T | P | P | P |
| S | I | H | Z | F | N | C | A | S | T | E | E | E | A | U | D |
| F | W | O | A | E | L | D | E | D | L | R | V | R | N | M | O |
| L | L | V | R | E | L | S | R | N | F | X | O | C | N | E | D |
| A | A | A | D | Y | U | Y | M | A | Z | R | T | H | N | N | T |
| V | T | O | V | F | T | O | L | I | W | U | A | S | S | C | T |
| E | E | F | E | O | O | L | S | L | A | I | N | V | U | M | M |
| N | G | R | M | R | U | I | E | L | H | R | N | D | A | S | O |
| D | T | V | E | C | A | R | T | V | A | O | O | G | G | G | D |
| E | I | R | E | G | U | L | A | T | O | R | R | R | S | G | E |
| R | J | U | S | T | I | C | E | L | P | N | E | E | R | F | R |
| M | E | Y | C | N | E | I | C | I | F | F | E | P | A | E | N |

| | | | | |
|---|---|---|---|---|
| DRAWING | GAMBLE | LAVENDER | TRACE | MATINEE |
| EFFICIENCY | HATE | PUNCTUAL | DEN | RAVAGE |
| ERROR | IDIOT | MODERN | WIZARD | PASSAGE |
| FAIRY | ESTEEM | REGULATOR | WHIRLPOOL | NEGRO |
| FIRE | IODINE | REFUSE | WATERFALL | GRATUITY |
| FLAVOUR | JUSTICE | SHORTAGE | RESUME | CASTE |
| FORHEAD | NOVELTY | NAIL | PRODUCT | GENERATE |
| FREE | PARADOX | ROOM | OWNER | LATE |

## (D) આપેલ ક્લુની મદદથી શબ્દ શોધો

**1** | | | | | |

૧. જો બીજો, ત્રીજો અને પાંચમો અક્ષર કાઢી, પાંચમા અક્ષરની જગ્યાએ 'હ' મૂકીએ તો 'સાક્ષી' મળે.

૨. જો પહેલો અને ચોથો અક્ષર કાઢી, પાંચમા અક્ષરને દીર્ઘ ઇ લગાવીએ તો 'નિશા' મળે.

૩. જો પહેલો, ત્રીજો અને પાંચમો અક્ષર કાઢી, પહેલા અક્ષરની જગ્યાએ 'પ' મૂકીએ તો 'દરકાર' મળે.

**2** | | | | | |

૧. જો પ્રથમ બે અક્ષર કાઢીએ તો 'દેવાલય' મળે અને છેલ્લા ત્રણ અક્ષર કાઢીએ તો 'ઈન્સાફ' મળે.

૨. જો પહેલો, ત્રીજો અને ચોથો અક્ષર કાઢી, પહેલા અક્ષરની જગ્યાએ 'કા' મૂકીએ તો 'ડરપોક' મળે.

૩. જો પહેલો, બીજો અને ચોથો અક્ષર કાઢી, ચોથા અક્ષરની જગ્યાએ 'જુ' મૂકીએ તો 'કબૂલ' મળે.

# એક નજર

## ગુજરાતના વાહનો પર નંબર પ્લેટ અંગે જાણકારી

| | | | | | |
|---|---|---|---|---|---|
| અમદાવાદ | GJ - 1 | અમરેલી | GJ - 14 | અમદાવાદ (ઈસ્ટ) | GJ - 27 |
| મહેસાણા | GJ - 2 | વલસાડ | GJ - 15 | સુરત (વેસ્ટ) | GJ - 28 |
| રાજકોટ | GJ - 3 | ભરૂચ | GJ - 16 | વડોદરા (રૂરલ) | GJ - 29 |
| ભાવનગર | GJ - 4 | ગોધરા | GJ - 17 | ડાંગ | GJ - 30 |
| સુરત સિટી | GJ - 5 | ગાંધીનગર | GJ - 18 | મોડાસા | GJ - 31 |
| વડોદરા | GJ - 6 | બારડોલી | GJ - 19 | ગીર સોમનાથ | GJ - 32 |
| નડિયાદ | GJ - 7 | દાહોદ | GJ - 20 | બોટાદ | GJ - 33 |
| પાલનપુર | GJ - 8 | નવસારી | GJ - 21 | છોટા ઉદેપુર | GJ - 34 |
| હિંમતનગર | GJ - 9 | નર્મદા | GJ - 22 | લુણાવાડા | GJ - 35 |
| જામનગર | GJ - 10 | આણંદ | GJ - 23 | મોરબી | GJ - 36 |
| જૂનાગઢ | GJ - 11 | પાટણ | GJ - 24 | દેવભૂમિ દ્વારકા | GJ - 37 |
| **કચ્છ (ભુજ)** | **GJ - 12** | પોરબંદર | GJ - 25 | | |
| સુરેન્દ્રનગર | GJ - 13 | વ્યારા | GJ - 26 | | |

## ભારતની વસતિ વધારાનો ચાર્ટ

| જાતિ | ૨૦૦૧ | ૨૦૧૧ |
|---|---|---|
| કુલ વસતિ | ૧૦૨ કરોડ | ૧૨૧.૦૯ કરોડ |
| હિંદુ | ૮૨.૩૫ કરોડ | ૯૬.૬૩ કરોડ |
| મુસ્લિમ | ૧૩.૮ કરોડ | ૧૭.૨૨ કરોડ |
| ખ્રિસ્તી | આંકડા ઉપલબ્ધ નથી | ૨.૭૮ કરોડ |
| શીખ | " | ૨.૦૮ કરોડ |
| બૌધ્ધ | " | ૮૪ લાખ |
| જૈન | " | ૪૫ લાખ |
| અન્ય ધર્મી | " | ૭૯ લાખ |
| ધર્મનો ઉલ્લેખ ન કરનાર | " | ૨૪ લાખ |

### અઘરો પ્રશ્ન

**તપેલીને ૧૦ કલાક ડીપ ફ્રીઝરમાં મૂક્યા પછી કાઢો તો પણ એને "તપેલી" જ કેમ કહેવાય? "ઠરેલી" કેમ નહીં?**

## જોગાનુજોગ

- રાષ્ટ્રપિતા : ગુજરાતી
- પ્રધાનમંત્રી : ગુજરાતી
- ભાજપ પ્રમુખ : ગુજરાતી
- પૈસાદાર વ્યક્તિ : ગુજરાતી
- ચલણી નોટ પર ફોટો : ગુજરાતી
- આર.બી.આઈ. ગવર્નર : ગુજરાતી
- GSTનો કાયદો બનાવનાર (હસમુખ અઢિયા) : ગુજરાતી
- GSTનો અમલ કરવાવાળો : ગુજરાતી
- GSTનો વિરોધ કરવાવાળો પણ : ગુજરાતી
- આ લખનાર પણ : ગુજરાતી
- અને આ વાંચવાવાળો પણ : ગુજરાતી

*આનાથી વધારે સારો સમય શું હોઈ શકે?*

*બધા ગુજરાતી ભેગા થાય એટલે દેશને પ્રગતિના પંથે લઈ જાય!*

*(ઉપરોક્ત યાદીમાં અન્ય કેટલીક માહિતી સામેલ કરી શકાય.)*

# મતદાર યાદીની વિગત

## ગુજરાતમાં ૪.૪૭ કરોડથી વધુ મતદારો : ૬.૬૯ લાખ નવા નોંધાયા

લોકસભાની તાજેતરમાં ચૂંટણીના પગલે ચૂંટણીપંચે નવી મતદાર યાદી પ્રસિધ્ધ કરી હતી. જેમાં કુલ ૪,૪૭,૪૪,૭૫૯ મતદારો નોંધાયા છે. આ કુલ મતદારોમાં ૨,૩૨,૫૫,૯૩૭ પુરુષ અને ૨,૧૪,૮૭,૭૬૯ સ્ત્રી મતદારોનો સમાવેશ થાય છે. રાજ્ય ચૂંટણીપંચે ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજ્યો હતો જેના અંતે ૬,૬૯,૪૮૫ મતદારો વધ્યા છે.

ચૂંટણીપંચે તાજેતરમાં ખાસ મતદારયાદી સુધારણા કાર્યક્રમ હાથ ધર્યો હતો. જેમાં કુલ ૧૦,૬૯,૨૩૦ મતદારો ઉમેરાયા હતા. ચૂંટણીપંચે ૩,૯૯,૭૫૪ મતદારોના નામ રદ કરી દીધા હતા. ઉલ્લેખનીય છે કે **૧લી સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ ૪,૪૦,૭૫,૨૭૩ મતદારો નોંધાયા હતા. ગુજરાતમાં પ્રથમવાર મતદાર તરીકે ૧૮-૧૯ વયજૂથના કુલ ૪,૬૬,૩૨૦ યુવાઓએ નોંધણી કરાવી છે.** ૧૦૫૩ ટ્રાન્સજેન્ડરની પણ મતદાર તરીકે નોંધણી થઈ છે.

આંખે ઉડીને વળગે તેવી વાત એ છે કે, ૧૮-૧૯ વર્ષના યુવા મતદારોની સંખ્યા ૭,૬૫,૬૧૨ છે જ્યારે ૮૦ વર્ષથી વધુ વયના ૭,૩૮,૪૦૨ મતદારો છે. આમ, યુવા મતદારો અને વૃધ્ધ મતદારોની સંખ્યા લગભગ એકસરખી રહી છે. મતદાર ફોટો ઓળખકાર્ડ અને મતદાર યાદીમાં ફોટો હોય તેવા મતદારોની ટકાવારી ૯૯.૯૯ ટકા રહી છે. રાજ્યમાં અમદાવાદમાં સૌથી વધુ ૫૪,૩૦,૯૧૭ મતદારો નોંધાયા છે. ગત વખતની સરખામણીમાં આ વખતે ૧.૪૨ લાખ મતદારો વધ્યા છે. જ્યારે સુરતમાંય ૧.૧૮ લાખ મતદારોની સંખ્યામાં વધારો નોંધાયો છે.

કુલ મળીને પુરુષોની સંખ્યામાં ૫,૩૦,૨૭૨ જ્યારે સ્ત્રી મતદારોની સંખ્યામાં ૫,૩૮,૭૪૪નો વધારો થયો છે. કુલ મતદારોમાં ૧.૫૨ ટકા જ્યારે ટ્રાન્સજેન્ડર મતદારોમાં ૨૬.૧૪ ટકાનો વધારો થયો છે.

**નવી મતદાર યાદી ક્યાં - કેવી રીતે જોવા મળશે**

રાજ્ય ચૂંટણીપંચની વેબસાઈટ પર (CEO.gujarat.gov.in) રાષ્ટ્રીય મતદાતા સેવા પોર્ટલ પર (www.nvsp.in) હેલ્પલાઈન નંબર ૧૯૫૦ (ટોલ ફ્રી) પર ફોન કરીને મામલતદાર કચેરી - પ્રાંત અધિકારીની કચેરીએથી જાણી શકાશે.

## વર્ષ ૨૦૧૯ની નવી મતદાર યાદી મુજબ જિલ્લાવાર મતદારો

| *જિલ્લો* | *મતદારો* | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| કચ્છ | ૧૪,૬૭,૧૮૭ | સુરેન્દ્રનગર | ૧૩,૦૭,૫૫૭ | ભાવનગર | ૧૬,૬૮,૪૧૪ | નર્મદા | ૪,૨૫,૩૩૧ |
| બનાસકાંઠા | ૨૨,૧૭,૯૧૩ | મોરબી | ૭,૪૫,૭૪૪ | બોટાદ | ૫,૧૩,૫૬૫ | ભરૂચ | ૧૧,૫૫,૦૫૭ |
| પાટણ | ૧૦,૫૯,૦૮૬ | રાજકોટ | ૨૧,૧૩,૩૧૬ | આણંદ | ૧૬,૫૨,૭૩૯ | સુરત | ૪૧,૮૪,૭૪૯ |
| મહેસાણા | ૧૬,૨૭,૬૭૮ | જામનગર | ૧૦,૯૪,૩૦૪ | ખેડા | ૧૪,૭૭,૪૬૮ | તાપી | ૪,૭૪,૦૧૩ |
| સાબરકાંઠા | ૧૦,૧૩,૮૯૩ | દેવભૂમિ દ્વારકા | ૫,૪૧,૮૦૬ | મહીસાગર | ૭,૪૮,૧૨૭ | ડાંગ | ૧,૭૪,૦૬૭ |
| અરવલ્લી | ૭,૬૪,૭૯૪ | પોરબંદર | ૪,૪૯,૧૪૬ | પંચમહાલ | ૧૨,૦૧,૬૨૮ | નવસારી | ૧૦,૧૬,૪૯૩ |
| ગાંધીનગર | ૧૨,૧૪,૧૫૫ | જૂનાગઢ | ૧૧,૮૯,૪૮૮ | દાહોદ | ૧૩,૫૧,૮૬૫ | વલસાડ | ૧૧,૯૮,૬૪૧ |
| અમદાવાદ | ૫૪,૩૦,૯૧૭ | ગીર સોમનાથ | ૯,૦૭,૯૪૯ | વડોદરા | ૨૪,૦૫,૬૫૭ | **કુલ** | **૪,૪૭,૪૪,૭૫૯** |
| | | અમરેલી | ૧૧,૯૩,૮૫૩ | છોટા ઉદેપુર | ૭,૫૮,૨૪૭ | | |

## આપણા શરીરને ઓળખીએ

- માણસના શરીરમાં મગજમાં ૮૫ ટકા ભાગમાં પાણી હોય છે.
- માણસના શરીરમાં કુલ ૨૦૬ હાડકા હોય છે.
- માણસનું હૃદય સરેરાશ ૭૦થી ૮૦ વાર એક મિનિટમાં ધબકે છે. જેના નાડીના ધબકારા એક મિનિટમાં ૭૨ હોય છે.
- માણસની કરોડરજ્જુમાં કુલ ૩૩ મણકા હોય છે.
- માણસના શરીરમાં કુલ ૨૩૦ જેટલા સાંધા હોય છે.
- માનવ શરીર દરરોજ ૧૨.૯૮ ઘન મીટર હવા લે છે.
- માણસના શરીરમાં કુલ ૩૬૫ એક્યુપંક્ચર પોઈન્ટ હોય છે.
- બાળક માતાના ગર્ભમાં હોય છે ત્યારે ત્રણ માસની ઉંમરે જ તેની ફિંગરપ્રિન્ટ્સ આવી જાય છે.
- પુખ્તવયના માણસના મોમાં મહત્તમ ૩૨ દાંત હોય છે જેમાંથી ૧૨ ચાવવાની દાઢ હોય છે, ૮ નાની દાઢ હોય છે, ૮ નાના દાંત હોય છે અને ૪ રાક્ષસી દાંત હોય છે.

# વર્ષમાં મુસાફરોની સૌથી વધુ અવર-જવર : અમદાવાદ એરપોર્ટ દેશમાં સાતમા સ્થાને

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ ઍરપોર્ટ ખાતે નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન ૧.૦૧ કરોડ મુસાફરોની અવરજવર નોંધાઈ છે. આમ, એપ્રિલ ૨૦૧૮થી માર્ચ ૨૦૧૯ દરમિયાન ભારતના જે એરપોર્ટમાં મુસાફરોની સૌથી વધુ અવરજવર નોંધાઈ હોય તેમાં અમદાવાદ ઍરપોર્ટ સાતમા સ્થાને છે.

| વર્ષ દરમિયાન દેશના કયા ઍરપોર્ટમાં મુસાફરોની સૌથી વધુ અવર-જવર | | | |
|---|---|---|---|
| **ઍરપોર્ટ** | **કુલ મુસાફરો** | **આંતરરાષ્ટ્રીય મુસાફરોમાં વૃદ્ધિ** | **ડોમેસ્ટિક મુસાફરોમાં વૃદ્ધિ** |
| દિલ્હી | ૬.૯૦ કરોડ | ૭.૬% | ૪.૬% |
| મુંબઈ | ૩.૩૦ કરોડ | ૫.૭૦% | –૧.૩૦% |
| બેંગાલુરુ | ૩.૩૦ કરોડ | ૧૭.૫% | ૨૪.૮૦% |
| હૈદ્રાબાદ | ૨.૧૦ કરોડ | ૮.૧૦% | ૨૦.૪૦% |
| ચેન્નાઇ | ૨.૨૦ કરોડ | ૭.૬૦% | ૧૧.૯૦% |
| કોલકાતા | ૨.૧૮ કરોડ | ૧૫.૯૦% | ૨૩.૩૦% |
| કોચીન | ૧.૦૧ કરોડ | –૮.૬૦% | ૮.૫૦% |
| પૂણે | ૯૦ લાખ | –૭.૭૦% | ૧૧.૭૦% |
| ગોવા | ૮૪ લાખ | –૬.૪૦% | ૨૩.૩૦% |

નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં દેશના સમગ્ર ઍરપોર્ટમાં કુલ ૩૪.૪ કરોડ મુસાફરોની અવરજવર નોંધાઈ છે. આમ, ગત નાણાંકીય વર્ષ કરતાં મુસાફરોની અવરજવરમાં ૧૧.૬૦%નો વધારો નોંધાયો છે. આ સમયગાળા દરમિયાન દિલ્હી ઍરપોર્ટ ખાતે સૌથી વધુ ૬.૯૦ કરોડ મુસાફરોની અવર-જવર રહી છે. મુસાફરોની સૌથી વધુ અવર-જવર નોંધાઈ હોય તેવા ઍરપોર્ટમાં મુંબઈ બીજા, બેંગાલુરુ ત્રીજા અને હૈદ્રાબાદ ચોથા સ્થાને છે. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ ઍરપોર્ટ ખાતે ઇન્ટરનેશનલ મુસાફરોની ૧૫.૯૦% અને ડોમેસ્ટિક મુસાફરોની વૃદ્ધિ ૨૩.૩૦% નોંધાઈ છે. આમ, અમદાવાદ ઍરપોર્ટમાં પ્રતિમાસ સરેરાશ ૮.૩૩ લાખ મુસાફરો અવરજવર કરે છે.

# અમદાવાદની એક હોસ્પિટલ કે જ્યાં બધી જ સારવાર થાય છે છતાં દર્દીઓ પાસે કોઈ ફી લેવાતી નથી

અમદાવાદની એક હોસ્પિટલમાં બધા જ રોગોની સારવાર થાય છે એકદમ મફતમાં!! આજના સમયમાં જ્યારે માનવી એટલો સ્વાર્થી બન્યો છે કે મફતમાં ચા પણ નથી પાતો ત્યારે 'સર્વે સન્તુ નિરામયા'ની ઉક્તિને સાર્થક કરતી, રોગીઓ માટે ગાંધીનગર રોડ ઉપર આવેલું અમદાવાદનું આ દવાખાનું કે જ્યાં કોઈ પણ જાતની ફી લીધા વગર સારવાર આપવામાં આવે છે.

ઓછામાં ઓછા ૩૫૦ રોગીઓ સમાય તેવી પલંગ વ્યવસ્થા અહિંયા કરવામાં આવી છે. કોઈ પણ જાતના પૈસા લીધા વગર આ મલ્ટિસ્પેશિયાલિટી દવાખાનું દરેક જાતના રોગોની સારવાર અને તબીબી સેવા પૂરી પાડે છે. બાળકોના વિભાગમાં બાળકોની બધી બીમારીઓ, નવજાત શિશુ માટેની સારવાર, રસીકરણ, તાણ, આંચકી આવતા બાળકોનું નિદાન કરી અને સારવાર આપવામાં આવે છે. ભુજના સેવાભાવી એવા જેઠાલાલ ઠક્કરે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે જનરલ વિભાગમાં લોહીનું દબાણ, હૃદયના રોગ, ડાયાબિટીસ, પિત્તાશયના રોગ, વાઈ, ચેપીરોગ જેવા અનેક રોગોને લગતું નિદાન તેમજ સારવાર આપવામાં આવે છે. જનરલ સર્જરી, નાના-મોટા આંતરડાના રોગ, સારણગાંઠ, ભગંદર, મસા, ચાંદા, કિડની કે મુત્રાશય અથવા તો પિત્તાશયની પથરી, થાઈરોઈડ ગ્રંથિ, સ્તનને લગતા તમામ રોગોનું નિદાન કર્યા બાદ સર્જરી અને સારવાર આપવામાં આવે છે.

સ્ત્રીઓને લગતી તમામ બીમારીઓ, પ્રસૂતિ, સ્ત્રી રોગ માટેની સોનોગ્રાફી, સિઝેરિયન ઑપરેશન, ગર્ભાશયની કોથળીનું ઑપરેશન જેવી અનેક બીમારીઓનું નિદાન અને સારવાર આપવામાં આવે છે. કમરનો દુઃખાવો, સાંધા અને ફ્રેક્ચરનું નિદાન અને સારવાર આપવામાં આવે છે તેમજ સાંધા બદલવાના અને ફ્રેક્ચરના ઑપરેશન પણ હાડકા વિભાગમાં કરવામાં આવે છે. બધી જાતની મગજને લગતી બીમારીઓનું નિદાન અને સારવાર આપવામાં આવે છે તેવું તેમણે જણાવ્યું હતું.

નાક, કાન અને ગળાના વિભાગમાં દૂરબીનથી સાઈનસના

રોગની તપાસ, કાનની બહેરાશ, કાનમાં પરુ થવું, પડદામાં કાણું થવું, કાકડા વધવા તેમજ ગળાના કોઈ પણ રોગોનું નિદાન અને સારવાર આપવામાં આવે છે. વળી આંખના રોગને લગતા અહીં પહોંચતા દર્દીઓની આંખની પૂરેપૂરી તપાસ, નિદાન અને ઑપરેશન અત્યારના આધુનિક સાધનો દ્વારા મોતિયો અને ત્રાંસી આંખના ઑપરેશન કરવામાં આવે છે. ચર્મ - ચામડીને લગતી દરેક પ્રકારની સારવાર આ હોસ્પિટલમાં મળે છે. જ્યારે દાંતના મૂળિયાની સારવાર, દાંત પ્રમાણે ચોકઠું બનાવવું, દાંતમાં કરવામાં આવતી સફાઈ, દાંતના સડાનું નિદાન થાય છે. શ્વાસ કે દમ અને ટી.બી., ન્યુમોનિયા તેમજ શ્વાસનળીની દૂરબીનથી તપાસ, ફેફસાંના રોગોનું નિદાન અને સારવાર કરવામાં આવે છે.

આધુનિક સાધનોથી પરિપૂર્ણ આ દવાખાનામાં તાત્કાલિક સારવાર, એક્સ-રે, સોનોગ્રાફી, ઈ.સી.જી., હૃદયના ઈકો, ટી.એમ.ટી., ફાર્મસી સેવાઓ અને લેબોરેટરી ટેસ્ટની ૨૪ x ૭ કલાક સેવાઓ કોઈ પણ પૈસા લીધા વગર આપવામાં આવે છે.

*આ દવાખાનું છે :*

**સુશીલાબેન મનસુખલાલ શાહ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ**
વિસત-ગાંધીનગર હાઈવે,
તપોવન સર્કલ પાસે,
ચાંદખેડા, અમદાવાદ.

વધુ વિગત માટે તેમના મોબાઈલ નંબર ૯૮૨૫૪ ૫૧૨૯૫ પર સંપર્ક કરવા જણાવ્યું હતું.

# ૫૦ વર્ષથી સંગ્રહાયેલી એન્ટિક મ્યુઝિકલ આઈટમો જેમાં ૧૯૧૦થી ૧૯૯૦ સુધીના ૫૦ હજારથી વધુ રેકર્ડ્સ છે

***આઠ દાયકા વટાવી ચૂકેલા ભગવાનભાઇ પંચાલના ઘરે રેકોર્ડ પ્લેયર, ટી.વી., સ્પૂલ ટેપ, રેડિયોગ્રામ જેવી ઇમ્પોર્ટેડ વસ્તુઓનું કલેક્શન છે, જેમાં મોટાભાગની વસ્તુઓ હજુ પણ ચાલી રહી છે.***

અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં પંચાલકાકા તરીકે જાણીતા ભગવાનદાસ પંચાલ આઠ દાયકા વટાવી ચૂક્યા છે પરંતુ કોઇ રિપેર ન કરી શકે એવી બંધ થઈ ગયેલી ઈલેક્ટ્રિક આઈટમ તથા ટુ કે ફોર વ્હીલર તેમને આપવામાં આવે તો તે ચાલુ થયા વગર રહે નહીં. ઈલેક્ટ્રિકલ, મિકેનિકલ અને ઓટો મોબાઈલ આઈટમમાં મહારથ હાંસલ કરનાર ભગવાનભાઈ સિવાય કોઈ તેને સમજી શકે નહીં, એ વસ્તુ પછી ઈમ્પોર્ટેડ કેમ ન હોય.

***મ્યુઝિકના એન્ટિક સંગ્રહ વિશે પંચાલ કાકા કહે છે કે, 'ટી.વી.માં જોઈ શકાય અને સાંભળી શકાય એવી એલપી રેકોર્ડ્સ ૫૦ હજાર છે. ઇપી રેકોર્ડ્સ ૧૫ હજાર છે. રેકોર્ડ્સ પ્લેટર ૨૫ ટાઇપના છે. સ્પૂલ ટેપ ૩૦ નંગ છે. ઇમ્પોર્ટેડ પ્રોજેક્શન ટી.વી. પાંચ છે. આ ઉપરાંત વિવિધ પ્રકારની ઓડિયો સિસ્ટમ અને રેડિયો ગ્રામ સેવન રેકર્ડ્સ ચેઇન્જર જે મેડ ઇન ઇંગ્લેન્ડના છે.***

મૂળ ધંધુકાના પણ ઓલ્ડ એસ.એસ.સી. પાસ કરીને અમદાવાદમાં વસનાર ભગવાનભાઈએ ૧૯૫૮માં ઈલેક્ટ્રિકલનો કોર્સ કર્યો અને પછી એમાં આગળ વધતા ગયા. મશીનોમાં વ્યસ્ત રહેવાની સાથે તેઓ સંગીતપ્રેમી પણ ખરા. જે અંગે તેઓ કહે છે, 'એ વખતે રેકોર્ડસનો જમાનો હતો અને કોલકાતામાં તે બનતી હતી. મને ગીતોનો શોખ હોવાથી હું તેનો મેમ્બર બન્યો હતો. એ જમાનામાં અમદાવાદમાં ૧૨૭ મિલ અમારા આસપાસના વિસ્તારમાં ધમધમતી હતી. મિલ માલિકો ઈમ્પોર્ટેડ કાર વાપરતા. જે બંધ પડી જાય ત્યારે મારા ગેરેજમાં આવતી. ધીરેધીરે તેમની સાથે સંબંધો બંધાતા ગયા અને તેઓ પણ રેકોર્ડના શોખીન હોવાથી તેમના રેકોર્ડ પ્લેયર, ટી.વી., સ્પૂલ ટેપ, રેડિયો ગ્રામ જેવી ઈમ્પોર્ટેડ વસ્તુઓ બગડી જાય પછી પડતર કિંમતમાં આપી દેતા. હું તેને ખરીદી રિપેર કરવાનો પ્રયત્ન કરતો. એમાં વપરાયેલા ઈમ્પોર્ટેડ પાર્ટ વિદેશથી મંગાવી શકાય એ માટે ઈમ્પોર્ટ એક્સપોર્ટનું લાઇસન્સ લીધું. એ બધી વસ્તુઓ હું રિપેર કરવા લાગ્યો.

પંચાલ કાકાને યુવાનીમાં લાગેલી મ્યુઝિકને લગતી એન્ટિક વસ્તુઓ સંગ્રહ કરવાની લત જૈફ વયે પણ છૂટી શકી નથી. તેમનો મોટો દીકરો પ્રકાશ કહે છે કે, 'આજે પણ કોઇનો ફોન આવે કે ફલાણી જગ્યાએ મ્યુઝિકને લગતી એન્ટિક વસ્તુઓ છે, તો બાઇકને કીક મારીને ત્યાં પહોંચી જાય છે.'

તેમની પાસે ૧૯૧૦થી માંડી ૧૯૯૦માં રેકોર્ડસ બંધ થઈ ત્યાં સુધીનું વિશાળ કલેક્શન છે. એમાં ભજન, ગઝલ, ક્લાસિકલ, હિંદી ફિલ્મો અને અંગ્રેજી મ્યુઝિકનો સમાવેશ થાય છે. એના વોઇસમાં જે ક્લિયારિટી છે, એ આજની મ્યુઝિક સિસ્ટમમાં જોવા મળતી નથી.

## લઘુ કાવ્યો

તમે,
હકીકત છો?
સ્વપ્ન છો?
કે પછી
ભ્રાંતિ છો?
કોણ છો તમે?
શું છો તમે?
સવાલોની વણથંભી
વણઝાર....

આજે
ચપટી ભરી રાખતી,
કોઈ
દિલથી રડ્યું છે...
આત્માએ
સંતોષ માન્યો
જીવન નહીં,
પણ મૃત્યુ, તો
ફળ્યું છે!

તારી જુદાઈ
હંમેશાં મને
વીંછીઓની જેમ
ડંખી છે
કારણ પણ
દેખીતું જ છે,
મેં તને
સહરાની પ્યાસથી
ઝંખી છે.

## કચ્છી હાઈકુ

કન્યા નેરેતી
આરિસે મેં ને, બોય
સરમાઈ વ્યા!

ભણધી આંજી
ધી ત, સમાજ સજો
ભણેલો થીંધો.

ઈનજો હથ
સોભેતો, બંગડી સે
આય ભરેલો.

ગોરી જે પગ
મેં, વજે ઘૂઘરી ને
સોભે ઝાંઝર

જાડ જા ગુણ
કેડા? હલો, જીવન
મેં ઉતારીયોં.

*અરુણા અરુણ ઠક્કર*
*મંગલ સ્મૃતિ, ઘાટિયા ફળિયા,*
*રિંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૭૯૫૩૯૧૭૮*

*એકઠા તો બધા થાય છે, બસ તકલીફ તો એક થવામાં છે.*

## માની મમતા

છાતી સરસો ચાંપી રાખ્યો
ભાન વગરનો હું...

કાંખે ચડીને કુદવા લાગ્યો
કાનો જાણે હું...

ઘરમાં હું રડકતો ચાલ્યો
રમકડા જેમ હું...

આંગણીયામાં રમવા લાગ્યો
નટખટ નાનો હું...

શેરી-ગલીએ ખૂંદવા દોડ્યો
રમતવીર જેમ હું...

ગામ શહેરમાં રમવા ચાલ્યો
શહેનશાહ જેમ હું...

દેશ-વિદેશે જવા ઉપડ્યો
અમીર જાદો હું...

માની મમતા યાદ રહી નહીં
મોડો જાગ્યો હું...

ભૂલી ગયો હું ભાન "પ્રભુ"
ભાન વગરનો હું...

*પ્રભુલાલ સિધ્ધપુરા 'પ્રભુ'*
*પ્લોટ નં. ૫૦૪, સેક્ટર-૫,*
*સર્વોદય સોસાયટી, ગાંધીધામ, કચ્છ.*

## કેટલીય યાદ નીકળે

જીવનની કિતાબ ખોલું ને કેટલીય યાદ નીકળે,
સ્મૃતિની વાટ શોધું ને કેટલીય વાત નીકળે.

આ ઝંઝાવાતી જીવને કેટલીય વેદના નીકળે,
ને નભ મહીં તારા ઝુંડમાં કેટલાય લય નીકળે.

આંચકા મહીં ગઢ-કાંગરા ખરતાં નીકળે,
ને પથ્થર ફંફોસું ને કેટલાય પોલા નીકળે.

હું ખોવાયો છું મિત્રમાં તેની પહેચાન નીકળે,
હૃદય સ્મૃતિ આવતા આંખે હવે અશ્રુ નીકળે.

આ જીવન સફરનો આખરી અંજામ શું નીકળે,
સ્મિત મહીં 'દિલકશ' રહું ને કંઈક વિષ નીકળે.

*દિલીપ આચાર્ય 'દિલકશ'*
*ઓરીએન્ટ કોલોની, પહેલી શેરી, ઇન્દીરા નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

## ગુપ્ત નશો

નશો અહીં પણ થતો રહે છે, નશો તહીં પણ થતો રહે છે,
નશો વ્યાપ્યો છે ચોતરફ, નશો મહીં પણ થતો રહે છે.

નશીલા દ્રવ્યોતણો છવાતો જે નશો, તે તો અલ્પકાલીન છે,
સમયાંતરે જગાડે તલપ-તડપ ને પુનઃ પુનઃ થતો રહે છે.

પરંતુ દેખીતા એ દ્રવ્યો વીણ છવાતો નશો આ કેવો છે?
જાગતા પૂર્ણપણે એ ઘેરે તો ઊંઘમાં ન વિરામ પામે છે.

એક તો સંપત્તિએ ઘેરાયો ને બીજો અતિ જાણકારીએ છાયો,
વળી ધર્મ અનુષ્ઠાનો કેરા અતિ આડંબરે જઇ તોળાયો,
હો દેવી સરસ્વતીની કૃપા તો વાણી-વિલાસે કરી નહાયો,
જોઈ વાહવાહ અને પ્રશંસા દાનીઓની, દાન કરવાને મોહાયો.

રહ્યો પામી સફળતાને ને શીખરો કંઈ આંબતો રહે છે,
પરંપરા પ્રાપ્ત જીતોની, 'આરસી' ગગને ઊડતો રહે છે,
આ અને આવી વાતોએ કરી મદ-અભિમાનથી ય અંધાર્યો,
નશાથી મત મદહોશ હું અસંયમ-અવિવેકે જ ઘેરાયો.

દ્રવ્યોતણા નશાઓથી માત્ર આ શરીર-મન જ ઝુમે છે,
પરંતુ આ અને આવા નશાઓથી તન-મન-આત્મા ડૂબે છે;
પેલો દેખાય નજરે ને લોકો એને જ માત્ર કોસે છે,
પરંતુ નશો ગોપિત આ, ખરે જ લોકો જ પોષે છે.

હા,
નશો અહીં પણ થતો રહે છે, નશો તહીં પણ થતો રહે છે,
નશો વ્યાપ્યો છે સર્વત્ર, નશો મહીં પણ થતો રહે છે.

*'આરસી' શાહ - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૭૪૩૮૧૬૩*

## હાઈકુ

આપે છે દેશ
અમન... સુખ ચેન
વંદન તેને.

આપણ સૌને
આપે શાંતિ ખુદ જે
વહોરે મૃત્યુ.

*ગર્વ છે મને*
*મારા વીર જવાનો*
*વંદન કરું....*

ભારત ભૂમિ
સત્કારે સૌને એવી
વિશ્વે પૂજાય.

*વિશાળ દેશ*
*વીર સૈનિક, રહ્યા*
*કાજે અમન...*

## સંગાથ આપણો....

ક્યાં હતી ખબર કે તમે ગમશો મને
અને જિંદગીમાં મારી, રંગ ભરશો તમે.
કોણ જાણે કયા જનમના બાકી રહેલા પ્રેમને
પૂરો કરવા ફરી આ દુનિયામાં મળશો તમે.

આવી જ ગયા છો મારી જિંદગીમાં
તો હવે પાછા ના જશો તમે
સાત રંગોની સરવણીને હવે
ભરી દઈએ આ જીવનમાં આપણે.

એકમેકનો હાથ પકડીને દૂર,
ક્યાંક નીકળી જઈએ ચાલોને
નથી વિતાવવી જિંદગી દુઃખમાં
દુનિયાના આ લોકોને કારણે.

મળ્યા હતા ગયા ભવમાં
અને આવતા ભવમાં પણ મળીશું
સાત સાત જન્મો સાથે રહેવાના
વચનો આપણે તો જરૂર નિભાવીશું...

*સુનિતા એ. શાહ - અમદાવાદ*

## મિત્રતા

મળે મિત્રતાની ભેટ જ્યારે
અદ્‌ભુત લાગણી દિલમાં થાય ત્યારે
સગા-સ્નેહીનું સ્થાન ઘણું જીવનમાં
પણ મિત્રનું સ્થાન અનોખું છે હૃદયમાં.

સ્નેહ, ઉલ્લાસ જેના સાનિધ્યમાં,
દુઃખો હળવા બન્યા જીવનના,
મિત્ર તો ઘણા હોય જીવનમાં,
પણ, મિત્રતા નિભાવી જાણે
એ જ મિત્રતાને માણે.

ધનવાન કહીએ પાસ જેમની,
મિલ્કત તો છે બહુ ઘણી,
પણ કૃષ્ણ-સુદામા સરીખી
મિત્રતા છે પાસ જેની, એ જ કહેવાય સાચો ધની.

સુખ દુઃખમાં જે ઢાલ સરીખો
મિત્રતાનો આ અનોખો તરીકો
શ્વસી રહ્યો તું હૃદયની માંહે,
તું મારી ને હું તારી વહારે,
મિત્રતા મહેકે મિત્રના સથવારે.

*રોશની ગૌતમ શાહ*
*પીબી-૬૬, વર્ધમાન નગર, માધાપર-ભુજોડી હાઈવે, ભુજ, કચ્છ.*



# બાળુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : અજ આંઉ દેરાસર વ્યો તે તેર દઠો ક પાંજે નીચે જે ફ્લેટવાલા જીવનદાદા અને જીવીમા કોર્ટમેં વેનેજી ગાલ ક્યાંતે... ને સે પણ છૂટાછેડા જો કેસ કરેલા – ને વરી જીવનદાદાજી ઉંમર આય ૯૨ વરે ને જીવીમાં આઈ ૯૦ વરેજા. તું જરા તપાસ કરેને ચોજ છૂટેછેડેલા કારણ કુરો વો?

બચુડો : (તપાસ કે ને ચેં) કારણમેં ઈં વો ક જીવીમાં ચ્યાં તે જીવનદાદા સજીં ડીં ઘરમેં વઠે વઠે ગાલિયું કરે કરેને મગજ ફરાય લાઈયેંતા. ને આંઉ જેર ગાલિયું કંઈયા કે કીં પણ ચોવટ કરેલા વ્યાં તેર પંઢજે કનજો સુણેવારો મશીન કનમેંજા કઢેને બાર રખેલાઈયેંતા – સે હેડી અંચાઈ કીં હલાઈયાં?

## ખિલજા મ ભલા

મગન : હું ક્યારનો વિચારે ચડી ગયો છું. મારું મગજ કામ જ નથી કરતું.

છગન : શેના વિચારે ચડી ગયો છું?

મગન : મેં સાંભળ્યું કે એક પ્રેમીએ તેની પ્રેમિકાનું હૃદય તોડી નાખ્યું અને પ્રેમિકાએ પ્રેમીનું હૃદય તોડી નાખ્યું. પણ મને એ સમજાતું નથી કે હૃદયમાં હાડકું ન હોય તો એ તૂટે કેવી રીતે?

☺ ☺ ☺ ☺ ☺

ડૉ. પારેખ : ગભરાવ નહીં પારેખ, આ બહુ સહેલું ઑપરેશન છે.

દર્દી શાહભાઈ : સાહેબ, મારી અટક પારેખ નહીં પણ શાહ છે.

ડૉ. પારેખ : મને ખબર છે, તમે શાહ છો... પણ આ તો હું મારી જાત સાથે વાત કરી રહ્યો છું.

☺ ☺ ☺ ☺ ☺

મનુ : અમેરિકાના પ્રમુખની કારનું પ્રોટેક્શન ગજબનું છે. ત્રણ લેયર બોમ્બ સુરક્ષા, ઓટોમેટિક કેમિકલ વેપન લોન્ચર, બુલેટપ્રુફ બોડી, ફાયર પ્રુફ પેટ્રોલ ટાંકી, બ્રેક પ્રુફ કાર.

કનુ : આપણી પાસે તો દેશી ઉપાય... લીંબુ ને મરચા બાંધો, ચુંદડી બાંધો... બધી જાતનું રક્ષણ!

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : ફોરેનની મુવિના નામ પણ ગજબ છે : ઓસન્સ ઈલેવન, ઓસન્સ ટ્વેલ્વ, ઓસન્સ થર્ટિન વગેરે વગેરે...

ચીન્ટુ : સાઉથની મુવિના નામ તો આનાથી પણ ગજબ છે : જીને નહીં દૂંગા, કભી ભી જીને નહીં દૂંગા, અગલે જનમ મેં ભી જીને નહીં દૂંગા, પૈદા હી નહીં હોને દૂંગા!!

☺ ☺ ☺ ☺ ☺

ભીખારી : શું વાત છે સાહેબ? પહેલા તમે મને ૧૦૦ રૂપિયા આપતા હતા પછી ૫૦ રૂપિયા આપતા હતા અને હવે ૩૦ રૂપિયા આપવા માંડ્યા. આનું કારણ શું છે સાહેબ?

જનક : જો પહેલા હું કુવારો હતો. પછી મારા લગ્ન થયા અને હવે મારે ઘેર એક બાળક પણ છે.

ભીખારી : વારુ સાહેબ, તમે તો ખરા છો. મારા પૈસાથી આખા પરિવારને ઍશ કરાવી રહ્યા છો!!

☺ ☺ ☺ ☺ ☺

ધનિયો : આ મારી પત્નીની નારાજગીનું કારણ મને સમજાતું નથી.

મનીયો : તેં કાંઈક કર્યું હશે, જેનાથી એ નારાજ થઈ ગઈ છે.

ધનિયો : ના... ના... મારી પત્નીએ કહ્યું કે તેના સંબંધીઓ ઘેર આવ્યા છે, તો તમે બહારથી આવો ત્યારે કાંઈક લેતા આવજો. ને હું રીક્ષા લેતો ગયો... બસ આટલી જ વાત છે.

☺ ☺ ☺ ☺ ☺

મોહન : અરે સોહન, આ ભાઈ ક્યારના કૂતરાની જેમ કેમ ભોં ભોં કર્યા કરે છે?

સોહન : વાત એમ છે કે આપણી બાજુમાં બાંકડા પર બેઠેલ યુગલ ક્યારનું લડ્યા કરે છે. એટલે કંટાળીને યુવકે કહ્યું મને થાય છે કે તને કૂતરાની સામે ફેંકી દઉં. આવું સાંભળ્યું છે ત્યારથી આ ભાઈ ક્યારના ભોં ભોં કર્યા કરે છે.

☺ ☺ ☺ ☺ ☺

જજ સાહેબ : (અકસ્માતના કેસમાં) તું ગાડી ધીરે ચલાવતો હતો તેનો કોઉ પુરાવો છે તારી પાસે?

આરોપી : હું તો મારી પત્નીને લેવા માટે સાસરે જઈ રહ્યો હતો.

જજ સાહેબ : આ આરોપી નિર્દોષ છે. તેને મુક્ત કરી દો....

☺ ☺ ☺ ☺ ☺

ગોટુ : (મેડિકલ સ્ટોરમાં જઈને) મને બે ગોળી આપો.

સેલ્સમેન : તાવ માટે કે માથાના દુઃખાવા માટે?

ગોટુ : ગમે તે આપો. આ તો મારી પાસે બંદુક છે પણ તેમાં ભરવા માટે ગોળીઓ નથી.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

## NanoNine® શબ્દ રમત-૧૫૩

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | ૫ | ■ | ૬ | | ■ |
| | ■ | ૭ | | | ■ | ૮ | | ૯ | ■ | ■ | ૧૦ |
| ૧૧ | ૧૨ | | ■ | ૧૩ | | | ■ | ૧૪ | | ૧૫ | |
| ૧૬ | | ■ | ૧૭ | | ■ | ■ | ૧૮ | | ■ | | ■ |
| ■ | ૧૯ | ૨૦ | | ■ | ૨૧ | ૨૨ | | ■ | ૨૩ | | ૨૪ |
| ૨૫ | ■ | ૨૬ | | ૨૭ | | ૨૮ | | ૨૯ | ■ | ૩૦ | |
| ૩૧ | ૩૨ | | ■ | ૩૩ | | | ■ | ૩૪ | | | ■ |
| ૩૫ | | ■ | ૩૬ | | ■ | ■ | ૩૭ | ૩૮ | ■ | ■ | ૩૯ |
| ■ | ૪૦ | ૪૧ | ૪૨ | ■ | ૪૩ | | ૪૪ | | ■ | ૪૫ | |
| ૪૬ | ■ | ૪૭ | | ૪૮ | | ■ | ■ | ■ | ૪૯ | | |
| | ■ | | ■ | ૫૦ | | ૫૧ | ૫૨ | ■ | ૫૩ | | ■ |
| ૫૪ | | | ■ | | ■ | ૫૫ | | | | | ■ |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૦-૬-૨૦૧૯ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. શ્રીકૃષ્ણને જન્મ આપનારી માતા (૩)
૩. લશ્કરી તાલીમ, પરેડ (૪)
૬. અમૃત, મીઠાશ, કૃપા (૨)
૭. તમાકુ પીવાનું માટીનું એક પાત્ર, ચુંગી (૩)
૮. ચાની રેંકડી, ચા દાની (૩)
૧૧. ભાળ, પત્તો, સમાચાર (૩)
૧૨. વટવૃક્ષ, બનિયન ટ્રી (૨)
૧૩. ચાર ગાઉનું અંતર (૩)
૧૪. મચકો, હડસેલો, અંગનું ઉતરી જવું (૪)
૧૫. મનોભાવ, અંતરની ઉમેદ (૨)
૧૬. ગરમ ગરમ ચામડી પર ચાંપી દે તે, દાઝ્યા ઉપર ____ (૨)
૧૭. ટેક્ષ, વેરો, હાથ (૨)
૧૮. ઘર પછવાડે આંતરેલી ખુલ્લી જગ્યા (૨)
૧૯. દીકરા કે દીકરીનું સંતાન (૩)
૨૧. પાણી પીવાની ઈચ્છા, પ્યાસ (૩)
૨૩. વન, જંગલ, બાગ-બગીચો (૩)
૨૬. હાથનું એક ઘરેણું, કલ્લી (૩)
૨૮. શૂળ ભોંકાતું હોય એવું દરદ (૩)
૩૦. બુદ્ધિ, મતિ, અભિપ્રાય, દરેકે ચૂંટણીમાં ____ આપવો જ જોઈએ (૨)
૩૧. પુત્ર કે પુત્રીની સાસુ (૩)
૩૩. ઘોડાના મોંનું લોઢાનું ચોકઠું (૩)
૩૪. કમળનો છોડ, ચિત્તોડના રાણા રતનસેનની અતિ સુંદર રાણી (૩)
૩૫. બંધિયાર પાણીમાં થતી ચીકણી વનસ્પતિ (૨)
૩૬. હક્ક મેળવવા માટે સરકારમાં ફરિયાદ (૨)
૩૭. વજનદાર, હેવી (૨)
૪૦. ગડગૂમળ ઉપર ચોપડવાનું ઔષધ (૩)
૪૩. પૃથ્વીનું તળ, સપાટી (૪)
૪૪. એક તેલીબિયા, તળિયું, નીચેનો પ્રદેશ, તળેટી (૨)
૪૫. સોગન, સમાન, સરખું (૨)
૪૭. જનાવર, પશુ (૪)
૪૮. વરરાજા, પતિ (૨)
૪૯. શાર (કાણું) પાડવાનું અણીદાર ઓજાર (૩)
૫૦. રતિ જેટલું, જરાક (૪)
૫૧. વજન, જવાબદારી (૨)
૫૩. અવાજ, ધ્વનિ, નાદ (૨)
૫૪. વાવવું તે (૩)
૫૫. ઈમાનવાળું, પ્રામાણિક, નેક (૫)

### ઊભી ચાવીઓ

૧. માઉન્ટ આબુમાં આવેલા પ્રખ્યાત દેરા (૪)
૨. કાદવ, ગારો (૩)
૩. દુર્બળ, કમ તાકાત (૪)
૪. વિશ્વાસ, ભરોસો, ખાતરી (૩)
૫. નદીનો કિનારો (૨)
૯. એક ઝાડ જેના પાન કડવા હોય (૩)
૧૦. આદત, કુટેવ, શારીરિક ખામી (૨)
૧૨. ઊલટી, બકારી (૩)
૧૩. બળ, શક્તિ, શ્રમ, જોશ (૨)
૧૫. અનામત રકમ (ઈં) (૫)
૧૭. કોટી, સો લાખની રકમ (૩)
૧૮. રસોઈ કરવાનું પાત્ર, ઠામ (૩)
૨૦. ડરી જાય એવું, ડરપોક (૩)
૨૨. રીત, રિવાજ (૩)
૨૪. નમેલું, ____ મસ્તક (૨)
૨૫. પુષ્ટિ માર્ગીય મંદિર (૩)
૨૬. દાણો, ઘણો નાનો ભાગ (૨)
૨૭. કઠોળનો લીલો દાણો (૩)
૨૮. સોગન, સરખું (૨)
૨૯. નારિયેળનું તેલ (૪)
૩૩. બ્રાહ્મણોની એક જાત (૩)
૩૬. છેડો, પાલવ (૩)
૩૭. રાંધેલા ચોખા (૨)
૩૮. પૂર, રેલવેનો પાટો (૨)
૩૯. ત્વચા, ખાલ (૩)
૪૧. એક છોડ જેના પાનને અડતા સંકોચાઈ જાય (૪)
૪૨. અંતઃકરણ, દિલ (૨)
૪૩. પૃથ્વી, જમીન (૩)
૪૫. સરોવર (૪)
૪૬. મિત્ર, પ્રિયતમ (૩)
૪૮. વર્ષ, સાલ (૩)
૪૯. સરસ્વતી (૩)
૫૦. દ્રવ, સાર, સત્ત્વ, પારો (૨)
૫૧. ભ્રાતક, સહોદર (૨)
૫૨. સુંદર સ્ત્રી, લક્ષ્મી (૨)

*તમારી કિંમત ત્યારે જ થશે જ્યારે તમારી જરૂર હશે, ઉનાળામાં આકરા લાગતા સૂરજની શિયાળામાં રાહ જોવાય છે.*

## NanoNine® શબ્દ રમત-૧૫૨નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઘ | ર | ઘ | ણી | ■ | સા | વિ | ત્રી | ■ | ■ | અ | સ્ત્ર |
| રા | ગ | ડો | ■ | મા | ન | તા | ■ | ક | મ | ઠ | ■ |
| ક | ■ | ■ | ક | લિ | ■ | ન | સી | બ | ■ | વા | ■ |
| ■ | ચો | ■ | મ | ક | ર | ■ | ગ | ર | બ | ડિ | યું |
| વિ | ક | રા | ળ | ■ | ખા | ખ | રો | ■ | ■ | યું | ■ |
| ■ | સી | મ | ■ | ખે | ત | ર | ■ | બા | લ | ■ | અ |
| પા | ■ | મં | જી | રા | ■ | જ | નો | ઇ | ■ | આ | મ |
| લ | ■ | દિ | ■ | ત | પ | વું | ■ | બ | દ | ત | ર |
| ક | સ | ર | ત | ■ | શુ | ■ | વા | લ | ■ | શ | ■ |
| ■ | ર | ■ | ગ | જ | ■ | ■ | રા | ■ | જ | બા | ન |
| અ | દા | કા | ર | ■ | અ | ભ | ણ | ■ | કા | જી | ■ |
| ■ | ર | મા | ■ | કા | જ | ■ | સી | મં | ત | ■ | ત્રિ |

*માસ એપ્રિલ-૨૦૧૯ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૫૦ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. જયસુખ સંઘવી – અમદાવાદ
૩. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૪. વિમળા ગડા – અમદાવાદ
૫. વર્ષા પારેખ – અમદાવાદ
૬. સ્મિતા શાહ – અમદાવાદ
૭. ચંદ્રા શાહ – અમદાવાદ
૮. નરેન્દ્ર કોઠારી – અમદાવાદ
૯. પ્રિયંકા શાહ – અમદાવાદ
૧૦. જ્યોત્સના વોરા – અમદાવાદ
૧૧. નીતેન વસા – અમદાવાદ
૧૨. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૧૩. ચંદુભાઈ કુબડિયા – અમદાવાદ
૧૪. રંજન શાહ – અમદાવાદ
૧૫. દમયંતી દંડ – અમદાવાદ
૧૬. હિતેન્દ્ર પરીખ – અમદાવાદ
૧૭. ખુશી જૈન – અમદાવાદ
૧૮. કલ્પના પાલાણી – અમદાવાદ
૧૯. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૨૦. ચેતના વોરા – અમદાવાદ
૨૧. જ્યોતિ શાહ – અમદાવાદ
૨૨. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૨૩. રાજકુમારી શાહ – અમદાવાદ
૨૪. રતન મહેતા – અમદાવાદ
૨૫. શીતલ શાહ – અમદાવાદ
૨૬. ઝરણા પારેખ – અમદાવાદ
૨૭. મીતેશ દેઢિયા – અમદાવાદ
૨૮. સ્વાતિ ગાલા – અમદાવાદ
૨૯. નિખિલ પરીખ – અમદાવાદ
૩૦. સંવિદા વોરા – અમદાવાદ
૩૧. ચૈતાલી મહેતા – અમદાવાદ
૩૨. ચંદ્રિકા શાહ – અમદાવાદ
૩૩. લક્ષ્મીબેન ખત્રી – અમદાવાદ
૩૩. અનામી
૩૪. પ્રભા શેઠિયા – વલસાડ
૩૫. રશ્મિ સાવલા – ભુજ
૩૬. સોના વોરા – ભુજ
૩૭. મલય શાહ – ભુજ
૩૮. કંચનબેન મોરબિયા – ભુજ
૩૯. નવલ નીસર – સુરત
૪૦. સરોજ ચંદુરા – સુરત
૪૧. હસમુખ દેઢિયા – અડાલજ
૪૨. દમયંતી નંદુ – વિરાર
૪૩. જૈનમ પારેખ – સિકંદ્રાબાદ
૪૪. ધારા ગડા – અંકલેશ્વર
૪૫. વંદના મહેતા – ગાંધીધામ
૪૬. સાવિત્રી જેસરાણી – મુંબઈ
૪૭. પ્રભાબેન સાવલા – રાજકોટ
૪૮. ચંદ્રિકા શાહ – રાઉરકેલા

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે. બહારગામના વિજેતાઓ સંપર્ક કરી સરનામું પૂરેપૂરું મોકલશે તો કુરિયરથી ઈનામ મોકલવામાં આવશે.*

**૧. હિતેન્દ્ર પરીખ – અમદાવાદ**
**૨. અનામી**
**૩. ખુશી જૈન – અમદાવાદ**

## NanoNine *Sudoku*

*એપ્રિલ-૨૦૧૯ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૦૮ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. જયસુખ સંઘવી – અમદાવાદ
૨. સ્મિતા શાહ – અમદાવાદ
૩. અશ્વિન ઠાકોર – અમદાવાદ
૪. ઉષ્મા શાહ – અમદાવાદ
૫. ચંદ્રા શાહ – અમદાવાદ
૬. જ્યોતિ ગડા – અમદાવાદ
૭. પ્રિયંકા શાહ – અમદાવાદ
૮. નીતેન વસા – અમદાવાદ
૯. ચંદુભાઈ કુબડિયા – અમદાવાદ
૧૦. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૧૧. ખુશી જૈન – અમદાવાદ
૧૨. અવંતી દંડ – અમદાવાદ
૧૩. કલ્પના પાલાણી – અમદાવાદ
૧૪. ઝરણા પારેખ – અમદાવાદ
૧૫. જય ગોગરી – અમદાવાદ
૧૬. બિનોય ગોગરી – અમદાવાદ
૧૭. ધરા વોરા – અમદાવાદ
૧૮. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૯. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૨૦. પ્રિયા દેઢિયા – અમદાવાદ
૨૧. સંવિદા વોરા – અમદાવાદ
૨૨. ચૈતાલી મહેતા – અમદાવાદ
૨૩. ચંદ્રિકા શાહ – અમદાવાદ
૨૪. પ્રભા શેઠિયા – વલસાડ
૨૫. હેમલતા દેઢિયા – અડાલજ
૨૬. સરોજ ચંદુરા – સુરત
૨૭. હર્ષ પારેખ – સિકંદ્રાબાદ
૨૮. વંદના મહેતા – ગાંધીધામ
૨૯. નિખિલ પારેખ – અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી. બહારગામના વિજેતાઓ સંપર્ક કરી પૂરેપૂરું સરનામું મોકલશે તો કુરિયરથી ઈનામ મોકલવામાં આવશે.*

**વિજેતાઓ :**

(૧) અશ્વિન ઠાકોર – અમદાવાદ
(૨) પ્રિયા દેઢિયા – અમદાવાદ
(૩) ચંદ્રિકા શાહ – અમદાવાદ

## NanoNine® Sudoku

**એપ્રિલ-૨૦૧૯ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૦૮ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે**

**જુઓ : પાના નંબર-૬૨**

## વૈજ્ઞાનિક સાધનો અને તેના ઉપયોગ

**બેરોમીટર** : હવાનું દબાણ માપવાનું સાધન.

**સ્પીડોમીટર** : દોડતા વાહનોનો વેગ માપવાનું સાધન.

**માઈલોમીટર** : કિલોમીટરનું અંતર કેટલું કાપ્યું તે દર્શાવતું સાધન.

**માઈક્રોમીટર** : ખૂબ જ નાની લંબાઈ માપવાનું સાધન.

**વોલ્ટામીટર** : વિદ્યુત પ્રવાહનું બળ માપવાનું સાધન.

**ગેલ્વેનોમીટર** : વિદ્યુત પ્રવાહનું અસ્તિત્વ બતાવતું સાધન.

**હાઈડ્રોમીટર** : પ્રવાહીની ઘનતા માપવાનું સાધન.

**લેક્ટોમીટર** : દૂધની ઘનતા માપવાનું સાધન.

**હાઈગ્રોમીટર** : હવામાં રહેલો ભેજ માપવાનું સાધન.

**ટ્રાન્સમિટર** : રેડિયો વીજળીના મોજા મોકલવાનું સાધન.

**એક્ટ્રોમીટર** : પ્રકાશની તરંગ લંબાઈ માપવાનું સાધન.

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૧૦ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૬-૨૦૧૯સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ ઓગસ્ટ-૨૦૧૯ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૧૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 9 | | | | 3 | 6 | 5 | |
| 5 | | 3 | 9 | | | 4 | | |
| | 2 | | | 5 | | | | 8 |
| | | | 5 | | 8 | 1 | | |
| 3 | 6 | | | | | | 8 | 4 |
| | | 2 | 4 | | 6 | | | |
| 9 | | | | 7 | | | 1 | |
| | | 6 | | | 5 | 8 | | 7 |
| | 5 | 7 | 6 | | | | 4 | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | 6 | 4 | | | 9 |
| | 9 | 6 | | | | | 4 | |
| 7 | 8 | | | | 3 | | | |
| | | 7 | 9 | | | 2 | 5 | |
| 9 | | | | 5 | | | | 4 |
| | 3 | 5 | | | 1 | 9 | | |
| | | | 7 | | | | 3 | 8 |
| | 2 | | | | | 1 | 9 | |
| 5 | | | 1 | 3 | | | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | | | 9 | 7 | | | 4 | |
| 9 | 8 | | | 5 | | 1 | | |
| | | | 4 | | 3 | 9 | 5 | |
| | | | 7 | | 4 | 6 | | 5 |
| | | 1 | | | | 4 | | |
| 5 | | 2 | 6 | | 9 | | | |
| | 2 | 3 | 1 | | 7 | | | |
| | | 9 | | 6 | | | 1 | 8 |
| | 5 | | | 9 | 2 | | | 4 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | | | | | 6 | 1 | 7 |
| 6 | | 3 | 1 | | | 2 | | |
| | | 7 | 6 | 5 | 2 | | | |
| 5 | | 8 | | 3 | 4 | | | |
| | 1 | | | 7 | | | 2 | |
| | | | 8 | 1 | | 5 | | 4 |
| | | | 4 | 9 | 5 | 7 | | |
| | | 5 | | | 1 | 4 | | 8 |
| 7 | 4 | 9 | | | | | | 6 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૦૯

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 6 | 3 | 7 | 5 | 2 | 1 | 9 | 8 |
| 7 | 1 | 8 | 4 | 6 | 9 | 5 | 3 | 2 |
| 5 | 2 | 9 | 3 | 1 | 8 | 6 | 4 | 7 |
| 9 | 3 | 6 | 1 | 2 | 5 | 7 | 8 | 4 |
| 2 | 4 | 1 | 6 | 8 | 7 | 9 | 5 | 3 |
| 8 | 7 | 5 | 9 | 4 | 3 | 2 | 6 | 1 |
| 1 | 9 | 2 | 8 | 3 | 6 | 4 | 7 | 5 |
| 6 | 8 | 4 | 5 | 7 | 1 | 3 | 2 | 9 |
| 3 | 5 | 7 | 2 | 9 | 4 | 8 | 1 | 6 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 5 | 3 | 7 | 6 | 1 | 8 | 4 | 9 |
| 7 | 6 | 4 | 8 | 9 | 3 | 1 | 5 | 2 |
| 9 | 1 | 8 | 5 | 2 | 4 | 7 | 3 | 6 |
| 8 | 9 | 1 | 3 | 5 | 2 | 4 | 6 | 7 |
| 4 | 3 | 2 | 6 | 7 | 9 | 5 | 1 | 8 |
| 5 | 7 | 6 | 4 | 1 | 8 | 9 | 2 | 3 |
| 3 | 8 | 7 | 2 | 4 | 5 | 6 | 9 | 1 |
| 6 | 4 | 9 | 1 | 3 | 7 | 2 | 8 | 5 |
| 1 | 2 | 5 | 9 | 8 | 6 | 3 | 7 | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 7 | 9 | 6 | 4 | 5 | 2 | 8 | 3 |
| 2 | 5 | 3 | 8 | 1 | 7 | 6 | 4 | 9 |
| 8 | 6 | 4 | 3 | 9 | 2 | 1 | 5 | 7 |
| 5 | 1 | 6 | 2 | 3 | 9 | 8 | 7 | 4 |
| 4 | 2 | 8 | 7 | 5 | 6 | 3 | 9 | 1 |
| 3 | 9 | 7 | 4 | 8 | 1 | 5 | 6 | 2 |
| 7 | 4 | 5 | 1 | 6 | 3 | 9 | 2 | 8 |
| 9 | 3 | 2 | 5 | 7 | 8 | 4 | 1 | 6 |
| 6 | 8 | 1 | 9 | 2 | 4 | 7 | 3 | 5 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 5 | 3 | 9 | 2 | 1 | 6 | 8 | 7 |
| 8 | 2 | 1 | 6 | 5 | 7 | 4 | 9 | 3 |
| 7 | 9 | 6 | 3 | 4 | 8 | 2 | 5 | 1 |
| 2 | 6 | 5 | 4 | 1 | 9 | 7 | 3 | 8 |
| 1 | 8 | 9 | 7 | 3 | 6 | 5 | 4 | 2 |
| 3 | 4 | 7 | 5 | 8 | 2 | 9 | 1 | 6 |
| 5 | 7 | 2 | 1 | 9 | 3 | 8 | 6 | 4 |
| 9 | 1 | 8 | 2 | 6 | 4 | 3 | 7 | 5 |
| 6 | 3 | 4 | 8 | 7 | 5 | 1 | 2 | 9 |

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

આ અંક આપના હાથમાં આવશે ત્યારે ક્રિકેટનો મહાકુંભ એવો ૧૨મો વર્લ્ડકપ ઇંગ્લેન્ડમાં ૩૦મે એ ઇંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની મેચથી શરૂ થઈ ગયો હશે અને ભારત, આ ટુર્નામેન્ટની પોતાની પ્રથમ મેચ દક્ષિણ આફ્રિકા સામે ૫મી જૂનના રોજ રમી ચૂક્યું હશે. આ વર્લ્ડકપ ૩૦મી મે થી ૧૪ જુલાઇ સુધી રમાશે. તો આ વર્લ્ડકપ વિશેની કેટલીક રોમાંચક માહિતીની મજા માણીએ.

ક્રિકેટ વર્લ્ડકપની યોજના ૧૯૭૨માં બની હતી. ૧૯૭૪માં ટુર્નામેન્ટનો શેડ્યુલ જાહેર કરાયો. પરંતુ સ્પોન્સર ૬ મહિના બાદ મળ્યો હતો અને ૧૯૭૫માં વર્લ્ડકપ શરૂ થવાના એક દિવસ પહેલાં જ ટીમ ૬ જૂનના રોજ ઇંગ્લેન્ડ પહોંચી હતી. મીડિયાએ પ્રથમ વર્લ્ડ કપને ગંભીરતાથી ન લીધો. આ વર્લ્ડકપમાં સૌથી મોટી દાવેદાર ટીમ ઑસ્ટ્રેલિયા હતી, પરંતુ 'કેલિપ્સો ક્રિકેટર'ની છબી સાથે મેદાનમાં ઉતરેલું વેસ્ટ ઇન્ડિઝ સૌને ચોંકાવતા પ્રથમ વર્લ્ડ ચેમ્પિયન બન્યું. કેપ્ટન ક્લાઇવ લૉઇડ અંગે કહેવામાં આવ્યું કે તે ૧૧ છોકરાઓને ક્રિકેટ ટીમમાં ફેરવવાની કળામાં મહારત ધરાવે છે. ૧૯૭૯માં ફરીવાર વેસ્ટ ઇન્ડિઝ ચેમ્પિયન બન્યું. **પરંતુ ૧૯૮૩માં વિશ્વને નવું ચેમ્પિયન ભારત મળ્યું. અત્યાર સુધીના ત્રણેય વર્લ્ડ કપને પ્રુડેન્શિયલ કપ તરીકે ઓળખાયા.**

**૧૯૮૭માં પ્રુડેન્શિયલ કપને ઓફિશિયલી વર્લ્ડકપ નામ મળ્યું** અને પ્રથમવાર તે ઇંગ્લેન્ડથી બહાર રમાયો. ૧૯૯૯ સુધી દર વખતે વિશ્વને નવો ચેમ્પિયન મળ્યો. ૧૯૮૭માં પ્રથમવાર આ ટુર્નામેન્ટ ભારત - પાકિસ્તાનાં સંયુક્તપણે રમાઇ. મેચ ૬૦ ઓવરના બદલે ૫૦ ઓવરની કરવામાં આવી અને આ વર્લ્ડકપનો હક્કદાર ઓસ્ટ્રેલિયા બન્યું. ત્યારબાદ ૧૯૯૨માં રમાયેલ વર્લ્ડકપમાં પાકિસ્તાન અને ૧૯૯૬માં શ્રીલંકા વિશ્વ વિજેતા બન્યું. ૧૯૯૯ની ફાઇનલ મેચમાં ઑસ્ટ્રેલિયાએ પાકિસ્તાનને હરાવ્યું અને ઑસ્ટ્રેલિયન યુગની શરૂઆત થઈ. ૨૦૦૩માં ગાંગુલીના નેતૃત્વમાં સતત ૮ મેચ જીતી ભારતે ફાઇનલમાં સ્થાન મેળવ્યું. પરંતુ તેમાં ટીમ હારી. ૨૦૦૭માં ભારતની ટીમ રાહુલ દ્રવિડના નેતૃત્વમાં પ્રથમ રાઉન્ડમાં જ બહાર થઈ ગઈ.

૨૦૧૧માં રમાયેલ વર્લ્ડકપ ઘણી રીતે યાદગાર રહ્યો. સૌપ્રથમ વખત યજમાન દેશ વર્લ્ડકપનો વિજેતા બન્યો. ધોનીની કેપ્ટનશિપ નીચે રમાયેલ આ વર્લ્ડકપમાં 'ધોની ફિનીશ ઇટ ઑફ ઇન સ્ટાઇલ.' શ્રીલંકાના બોલર નુવાન કુલશેખરના બોલ પર કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ લોંગ ઑન પર સિક્સ ફટકારી અને **ભારત ૨૮ વરસ બાદ વર્લ્ડકપ ચેમ્પિયન બન્યું.** ભારત પોતાના દેશમાં વર્લ્ડકપ જીતનાર પ્રથમ દેશ બન્યો. સચીને સૌથી વધુ ૪૮૨ રન બનાવ્યા. યુવરાજ પ્લેયર ઑફ ટુર્નામેન્ટ રહ્યો. ૨૦૧૫માં ઑસ્ટ્રેલિયા - ન્યુઝિલેન્ડમાં રમાયેલ ટુર્નામેન્ટમાં ભારતે સતત ૬ ગ્રુપ મેચ જીતી પરંતુ સેમી ફાઇનલમાં ઓસ્ટ્રેલિયા વિરુધ્ધ ભારત હારી ગયું અને ફાઇનલમાં ન્યુઝિલેન્ડને હરાવી ઓસ્ટ્રેલિયા પાંચમી વખત ચેમ્પિયન બન્યું.

## ક્રિકેટનું કેટલુંક અવનવું

★ ક્રિકેટ પ્રથમ એવી રમત છે કે જેનો મહિલા વર્લ્ડકપ પુરુષ વર્લ્ડકપથી પહેલા શરૂ થયો હતો. મહિલા ક્રિકેટ વર્લ્ડકપ ૧૯૭૩માં શરૂ થયો હતો અને ૨૮ જુલાઇની ફાઇનલ પહેલાં ૨૫ જુલાઇના રોજ પુરુષ માટે વર્લ્ડકપના આયોજનનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

★ ક્રિકેટના પ્રારંભ અંગે કોઈની પાસે સ્પષ્ટ માહિતી નથી. ૧૫૯૮માં ઇટાલીના ભાષાવિદ્ જહોન ફ્લોરિયાએ બનાવેલી ડિક્ષનરીમાં પ્રથમ વખત 'ક્રિકેટ એ વિકેટ' શબ્દ મળી આવે છે. આ રમતનો વિકાસ ૧૫મી સદીના અંતે ઇંગ્લેન્ડમાં થયો હતો. જેમ જેમ રમતનો વિકાસ થયો, તેમ તેમ તેના બેટ, બોલ અને પીચમાં ધીમે ધીમે ફેરફાર થતા રહ્યા.

★ ૧૭૨૦માં ઘેટાં બકરાંને ભગાડવા માટે જે લાકડીનો ઉપયોગ કરવામાં આવતો હતો, તેના વડે જ ક્રિકેટ રમવામાં આવતું હતું. **પ્રથમવાર બેટનો ખરેખર ઉપયોગ ૧૬૨૦માં થયો હતો** જ્યારે બેટ્સમેને ફિલ્ડરને કેચ પકડતો અટકાવવા માટે બેટનો ઉપયોગ કર્યો હતો. તેના ૧૦૦ વરસ બાદ ૧૭૨૦માં હોકી સ્ટીક આકારના બેટ વપરાતા હતા. ૧૭૫૦માં બેટના આકારમાં થોડો ફેરફાર થયો. તેનો આકાર હાલના સમયમાં વપરાતા બેટ જેવો થયો. આ બેટ થોડું ચપટું અને ધારદાર હતું. ૧૮૦૦-૧૮૪૦ના સમય દરમિયાન બેટનો નીચલો ભાગ સાવ ફ્લેટ કરી દેવામાં આવ્યો. બેટ એક જ લાકડામાંથી બનાવવામાં આવ્યું. ૧૯૦૦થી અત્યાર સુધીમાં ઓવર આર્મ બોલિંગના કારણે બેટને વધુ મજબૂત બનાવવામાં આવ્યા તથા બેટની પહોળાઈ પણ વધારી દેવામાં આવી.

★ બોલ : ૧૭૪૪માં પ્રથમવાર લેધર બોલનો ઉપયોગ કરવામાં આવ્યો. ત્યારે પણ બોલમાં કોર્ક, લેધર અને રબરનો ઉપયોગ થતો હતો. આજે પણ તેનાથી જ બોલ બને છે.

★ અગાઉ ક્રિકેટ માત્ર લાલ બોલ વડે જ રમાતી હતી. વનડે પણ લાલ બોલથી રમાતી હતી. ૧૯૭૭માં કેરી પેકર વર્લ્ડ સિરીઝ ક્રિકેટમાં સફેદ બોલનો પ્રયોગ કરાયો હતો. આ સિરીઝ બાદ વન-ડે માં સફેદ બોલ અને રંગીન કપડાનો ટ્રેન્ડ આવ્યો. ૨૦૧૫માં ડે-નાઇટ ટેસ્ટનો પ્રારંભ થયો. જેમાં ગુલાબી બોલના પ્રયોગની શરૂઆત કરવામાં આવી.

★ બોલનો નિયમ : વજન ૧૬૩ ગ્રામથી વધુ અને ગોળાઈ ૨૨.૯ સે.મી.થી વધુ ન હોવી જોઈએ.

★ પીચ : પીચની લંબાઈમાં પહેલાની સરખામણીએ માત્ર એક યાર્ડના અંતરનો ફેરફાર થયો છે. ૧૭૪૪ સુધી પીચ ૨૩ યાર્ડની રહેતી હતી, તે હવે ૨૨ યાર્ડની થઈ ગઈ છે.



સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **કચ્છી પ્રાધ્યાપક નિર્મિત ફિલ્મ આંતરરાષ્ટ્રીય મંચમાં :** ૨૦૧૮માં શરૂ થયેલ આંતરરાષ્ટ્રીય સ્તરના ગુજરાતી ફિલ્મ ફેસ્ટીવલમાં કચ્છ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઑફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટના પ્રાધ્યાપક ડૉ. શાહ દ્વારા મહાત્મા ગાંધીજીના આદર્શો પર આધારિત ફિલ્મ "રિબ્યુટિંગ મહાત્મા"ની પસંદગી કરવામાં આવી છે. આ ફિલ્મનું દિગ્દર્શન, સંવાદ, અભિનય વગેરેનું કામ ડૉ. શાહે સંભાળેલું છે. આ શોર્ટ ફિલ્મને આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચાડવામાં કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનું પણ યોગદાન રહ્યું છે.

★ **ભારતનું ગૌરવ વધારતો કચ્છી રાજગોર યુવાન મહર્ષિ ગોર : ગૂગલ દ્વારા રૂા. સવા કરોડના પેકેજની ઑફર** વર્ષો જૂની એક કહેવત છે કે 'મોરના ઇંડાને ચીતરવા ન પડે' કારણકે કુટુંબના વડીલોમાં જે જ્ઞાન હોય તે બાળકોમાં આવે. એવા જ કચ્છ માંડવી તાલુકાના મસ્કા ગામના શિક્ષણપ્રેમી પરિવારના શામજી પ્રાગજી ગોરના પૌત્ર મહર્ષિ ગોરની આ વાત છે. તાજેતરમાં ગૂગલ દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં સંશોધન માટે વિશ્વમાં નવ જેટલી જગ્યાએ રિસર્ચ સેન્ટર સ્થાપેલા છે. દર વર્ષે સમગ્ર વિશ્વમાંથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં સંશોધન કરતા વિદ્યાર્થીઓની ગૂગલ દ્વારા છ મહિનાથી પણ વધુ સમય ચાલતી પસંદગી પ્રક્રિયાને અંતે ૩૫થી ૫૦ જેટલા સંશોધકોની 'ગૂગલ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ રેસિડેન્સી' માટે પસંદગી કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં ગૂગલ દ્વારા કચ્છ મસ્કાના અને હાલે ગાંધીનગર રહેતા ડૉ. અજય ગોરના પુત્ર મહર્ષિ ગોરની રૂા. ૧.૩૦ કરોડના પેકેજ સાથે મેનહટન ન્યુયોર્ક રિસર્ચ સેન્ટર અમેરિકા ખાતે પસંદગી થયેલ છે. ગૂગલ દ્વારા તેમને રૂા. ૧.૩૦ કરોડનું અત્યાર સુધીનું કચ્છ અથવા કદાચ ગુજરાતમાં સૌથી વધુ કહી શકાય તેવા પેકેજની ઑફર થઈ છે.

મહર્ષિ ગોર ગાંધીનગરની કડી સર્વે વિદ્યાલયની એમ.બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાંથી ધોરણ ૧૨ પાસ કરી એન.આઈ.ટી. નાગપુરમાંથી કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગમાં બી.ટેક. કર્યું છે. અભ્યાસ દરમિયાન જ મહર્ષિને ગોલ્ડમેન સેક જેવી મલ્ટિનેશનલ કંપનીમાંથી નોકરી માટે ઑફર મળી હતી. પરંતુ તેણે અભ્યાસ બાદ એક વર્ષ કોડ-નેશન અને એમેઝોનમાં કામ કર્યા બાદ એક વર્ષ માટે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ બેંગ્લોર ખાતે મશીન લર્નિંગમાં સંશોધન કર્યું હતું. તે દરમિયાન તેમને મશીન લર્નિંગમાં વિશ્વની ટોપ દસ સ્થાન ધરાવતી અને ગૂગલના સ્થાપક સર્ગેઇ બ્રીન જેના વિદ્યાર્થી રહી ચૂક્યા છે એવી અમેરિકાની યુનિવર્સિટી ઑફ મેરીલેન્ડમાં પીએચ.ડી. કરવા માટે સ્કોલરશિપ સાથે પ્રવેશ મળી ગયો હતો. પણ તાજેતરમાં જ મહર્ષિ ગોરની પસંદગી થતાં તે હવે અમેરિકા ખાતે આવેલા મેનહટન - ન્યુયોર્ક રિસર્ચ સેન્ટર ખાતે એઆઈ - રેસિડેન્ટ તરીકે સંશોધન કાર્ય માટે જોડાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છના દયાપરમાં પ્રથમ, ત્યારબાદ માતુશ્રી રમાબાઈ હેમરાજ પ્રેમજી હાઈસ્કૂલ - મસ્કા, રામાણિયાને કુકમા પછી વિજાપુરમાં મુખ્ય ઉપાધ્યાયની સેવા આપી રોટરી ક્લબ પરિવાર સાથે જોડાઈ અન્ય સામાજિક સંસ્થાઓમાં સેવા આપી ચૂકેલા શામજીભાઈ પ્રાગજી ગોરના પુત્ર અજય ગોર હાલે કડીની રોટરી ક્લબના પૂર્વ પ્રમુખ રહી ચૂક્યા છે. જે કડીની પ્રમુખ સ્વામિ સાયન્સ કૉલેજ ખાતે પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમના માતાજી સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયાની ગાંધીનગર બ્રાંચ ખાતે સેવા આપે છે. આમ, શિક્ષણપ્રેમી પરિવારનો મહર્ષિ પુત્ર છે. તેણે આ ઉચ્ચ સિધ્ધિ પ્રાપ્ત કરીને કચ્છ અને ભારતનું નામ રોશન કર્યું છે.

★ **તોલાણી છાત્રોનું સોલાર પાવર પ્રોજેક્ટ પ્રથમ વિજેતા :** આદિપુર - કચ્છના તોલાણી એફ.જી. પોલીટેકનિક એસ.એફ.આઈ. ઇલેકટ્રિકલ એનજિનિયરિંગના વિદ્યાર્થીઓએ નર્મદા કેનાલ પર હેડ સોલાર પાવર પ્લાન્ટનું તૈયાર કરેલ મોડેલ પ્રોજેક્ટ પ્રદર્શનમાં પ્રથમ વિજેતા નીવડેલ છે.

★ **અમદાવાદીઓને 'કચ્છમિત્ર' હવેથી રોજ અન્ય અખબારોની સાથે 'ગુડ મોર્નિંગ' કહેવા હાજર છે :** 'કચ્છમિત્ર' દ્વારા કચ્છીઓના દ્વારે વતનના વાવડની ખુશ્બુ વહેલી સવારના ફેલાય તેવી વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે. જે માટે કચ્છના વિવિધ ઘટક સમાજ દ્વારા કચ્છમિત્રને સહયોગની ખાત્રી આપવામાં આવી છે.

★ **અબડાસામાં ૨૮ ગામ માટે નર્મદાના પાણીની આશા બંધાઇ :** દુષ્કાળગ્રસ્ત અબડાસા તાલુકામાં ગ્રામ્ય વિસ્તારમાં પીવાનું પાણી નર્મદા પાઈપલાઈન દ્વારા મોથાળા ખાતેના સંપમાંથી ૨૮ ગામોને ૩૪ કરોડ રૂપિયાના ખર્ચે પહોંચતુ કરાશે. ગ્રાન્ટના અભાવે અટકેલ આ યોજના આગળ ધપવાના સંકેત મળેલ છે. ત્રીસેક હજારની માનવ વસ્તી

અને અડધા લાખના પશુધનને આ યોજના આધારિત ગામડાઓને પાણી પહોંચતુ થતા પેયજળની સમસ્યા ઉકેલાવાની આશા જાગી છે.

★ **૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં કચ્છે ૫૬.૭૬% મતદાન કર્યું :** ચાલુ વર્ષે ગરમીનો પ્રકોપ અને દુષ્કાળની પરિસ્થિતિના કારણે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીની સરખામણીએ કચ્છમાં ચારથી પાંચ ટકાના મતદાનનો ઘટાડો થયેલ હતો. કચ્છમાં ૫૬.૭૬% જેટલું મતદાન શાંતિપૂર્વક થયેલ હતું.

★ **વાગડમાં જીરુનો મબલખ પાક :** શિયાળુ પાકમાં નર્મદા નહેરના કારણે વાગડ પ્રદેશમાં જીરુ, એરંડા, ઈસબગુલ, ઘઉં, રાયડો અને મગ-મઠનો ૯૦ દિવસમાં મબલખ પાક લઈને વાગડનો નહેર કાંઠાનો ખેડૂત અને રાપર તાલુકાના ખેતમજૂરોને બાવડાના જોરે દુષ્કાળ ઉપર હાવી થયેલ છે. અંદાજે રૂા. ૧૫૦૦થી ૨૦૦૦ કરોડની આવક નર્મદાના નીરથી વાગડના ખેડૂતોને થઈ છે. વાગડનું આ જીરું વરિયાળીના દાણાને પણ નાનો કહેવડાવે તેવી ફસલમાં પાક્યો છે. વાગડ પ્રદેશના કુલ ૨૦થી ૨૨ હજાર ખેડૂતોએ આ પાક તૈયાર કર્યો છે.

★ **લંડનમાં કચ્છી મહિલાનું પ્રિન્સ ચાર્લ્સના હસ્તે સન્માન :** કચ્છના માધાપર ગામના અને હાલે લંડનની શાળામાં ઉપઆચાર્ય તરીકે સેવા બજાવતા જશુબેન વેકરીયાને બ્રિટનના પ્રિન્સ ચાર્લ્સના હસ્તે મોસ્ટ એક્સેલન્સ ઓર્ડર ઓફ ધ બ્રિટીશ એમ્પાયર એવોર્ડ બંકિંગહામ પેલેસમાં એનાયત કરવામાં આવ્યો હતો.

★ **છ મહિનામાં નાળિયેરી છોડના પ્રકારની રીત શોધાઇ :** કચ્છ યુનિ. રસાયણ શાસ્ત્ર વિભાગની સંશોધન ટીમ દ્વારા નાળિયેરીના છોડના ક્ષેત્રમાં સંશોધન કરીને ઓછા ખર્ચે માત્ર પાંચથી છ મહિનામાં છોડનો પ્રકાર નક્કી કરવાની રીત શોધી કાઢી છે. સામાન્યતઃ વાનફેર, લોટનુ અને બોન્ટા નામના નાળિયેર જોવા મળે છે. જેમાં વાનફેર પ્રકારના નાળિયેર સૌથી સારી ગુણવત્તાવાળા હોય છે. તેના ફળ લીલા, મોટા કદના, વધુ માત્રામાં અને વધુ પાણી ધરાવતા હોય છે. આમ આ ટીમે સરળ કેમિકલ પધ્ધતિ વડે ઓછા ખર્ચે માત્ર પાંચથી છ માસના નાળિયેરીના છોડનો પ્રકાર નક્કી કરવાની રીત શોધી કાઢી છે.

★ **કચ્છમાં વાવો અડીખમ લીલું વિદેશી વૃક્ષ :** જો કચ્છને લીલુંછમ બનાવવું હોય તો જમૈકા (વેસ્ટ ઈન્ડિઝ) દેશના ગોયકમ નામના ઝાડને વાવો. જે વૃક્ષ બારેમાસ ઘટાદાર તેમજ લીલુંછમ રહે છે. તેનો છાંયડો એકદમ ઠંડક આપે છે. આ વૃક્ષનું લાકડું પણ સીસમ પછીનું સૌથી કઠણ, મજબૂત અને ટકાઉ હોય છે. તેના જાંબલી કલરના પુષ્પ પણ વૃક્ષને સુંદરતા બક્ષે છે. તેના પાંદડા, ફૂલો, ફળ, બીજનો અનેક હોમિયોપેથિક આયુર્વેદિક દવાઓમાં ઉપયોગ કરવામાં આવે છે.

★ **વિથોણ ગામના ખેડૂતનો નાવિન્ય પ્રયોગ :** વિથોણ ગામના ખેડૂતે વાડીમાં ૬૦ ફૂટના ઘેરાવાવાળા પાણીના ટાંકાની રચના વૈજ્ઞાનિક રીતે બનાવેલ છે. જેમાં આવતું ૧૭૦૦ ટી.ડી.એસ.વાળું ગારણ પદ્ધતિ અને ફિલ્ટ્રેશન પદ્ધતિથી ચોખ્ખું પાણી રોપાને મળે છે.

★ **કંડલા - અમદાવાદ વિમાની સેવા :** તા. ૧૫-૫થી ખાનગી વિમાની સેવા ટ્રુ જેટ વિમાની કંપની દ્વારા ૭૦ સીટર વિમાન અમદાવાદથી બપોરના ૨.૫૦ વાગે ઉડાન ભરી બપોરે ૩.૪૫ વાગે કંડલા આવી પહોંચશે. વળતા કંડલાથી સાંજે ૪.૦૫ વાગે ઉડાન ભરી સાંજે ૫.૦૦ વાગે અમદાવાદ પહોંચશે. આ સેવાનું લઘુત્તમ ભાડું હાલમાં રૂા. ૯૯૯/- રાખવામાં આવ્યું છે. સોમવારથી શનિવાર આ સેવા ઉપલબ્ધ રહેશે.

★ **કચ્છી ભાષાને જીવંત રાખવા પ્રચાર પ્રસાર માટેની જહેમત :** કચ્છ યુવક સંઘ - મુંબઈના સહકારથી કચ્છી ભાષાને જીવંત રાખવા ચાલુ વર્ષે કચ્છી કલાકારોના અભિનયથી કચ્છી નાટક “કેર સગા ને કેર વાલા?” ભુજના ટાઉન હોલમાં ભજવાયું હતું.

★ **કચ્છમાં પાણીની તંગી સંપૂર્ણ દૂર થઈ જશે :** તા. ૧૦-૫ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કરેલ કચ્છની મુલાકાત વખતે જાણ કરેલ કે કચ્છવાસીઓને ૨૦૨૨ સુધીમાં પાણીની તંગી સંપૂર્ણપણે દૂર થઈ જશે. ૩૧ જુલાઈ સુધીમાં પાણી - ઘાસચારાની કોઈ તંગી પડશે નહીં. જ્યાં ટેન્કરથી પાણી અપાય છે તે વિસ્તારમાં ટેન્કર દીઠ ૨૦ લિટર પાણી પશુઓ માટે વધુ આપવાની માંગણી મુખ્યમંત્રીએ મંજૂર કરી હતી. ઉપરાંત એક લાખ લિટર બોરનું વધુ ટી.ડી.એસ.વાળું પાણી આર.ઓ. સિસ્ટમથી ક્ષાર દૂર કરીને વિતરણ કરાશે.

★ **ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ ગુજરાતનું ૭૧.૯૦%, કચ્છનું ૭૬.૪૫ ટકા પરિણામ :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૯માં લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૭૧.૯૦ ટકા જાહેર કરવામાં આવ્યું છે. કચ્છનું પરિણામ ગુજરાતથી ૪.૫૫ ટકા ઊંચું આવેલ છે. ૮૬.૫૪ ટકા સાથે માંડવી કેન્દ્ર મોખરે રહેલ છે.

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **જયેશ પ્રાગજી શાહ**
  એ-૧૨૦૨, બ્યુમોન્ડે રત્નાકર-૬,
  પ્રેરણાતીર્થ દેરાસર રોડ, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
- **લલીત રાયચંદ ખોના**
  ઘુમા-૮૯, વિભૂષા બંગ્લોઝ પાસે,
  કબીર એન્કલેવની ગલીમાં, બોપલ - ઘુમા,
  અમદાવાદ-૩૮૦ ૦૫૮.
- **સમીર ખીમજી દેઢિયા**
  પી/૬, કોમલ એન્કલેવ, પી.ટી. કૉલેજ રોડ,
  શાંતિવન, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **ઉષાબેન પ્રકાશ વોરા**
  બી-૬૦૧, મહાલક્ષ્મી કોમ્પ્લેક્સ, ન્યુ વિકાસ ગૃહ રોડ,
  મહાલક્ષ્મી પાંચ રસ્તા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **દિવ્યેશ દામજી ગાલા**
  ૫૦૯, નાનો સુથાર વાડો, વનીતા વિશ્રામ સ્કૂલની બાજુમાં,
  ખાડિયા, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

## પુત્રી જન્મ

- **ચિ. કાયના કૃણાલ ચંદ્રકાંત રવિલાલ મહેતા**

## અભિનંદન



**ચિ. હિત વીરેન શેઠ**

આપણા સમાજના સભ્ય **શ્રી શાંતિલાલ સોમચંદ શેઠ** (મૂળ વતન મનફરા (ભુજ), હાલે અમદાવાદ)ના પૌત્ર ચિ. હિત વીરેન શેઠ એ University of Southern California (USC) – USA માંથી સફળતાપૂર્વક કોમ્પ્યુટર સાયન્સમાં માસ્ટર્સ કરેલ છે.

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### તબીબી સહાય ખાતે

રૂા. ૧,૦૦૦/- શ્રી કુમારપાળ અંબાલાલ શાહ - અમદાવાદ
રૂા. ૧,૦૦૦/- શ્રી ધ્વનિત રાઠોડ - અમદાવાદ

### વયસ્ક સમિતિ ખાતે

રૂા. ૫,૦૦૦/- શ્રી ધીરજલાલ કરશનજી સંઘવી - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રી શાંતિલાલ સોમચંદ શેઠ - અમદાવાદ

### મંગલ મંદિર ભેટ ખાતે

રૂા. ૫૦૧/- શ્રી ચંદ્રકાંત રવિલાલ મહેતા - અમદાવાદ (પૌત્રી ચિ. કાયનાના જન્મ નિમિત્તે)
રૂા. ૫૦૧/- શ્રી કમલેશભાઈ શાહ - અમદાવાદ

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૫૦૦/- શ્રી જયેશ નાગડા - અમદાવાદ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત* સરસ્વતી સન્માન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, અમદાવાદ અને ગાંધીનગરમાં ભણતા વિદ્યાર્થીઓને સમાજના નિયમાનુસાર પ્રતિવર્ષ પુરસ્કૃત કરે છે તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓનું વિશિષ્ટ બહુમાન પણ કરે છે. આ વર્ષ માટેના પુરસ્કાર વિતરણ ફોર્મ 'મંગલ મંદિર'ના મે-૨૦૧૯ના અંકમાં છાપવામાં આવેલ છે. જે ભરીને સમાજના કાર્યાલય પર પહોંચાડવાના રહેશે.

ધોરણ બાળવર્ગ (કે.જી.) થી ધોરણ-૯ સુધી વિદ્યાર્થીઓનું "A" ફોર્મ છે અને ધોરણ-૧૦ અને તેનાથી ઉપરના વર્ગ માટે "B" ફોર્મ છે. જે તે ધોરણમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓએ ઉપર જણાવ્યા મુજબ ફોર્મ ભરવાના રહેશે. જ્યાં માર્કશીટની અધિકૃત નકલ બીડવાની હોય ત્યાં માર્કશીટ અવશ્ય બીડવાની રહેશે. ફોર્મની પાછળ આપેલા નિયમો જરૂર વાંચશો અને તેને અનુલક્ષીને ફોર્મ તથા બિડાણ મોકલાવી આપશો. વિતરણના દિવસે જ પોતપોતાના પુરસ્કાર મેળવી લેવા. પછીથી ક્ષમા.

*પંકજ મેઘજી ગોગરી - કન્વીનર, સરસ્વતી સન્માન સમિતિ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા)**

## શ્રી કચ્છી જૈન ભવન

*૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.*
*ફોન : (૦૭૯) ૨૬૫૭૭૪૬૮, ૨૬૫૭૮૮૯૨*

*તા. ૨૮-૦૫-૨૦૧૯*

## પરિપત્ર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની **૩૨મી વાર્ષિક સામાન્ય સભા, રવિવાર તા. ૧૪-૦૭-૨૦૧૯ ના રોજ સવારે ૯.૦૦ કલાકે** "શ્રી કચ્છી જૈન ભવન", પાલડી ખાતે સંસ્થાના કાર્યાલયમાં મળશે. આ સભામાં સંસ્થાના ***ફક્ત નોંધાયેલા*** સભ્યોને પધારવાનું હાર્દિક આમંત્રણ છે.

## સામાન્ય સભાની કાર્યસૂચિ

૧. ***સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ દરમ્યાન : જો જરૂરિયાત જણાશે તો નીચે મુજબ ચૂંટણી કરવામાં આવશે.*** બંધારણની કલમ-૫(૨) મુજબ નિવૃત્ત થતા ૩ (ત્રણ) દાતા ટ્રસ્ટીઓની તથા નિવૃત્ત થતા ૨ (બે) માનદ્ ટ્રસ્ટીઓની તથા નિવૃત્ત થતા ૧ (એક) સ્વજન ટ્રસ્ટીની ખાલી પડેલી જગ્યા ઉપર ચૂંટણી / વરણી કરવામાં આવશે. તથા બંધારણની કલમ-૫(૩) મુજબ કારોબારી સમિતિના નિવૃત્ત થતા ૬ (છ) સભ્યોની ખાલી પડેલી જગ્યા માટે ચૂંટણી/વરણી કરવામાં આવશે. **૧૦.૦૦ વાગ્યા સુધી આવનાર સભ્યને મત આપવાનો અધિકાર રહેશે.** મતદાનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નીચે મુજબનાં ઍજન્ડા ઉપર કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

૨. ગત તા. ૧૨-૦૮-૨૦૧૮ના રોજ મળેલ સામાન્ય સભાની કાર્યવાહીની નોંધનું વાંચન અને બહાલી આપવા બાબત.

૩. ગત વર્ષ દરમિયાન થયેલ કાર્યવાહીનો અહેવાલ અને તેને બહાલી આપવા બાબત.

૪. વર્ષ ૨૦૧૮-૨૦૧૯ના ઓડિટ થયેલ હિસાબો મંજુર કરવા બાબત.

૫. વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટે ઓડિટરશ્રીની નિમણૂક કરવા બાબત.

૬. પ્રમુખશ્રીની સંમતિથી રજૂ થનાર અન્ય બાબતો અંગે યોગ્ય નિર્ણય લેવા બાબત.

**હસમુખભાઈ બી. શાહ (ખાંડવાલા)**
**માનદ્ મંત્રી**

**તા.ક. :**

*(૧) કોરમના અભાવે મુલતવી રહેલ સભા અડધા કલાક બાદ ફરી તે જ સ્થળે મળશે અને ત્યારે નિયમાનુસાર કોરમનો બાધ રહેશે નહીં.*

*(૨) વર્ષ ૨૦૧૮-૨૦૧૯ના ઓડિટ થયેલ હિસાબો અંગે જેમણે જે કંઈ પૂછવાનું હોય તેમણે પોતાનાં સૂચનો, પત્ર દ્વારા તા. ૩૦-૬-૨૦૧૯ સુધીમાં પાલડી ઓફિસે સાંજના ૧૭.૦૦ કલાક સુધી મોકલી આપવા. વર્ષ ૨૦૧૮-૨૦૧૯ના હિસાબો લખેલ ચોપડા જેમણે નિરીક્ષણ કરવાના હોય તેઓ તા. ૦૬-૦૭-૨૦૧૯ સુધી, ઓફિસ સમય દરમ્યાન (રવિવાર તથા જાહેર રજાના દિવસ સિવાય) પાલડી ભવન પરની ઓફિસે, એકાઉન્ટન્ટ પાસેથી મેળવીને નિરીક્ષણ કરી શકશે તથા ખુલાસો મેળવી શકશે.*

*(૩) **તા. ૧૩-૦૧-૨૦૧૯ બાદ નોંધાયેલ સભ્યો સભામાં હાજરી આપી શકશે, પરંતુ બંધારણ અનુસાર ઉમેદવારી કે મતદાન કરી શકશે નહીં.***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

*તા. ૧૯-૦૫-૨૦૧૯*

## ચૂંટણી પંચની રચના

સામાન્ય સભાએ નક્કી કરેલ ચૂંટણીના નિયમ-૧ મુજબ વર્ષ ૨૦૧૯-૨૦ માટે ટ્રસ્ટ મંડળના નિવૃત્ત થતા ૬ તેમજ કારોબારી સમિતિના નિવૃત્ત થતા ૬ સભ્યોની ચૂંટણીનું કાર્ય નિયમ મુજબ ચલાવવા માટે નીચેના ત્રણ સભ્યોની ચૂંટણી પંચ તરીકે નિમણૂક કરવામાં આવેલ છે.

- **શ્રી આણંદજી વેલજી વીરા (શાહ)**
  ફોન : ૨૬૫૭૫૩૮૪, મો. ૬૩૫૫૦ ૯૭૮૫૬
- **શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી**
  ફોન : ૨૬૮૭૧૯૨૫
- **શ્રી નરેન્દ્ર જયંતિલાલ કોઠારી**
  મો. ૯૯૨૪૬ ૩૩૯૪૫

*ટ્રસ્ટ મંડળ વતી,*
**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ,**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિ માટે ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીની જાહેરાત

સંસ્થાના બંધારણ અનુસાર આ વર્ષે નિવૃત્ત થતા ૬ ટ્રસ્ટીઓ તેમજ ૬ કારોબારી સભ્યોની વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટે ચૂંટણી કરવાની નીચે પ્રમાણે અમો જાહેરાત કરીએ છીએ.

- **વિભાગ-૧ દાતા ટ્રસ્ટીઓ (૩ જગ્યા)**

બંધારણની કલમ-૫(૨) મુજબ આ વિભાગમાં મુરબ્બી સભ્યો, પેટ્રન સભ્યો અને ટ્રસ્ટના પ્રતિનિધિ સભ્યો ઉમેદવારી કરી શકશે. આ વિભાગમાં નીચેના ટ્રસ્ટીઓ નિવૃત્ત થાય છે :

૧. શ્રી નવીન વેરશી હરિયા
૨. શ્રી રાજુભાઈ હરખચંદ ગાલા
૩. શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા

- **વિભાગ-૨ સામાન્ય ટ્રસ્ટીઓ (માનદ્ ગ્રુપ) (૨ જગ્યા)**

બંધારણની કલમ-૫(૨) મુજબ આ વિભાગમાં માનદ્ સભ્યો ઉમેદવારી કરી શકશે. આ વિભાગમાં નીચેના ટ્રસ્ટીઓ નિવૃત્ત થાય છે :

૧. શ્રી કાંતિલાલ રામજી શાહ
૨. શ્રી પીયૂષ રવિલાલ પારેખ

- **વિભાગ-૩ સામાન્ય ટ્રસ્ટીઓ (સ્વજન ગ્રુપ) (૧ જગ્યા)**

બંધારણની કલમ-૫(૨) મુજબ આ વિભાગમાં સ્વજન તેમજ જૂના બંધારણ મુજબના આજીવન સભ્યો ઉમેદવારી કરી શકશે. આ વિભાગમાં નીચેના ટ્રસ્ટી નિવૃત્ત થાય છે.

૧. શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર

- **કારોબારી સભ્યો :**

બંધારણની કલમ-૫(૩) મુજબ કારોબારી સમિતિમાં સમાજના નોંધાયેલા સભ્યો ઉમેદવારી કરી શકશે.

આ વિભાગમાં નીચેના કારોબારી સભ્યો નિવૃત્ત થાય છે.

| | |
|---|---|
| (૧) શ્રીમતી અમીબેન નીતિનકુમાર શાહ | (૨) શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા |
| (૩) શ્રી નવીનચંદ્ર જેઠાભાઈ લાલકા | (૪) શ્રી નિરંજન પૂનમચંદ મૈશેરી |
| (૫) શ્રી પીયૂષ હીરજી સાવલા | (૬) શ્રીમતી સુલુબેન જલદીપ શાહ |

આ મુજબ ૬ ટ્રસ્ટીઓ અને ૬ કારોબારીના સભ્યોની ચૂંટણી કરવાની છે અને તે માટે ઉમેદવારી પત્રકો મંગાવવામાં આવે છે.

- **નોંધ :**

૧. નિવૃત્ત થતા સભ્યો ફરીથી ઉમેદવારી કરી શકશે.

૨. ટ્રસ્ટી તરીકે સામાન્ય સભ્યો તેમજ ૩૫ વર્ષથી નીચેની ઉંમરના સભ્યો ઉમેદવારી કરી શકશે નહીં.

૩. સભ્યોએ અધિકૃત ફોર્મમાં માંગવામાં આવેલ પૂરી વિગત સાથે ઉમેદવારી પત્ર ભરીને આપવાનું રહેશે. અધૂરી વિગતવાળું પત્રક રદ થવાને પાત્ર ગણાશે.

૪. જે તે કેટેગરીના સભ્યો, ટ્રસ્ટીપદ માટે તે જ કેટેગરીમાં ઉમેદવારી કરી શકશે.

- **ચૂંટણી પ્રક્રિયાનો કાર્યક્રમ :**

૧. ઉમેદવારી પત્રો સમાજની પાલડી ઓફિસેથી તા. ૧૨-૦૬-૨૦૧૯ બુધવારથી તા. ૨૦-૦૬-૨૦૧૯ ગુરુવાર દરમ્યાન સવારના ૧૦થી સાંજના ૫ વાગ્યા સુધી મળશે.

૨. પૂરેપૂરાં ભરેલાં ઉમેદવારી પત્રકો બંધ કવરમાં તા. ૨૮-૦૬-૨૦૧૯, શુક્રવારના સાંજના ૫ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.

૩. ઉમેદવારી પત્રકોની ચકાસણી કરી ઉમેદવારોનાં નામ તા. ૦૧-૦૭-૨૦૧૯, સોમવારના સવારે ઓફિસના નોટિસ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવશે.

૪. તા. ૦૬-૦૭-૨૦૧૯, શનિવારના સાંજના ૫ વાગ્યા સુધી ઉમેદવારો પોતાનાં ઉમેદવારી પત્રકો પાછાં ખેંચી શકશે.

૫. ઉમેદવારોની છેલ્લી પરિસ્થિતિની વિગતો તા. ૦૮-૦૭-૨૦૧૯, સોમવારે સમાજની ઓફિસે નોટિસ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવશે.

૬. જરૂર પડ્યે ચૂંટણી તા. ૧૪-૦૭-૨૦૧૯, રવિવારની સામાન્ય સભામાં સવારના ૯.૦૦થી ૧૦.૦૦ દરમ્યાન કરવામાં આવશે અથવા બિનહરીફ ચૂંટાયેલ ઉમેદવારનાં નામો જાહેર કરવામાં આવશે.

૭. સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. (સમય : ચૂંટણી અંગેના એજન્ડાના સમયે હાજર રહેલા સભ્યો મતદાન કરી લે ત્યાં સુધી / ચૂંટણી પંચ મતદાન પૂરું થયેલ જાહેર કરે ત્યાં સુધીનો રહેશે.)

૮. કોઈપણ ઉમેદવાર સ્વેચ્છાએ ચૂંટણી પંચ સમક્ષ જાતે હાજર થઈને અથવા પત્ર દ્વારા છેલ્લા દિવસે ઉમેદવારી પાછી ખેંચી શકશે. એ કારણે જો કોઈ અન્ય ઉમેદવાર બિનહરીફ થાય તો ચૂંટણીની જરૂરત નહીં રહે.

- **નોંધ :**

૧. તા. ૧૪-૦૧-૨૦૧૯ સુધી નોંધાયેલા સમાજના સભ્યો જ ઉમેદવારી કરી શકશે તેમજ મત આપી શકશે.

૨. ચૂંટણી અંગેની કોઈ કાર્યવાહી અંગે મતભેદ - વાદવિવાદ થાય તો તે અંગે ચૂંટણી પંચનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે.

| | | |
|---|---|---|
| **મગનલાલ મોતીચંદ સંઘવી** | **નરેન્દ્ર જયંતિલાલ કોઠારી** | **આણંદજી વેલજી વીરા (શાહ)** |
| **સભ્ય – ચૂંટણી પંચ** | **સભ્ય – ચૂંટણી પંચ** | **સભ્ય – ચૂંટણી પંચ** |

## સમાજના સભ્યો જોગ : મેડિકલ કાર્ડ બાબત

***સમાજના સભ્ય પરિવારોને સૂચિત કરવામાં આવે છે કે પોતાના પરિવારમાં જેમની દીકરીના લગ્ન થઈ ગયા હોય તેવા પરિવારોએ પોતાની દીકરીનું નામ મેડિકલ કાર્ડમાંથી કમી કરાવી લેવું. જો પાછળથી ખ્યાલ આવશે તો આખા પરિવારનું કાર્ડ રદ કરવાની ફરજ પાડવામાં આવશે.***

***– કન્વીનર, સભ્યપદ તથા મેડિકલ કાર્ડ સમિતિ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

## કરિયર ગાઇડન્સ અને પર્સનાલીટી ડેવલપમેન્ટ વર્કશોપ

દર વર્ષની જેમ સતત છઠ્ઠા વર્ષે આ કરિયર વર્કશોપનું આયોજન તા. ૩૧ માર્ચ, ૨૦૧૯થી ૬ એપ્રિલ, ૨૦૧૯ દરમિયાન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કરવામાં આવેલ. આ વર્કશોપ પ્રો. ડૉ. જયરાજ પંડ્યાની આગેવાનીમાં, જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ની પરીક્ષા માર્ચ ૨૦૧૯માં આપેલ હોય તેવા વિદ્યાર્થીને પોતાના કરિયરની પસંદગીમાં મદદરૂપ થાય તેવી માહિતી આપવાના આશયથી કરવામાં આવેલ.

આ વર્કશોપમાં કુલ ૫૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી ૪૨ વિદ્યાર્થીઓ કચ્છી જૈન હતા અને ૧૨ વિદ્યાર્થીઓ અન્ય જ્ઞાતિના હતા. ૪૨ કચ્છી જૈન વિદ્યાર્થીઓમાંથી પણ ૧૩ વિદ્યાર્થીઓ કચ્છના, ૧ વિદ્યાર્થી રાજકોટ અને ૧ વિદ્યાર્થી મુંબઈથી આવેલ.

આ વર્કશોપમાં આશરે ૨૨ અલગ અલગ ફિલ્ડની ફેકલ્ટીઓએ આવીને તેમના ફિલ્ડ વિશેની સંપૂર્ણ માહિતી આપેલ. સાયન્સ, કોમર્સ તેમજ આર્ટસના ફિલ્ડમાંથી પસંદ કરવા માટેના અલગ અલગ કોર્સીસ તેમજ તેમાં એડમિશન લેવા માટે આપવી પડતી એન્ટ્રન્સ પરીક્ષા અને તેને પાસ કરવા માટેની તૈયારીની વાતથી માંડી, તે કોર્સો કરવા માટેની સારી સંસ્થાઓની અને તેમાં એડમિશનની શક્યતાઓ વિશે પણ બાળકોને માહિતી આપવા પ્રયાસ કરાયેલ.

આ વર્કશોપના બીજા અગત્યના ભાગમાં વિદ્યાર્થીઓ માટે પાંચ અલગ અલગ એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂટની વિઝિટ આયોજિત કરવામાં આવેલ. જેના અંતર્ગત સોમવારથી શુક્રવાર દરમિયાન વિદ્યાર્થીઓએ

(૧) PDPU : પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી - ગાંધીનગર, (૨) IIM : ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ - અમદાવાદ, (૩) NID : નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન - અમદાવાદ, (૪) CEPT : સેન્ટર ફોર એન્વાયરમેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી - અમદાવાદ અને (૫) MICA : મુદ્રા ઈન્સ્ટિટ્યૂટ ઑફ કોમ્યુનિકેશન - અમદાવાદ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓની મુલાકાત લીધી હતી અને ત્યાં ચલાવવામાં આવતા કોર્સો વિશેની માહિતી મેળવેલ હતી.

આ વર્કશોપના ત્રીજા અને અગત્યના ભાગમાં વિદ્યાર્થીઓએ ડૉ. પ્રો. જયરાજ પંડ્યા પાસેથી વ્યક્તિત્વ વિકાસના અલગ અલગ પાસાઓની જાણકારી મેળવી હતી. જેમકે વ્યક્તિત્વ વિકાસ માટેના જરૂરી ગુણો જેમ કે ઈફેક્ટીવ પબ્લિક સ્પીકિંગ, ક્રિએટીવ થીન્કિંગ, સ્ટ્રેસ એન્ડ ટાઈમ મેનેજમેન્ટ જેવા ભારે વિષયોને ખૂબ સારી રીતે સમજાવેલ તેમજ તે ડેવલપ કરવાની રીતો વિશે બાળકોને અવગત કરાવવામાં આવેલ.

**– દેવેશ દંડ**

---

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# લાઇબ્રેરી સમિતિ

*'જેમ મધમાખી રસ ચૂસવા ફૂલોમાં જાય છે અને તેમાંથી મધ પેદા કરે છે; તેમ હું પુસ્તકોમાં જાઉં છું, જેથી મારું પોતાનું મધ પેદા કરી શકું.'*

**– જોન બોરુર્દસ**

*'કેટલાક પુસ્તકો ચાખવાના હોય છે, કેટલાક ગળી જવાના હોય છે અને બહુ થોડા ચાવીને પચાવવાના હોય છે.'*

**– ફ્રાન્સીસ બ્રેકન**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત પુસ્તક લાઈબ્રેરી અગાઉ કરતા વધારે સક્રિય કરી છે અને મે-૨૦૧૯થી સંપૂર્ણ રીતે શરૂ કરી દેવામાં આવેલ છે. આ લાઈબ્રેરીમાં ૨૫૦૦ જેટલા વિવિધ પ્રકારના પુસ્તકો વસાવવામાં આવ્યા છે. તે ઉપરાંત તજજ્ઞ લેખકશ્રીઓના કેટલાક નૂતન પુસ્તકો પણ તેમાં સામેલ કરવામાં આવ્યા છે. જેમાં નવલકથાઓ, નવલિકાઓ, લઘુકથાઓ, સામાજિક - ધાર્મિક, પ્રવાસ, જીવનચરિત્ર, સંદર્ભ ગ્રંથ અને English Books તેમજ યુવા વર્ગ તથા બાળ વર્ગને વાંચવા લાયક પણ અનેક પુસ્તકો છે. જેનું લિસ્ટ વાચક વર્ગને મળે એવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. પુસ્તક વાંચનમાં રસ ધરાવતા દરેક સભ્યોએ એક વખત લાઈબ્રેરીની મુલાકાત જરૂરથી લેવા વિનંતી.

લાઇબ્રેરી સમિતિમાં નીચેના સભ્યો હાલમાં કાર્યરત છેઃ

| | | |
|---|---|---|
| *રોહિતભાઈ સંઘવી* | - | *કન્વીનર* |
| *ગિરીશભાઈ દેઢિયા* | - | *સભ્ય* |
| *અમી નીતિન શાહ* | - | *સભ્ય* |
| *નીતા રોહિત સંઘવી* | - | *સભ્ય* |
| *પારૂલબેન કુબડિયા* | - | *સભ્ય* |

*વધુ વિગત માટે સંપર્ક :*

*પરાગ સોની : ૦૭૯-૨૬૫૭૮૮૯૨, ૪૮૯૦ ૬૦૦૨*

***નોંધ** : અગાઉ જે વાચકો અત્રેની લાઈબ્રેરીમાંથી પુસ્તકો લઈ ગયેલ હોય, તેઓએ તે પુસ્તકો સમયસર પરત કરવા વિનંતી.*

**રોહિત સંઘવી, કન્વીનર - લાઇબ્રેરી સમિતિ**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# મહિલા ઉત્કર્ષ સમિતિ

**● આગામી કાર્યક્રમ ●**

વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિત્તે...

***જીવન જીવવાની કળા***

***Art of Living by Shri Shri Ravishankar Maharaj.***

*મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા આયોજિત...*

*પરંતુ*

***ભાઈઓ પણ આ કાર્યક્રમમાં ભાગ લઈ શકશે.***

આર્ટ ઑફ લિવિંગના પ્રણેતા પ.પૂ.શ્રી શ્રી રવિશંકરજીએ સમગ્ર વિશ્વના લોકોને માનસિક શાંતિ પ્રદાન કરવાના તાત્પર્યથી સુદર્શન ક્રિયા ભેટરૂપે આપેલ છે. તેમનો એક જ ઉદ્દેશ છે — તણાવમુક્ત મન, રોગમુક્ત શરીર અને હિંસામુક્ત સમાજ. અને તેથી જ જાત, ધર્મ કે દેશનો ભેદભાવ રાખ્યા વગર સમગ્ર વિશ્વમાં આર્ટ ઑફ લિવિંગની સુદર્શન ક્રિયા શીખવવામાં આવે છે.

આર્ટ ઑફ લિવિંગનો હેપ્પીનેસનો પ્રોગ્રામ ૬ દિવસનો છે. જેમાં યોગ, ધ્યાન, પ્રાણાયામ અને સુદર્શન ક્રિયા શીખવવામાં આવે છે. તેની સાથે જીવન જીવવાની કળા, આપણી આંતરિક શક્તિઓનો વિકાસ, નિર્ણય લેવાની ક્ષમતા, પારિવારિક જીવનમાં રોજબરોજની ચિંતામાંથી છુટકારો કેવી રીતે મેળવવો, સેવાનું મહત્ત્વ વગેરે વિષયો આવરી લેવામાં આવે છે.

તો આવો બહેનો, આ Happiness Programmeની ઝલક આપતો કાર્યક્રમ - "જીવન જીવવાની કળા"માં જોડાઈએ અને સદા Happy રહેતા શીખીએ.

*કાર્યક્રમ* : ચાલો, જીવન જીવવાની કળા શીખીએ

*તારીખ* : ૨૩-૦૬-૨૦૧૯, રવિવાર

*સમય* : સવારે ૭.૩૦થી ૯.૦૦

*કાર્યક્રમ સ્થળ* : શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.

*રજીસ્ટ્રેશન કરાવવાનું સ્થળ* : શ્રી કચ્છી જૈન ભવન - પાલડી (ફોનથી પણ રજિસ્ટ્રેશન કરાવી શકાશે. ૦૭૯-૨૬૫૭૮૮૯૨, ૪૮૯૦ ૬૦૦૨/૦૩/૦૪/૦૫/૦૬)

*રજિસ્ટ્રેશનની છેલ્લી તારીખ* : તા. ૨૧-૦૬-૨૦૧૯

● **કાર્યક્રમની વિશેષતા :**

૧. બહેનો પોતાના જીવનસાથી (Spouse) સાથે પણ જોડાઈ શકશે.

૨. વ્યવસ્થાની સરળતા માટે રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી.

૩. **નવીન પ્રથા :** સમાજની બહેનોની આવડતને સમાજ સુધી પહોંચાડવા આ પ્રોગ્રામ દરમિયાન પોતાની પ્રોડક્ટ પ્રદર્શિત કરવા ટેબલની વ્યવસ્થા કરવામાં આવશે. ભાગ લેવા ઈચ્છુક બહેનોએ અગાઉથી જાણ કરીને ટેબલ બુક કરાવવાનું રહેશે.

૪. અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.

***આ કાર્યક્રમ તદ્દન ફ્રી છે — કોઈ જ ફી નથી***

***Entry FREE But Registration Compulsory.***

*સમગ્ર સમાજને હાર્દિક આમંત્રણ છે.*

***સુલુ જલદીપ શાહ, કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ***

# મેરેજ બ્યુરો સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સમસ્ત જૈન પરિવારોના લગ્નોત્સુક ઉમેદવારો માટે મેરેજ બ્યુરો સમિતિ કાર્યરત છે. આ ઉપરાંત આજના આધુનિક ટેકનોલોજી યુગમાં લગ્નોત્સુક યુવાવર્ગની વિગત ઓનલાઇન પર હોવી જરૂરી છે. જેના માધ્યમથી સંબંધિત ઉમેદવારો પરસ્પર માહિતી પ્રાપ્ત કરીને આગળ વધી શકે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આ પ્રકારના સામાજિક કાર્યોમાં હંમેશાં આગળ રહે છે. આ પ્રણાલીને અનુસરીને મેરેજ બ્યુરો સમિતિ એક કદમ આગળ જઈ રહી છે અને જણાવતા હર્ષની લાગણી અનુભવે છે કે આવી અગત્યની સામાજિક કામગીરી માટે પોતાની એક વેબસાઇટનું લોન્ચિંગ કરી રહી છે. સમાજના પરિવારના એક સભ્ય શ્રી ગૌતમભાઈ દૌલતની વેબસાઇટ **Hellokutchis.com** અંતર્ગત લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી માટે **vivah.hellokutchis.com** નામની એક નવી વેબસાઇટ શરૂ કરવાની કાર્યવાહી થઈ રહી છે.

આ પ્રકારની અતિ ઉપયોગી વેબસાઇટ (Website)નો લાભ લેવા માટે લગ્નોત્સુક યુવક -યુવતીઓએ પોતાના નામનું અત્રે રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. ત્યારબાદ ઉમેદવાર પોતાની પસંદગીના પાત્રની વિગત ઓનલાઇન મેળવી શકશે. આવી ઉત્તમ તકનો લાભ લેવા માટે લગ્નોત્સુક દરેક ઉમેદવારો પોતાના નામનું રજિસ્ટ્રેશન તાત્કાલિક કરાવશે તેવી અપેક્ષા છે.

તે સિવાય, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રજિસ્ટર્ડ થયેલા ઉમેદવાર તથા તેમના પરિવારના સભ્ય દર શનિવારે બપોરે ૩.૩૦થી ૫.૩૦ કલાક દરમિયાન મેરેજ બ્યુરો સમિતિના સભ્યોની રૂબરૂ મુલાકાત કરીને ડેટા બેંકનો લાભ પણ લઈ શકે છે.

ઓનલાઇન રજિસ્ટ્રેશનની વધુ માહિતી માટે નીચેના સભ્યોનો સંપર્ક કરી શકો છો.

*અમી નીતિન શાહ - કન્વીનર : ૯૯૭૯૬ ૫૧૯૨૯*

*ગિરીશભાઈ દેઢિયા : ૯૩૨૦૩ ૧૬૮૬૮*

***અમી નીતિન શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ***

## શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ શરૂ કરે છે

**• વિદ્યાર્થી ઉપયોગી એક નવું કદમ •**

# કરિયર કાઉન્સેલિંગ

**કરિયર કાઉન્સેલર : પ્રોફેસર જયરાજ પંડ્યા**

**સમય : દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ • સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.**

**જરૂરિયાત :**

આજના સમયમાં કારકિર્દીના ઘણા બધા વિકલ્પ છે, પણ એમાં કયો વિકલ્પ પસંદ કરવો તે બહુ અગત્યનો સવાલ છે. ત્યારે કોઈ પણ વાલી કે વિદ્યાર્થીને યોગ્ય માર્ગદર્શન મળે તે ખૂબ જરૂરી છે. આ ઉપરાંત કેટલીક વખત વાલી વિદ્યાર્થી થોડી દ્વિધામાં પણ જોવા મળે છે, કે તેમને ગમતા બે વિકલ્પમાંથી કયો વિકલ્પ પસંદ કરવો. તેવા સંજોગોમાં કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા વિદ્યાર્થી અને વાલીને કારકિર્દી અંગે વ્યવસ્થિત જાણકારી, યોગ્ય સમજ અને સલાહ આપવા માટે કરિયર કાઉન્સેલિંગનું કામ શરૂ કરવામાં આવ્યું છે, જે આપને વાલી તરીકે કે આપના સંતાનને કારકિર્દીમાં ઉપયોગી બની શકે એમ છે.

**મુખ્ય હેતુ :**

આ કરિયર કાઉન્સેલિંગના મિશનના મુખ્ય હેતુ આ પ્રમાણે છે :

★ વિદ્યાર્થી - વાલીને જરૂરી માહિતી આપવી.

★ અમુક ચોક્કસ પ્રકારની કારકિર્દી અંગે માર્ગદર્શન આપવું.

★ જ્યાં વાલી કે વિદ્યાર્થીને નિર્ણય લેવામાં મુશ્કેલી અનુભવાય ત્યાં જરૂરી સમજ આપવી.

★ વિદ્યાર્થી અને વાલી વચ્ચે અભિપ્રાય અને વિચારો જુદા પડે, તેવા સંજોગોમાં મદદરૂપ બનવું.

★ આ ઉપરાંત અભ્યાસ કરવાની આદત અંગે જરૂરી સમજ આપવી.

આવા વિવિધ હેતુને ધ્યાનમાં રાખી આ કારકિર્દી કાઉન્સેલિંગ કરવામાં આવશે.

**ખાસ સુચના :** આવનાર વાલી - વિદ્યાર્થીએ અગાઉથી સમય લઈને આવવાનું રહેશે અને પોતાનો સવાલ એક અઠવાડિયા પહેલા અહીં આપેલ ઈ-મેઈલ આઈ.ડી. — edc.kjss@gmail.com પર મોકલી આપવાનો રહેશે. એપોઈન્ટમેન્ટ લેવા માટેનો નંબર : ૯૮૨૫૦ ૬૧૧૬૦ અને સમય : સોમથી શનિ : સવારે ૧૧થી ૫.

(એક સિટિંગમાં ૩૦ મિનિટનો સમય ફાળવવામાં આવશે અને વિદ્યાર્થી સાથે બે વ્યક્તિ વાલી તરીકે આવે તે વધુ યોગ્ય રહેશે.)

## WHO IS A PSYCHOLOGIST?

A psychologist is an expert in the study of human behaviour. A child psychologist specialises in understanding the thought process and actions of children. They help children in dealing with learning issues, disabilities and other psychological disorders such as anxiety or depression. In addition to this, a psychologist also performs the following duties :

★ Address a student's academic, behavioural, emotional and social needs.

★ Help deal with various stressors in life. e.g. Exam stress, peer pressure, bullying etc.

★ Guidance to parents and all those related to the child to understand the child's psyche.

★ Guide students to discover and polish their competencies to excel in life.

★ Help children deal with adolescent issues.

★ Help children and adolescents dealing with family - related issues, such loss, illness or divorce.

Shri Kutchi Jain Seva Samaj, Education and Overall Development wing, bring forth a new service : Guidance and Counselling especially for children, students and parents. Starting from February 2017, Psychologist Disha Chhadva will be available at the Bhavan on every 3rd Sunday of the month from 10 a.m. to 1 p.m.

***Date*** : 2nd Sunday of every month.
***Venue*** : Shri Kutchi Jain Seva Samaj, Paldi.
***Time*** : 10 a.m. to 1 p.m.
***Contact*** : 98250 61160

***"We know what we are,
but we don't know what we can become!"***

## ઊડતી નજરે....

**માસ એપ્રિલ-૨૦૧૯ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ..........** | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | **૧૩,૦૪૬** |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .......... **૬૭૪** | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... **૫૩** | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) .......... **૧૫** | |
| | ● | સોનોગ્રાફી .......... **૧,૪૬૦** | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) .......... **૭૫** | |
| | ● | બોડી ચેક-અપ .......... **૫૦૨** | |
| | ● | અન્ય .......... **૧૦,૨૬૭** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | **૬૨૫** |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... **૧,૭૫૦** | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... **૪૪૦** | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...... **૪૮૫** | **૨,૬૭૫** |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... | **૪૭૨** |
| | | ***માસ એપ્રિલ-૨૦૧૯ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ........*** | **૧૬,૮૧૮** |

## તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વૉકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. ઈલેક્ટ્રિક ઓક્સિજન મશીન | રૂા.૫૦/- |

નોંધ : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

*હસમુખ બાબુભાઈ શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત*
માતુશ્રી કંકુબેન કાનજીભાઇ રવજી (નાની ખાખરવાલા))
**શ્રી કચ્છી જૈન સેવા ભવન**
એસ.ટી. સ્ટેન્ડ પાસે, અમદાવાદ.



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત*
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
પાલડી, અમદાવાદ.



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત*
**શ્રી કચ્છી વિશ્રામ ગૃહ**
શાહીબાગ, અમદાવાદ.




શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત*
**શ્રી નવનીત ભવન (આવાસ યોજના)**
બહેરામપુરા, અમદાવાદ.


વર્ષ ૧૯૫૮થી આખા ભારતમાં
લોજીસ્ટીક સોલ્યુશન આપતી કંપની
Jammu Kashmir
Himachal Pradesh
Jalandhar
Ludhiana
Chandigarh
Punjab
Dehradun
Uttara khand
Delhi
Meerut
Ghaziabad
Noida
Bikaner
Gurgaon
Aligarh
Faridabad
Jaipur
Rajasthan
Uttar Pradesh
Lucknow
Kanpur
Jodhpur
Ajmer
Udaipur
Kota
Allahabad
Varanasi
Patna
Bihar
Siliguri
Guwahati
Assam
Ahmedabad
Gandhidham
Gujarat
Rajkot
Jamnagar
Bhavnagar
Vadodara
Ankleshwar
Surat
Vapi
Madhya Pradesh
Ujjain
Bhopal
Jabalpur
Indore
Jharkhand
Durgapur
Ranchi
West Bengal
Kolkata
Chhattisgarh
Raipur
Rourkela
Cuttack
Odisha
Amravati
Nagpur
Nashik
Maharashtra
Vasai
Bhiwandi
Aurangabad
Mumbai
Pune
Telangana
Warangal
Hyderabad
Vishakhapatnam
Kakinada
Rajahmundry
Vijayawada
Guntur
Sangli
Kolhapur
Solapur
Belgaum
Hubli
Goa
Karnataka
Mangalore
Andhra Pradesh
Nellore
Tirupati
Bangalore
Mysore
Chennai
Pondicherry
Salem
Coimbatore
Erode
Kerala
Tiruppur
Madurai
Thrissur
Kochi
Tamil Nadu
Kollam
V-TRANS
Driving Excellence
800+ MODERN VEHICLES
22 STATES+ 4 UTs
650+ BRANCHES
અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ
VT/VX ની ૬૫૦+ શાખાઓ
ISO 9001:2015 પ્રમાણિત કંપની
Robust Systems & Processes પર કાર્યરત
Trace & Track Facility સાથે સંપુર્ણ કોમ્પ્યુટરાઈઝ નેટવર્ક
બુકીંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
રોડ, એર અને રેઈલ દ્વારા Door to Door Express Cargo
વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management
V-TRANS
Driving Excellence
Our other Divisions
V-Xpress
Safe and Reliable - For Your Peace of Mind
V-Logis
Warehousing & Inventory Management
Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

## દરેક દર્દીને "ની રીપ્લેસમેન્ટ" ની જરૂર નથી



# માઈક્રોપ્લાસ્ટી

**આધુનિક અભિગમ**

- ઓછી પીડા - ઓછો હોસ્પિટલ સ્ટે - ઓછો રક્તસ્રાવ - ઓછી ફીઝીયોથેરાપી - ઓછો ખર્ચ
- વધુ કુદરતી અનુભવ - વધુ સલામત - વધુ સંતોષ - વધુ ફ્લેક્સીબીલીટી - વધુ સ્ટેબીલીટી



## ડૉ. હેમાંગ બી. અંબાણી

**M.B.M.S**

**જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન**

**નિષ્ણાંત, માઈક્રોપ્લાસ્ટી, પ્રાઈમરી એન્ડ રીવીઝન ની રીપ્લેસમેન્ટ સર્જરી**

ફેલો એટલાન્ટા એન્ડ ઈન્ડીયાનાપોલીસ યુ.એસ.એ.,
વુઝબર્ગ જર્મની, બ્રેશીયા ઈટાલી

| ડૉ. અમીર સંઘવી | ડૉ. ચિરાગ પટેલ | ડૉ. અતીત શર્મા |
|---|---|---|
| જોઈન્ટ રીપ્લેસમેન્ટ | જોઈન્ટ રીપ્લેસમેન્ટ | જોઈન્ટ રીપ્લેસમેન્ટ |
| ફેલો ઓસ્ટ્રેલીયા, યુ.એસ.એ. યુ.કે. | ફેલો ઓસ્ટ્રેલીયા સીડની | ફેલો બેલ્જીયમ, સીંગપુર, જર્મની. યુ.એસ.એ |

Shivam
Orthopaedic Hospital
& Joint Replacement Centre

Shree
Orthocare
Strength in Togetherness

KD Hospital
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ

E-mail : h_amani@hotmail.com
Website : www.hemangambani.com I www.shivamhospitalinfo.co I www.shreeorthocare.com
**એપોઈન્ટમેન્ટ : ૦૭૯-૨૬૩૦૧૯૮૬, ૨૬૩૦૮૯૭૬, ૦૯૪૨૮૫૯૫૩૦૨, ૯૮૨૪૦૩૩૩૬૦**

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2018-2020 Valid upto 31st December, 2020 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

